

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

મૈત્રી, ૩૯/આદર્શ સોસાયટી,
સૂરત - ૩૯૫૦૦૧.

[illegible]

# સંગાથ

## કુંજવિહારી મહેતા

પ્રકાશક :
ડૉ. રમેશ ઓઝા
માનદ નિયામક, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન,
અઠવાલાઈન્સ, સૂરત ૩૯૫૦૦૧.

© ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન.

આવરણ :
જગદીપ સ્માર્ત
રીના પરીખ (કે.સી.ટાઈપો ગ્રાફિક્સ)

પ્રથમ સંસ્કરણ : ઈ.સ.૧૯૯૫

પ્રત : ૫૦૦

મૂલ્ય : રૂ.૪૦

ટાઈપ સેટીંગ : કે.સી.ટાઈપો ગ્રાફિક્સ
૧૨/૪૬૨, લિમડા-ચોક, સુરત.

મુદ્રક : શ્રી જનક નાનુભાઈ નાયક
સાહિત્ય સંકુલ,
ચૌટા બજાર, સૂરત.

*પ્રકાશભર્યા એ દિવસોની સ્મૃતિને*
*અર્પણ ---------*

When I remember all
The friends so linked together
I have seen around me fall
Like leaves in wintery weather
I feel like one
Who treads alone
Some banquet-hall deserted
Whose lights are fled
Whose garlands dead
And all but he departed
Thus in the stilly night
Ere slumbers's chain has bound me
Sad memory brings the light
of other days around me.

T.Moore

# પ્રકાશકનું નિવેદન

સ્વ. આચાર્ય કુંજવિહારી ચૂનિલાલ મહેતાનું અણધાર્યુ અને દુઃખદ અવસાન થયાને ૩૦મી જાન્યુઆરી ૧૯૯૫ દિને એક વર્ષ પૂરું થાય છે. તેઓ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સાથે આજીવન ઓતપ્રોત રહયા. આચાર્ય કુંજવિહારી સોસાયટીના મંત્રી તરીકે તેંત્રીસ વર્ષ સુધી સક્રિય રહેવા સાથે ૧૯૮૩ના વર્ષથી ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના માનદ્ નિયામકની જવાબદારી પણ સંભાળતા રહયા. વળી આ બધાં વર્ષો દરમ્યાન 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' નામની એમની સાપ્તાહિક કટાર 'ગુજરાતમિત્ર' દૈનિકમાં અવિરતપણે ચાલતી રહી.

સ્વ. કુંજવિહારી મહેતા એક નિર્ભીક વિચારક હતા. સમાજ અને શિક્ષણને લગતી સમસ્યાઓની એમની આલોચના નિખાલસ અને નિર્મમ પ્રકારની હતી. એમના વિચારોના સમર્થકો પણ હતા અને વિરોધીઓ પણ. પણ એમને પોતાને સંબંધે તો એમની વિચારણા શૈક્ષણિક-સામાજીક પરિસ્થિતિના સંદર્ભમાં એમની દૃઢ પ્રતીતિઓનું નિર્મળ પ્રતિબિંબ પાડનારી જ હતી એમ કહી શકાય.

વર્તમાનપત્રમાં સમયના બંધનની મર્યાદામાં અને સાતત્યપૂર્વક લખનાર લેખકનું પ્રત્યેક લખાણ સરખા બરનું હોય એવું બનતું નથી; એવી અપેક્ષા પણ વધુ પડતી ગણાય. પણ ક્યારેક તેઓ એવા પ્રશ્નોની નાડ પકડીને લખતા કે એમની કલમમાંથી નીપજતી વિચારસામગ્રી દીર્ઘકાલીન મહત્ત્વ ધરાવનાર લેખો રૂપે પ્રાપ્ત થતી. આવા કેટલાક લેખોના એક સંચયનું સંપાદન સ્વ. કુંજવિહારી મહેતા સાઠ વર્ષે એમ.ટી.બી.આર્ટસ કોલેજના આચાર્યપદેથી નિવૃત્ત થયા તે પ્રસંગે એમના મિત્રો અને શુભેચ્છકોએ એમના સન્માનના પ્રતીક રૂપે 'અનુબોધ' નામના પુસ્તકરૂપે પ્રગટ કરેલું અને એ પુસ્તકને વાચકોનો ઘણો આવકાર મળેલો.

સ્વ. કુંજવિહારી મહેતાનાં વિવિધલક્ષી લખાણોમાં ઘણી વાર એમણે કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનાં સ-રસ અને સ્મરણીય શબ્દચિત્રો આલેખેલાં. તે ઉપરાંત એમણે કેટલાંક સ્મરણો વાગોળતા લેખો પણ લખેલા જે સામાયિક સંદર્ભને અતિક્રમીને ચિરંતન મૂલ્ય ધરાવતા લેખો તરીકે વારંવાર વાંચવા ગમે એવા ગમે એવા છે. આવા લેખોનો એક સંચય કરીને ડૉ.હિમાંશી શેલતે 'સંગાથ' નામે સંગ્રહ તૈયાર કર્યો છે જેને એમની પ્રથમ પુણ્યતિથિએ ચૂનિલાલ ગાંધી વિદ્યાભવનની નર્મદ ગ્રંથમાળાના પ્રકાશન

તરીકે પ્રસિધ્ધ કરતાં આનંદ અનુભવું છું. આ રીતે સ્વર્ગસ્થનું એક સમુચિત સ્મૃતિતર્પણ કરવાનો સુયોગ વિદ્યાભવનને પ્રાપ્ત થાય છે તે અમારે માટે સંતાષની બાબત છે.

આ પુસ્તકમાં સંચિત લેખોમાં સ્વ. આચાર્ય કુંજવિહારી મહેતાની સાહિત્યિક શક્તિ પણ નિખરી ઊઠતી જણાશે. એમની એક વિશિષ્ટ શૈલી આ સંગ્રહમાંની ચરિત્રાત્મક અને સંસ્મરણાત્મક લેખસામગ્રીમાં પ્રગટ થતી જોઈ શકાય છે. આશા છે કે વાંચકોને આ લેખો અસ્વાદ્ય લાગશે.

આ પ્રસંગે અમે નર્મદ ગ્રંથમાળા પ્રસિધ્ધ કરવા માટે ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનને ઉદાર દાન આપનાર હરિ ઓમ આશ્રમના પૂ.સંત સ્વ.શ્રી મોટા તેમજ હરિ ઓમ આશ્રમના ટ્રસ્ટીઓ પ્રત્યે ઋણભાવ વ્યક્ત કરીએ છીએ.

ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન — રમેશ ઓઝા
એમ.ટી.બી.કૉલેજ — માનદ નિયામક
સૂરત-૩૯૫ ૦૦૧

◆



◆

- આભાર માનું તો નહિ ગમે એવા ભાઈ કેતન શેલત અને સ્વાતિ મહેતાનો ખાસ ઉલ્લેખ કરીશ, જેમની સહાય વિના આ કામ થયું જ ન હોત. મુખપૃષ્ઠ તૈયાર કરવામાં મિત્ર જગદીપ સ્માર્તની મદદ મૂલ્યવાન નીવડી છે, તે નોંધીશ.
- અને આભારી છું .......
- ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના નિયામક ડૉ.રમેશ ઓઝાની.
- કે.સી.ટાઈપો ગ્રાફિક્સનાં શ્રી.રીના પરીખની,
- 'સાહિત્ય સંકુલ'ના શ્રી.જનક નાયકની,
- સ્ટુડિયો એક્ષપ્રેસના શ્રોફ બંધુઓની,
- 'કુસુમ આર્ટના શ્રી.અમરીશ ગોહેલની,
- સિલિકોન સિસ્ટમના શ્રી.જૈમિન પાઠકની.

- હિમાંશી શેલત

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | 'અહો, દરદની દવા જગતને જડી ના હજી' | ૧૭ |
| ૨. | પ્રજ્ઞા પુરુષનું મહાપ્રસ્થાન | ૨૫ |
| ૩. | ત્રિવેદી સાહેબની પ્રથમ પુણ્યતિથિએ | ૩૩ |
| ૪. | ડેથ ઑફ અ વિકટોરીઅન | ૩૮ |
| ૫. | શ્રી વીરેન્દ્ર ગાંધીની વિદાય | ૪૩ |
| ૬. | કાજળની કોટડીમાંથી ઊજળે કપડે નિવૃત્ત થતા કર્મચારીની વાત | ૪૭ |
| ૭. | અર્થશાસ્ત્રવિદ્ ડૉ. બી. વી. મહેતાની નિવૃત્તિ | ૪૯ |
| ૮. | આજીવન શિક્ષક શ્રી ચંદ્રવદન શાહ | ૫૨ |
| ૯. | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ : એક પ્રોફાઈલ | ૫૬ |
| ૧૦. | ડૉ. બી. એ. પરીખ : દ.ગુ.યુનિ.ના આઠમા કુલપતિ | ૫૯ |
| ૧૧. | એક કર્મઠ કુલપતિની ચિરવિદાય | ૬૧ |
| ૧૨. | ધીરૂભાઈ દેસાઈ - ગતિશીલ ન્યાયના પુરસ્કર્તા | ૬૪ |
| ૧૩. | સાચ્ચા મહાજન ગોરધનદાસ ચોખાવાળા | ૬૭ |
| ૧૪. | આપણા ભગવતીકુમાર શર્મા | ૭૨ |
| ૧૫. | શ્રી કનૈયાલાલ મુનશી - ભાતીગળ વ્યક્તિત્વ | ૭૪ |
| ૧૬. | વાત બે સુરતીઓની | ૭૯ |
| ૧૭. | પરમ પાંડિત્ય અને વહીવટીદક્ષતાના વિરલ યોગમંડિત પ્રિ. એન. એમ. શાહ | ૮૪ |
| ૧૮. | તે હિ નો દિવસા ગતાઃ | ૯૨ |
| ૧૯. | વીત્યા દિવસો ફરી ન ઊગતા | ૯૫ |
| ૨૦. | એમ. ટી. બી. કૉલેજ પંચોતેર વર્ષ પૂરાં કરે છે ત્યારે - | ૧૦૧ |
| ૨૧. | એમ. ટી. બી. કૉલેજની સ્મરણયાત્રા | ૧૦૭ |
| ૨૨. | કૉલેજની નાટ્યપ્રવૃત્તિ, કોઈ એક કાળે | ૧૧૨ |
| ૨૩. | કાળની પગથાર ઉપરનાં વણભૂંસાયેલાં પગલાં | ૧૧૫ |
| ૨૪. | આઝાદીની છેલ્લી લડત | ૧૨૦ |
| ૨૫. | આજની દાંડીકૂચઃ સાત પગલાં પાતાળમાં | ૧૨૬ |
| ૨૬. | ઘા રૂઝાય છે, ડાઘ રહી જાય છે. | ૧૩૦ |




# વીત્યાં વર્ષોની વાત

*

૩૦મી જાન્યુઆરીએ મહેતા સાહેબના અવસાનને એક વર્ષ પૂરું થશે. હજી અમને એ ક્યાંક આસપાસ હોવાની ભ્રાંતિ થઈ આવે છે. કોલેજ કેમ્પસમાં, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની ઑફિસમાં એમની નિયમિત આવનજાવન રહેતી એ રસ્તા ઉપર, અને એમને ગમતી કે ન ગમતી કોઈ પણ ચીજ કે ઘટના સામે આવતાં જ એમનું સ્મરણ તીવ્ર બની જાય છે. વચન પાળવામાં કદી પાછા ન પડે એવા મહેતા સાહેબ આટલું બધું કામ આમ સાવ અધવચ્ચે રાખી ચાલવા ન જ માંડે એવો વિશ્વાસ મહાત થયાની પીડાનું તો હવે કશું થાય નહીં, એ તો વેઠી જ લેવી પડે. પણ જીવનરસથી છલકાતી, સતત ઉત્સાહથી ધબકતી, તરવરાટભરી વ્યક્તિ સાથે આમ એકાએક જ મૃત્યુને જોડી દેવાનું આવી પડે, તો એ યે સહેલું તો ક્યાંથી હોય ? એવા કેટલાક સદ્ભાગી જીવો હોય છે, જેમનામાં એટલી તો ઉષ્મા હોય, કે એમને થીજી ગયેલા, ઉષ્મા વિહોણા કલ્પી જ ન શકાય. મહેતા સાહેબ એમાંના એક હતા.

સુરતના જાહેર જીવન પર મહેતા સાહેબનો મોટો પ્રભાવ હતો. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, એમ.ટી.બી. કૉલેજ અને મહેતા સાહેબ એવાં તો ગૂંથાઈ ગયાં હતાં કે એક નામ દેતાં બીજાનું સ્મરણ થાય. અભ્યાસકાળમાં એક કુશળ, વિદ્યાર્થીપ્રિય અધ્યાપક તરીકે એમને જાણ્યા, એમ.ટી.બી. કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાવાનું થયું ત્યાર પછીનાં વર્ષોમાં એમને એક દક્ષ વહીવટકર્તા અને પ્રભાવશાળી આચાર્ય રૂપે જોયા. એ વર્ષોને સુવર્ણકાળ તરીકે સંભારવાનું ગમે એવો વિકાસ સંસ્થાએ એમના ગતિશીલ નેતૃત્વ હેઠળ સાધ્યો. અસાધારણ આયોજન શક્તિ અને દૃષ્ટાંતરૂપ કાર્યશીલતા ધરાવતા મહેતા સાહેબને અન્યાય સામે તીવ્ર પ્રતિભાવ આપતા કે સંઘર્ષ આદરતા સજગ પ્રહરી, યુનિવર્સિટીની ગતિવિધિ કે કાયદા-કાનૂનની બારીકીઓના જાણકાર શિક્ષણશાસ્ત્રી, વિવિધ અધિકાર મંડળોમાં શોભતા આગેવાન યા મુત્સદ્દી વિષ્ટિકાર તરીકે આપણામાંના મોટા ભાગનાએ ઓળખ્યા છે. પણ આ સાથે એમની ખૂબ નિકટ આવી શકેલી વ્યક્તિઓને એમનો કેવો પરિચય હતો એ કહેવાની આજે ઘડી છે.

થોડા કડક અને કંઈક અતડા દેખાતા મહેતા સાહેબની નજીક આવવાનું સહેલું નહીં જ, એમના અંતરંગ મિત્રો પણ આંગળીને વેઢે ગણાય તેટલા, પણ જન સમુદાયને, 'કોમન મેન'ને ચાહવાની એમની પાસે જે ક્ષમતા હતી, તેવી બહુ ઓછા પાસે હશે, અને એ ચાહના સાથે સામાન્ય જનની પીડાએ સતત ચચરતું હૃદય પણ બહુ ઓછા પાસે જ હશે. આ હૃદયસંપત્તિ મહેતા સાહેબના વ્યક્તિત્વનું એક આકર્ષક લક્ષણ હતું, જેનાથી લોકો એમના તરફ સહજ રીતે

ખેંચાતા, પોતાની વિપદાની વાતો કરવા આવી ચઢતા અને કાયમ હૂંફ અને ધરપત લઈ પાછા જતા. એમના ટીકાકારોને ક્વચિત્ ઈર્ષ્યા આવે તે સાથે કબૂલ કરવું પડે એવી ભરપૂર નિસ્બત સાથે એ સામાન્ય માણસોનાં નાનાં મોટાં કામો કરતા રહેતા, બહુ નિસ્પૃહ ભાવે. કારણ તેમ કર્યા વિના એ રહી શક્તા જ નહીં. શરબતની કે દાણાચણાની લારીવાળા, ઘાસ કાપનારા, ઝાડુવાળા, ચોકીદારો, નોકરીની શોધમાં અથડાતા થાકેલા-હારેલા જુવાનિયાઓ, કપરા સંજોગોમાં ભણતા વિદ્યાર્થીઓ, ઘરકંકાસ કે આર્થિક વિટંબણાઓથી ઘેરાયેલા નીચલા મધ્યમ વર્ગના નિવૃત્ત વૃધ્ધજનોનો એક વિશાળ સમુદાય હશે જેને એમણે કોઈને કોઈ રીતે ટેકો આપ્યો હશે. આ તમામ વિના સંકોચે એમની આગળ જઈ, વખત-ક્વખતની ચિંતા કર્યા વિના પોતાની કરમકથની માંડી શક્તા. ઢગલો કામમાં પણ મહેતા સાહેબ પાસે એમને માટે સમયની કદી ખોટ પડી નથી. એક વાતની સૌને પાકી ખબર કે આ સાહેબને ઠાલાં વચનોમાં, શબ્દોની આતશબાજીમાં લગારે રસ નહીં. ક્યાંક દૂર ઊભા રહીને ''તમારી સાથે જ છું'' જેવી સહાનુભૂતિની બૂમો દોડાવે એ મહેતા સાહેબ નહીં. મુશ્કેલીની પળોમાં સાથીઓને પડખે તરત જઈને ઊભા રહે, તે પણ બોલાવ્યા વિના. સાવ અજાણ્યાને જો જરૂર પડે તો તેમાંયે પાછા ન પડે. આ જ એમનો સ્વભાવ. આપત્તિ વખતે એમાં સપડાયેલી વ્યક્તિને અને એની આસપાસનાંને નચિંત કરવાનું, એમને નિરાંત અને સલામતીનો અનુભવ કરાવવાનું અદ્ભુત સામર્થ્ય એ ધરાવતા હતા. એમની આ લાક્ષણિક્તાને કારણે કેટલા બધાં માણસોને સાહેબ પોતીકા લાગતા. ઉકેલ શોધનારા, દિલ ખોલીને વાત કરનારા, સમસ્યાઓ ધરી દેનારા લોકો ખંચકાટ વગર એમની પાસે આવતા રહેતા. મહેતા સાહેબનાં ઘર, ઓફિસ અને હૃદય આ સહુ માટે છેવટ સુધી ખુલ્લાં જ રહ્યાં.

માનવ સંબંધોની માવજત કરતા અને એને તાજગીભર્યા રાખી શક્તા મહેતા સાહેબ એમની આસપાસનું વાતાવરણ પણ એવું જ લીલુંછમ રાખવાનું પસંદ કરતા. બહુ ઓછી વ્યક્તિઓને એમના ઉત્કટ પ્રકૃતિપ્રેમની જાણ હશે. સાર્વજનિક એજયુકેશન સોસાયટીની ઑફિસ સામે અને પડખે જે વેલ-વૃક્ષો, હીંચકો, બેઠકો અને હરિયાળીનું આંખ ઠારે તેવું સુશોભન છે તે મહેતા સાહેબની કલ્પના અને રસ-રુચિનું પરિણામ. પહેલા વરસાદ પછી કેમ્પસમાં ક્યાં ક્યાં વૃક્ષો રોપવાનો અવકાશ છે તેની એ કેમ્પસમાં ફરીને ચર્ચા કરવાના, જુદા જુદા રોપાઓ



મંગાવવાના અને પાછળથી ઝાડ કેવી રીતે ઉછરે છે તેની એ કાળજી કરવાના. નિસર્ગની ચાહના એમને કંઈક સાહસભર્યા કહેવાય તેવા પ્રવાસો ખેડવા પ્રેરતી અને નિકટના મિત્રો- સ્વજનોની નાનકડી મંડળી સાથે એ અવારનવાર દૂર કે નજીકની મુસાફરી ગોઠવતા. તેમાં મોટર માર્ગના પ્રવાસને પ્રથમ પસંદગી મળતી, જેથી માર્ગમાં આવતાં રમણીય સ્થળો ચૂકી ન જવાય. પોતાનાં વાહનો વિશે પણ એમને ભારે મમતા હતી. પછી એ સાયકલ હોય કે મોટર, અને એને ઉત્તમ સ્થિતિમાં રાખવાની એમની ચીવટ પણ ભારે.

વ્યવસ્થા અને સુઘડતા વિશેનો એમનો પક્ષપાત એમને જોતાં વેંત જણાઈ આવે તેવો. અને એમની ઓફિસમાં તો એ આંખે ઊડીને વળગે. ત્યાં પગ મૂક્તાંની સાથે પેન કે ઘડિયાળનું વૈવિધ્ય, દીવાલ પરનાં ચિત્રો, ટેબલ પરની સજાવટ, તાત્કાલિક જરૂર પડે તો દવાથી માંડીને બીજી અનેક આવશ્યક ચીજ વસ્તુઓથી ભરેલી એમની સુવ્યવસ્થિત ઓફિસ-બેગ છતું કરી આપે કે એમને કશું જ ગરબડિયું ગમતું નથી. કામમાં પણ ''હોતી હૈ ચલતી હૈ''ના તરફદારોને ભારે પડે એવી એમની કાર્યશૈલી. લાસરિયું કામ કરવાવાળા એમની આ શિસ્તબધ્ધ કાર્યપ્રણાલી સામે મોં મચકોડે અને સાહેબ સાથે સ્ફૂર્તિથી કામ કરવામાં થાકી જાય કે કંટાળે. પણ સાહેબ માત્ર કામ લે જ એવું નહીં, એ સ્વયં એવું જ કામ કરે, ટકોરાબંધ અને ઝડપી. આમ છતાં એમની સખ્તાઈમાં પણ એક વિશિષ્ટ માનવીય સ્પર્શ અનુભવાતો, જેને કારણે એમનાથી ડરતા હોય તેવા માણસો પણ એમને ચાહતા અને એમનો આદર કરતા.

આરોગ્ય અંગે અતિ જાગ્રત એવા મહેતા સાહેબ ખાનપાનમાં એટલો જબરદસ્ત સંયમ જાળવતા કે અમે તો ક્યારેક મજાક પણ કરી લેતા, કે અન્ય માણસો ખાવાની પ્રવૃત્તિ બદલ અપરાધભાવ અનુભવે એટલી હદે સાહેબ સ્વાદિષ્ટ વાનગી ભરેલા કોઈ પણ થાળને નકારી શકે. જો કે એક હકીકતમાં તથ્ય ખરું, કે એમની એકધારી સ્ફૂર્તિ અને એક સરખું સ્વાસ્થ્ય જાળવવામાં આ સંયમનો ફાળો અવશ્ય હશે જ. શ્રી ભગવતીકુમાર શર્માએ એમના વિષે સાચું જ કહ્યું છે, ''વર્ષો સુધી શરીરની એકધારી આકૃતિ જાળવી રાખવી સરળ નથી. એમાં કદાચ માણસની ભીતરી દ્રઢતા, સ્ટ્રેઈટ ફોર્વર્ડનેસ, તનાવરહિતતા, વગેરેનું પ્રતિબિંબ પડતું હશે.'' (નિત્ય ક્રિયાશીલ કે.સી.: ''અનુબોધ'' પૃ. ૩૪૮)

આ ભીતરી દ્રઢતા, સ્ટ્રેઈટ ફોર્વર્ડનેસ અને આત્મવિશ્વાસે એમને ખૂબ નિર્ભીક બનાવ્યા હતા. આમ પણ નિષ્ઠાવાન, પ્રામાણિક, કર્મનિષ્ઠ વ્યક્તિઓ માટે નીડરતાની સંપત્તિ સહજ પ્રાપ્ય હોય છે. કોઈ કાળે કૉલેજના પ્રચંડ વિદ્યાર્થી આંદોલનો, શિક્ષણ સંસ્થાઓના સંચાલન સંદર્ભે ઉદ્ભવતા વિકટ પ્રશ્નો અને સામે ખડા થતા ઝંઝાવાતો સામે એ ભારે સ્વસ્થતાપૂર્વક ઊભા રહી શક્તા. જીવનના પ્રારંભથી જ સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થતા, ઘડાતા જતા એમના વ્યક્તિત્વનો અવિભાજ્ય અંશ બની રહી આ નિર્ભીક્તા. આમ તો કોઈ વિશાળ સંસ્થાના મોભી કે સામાજિક- રાજકીય આગેવાનમાં અપેક્ષિત હોય એવાં ઉત્તમ લક્ષણો મહેતા સાહેબમાં એકત્ર થયાં હતા. વહીવટી ક્ષેત્રે વર્ષો સુધી કામ કર્યું હોવા છતાં હા માં હા ભણવાનું એમને કદી અનુકૂળ આવ્યું નહોતું. કંઠી પણ એ કોઈની બાંધી ન શકે. પોતાની સ્વતંત્રતા અકબંધ રાખવાનું દ્રઢ વલણ, એટલે ખુશામત કોઈની કરે નહીં, અને કોઈ એમની ખુશામત કરે તે એમને ગમે પણ નહીં. શબ્દોની ઝાકઝમાળની આરપાર જોઈ શકે એવી સાફ વેધક નજર એમની પાસે. દેખીતું જ છે, કે સરકારી હોદ્દા અને તે થકી મળતા માન-મોભ્ભાથી એ જીવનભર વેગળા રહ્યા.

મહેતા સાહેબનો ઠીક ઠીક લાભ લઈને એમનું ઘસાતું બોલવાવાળા લોકો એમની આજુબાજુ નહોતા એમ નહીં. એમના જેવી પ્રકૃતિ ધરાવતા માણસ અજાતશત્રુ તો કેવી રીતે હોઈ શકે ? તીવ્ર અસૂયાથી પીડાતા અને સમય આવે કે ગરજ પડે ત્યારે આ સજ્જનનો પૂરો કસ કાઢી લઈ, પીઠ પાછળ ટાઢકથી ઘા કરનારા વિશે મહેતા સાહેબને માહિતી નહોતી એમ પણ નહીં. જુલિયસ સિઝરનો બહુ જાણીતો, ''Et tu Brute ? - બ્રુટસ, તું પણ?'' જેવો વેદનાભર્યો પ્રશ્ન પૂછવાના પ્રસંગો પણ આવ્યા જ હશે. છતાં સંયમ, સમતુલા અને ગૌરવથી સાહેબ બધું જ પચાવી શક્તા. વ્યથિત થતા, પણ વિચલિત ભાગ્યે જ થતા. વિશેષ નોંધપાત્ર તો એ લાગે છે કે કડવા પ્રસંગો પણ એમને કદી અસારવાદી ન બનાવી શક્યા. માનવજાત માટેનો, ખાસ તો પેલા 'કોમન મેન' માટેનો એમનો લગાવ ઓછો ન થયો તે ન જ થયો. એમની આ નિસ્બત ઓજસ ટ્રસ્ટ કે શિશુ સહાય ટ્રસ્ટનાં કાર્યોમાં નિખરી આવી. ''શિશુ સહાય''તો મહેતા સહેબનું જ સર્જન. એક વાર કોઈ મજૂરના બાળકને તબીબી સારવાર અંગે જે અથડાટમાંથી પસાર થવું પડયું તેની



સામાન્ય વાતચીતમાંથી આ વિચાર સ્ફૂર્યો કે અભાવમાં જીવતાં બાળકોને ટેકો થાય એવું કામ કરવા જેવું છે. કોઈ પણ ઉમદા તરંગને ધરાતલ પર આણવાનો કીમિયો મહેતા સાહેબના હાથમાં. શિશુ સહાય ટ્રસ્ટે આકાર લીધો અને આજે એના કાર્યનો જે કઈ વિકાસ છે, તે સાહેબની જરૂરતમંદો માટે કઈ કરી છૂટવાની ખેવનાની નીપજ છે. એમની નિષ્ઠા અને કમિટમેન્ટની એવી તો ઉજ્જવલ પ્રતિષ્ઠા હતી કે એમના કામમાં બેધડક ભરોસો મૂકનાર એક વિશાળ વર્ગ એમની પડખે રહેતો. આ શિસ્તબધ્ધ સાથી-મિત્રો અને એમનામાં દેખાતું કોઈ કમિટેડ સોલ્જરનું મનોબળ સાક્ષી પૂરતા એક જ બાબતની અને તે સાહેબ માટેનો આદર અને એમનામાં શ્રધ્ધા. એટલે જ જાતજાતનાં કામોમાં મહેતા સાહેબને મોટે ભાગે આગળ ધરી દેવાતા, કારણકે તેમ કરવાથી કામ અવશ્ય થશે એવી ખાતરી રહેતી. અનેક પ્રવૃત્તિઓથી ઘેરાયેલા અને છેવટ સુધી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રીનું જવાબદારીભર્યું પદ સંભાળતા મહેતા સાહેબને ભારે કામનો બોજો રહેતો હશે, એમ ધારી લેવામાં નવાઈ નથી, પણ નવાઈ એ વાતની ખરી, કે હોદ્દા અને કામના ભારનું વહન એ અત્યંત સહજ રીતે કરતા. ટોળટીખળ કરવાનું નિમિત્ત એ શોધતા જ રહેતા, મજાક માણી શક્તા, બાળકો સાથે સરળતાથી ભળી શક્તા. ઉદાસીના વજનને ફગાવી દેવાનું, ક્લેશમય વાતાવરણને પલટી દેવાનું એમને આવડતું. ચઢેલા મોંએ બેઠેલા કે ઓછાબોલા માણસોને એ બોલાવી શક્તા. ચર્ચામાં ખેંચી શક્તા. ખેલદિલીથી, નિખાલસતાથી પોતાની ઉપર થયેલા પ્રહારો ઝીલી શક્તા, અને જાતજાતની માહિતીસભર વાતો કરી શક્તા. જ્ઞાન-વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં એમને જીવંત રસ હતો, અને પૂરા વિસ્મયથી જીવનના અપાર વૈવિધ્યને જોવાની ને પછી સમજવાની એમને તાલાવેલી રહેતી. એમ.ટી.બી.ના કોમન રૂમમાં રિસેસમાં એમની વાટ જોવાતી. ભાતભાતની પ્રકૃતિના માણસોને એક સૂત્રે એ સાંકળી શક્તા. ગમે તેવા કામમાં પણ અધ્યાપકો સાથે અને કર્મચારીઓ સાથે એમણે આ સંબંધ જાળવી રાખ્યો હતો, અને કામ કે જવાબદારીના નિમિત્તે એને જરાકે ઘસરકો ન પડે તેની સ્નેહભરી કાળજી લીધી હતી. ચર્ચામાં કદીક મતભેદ થતા અને ક્યારેક મહેતા સાહેબ થોડા ઉતાવળે આભિપ્રાય બાંધતા હોય એવું પણ લાગતું. કદીક એ મતાગ્રહી અને આળા સુધ્ધાં જણાતા, અને ક્યારેક વધુ પડતા ઉગ્ર પણ, છતાં એમની સાથે ચિંતા વિના ઝઘડી શકાતું. કારણ સહુ જાણે કે દ્વેષ કે કડવાશ એમના સ્વભાવમાં જ નહીં.

વાતાવરણને જીવંત રાખવાની એમની આગવી કલાની પ્રશંસા કરતા ડૉ.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તો એમને માટે એમ જ કહેતા, ''કુંજભાઈ ઓરડામાં પગ મૂકે એટલે વાતાવરણ ધબકતું થઈ જાય...''

મહેતા સાહેબનાં વાણી, વર્તન, કાર્યશૈલી, વિચારો-સર્વમાં એમની જીવનનિષ્ઠા અને માણસ માટેની લાગણી છલકાયાં કરતી. સમાજના વિવિધ વર્ગોની અનેક વ્યક્તિઓના સાવ સાચુકલા પ્રેમ અને આદરના એ કેવા અધિકારી હતા, એ તો ૩૦મી જાન્યુઆરી ૧૯૯૪ને દિવસે એમને વિદાય આપવા એકઠા થયેલા સમુદાયની ભીની. આંખમાં જ પ્રતિબિંબિત થયું હશે. નગરમાં યોજાયેલી શોકસભામાં એમને અંજલિ આપતા વક્તાઓ જેટલું જ, અને ક્યાંક એથી વધારે દુઃખ એ સભામાં ન બોલનારા, પેલા છેક છેવાડે ઊભેલા કોમન મેનનું હોઈ શકે એમ કહેવામાં કશું વધારે પડતું નથી.

પાછલાં વર્ષોમાં મહેતા સાહેબ વારંવાર ભૂતકાળમાં જઈ પહોંચતા, અને ત્યાં ખોવાઈ જતા. આસપાસ ઝડપથી બદલાતું જતું વાતાવરણ, વિદ્યાર્થીઓનાં અશિસ્ત અને ગેરવર્તાવ, ઈર્ષ્યા, સંકુચિતતા, સ્વાર્થ કે નિષ્ઠાના અભાવને કારણે સર્જાતા સંસ્થાકીય પ્રશ્નો, સમાજમાં સર્વત્ર દેખાતી અરાજકતા અને કામચોરી કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને અકળાવે તેમ એમને પણ અકળાવતાં. પણ તે સાથે અંગત જીવનમાં યે એમના નાના ભાઈ શ્રી કૃષ્ણકાંત મહેતા અને પરમ મિત્ર ડૉ.આર.કે.દેસાઈના સાવ અણધાર્યા અવસાનથી એ ક્ષુબ્ધ બન્યા હતા. દુઃખનું પ્રદર્શન તો એમને ફાવતું નહીં, તો યે આ બે દુઃખદ ઘટનાઓને લીધે અનુભવાતો ખાલીપો અને વેદના એમનાથી આપ્તજનો સમક્ષ વખતોવખત વ્યક્ત થઈ જતાં. મૃત્યુની વાતો કરતી વેળા એ વારંવાર એમની પ્રિય પંક્તિનું રટણ કરતા, ''બગાસું બસ અર્ધ, ચરખો જ થંભી જતો''.

એમની બાબતમાં આવું જ બન્યું. કામમાં કાયમ ભારે ઉતાવળ કરતા, કરાવતા, ટ્રેઈનમાં જવાનું હોય તો ખૂબ અગાઉ સ્ટેશને પહોંચવાનો આગ્રહ રાખતા મહેતા સાહેબ, કોઈને એમના અહીંથી જવા વિશેની ગંધ સરખી આવે તે પહેલાં જ, કશો અણસાર પણ આપ્યા વિના, કશી વિદાય લીધા વગર જ ચાલી નીકળ્યા, ઉતાવળા, ઉતાવળા. એમની સાથે ઝડપથી ચાલી ન શકાય તો એ સાથે ધીમે ધીમે ચાલતા સાથીદારને રમૂજમાં ટોકતા, "You cannot keep pace with me" ...એ સાચું જ ઠર્યું.



'સંગાથ' આમ તો મહેતા સાહેબના અતીત સ્મરણનો સંચય છે. 'ગુજરાતમિત્ર'ની એમની સુપ્રસિધ્ધ કોલમ 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'માં આલેખેલાં વ્યક્તિચિત્રો અને સ્મરણો પુસ્તકમાં સચવાય એવી ડૉ.વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની ઈચ્છા હતી. એ વિચાર મહેતા સાહેબને જચી ગયેલો અને ૯૪ માર્ચ-એપ્રિલમાં થોડાં સુધારા-વધારા સાથે આવા કેટલાક લેખો મઠારીને પ્રગટ કરવાનું નક્કી થયું હતું. પણ એ તો આ કામ સારું થોભ્યા નહીં. એટલે જે સામગ્રી પસંદ કરી, તેમાં આવશ્યક એવા જરાતરા ફેરફાર કરી ચલાવી લેવું પડયું છે. એમાં જે કંઈ કચાશ કે ક્ષતિ રહી ગઈ હોય તે મારી જ.

આ લેખોમાં મહેતા સાહેબના વ્યક્તિત્વની રેખાઓ સાફ ઊપસી આવે છે. વ્યક્તિ ચિત્રોના આલેખનમાં એમની ધારદાર, સ્પષ્ટ વાણીનો રણકો સંભળાય છે. આમ પણ સાહેબ ઢાંકાઢૂબાના માણસ નહોતા, સાફ દિલ હતા ને તેથી જ જેવું લાગે તેવું શબ્દોના ચળકાટ કે આડંબર વિના કહી શક્તા. આ એમની આગવી ખુમારી રહી હતી, કારણ કે સુષ્ઠુ વચનોથી પ્રસન્ન કરવાવાળા, કે અકારણ પીઠ થાબડી થાબડીને સંબંધો સાચવવાની ચિંતાવાળા, કે 'બોલીને બગાડવું નથી ક્યારેક ખપ લાગશે'ની યાચક વૃત્તિવાળા, કે સતત સારા દેખાવાની ઘડભાંજમાં મૌન સેવનારાઓના રંક વર્ગમાં એમનો કદી સમાવેશ થયો નહોતો. એ ખંચકાટ વિના યુનિવર્સિટી કાર્યાલયને 'ખાઉ-કરડું કરનારાઓનો અડ્ડો' કહી શકે, નર્મદ- ચંદ્રવદન મહેતાની વાત કરતાં સૂરત મ્યુ.કોર્પોરેશનને 'ગજસ્તત્ર ન હન્યતે'નો તેજાબી ચાબખો લગાવી શકે, અને પૂરી તટસ્થતાથી નજીકની કોઈ પણ વ્યક્તિની નબળાઈ ઉલ્લેખી શકે.


અહીં પ્રગટ થયેલી એમ.ટી.બી. કૉલેજના ભવ્ય ભૂતકાળનું રસમય ચિત્ર ખડું કરતી લેખમાળાનું મોટું મૂલ્ય છે. થોડાં વર્ષો પછી કદાચ આ બધી વાતો રોમાંચક કલ્પના કથા સમી ભાસે તો નવાઈ નહી. એમાં તે કાળે મહેતા સાહેબનો વિદ્યાર્થીઓ પરનો પ્રભાવ અને એમણે પ્રાપ્ત કરેલાં સ્નેહ-સન્માન પણ હવે પછીની પેઢી માટે દંતકથાનો અંશ બની જાય એવું લાગે તો આશ્ચર્ય નથી.

આ પુસ્તક મહેતા સાહેબની હયાતીમાં તો પ્રગટ ન થયું, પણ આજે એ નથી ત્યારે, વીતેલાં વર્ષોની સ્મૃતિમાં એમણે જે આલેખ્યું તે, વીત્યાં વર્ષોના સ્મરણમાં જ, એમની પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ રૂપે અર્પણ કરવાનું આવે છે એનો હૃદયભેદક વિષાદ વેઠવાનું દુષ્કર છે.

છતાં એ કઠોર વાસ્તવિક્તા સાથે જ એમના અહીં હોવાનો અહેસાસ કોઈને કોઈ રીતે રહ્યા જ કરે છે ત્યારે, કલ્પનામાં જ આ પુસ્તક એમના હાથમાં મૂકું છું, વંદન કરું છું, અને મનોમન કહું છું, ' આ સ્વીકારશો, પ્રકાશભર્યા એ દિવસોના સ્મરણમાં...'


હિમાંશી શેલત
૪/૧/૯૫





શ્રી કુંજવિહારી મહેતા
નાગરિક સન્માન પ્રસંગે, ૧૯૮૩

શ્રી કુંજવિહારી મહેતા અને ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
'મૈત્રી'ના હીંચકા પર, સૂરત.





શ્રી કુંજવિહારી મહેતા, ડૉ. આર. કે. દેસાઈ અને ડૉ. બી. એ. પરીખ
દ. ગુ. યુનિ.ના ખેલકૂદ મહોત્સવ પ્રસંગે, ૩૦ જાન્યુઆરી, ૧૯૮૩

શ્રી કુંજવિહારી મહેતા અને ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
'મૈત્રી'ના હીંચકા પર, સુરત.



**ડૉ. આર. કે. દેસાઈ અને શ્રી કુંજવિહારી મહેતા**
**નાગરિક સન્માન, ૧૯૮૩**

# ડૉ. આર. કે !
# 'અહો,દરદની દવા જગતને જડી ના હજી'

ડૉ. આર.કે. દેસાઈને મેં પહેલવહેલા જોયેલા ૧૯૪૫-૪૬માં ડૉ. જમશેદજી લશ્કરીની સાથે. ગોપીપુરામાં મારા એક સગાની પડોશમાં એ કોઈ દર્દીને તપાસવા આવેલા. પાછળથી જોયેલી એ જ સ્ટાઈલ, ગળામાં સ્ટેથોસ્કોપની નળી ભેરવેલી અને ભૂંગળી ગળા ઉપર. કાળા લાંબા ડગલામાં માથે પારસી ટોપી પહેરી ડોસા આગળ, આર.કે.પાછળ. સહેજ પાતળું શરીર, માથે કાળા ભમ્મર ભરાઉ વાળ. કોઈકે કહેલું કે આ મોટા ડાકટર છે. હમણાં જ સુરતમાં આવેલા છે.

પછીનાં ઘણાં બધાં વર્ષો સુધી એમનો સંપર્ક થયેલો નહી. ૧૯૬૫ના અરસામાં રોટરીની કોઈ કોન્ફરન્સમાં માણેક ગેઆરાના આગ્રહથી એમની સાથે નવાપુર જવાનું થયેલું. જોગાનુજોગ ડબ્બામાં ડૉ.આર.કે. હતા, ગેઆરા હતા અને કદાચ રજનીકાંત ઠકકર હતા. આ પહેલો પ્રત્યક્ષ એન્કાઉન્ટર અને મેળાપ.

સ્વભાવ પ્રમાણે મેં પૂછેલું કે વકીલો જો કોર્ટમાં પોતાના અસીલનો કેસ હારી જાય તો તેમને કંઈ લાગે નહી. 'તેરા તેલ ગયા, મેરા ખેલ ગયા' જેવો એમનો ઘાટ. પણ જો કોઈ દર્દી મરી જાય તો ડૉકટરને આવી ગ્લાનિ થાય ખરી ? પછીથી તો એકમાંથી બીજી ચર્ચા ચાલી. આવતી વખતે પણ સાથે જ બેઠા. અમારી મૈત્રીનું આ મંગલાચરણ. અમારો મૈત્રી પટ એટલો લાંબો છે, એમાં એટલી ઘટનાઓ-સ્મરણો છે, બધાંનું આલેખન નહી થાય.

ડૉ. રમણલાલ કાલિદાસ દેસાઈને બહુજન સમાજ આર.કે.ના નામથી કયારથી ઓળખતો થયો એની ખબર નથી. એ પહેલાં નામના પહેલા બે અક્ષરોથી વ્યકિતઓને ઓળખવાની પ્રથા નહોતી. એમના સિવાય બીજાં ક્ષેત્રોમાં અને ખુદ તબીબી જગતમાં પણ બહુ ઓછી વ્યકિતઓ નામના પહેલા બે અંગ્રેજી અક્ષરોથી ઓળખાતી રહી છે.

આપણે મેન્ટલ ટેલિપથીમાં માનીએ કે નહી પણ કેટલીક ઘટનાઓ કોઈ અગમ્યતાની પ્રતીતિ કરાવે છે. આર.કે. જયારે દસમી માર્ચે મુંબઈ જવા ઘરની બહાર નીકળ્યા ત્યારે ખભે હાથ મૂકીને કહે, 'ધીસ મે બી અવર લાસ્ટ ટ્રીપ'. સામાન્ય રીતે શ્રીમતી લક્ષ્મીબહેનની બગડતી જતી તબિયતના સંદર્ભમાં એ વારંવાર આવું કહેતા. પણ આ વાકય એમના સંદર્ભમાં સાચું પડશે એવી કોને ખબર ? 'વાણી બોલાવે જાણી અને કાળ લઈ જાય તાણી', ડોશી ઉકિતઓ પણ કયારેક સાચી પડી જાય છે.

આર.કે.. વિદેશની મુસાફરીએ જતાં પહેલાં પોતાના શરીરની સંપૂર્ણ તપાસ કરાવતા. આ વખતે એ તપાસનો અહેવાલ આવ્યા પછી કહે, 'જો,મારી બાયો કેમિસ્ટ્રી ટેક્સ્ટબુક કરેક્ટ છે'. ઈશ્વરની ટેક્સ્ટબુક કંઈ જુદી જ નીકળી. મનુષ્ય જીવનમાં વૈચિત્ર્યનો અનુભવ ક્યારેક થાય છે અને એ થાય છે, ત્યારે ખૂબ આઘાતક હોય છે.

ડૉ.આર.કે.દેસાઈનું વ્યકિતત્વ ખૂબ સંકુલ અને સમજવા માટે અટપટું હતું. એમનો બાહ્ય દેખાવ રૂઆબદાર,પ્રભાવશાળી અને ફરબિડિંગ કહેવાય એટલો કડક. મોટા ભાગના માણસો આથી એમની પાસે જતાં અચકાતા અને કોઈ એમની સાથે લપ્પનછપ્પનમાં ઊતરી છૂટછાટ લેવાની હિંમત કરી શકતું નહી. આ બાહ્ય આવરણની નીચે અતિશય મુલાયમ હૃદય સતત ધબકતું રહેતું. અનેકોને માટેનો સદ્ભાવ,ગરીબો માટેની હમદર્દી, પોતાના દર્દીઓની પીડા માટે ચિંતા આ હૃદયમાં ધરબાયેલાં રહેતાં. ડૉ.દેસાઈ મિતભાષી હતા. મુખરતા એમની પ્રકૃતિ નહોતી. અંતરની લાગણીઓની અભિવ્યકિત એ સતત ટાળતા, એટલે બહુ ઓછા માણસો એમની આ પ્રકૃતિને જાણી શકતા.

એક વિશિષ્ટ પ્રકારના રિન્ગીન્ગ અવાજથી એ બહુ ધીમે બોલતા. કોઈ ઘોંઘાટ કરે કે બહુ મોટા અવાજે બોલે, એ એમને ગમતું નહી. પોતાની વિચાર અભિવ્યકિતમાં એ ખૂબ ચોકક્સ, બે શબ્દોની જરૂર હોય તો ત્રીજો બોલે નહી. આનંદ કે ગમ બન્નેને ગૌરવથી પચાવી જાણે. બંનેના અનુભવમાં કે અભિવ્યકિતમાં કોઈ ગૌરવહીન અતિશયોકિત નહી. કોઈ પણ અતિરેકથી એ દૂર રહેતા. વ્યકિતઓ સાથેનો વ્યવહાર સંપૂર્ણ ગૌરવપ્રદ,વિવેકી અને એટિકેટની ચોક્સાઈવાળો. એમને મળવા જનારને એ વિદાય આપતી વખતે કંપાઉન્ડના દરવાજા સુધી અચૂક વળાવવા જાય. એમાં કોઈ પંકિતભેદ નહી.

એક પ્રસંગ યાદ આવે છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટે કેવળ દ્વેષબુધ્ધિથી એમને ડૉકટર ઓફ સાયન્સની ડિગ્રીનો ઠરાવ નકાર્યો. ત્યારે બીજી કોઈ વ્યકિત હોય તો વિહ્વળ બની જાય, યુનિવર્સિટીની ટીકા કરે. આ ઘટનાને બીજે દિવસે એમને મળવાનું થયું ત્યારે એમના મોં પર એ જ સ્મિત,એ જ સ્વસ્થતા. એ વાત એમણે તો કાઢી નહીં, પણ મારાથી ન રહેવાયું ત્યારે કહે, 'કે.સી., યુ ડોન્ટ ફીલ સોરી, આઈ કુડન્ટ કેર લેસ. એક જ અફસોસ રહ્યો કે મારે પહેલાં જ ના લખી દેવી જોઈતી હતી. કુલપતિ બિચારો તકલીફમાંથી બચી જાત.' વાત ત્યાં કાયમને માટે પૂરી થઈ ગઈ. ફરી એ વાત



એમણે કાઢી નથી, અને કોઈ કાઢે તો ઉડાવી દીધી છે. આવી તો કેટકેટલી ઘટનાઓ યાદ આવે છે. 'હસી જાણે જે જગ ઝેર પી'ની ઉકિત એમની બાબતમાં સંપૂર્ણ સાચી ઠરે એમ હતી.

ડૉ.દેસાઈ એક અત્યંત મેધાવી પુરુષ હતા. એમનું વાચન માત્ર એમના ક્ષેત્રનું જ નહી પણ ઘણા બધા વિષયોનું વિશાળ અને બહુમુખી હતું. એમની તર્ક શકિત અને ગ્રહણ શકિત આંજી નાખે એવી હતી. ખૂબ ઝડપથી એ વાંચીને વસ્તુને ગ્રહણ કરી પામી જતા. એમની સ્મરણ શકિત તીવ્ર હતી. વર્ષો પહેલાં એમની પાસે આવી ગયેલાં દર્દીઓને અને તેમની આખી કથાને એ તરત સ્મરી શકતા. આવો મેધાવી માણસ બધાનો લોકલાડીલો બને એવું તો હોય નહી. હી વોઝ એ મચ મિસઅન્ડરસ્ટુડ મેન, અને એમને માટે હિતશત્રુઓ ગેરસમજ ફેલાવતા રહેતા, છતાં એમના ટીકાકારોને પણ એમની બ્રીલીયન્સ-મેધા સ્વીકારવી જ પડતી.

અંગ્રેજી ભાષા ઉપર એમનું પ્રભુત્વ અદ્ભુત હતું. એ સરસ અંગ્રેજી લખતા,બોલતા અને એ એક સારા પત્ર લેખક પણ હતા. પરદેશોમાંથી એમણે લખેલા પત્રો ત્યાંની સામાજિક રાજકીય પરિસ્થિતિ,શૈક્ષણિક વાતાવરણ, પ્રયોગો, લોકો, પોતે જોયેલાં સ્થળો વગેરેથી સતત સભર રહેતા. એ પોતે આટલા મેધાવી હતા એટલે અન્યોની વિવિધ પ્રકારની સિધ્ધિને એ બિરદાવતા. એમના શોકના પ્રસંગોએ હમદર્દી દાખવતા. ઘણીવાર બેવકૂફો અડફટે આવી ચઢતા, તો મૂંગે મોંએ એમને પણ સહી લેતા.

અંગ્રેજ કવિ કોલરિજે કહ્યું છે, 'ફ્રેન્ડશીપ ઈઝ એ શેલ્ટરિંગ ટ્રી'. આર.કે.દેસાઈ મિત્ર તરીકે ખરેખરા સ્વજન બની છાયાળું વૃક્ષ થતા. આમ પણ થોડા અતડા હોવાથી એમનું નિકટનું મિત્રવર્તુળ ઓછું હતું. મિત્રોની બાબતમાં એ 'ચુઝી' રહેતા, પણ મિત્રોના ખરાબ સમયમાં એક ખડકની માફક ઓથ આપી એને પડખે ઊભા રહેતા. જેમને એ મિત્ર તરીકે સ્વીકારતા તેની માત્ર તબીબી જરૂરિયાત જ નહી પણ યોગક્ષેમની એ કાળજી રાખતા. એમની હૂંફ મેળવનારાઓનો વર્ગ પણ નાનો તો નથી જ.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની વ્યવસ્થાપક કારોબારી સમિતિના એ અધ્યક્ષ થયા ત્યારે એમની સાથે કામ કરવાની ઘણી મોટી તક મળી. સમિતિની સભા એ અચૂક નિયત સમયે શરૂ કરતા. સભામાં કોઈ 'લુઝ ટોક' એ ચાલવા દેતા નહીં, અને મુદ્દાસર

વાત કરવાનું એ સભ્યોને નમ્રતાથી પણ મકકમતાથી કહેતા. એમનો પ્રભાવ જ એવો હતો. સરકારના કે યુનિવર્સિટીના કે યુ.જી.સી.ના લાંબાલચક ઠરાવો, પરિપત્રો એ સંપૂર્ણ વાંચી જતા. એની નાની મોટી વાતોનો સાર ગ્રહણ કરી ઉપર પોતાની નોંધ મુક્તા. કોઈ પણ વાત એમના ધ્યાન બહાર જતી નહી અને કોઈ કાગળ વાંચ્યાં વિના એ પરત કરતા નહી. જ્યાં જ્યાં અમલ કરવાનો હોય ત્યાં એ સમયાંતરે અમલ થયો કે નહી એની જાણકારી મેળવતા, અને કર્મચારીઓને નિયમો પ્રમાણે પૈસા ચૂકવવાના થાય તો તે ચૂકવી દેવા જ જોઈએ એવો આદેશ આપતા. સોસાયટીના કર્મચારીઓમાંથી ગરીબોને એ મફત દવા પોતાને ખર્ચે આપતા અને ઈસ્પિતાલનો ખર્ચ થાય તો ઈસ્પિતાલમાંના પોતાના ખાતામાંથી તે મજરે લઈ લેવાની સૂચના આપતા. દર્દીને એની ક્યારેય ખબર પડતી નહી.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ફોરમમાં વિવિધ સ્તરે કામ કરનારા માણસો 'પોતાના હાથ નીચે' કામ કરનારા છે એમ નહીં, પણ સાથે કામ કરનારા છે, તેવો પહેલો શિરસ્તો પાડનાર ડૉ.આર.કે.દેસાઈ અધ્યક્ષ થયા ત્યારથી સોસાયટીના વહીવટમાં નવો યુગ શરૂ થયો. સોસાયટીના વહીવટીક્ષેત્રે એમણે નવો માહોલ સર્જ્યો.

ડૉ.દેસાઈની ઝીણવટ,સૂઝ અને ગ્રહણશક્તિનો એક ઉત્તમ પ્રસંગ અહી ઊતારવા જેવો છે. ૧૯૭૬ના અરસામાં કે.પી.કૉમર્સ કૉલેજનો ત્રિદશાબ્દી મહોત્સવ ઊજવવાનો હતો. એના મુખ્ય મહેમાન ગુજરાતના તે સમયના ગવર્નર શ્રી વિશ્વનાથન થવાના હતા. વિશ્વનાથનનો પરિચય લખવાનું કામ કે.પી.કૉલેજના અંગ્રેજીના અધ્યાપકને અમે સોંપ્યું. એમણે 'હુ ઝ હુ',માંથી કોઈ ભલતા વિશ્વનાથનનો પરિચય લખી મોકલ્યો. લખાણ આગલી સંધ્યાએ ડૉ.આર.કે.દેસાઈને જોવા મોકલ્યું. વાંચીને એમણે મને ફોન કર્યો : 'આ પરિચય તમે લખ્યો છે ?' મેં કહ્યું 'ના.' એમણે કહ્યું 'પ્લીઝ ચેક-અપ', આ પરિચય કોઈ બીજા જ વિશ્વનાથનનો છે, એમાં જે વિગતો છે તે ગવર્નર વિશ્વનાથનને બંધબેસતી નથી. વહેલી સવારે દોડાદોડ કરી તપાસ કરી. વાત સાચી નીકળી. કોઈ આઈ.એ.એસ.વિશ્વનાથનનો એ બાયો-ડેટા હતો. એમણે ભરોસો રાખી પરિચયની પૂર્વ ચકાસણી વગર સભામાં જ વાંચ્યો હોત તો બધા જ મૂરખ દેખાત. એમની ચોક્સાઈ ફૂટ-નોટ સુધીની હતી અને એ ચોક્સાઈએ આ પ્રસંગે સૌને ઉગારી લીધા. ગવર્નર વિશ્વનાથન અને બીજા



વિશ્વનાથન વચ્ચેનો ભેદ લખાણ ઉપરથી પારખવા માટે અસાધારણ જાણકારી જોઈએ.

ડૉ.દેસાઈનો વડીલો પરત્વેનો આદર નમૂનેદાર હતો. એમના પિતાને એ ખૂબ લાગણીપૂર્ણ માન આપતા. એવું જ માન એ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આપતા. ત્રિવેદી સાહેબની મુલાકાત એ અવારનવર લેતા. આ વખતે જતાં પહેલાં એ ત્રિવેદી સાહેબને મળવા ગયા. ત્રિવેદી સાહેબને ૯૨મું વર્ષ ચાલે છે. એમણે ગળગળા થઈ કહ્યું : 'રમણભાઈ, ધીસ મે બી અવર લાસ્ટ મિટિન્ગ. આઈ મે નોટ લીવ ફોર લૉંગ નાઉ'. ડૉક્ટર ગળગળા થઈ ગયા. આ શબ્દો કંઈક જુદી રીતે પ્રોફેટિક બન્યા. ઈટ ડીડ ટર્ન આઉટ ટુ બી એ લાસ્ટ મિટિન્ગ બટ ઈન એ ડીફરન્ટ વે. ડૉ.આર.કે.ના ધર્મ કે ઈશ્વર વિશેની માન્યતાઓનો ઝાઝો ખ્યાલ નથી. એની એ ચર્ચા કરતા નહિ. પણ શ્રી મોટાને એ વારંવાર મળતા. શ્રી મોટા પરત્વે એમને સ્નેહાદર હતા. શ્રી મોટાની મોટી છબી એ પોતાના હોલમાં રાખતા. છતાં એમનામાં દાસત્વ કે વેવલાઈ જોયા નથી. એ જેમ કર્મકાંડી નહોતા, તેમ નાસ્તિક પણ નહોતા. એમને કોઈ અગમ્ય અદ્રશ્ય શક્તિના અસ્તિત્વનો અણસાર હતો. ઘણીવાર આકાશ તરફ એ આંગળી ઊંચી કરતા. કદાચ એ અજ્ઞેયવાદી હતા.

એમની કુટુંબવત્સલતા એટલી જ ભારે. બાળકોમાં શિસ્તના આગ્રહી. દીકરીઓ ભણે તો પણ રસોઈ કરતાં અને ઘરકામ કરતાં આવડવું જ જોઈએ. બધાંએ રાત્રે સાથે બેસીને ભોજન કરવાનું અને આ ભાવે કે તે નહીં ભાવે, એવું નહીં કરવાનું, બધું જ ખાવાનું. એમનો અપત્યપ્રેમ પણ એટલો જ તીવ્ર. શ્રીમતી લક્ષ્મીબહેનની તબિયત છેલ્લાં ચારેક વર્ષથી લથડતી ગઈ. એમની આખી કાળજી ડૉક્ટરે પોતાને માથે લઈ લીધી. પોતાની પ્રેક્ટીસ ઓછી કરી, બહાર જવા આવવાનું ઓછું કરી દીધું. ઘણો વખત એમણે ધીરજથી લક્ષ્મીબહેનની શુશ્રૂષા કરી. વન મસ્ટ હેવ સીન ઈટ ટુ બીલીવ ઈટ !

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થાય એ માટેના પ્રયત્નોમાં એ અગ્રણી હતા. એની બંધારણ સમિતિના પણ એ સભ્ય હતા. એની પહેલી સેનેટ,સિન્ડિકેટ,એકેડેમિક કાઉન્સીલના પણ એ સભ્ય હતા. છતાં આ યુનિવર્સિટી સાથેનું એમનું લહેણું ઓછું રહ્યું. ૧૯૬૮માં કુલપતિ પદ માટેની પેનલમાં એમનું નામ સૂચવાયલું. એ સૂચવાતાં જ શકુનિઓ પ્રવૃત્ત થયા, અને એ ન નિમાય એ માટેના

પ્રયત્નો શરૂ થયા. એ નહીં નિમાયા, અને તેમાં કારણભૂત બન્યા સુરતના જ એક મહાનુભાવ. ડૉક્ટરનો પ્રત્યાઘાત હતો, 'મારા દર્દીઓને લાભ થયો'. અને છેલ્લો ડખો યુનિવર્સિટીએ માનદ્ ડિગ્રી વખતે કર્યો.

તબીબ તરીકે ડૉ.દેસાઈની ચિકિત્સા,નિદાન અદ્દ્ભુત હતાં. એ એક આજીવન શિક્ષક હતા. તબીબી વાત જો કોઈ પૂછે તો એક શિક્ષકની સ્પષ્ટતા,ઝીણવટ અને ધીરજથી એ સમજાવતા થાકતા નહીં. પોતાની સાથે કામ કરનારા જુવાન ડૉક્ટરો ઉત્તમ ડૉક્ટર બને એ માટે કાળજી રાખી એમનું ઘડતર કરતા, એટલું જ નહીં પણ એમના યોગક્ષેમની ચિંતા રાખતા. દરેક અટપટા રોગોની ખાસિયત,ચિકિત્સા અને નિદાનની કલાકો સુધી ચર્ચા કરી આ જુવાન ડૉક્ટરોને એક કુશળ શિક્ષકની શક્તિથી સમજાવતા.

વકીલાત અને તબીબી વ્યવસાયો બદનામ વ્યવસાયો છે. એમાં તબીબી વ્યવસાયમાં તેજોદ્વેષનો રોગ ખૂબ વ્યાપક છે. આર.કે.નો તેજોદ્વેષ કરનારની સંખ્યા ઓછી નહોતી. એમની એને ખબર પણ પડતી, છતાં એ અસ્વસ્થ નહોતા થતા. એવાઓની એ ક્યારેય ટીકા પણ કરતા નહીં. એમના ટીકાકારો એમને મળતા તો એમની સાથે પણ એ એવા જ હેતાળ રહેતા.

તબીબી વ્યવસાયમાં કેટલાક જુવાન ડૉક્ટરો પોતપોતાની માન્યતા,પૂર્વગ્રહો,ગમાઅણગમા લઈ પ્રવેશી રહ્યા છે. એમાંના કેટલાક માને છે કે જૂના ડૉક્ટરો બધા આઉટ ઓફ ડેઈટ થઈ ગયા છે. એમાં આર.કે.દેસાઈનો પણ તેઓ સમાવેશ કરતા. એમને મોડર્ન શોધોનું જ્ઞાન નથી એવું એ માનતા. આ બધાને કદાચ ખબર નહીં હોય કે ડૉ.દેસાઈ વોઝ મોર અપ ટુ ડેટ ધેન મેની ઓફ ધેમ. તબીબી ક્ષેત્રની તમામ નવી શોધખોળોથી એ સતત પરિચિત રહેતા. એમની પાસે ઘણાં અદ્યતન તબીબી પુસ્તકો રહેતાં. વિદેશ જતા ત્યારે નવાં પુસ્તકો ખરીદી લાવતા અને જર્નલો પાછળ પણ ઠીકઠીક નાણાં ખર્ચતા. એ ખૂબ વાંચતા, જરૂરી વસ્તુ નીચે લીટી દોરતા. પ્રોફેશનલ તબીબ તરીકે એ સંપૂર્ણપણે અદ્યતન અને સુસજ્જ હતા.

તબીબી વ્યવસાય અંગે એમને ચારેક ચિંતા રહેતી. આપણી જૂની ફેમીલી ફિઝીશીઅનની પ્રથા વિલીન થઈ ગઈ તેના એ હિમાયતી હતા. હમણાંના તબીબો ચિકિત્સામાં હાથની કળા ગુમાવતા જાય છે, અને કેવળ લેબોરેટરી ઉપર આધાર રાખે છે, તે એમની બીજી



ચિંતા હતી. આકરી દવાઓનો વધુ પડતો ઉપયોગ એમને પસંદ નહોતો, અને ગુજરાતમાં સ્વતંત્ર મેડિકલ યુનિવર્સિટી હોવી જોઈએ એમ તે ઈચ્છતા.

આટલા નાનકડા લેખમાં વિભૂતિસમ વ્યક્તિના જીવનના વિવિધ પાસાં ગણાવવાનું શક્ય નથી. એમને વિષે અવસાન નોંધ લખવાનો વારો આવશે એવી કલ્પના પણ નહોતી. એમની રમૂજવૃત્તિ, એમની ચાલવાની તેજ ગતિ, સ્ફૂર્તિ અને નમૂનેદાર તંદુરસ્તી એમનું અવસાન થયું છે, તે માનવા દેતાં નથી અને છતાં એ સત્ય છે. 'કોઈની પણ-મારા સાથીઓની પણ સેવા લીધા વિના હું મારા કન્સલ્ટિન્ગ રૂમમાં દર્દીને તપાસતાં તપાસતાં મરું એવી મારી પ્રાર્થના છે'. એ ઘણીવાર કહેતા કે પથારીમાં અશક્ત થઈને મરવાની દશા કરતાં તત્ક્ષણ મૃત્યુ સારું. ઈશ્વરે એમની એ ઈચ્છા પૂરી કરી.

આ નોંધના પ્રારંભમાં અમે ટેલિપથીની વાત કરી. જે દિવસે એમનું અવસાન થયું એ જ દિવસે અમને ટપાલમાં 'વ્હેર વર્ડ્સ કમ ફ્રોમ' નામના લેખની એમણે ન્યુઝીલેન્ડથી મોકલેલી નકલ મળી. ઉપર લખ્યું હતું, 'માય ડીયર કે.સી., ધી એન્કલોઝડ પેજીસ ડીઝર્વ યોર એટેન્શન-એ રિપ્રીન્ટ ઈન ગુજરાતી શુડ બી યુઝફૂલ ટુ સ્ટુડન્ટસ ઓફ ઈંગ્લીશ એઝ અ લેંગ્વેજ. આઈ થીંક રિપ્રીન્ટસ ઈન ધ હેન્ડસ ઓફ અવર ટિચર્સ ઓફ ઈંગ્લીશ લેંગ્વેજ વુડ બ્રાઈટન ધેર આઉટ લૂક ટુ. આઈ ગેસ યુ ઓલ આર વેલ એન્ડ ફાઈન. વોર્મ રિગાર્ડ્સ, યોર્સ સીન્સીઅરલી આર. ૧૯/૩/૯૧.' આની સાથે એક બીજું પેમ્ફલેટ હતું એનું શીર્ષક, 'ગુડ ન્યુઝ અબાઉટ યોર હાર્ટ'. આમાં ન્યુઝીલેન્ડમાં હૃદયરોગની સારવારમાં થયેલી નવી શોધની વાત છે. વિધિની કેવી વક્રતા ! આ નોંધ વાંચી બાજુ પર મૂકી કે તરત જ એમની માંદગીના પહેલા સમાચાર આવ્યા.

આ નોંધ કેટલીક અંગત વાતો વિના અધૂરી રહેશે. આર.કે. અને મારી વચ્ચે ભારે પ્રકૃતિભેદ. એ ધીટ, હું મુખર. વસ્તુ-વ્યક્તિ પરત્વે એમના પ્રતિભાવ ઠાવકા, મારા ઝડપી અને જલદ. એ વિવાદને સતત ટાળનાર, મારી પ્રકૃતિ વિવાદમાં કૂદી પડવાની. છતાં પચ્ચીસ વર્ષના લાંબા પટ પર પથરાયેલી અમારી મૈત્રીમાં પ્રકૃતિભેદને કારણે ક્યારેય ઓટ આવી નથી. મૈત્રી ધીરે ધીરે વૃદ્ધિમતિ બની બંધુત્વમાં પરિણમી. કેટકેટલા માણસોને માટે કે એમનાં કુટુંબીજનો માટે દવા-સારવાર આપવા ભલામણ કરી છે અને એક પૈસો લીધા વિના એમણે એ કર્યું છે.

એમની સાથે અનેક મુસાફરીઓ કરી છે, અનેક ચર્ચાઓ કરી છે, પણ ક્યારેય હામાં હા કરી નથી. મતભેદોને એ માન આપતા, અને સ્વીકારતા. એમને ખુશામત કે ખુશામત કરનારાઓ ગમતા નહીં. એમને મોંએ એમના વખાણ કરી પાછળથી બદબોઈ કરનારાને એ ઓળખતા છતાં સહી લેતા. પોતાની તબીબી પ્રેક્ટીસ માટે એમણે એક આચારસંહિતા નકકી કરી હતી.એમાંની કેટલીક વાત એમને માટે ગેરસમજ ઉપજાવે એવી હોવા છતાં તેમાં કોઈ છૂટછાટ મૂકવા એ તૈયાર થતા નહી. ડૉ.જમશેદજી, ડૉ.ઘીઆ, શ્રી.કનૈયાલાલમોદી, ડૉ.એચ.બી.ભટ્ટ, પ્રવીણકાંત રેશમવાળા જેવા મિત્રોનાં અનેક મીઠાં સ્મરણો એ વાગોળતા. સેન્ટીમેન્ટલ નહીં, છતાં તીવ્ર સેન્સીટીવ અને અદ્દભુત માનવતાસભર વર્તન.

સંપત્તિ કે જ્ઞાનના ગુમાન વિનાની કેવળ આભિજાત્યથી દીપતી, સવારે દસના સુમારે પોતાની ગાડીમાં ઈસ્પિતાલ જવા નીકળતી, હમેશાં ડાબી બાજુ બેસતી અને સ્થળ પર પહોંચે ત્યાં સુધી છાપું કે જર્નલ વાંચતી રહેતી, ફળફૂલનાં વૃક્ષોને કે છોડને રોપતી કે પાણી પાતી, પોતાનાં મૂળ ખેડૂત કુટુંબમાં છે એની પ્રતીતિ કરાવતી, કેટકેટલા જુવાન ડૉક્ટરો, મિત્રોને ખભે એમનો હેતાળ, ઉષ્માભર્યો હાથ મૂકતી એ આકૃતિ સતત નજર સમક્ષ તરે છે. એમના શુભેચ્છકોના મનમાં પણ કદાચ તરતી રહેતી હશે. ‘હી વોઝ ધી ડૉક્ટર અમોન્ગ ડૉક્ટર્સ, ધ મેન અમોન્ગ મેન, ધ વર્કર અમોન્ગ વર્ક્સ’.આજે હવે વિલાપી ઉર ઠારવાનું, સ્મરણોની રાખોડીમાં.

‘ધ રેસ્ટ ઈઝ સાયલન્સ’.

૨/૪/૯૧



# પ્રજ્ઞા પુરુષનું મહા પ્રસ્થાન

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના અવસાનને આજે દસ દિવસ પૂરા થાય છે. આપણી પરંપરા પ્રમાણે દસમે દિવસે ગત વ્યક્તિનું તર્પણ કરવાનું હોય છે. આજે અમે અમારી આ સ્મરણાંજલિ અર્પી એમનું તર્પણ કરીએ છીએ. અમારા જેવા અનેકાનેક વિદ્યાર્થીઓ એમનાં ચરણો પાસે બેસી વિદ્યા પામ્યા હોઈએ, એમના હૃદયની મમતા અનુભવી હોય, અને એમના સાન્નિધ્યથી જીવનને જોવાની દૃષ્ટિ મેળવી હોય, એ એમનું તર્પણ અને ઋણસ્વીકાર આ સિવાય બીજી કઈ રીતે કરી શકે ?

ત્રિવેદી સાહેબનું પહેલું દર્શન ૧૯૩૮ના માર્ચ માસમાં એમ.ટી.બી. કૉલેજના તેર નંબરના ખંડમાં થયેલું. મેટ્રિકની પરીક્ષા ચાલતી હતી અને એ સિનિયર સુપરવાઈઝર તરીકે નિરીક્ષણ માટે નીકળેલા. આ લેખકની ઉંમર અને કદ બન્ને ત્યારે ખૂબ નાનાં અને એ જમાનામાં નાની વયે મેટ્રિકની પરીક્ષા પાસ કરનાર જવલ્લેજ કોઈ હતા એટલે અમને જોઈ એમને આશ્ચર્ય થયું. બેઠક પાસે આવી ઊભા રહી, ખભા ઉપર હાથ મૂકી ઉંમર, ક્યાંથી આવો છો વગેરે પૂછેલું એ પણ આજે એવું જ યાદ છે. ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહિ, કે ખભે હાથ મૂકાયેલો હાથ ગુજરાતના એક ઉત્તમ પંડિત વિચારક અને વિવેચકનો છે અને એ હાથની છત્રછાયા હેઠળ અને એમના સાન્નિધ્યે જીવનનાં ઉત્તમ વર્ષો વીતાવવાનો લહાવો મળવાનો છે.

ત્રિવેદી સાહેબનો પોષાક એ કાર્યરત રહ્યા ત્યાં સુધી એક જ સરખો રહ્યો. ઊંચું પાતળું શરીર, ગૌર વાન, સરસ ચીપીને પહેરેલું ધોતિયું, ઉપર લાંબો કોટ, સંપૂર્ણ વ્યવસ્થિત રીતે બાંધેલો માથે બદામી ઝાંયવાળો સફેદ રેશમી ફેંટો, પગમાં મોજાં અને જોડા. ત્રિવેદી સાહેબ કૉલેજના પ્રાંગણમાં આવેલા એમના નિવાસસ્થાનેથી નીકળી કૉલેજના મકાન સુધી આવે ત્યાં સુધીમાં એમને વીસેક મિનિટ લાગે. સામાન્ય માણસ એ અંતર ચારથી પાંચ મિનિટમાં કાપે. રસ્તે આવતાં ત્રણચાર વાર ઊભા રહે. આજુબાજુનાં વૃક્ષોનું નિરીક્ષણ કરે. માળીને સૂચના આપવા જેવી હોય તો આપે. એમના હાથમાં કોઈપણ ઋતુમાં છત્રી હોય જ. સાધારણ તડકો હોય તો છત્રી ઉઘાડે. તડકો નહીં હોય તો વોકિન્ગ સ્ટીક તરીકે ટેકો લેવા એનો ઉપયોગ કરે.

એ જમાનામાં એમ.એ.ના વર્ગો શનિ-રવિ ચાલતા. એક રવિવારે ૧૯૪૨ના ઑગસ્ટની દસમીએ ભારતછોડોની લડતના સમાચાર વર્ગમાં

એમણે આપી વર્ગકાર્ય બંધ રાખેલું. રવિવારે સવારે એ વર્ગો લેવા આવે ત્યારે માથે ફેંટોને બદલે ગોળ કાળી ટોપી હોય. એમનું ખમીશ અને ખમીશની નીચે પહેરવાનું ગંજીફરાક હંમેશાં ખાદીનાં જ હોય અને તે છેવટ સુધી ખાદીના રહ્યાં. ત્યારે એમ.ટી.બી. કૉલેજમાં બે ત્રિવેદી હતા. સંસ્કૃતના અધ્યાપક અને વાઈસ પ્રિન્સીપાલ કમળાશંકર સુંદરલાલ ત્રિવેદી અને બીજા વિષ્ણુપ્રસાદ ત્રિવેદી. બન્ને માથે ફેંટો બાંધતા. પરંતુ બન્નેની ફેંટો બાંધવાની રીત જુદી હતી. કમળાશંકર ત્રિવેદી કાઠિયાવાડી ઢબે બાંધતા અને ત્રિવેદી સાહેબ ફેંટાની પાછળ થોડોક ફૂમતા જેવો ભાગ રાખતા. કૉલેજના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ કમળાશંકર ત્રિવેદીને 'મોટા ત્રિવેદી સાહેબ' અને વિષ્ણુપ્રસાદને 'નાના ત્રિવેદી સાહેબ'ને નામે ઓળખતા.

પહેલાં બે વર્ષોમાં ત્રિવેદી સાહેબ માત્ર અલપઝલપ આવતા જતા જોવા મળતા. એ માત્ર જુનિયર અને સિનિયર બી.એ.ના વર્ગોમાં જ ભણાવતા. બી.એ.ના વર્ગમાં આવતાં એમનો પ્રત્યક્ષ પરિચય થયો. ત્રિવેદી સાહેબે અમને અંગ્રેજી સાહિત્યનો ઈતિહાસ અને ગુજરાતીમાં ભાષાશાસ્ત્રના વિષયો ભણાવ્યા હતા. એમની ભણાવવાની રીત વિશિષ્ટ હતી. વિદ્યાર્થી પાસે વંચાવે અને વિદ્યાર્થી વાંચવામાં જો ઉચ્ચારની ભૂલ કરે તો વાંચતાં અટકાવી સુધરાવે. અંગ્રેજીના ઈતિહાસમાં એમણે રેનેસાંથી (૧૬મી સદીથી) ટેનિસન (ઓગણીસમી સદી) સુધીનો ઈતિહાસ ભણાવ્યો હતો. ઈતિહાસના પ્રવાહો કે લેખકો વિશે વ્યાખ્યાન આપવાને બદલે મુખ્ય લેખકોની પ્રધાન કૃતિઓ વર્ગમાં સાથે લઈ આવે. તેનો મહત્વનો ભાગ વિદ્યાર્થી પાસે વંચાવે અને પછી તેના ઉપર અંગ્રેજીમાં પ્રાસાદિક વ્યાખ્યાન આપે. અંગ્રેજીમાં એ પ્રવાહિતાથી બોલતા. આ પધ્ધતિ અનોખી હતી. એમના સિવાય આવી પધ્ધતિ કોઈ પણ અધ્યાપકે અપનાવી નથી. મોટા ભાગે તો અધ્યાપક ઝડપથી ઈતિહાસના પ્રવાહો, લેખકો કે કૃતિ વિશે ગગડાવી જાય કે નોટ લખાવે. ત્રિવેદી સાહેબની આ પધ્ધતિ લેખક અને કૃતિ બન્નેનો પ્રત્યક્ષ પરિચય થાય. વળી વિદ્યાર્થીને વાંચવાની-સારી રીતે વાંચવાની- આવડત આવે. ત્રિવેદી સાહેબને નોટ ઊતારાવતા ક્યારે જોયા નથી.

એ વખતે ગુજરાતીના બીજા અધ્યાપક અને જાણીતા વિવેચક શ્રી વિજયરાય વૈદ્ય હતા. વિજયરાયનો અવાજ કર્કશ, ભણાવવાની એક માત્ર રીત નોટ ઊતારાવાની હતી. જે પુસ્તકમાંથી નોટ ઊતરાવે એ પુસ્તક પણ વિદ્યાર્થીઓની સામે એના શીર્ષક સાથે ધરે એટલે વિદ્યાર્થીઓ ખૂબ તોફાન કરે. એમને સાંભળે નહિ અને એનાથી નિરપેક્ષ બની વૈદ્યસાહેબ બોલવાનું ચાલું રાખે અથવા આંખ મીંચીં બેસી રહે.



ત્રિવેદી સાહેબના મોં ઉપર કોઈ કરડાકી નહિ, પ્રકૃતિ ઓજસ્વી અને સૌમ્ય, છતાં કડપ ભારે. કોઈ વિદ્યાર્થીની દેન નહિ કે તોફાન કરે. ભરાડી વિદ્યાર્થી અંદર અંદર વાત કરતાં જણાય તો 'કેમ ભાઈ શી ગુફતેગો ચાલે છે?' એવો સવાલ પૂછી ચૂપ કરી દે. વિદ્યાર્થીને એ પહેલાં નામ અને અટક પૂછે. નામ કંઈ વિચિત્ર હોય તો તેનો અર્થ પૂછે અને થોડીક મજાક કરે. બંગાળીની અસર નીચે ઘણા 'રમેશ'ને બદલે 'રોમેશ' નામ રાખતા. 'રોમેશ'નો અર્થ નો રોમ-વાળાનો ઈશ એટલે ગોરીલો એવો થાય માટે નામ રમેશ જ રાખવું રોમેશ નહી, એમ એ કહેતા.

'શેઠ' અટકવાળા કોઈ 'સેઠ' બોલે તો એની પાસે 'સ'નો ઉચ્ચાર સુધરાવી દસેકવાર બોલાવતા. વિદ્યાર્થીઓમાં એક લોકવાયકા ચાલતી કે ત્રિવેદી સાહેબને ત્યાં જે કંકોતરી આવે તેમાં જોડણીની ભૂલો સુધારીને ચાંલ્લા જોડે એ પાછી મોકલતા. પાછળથી એમને એ વાત પૂછેલી ત્યારે એ ખૂબ હસેલા. પણ આવેલી કંકોતરીમાં એ જોડણી સુધારતા એ વાત ચોક્કસ. વર્તમાનપત્રોમાં પણ રહી જતી જોડણીની અને ભાષાની અશુધ્ધિ, ભૂલો એમને ઘણી ખટકતી. ભાષાશાસ્ત્ર જેવા વિષયને એ રસમય બનાવતા, પાઠયપુસ્તકોના હાર્દને પકડી તેના ગુણદોષ દર્શાવતા. ધીરા અવાજે છતાં વિશદતા અને સ્પષ્ટતાથી અધ્યાપન કરતા. એમની અધ્યાપનશૈલી વિશિષ્ટ સ્વરૂપની હતી. ત્રિવેદી સાહેબ આખો અભ્યાસક્રમ કયારે ય પૂરો કરતા નહિ. પણ જેટલું ચલાવતાં તેટલું બરાબર મગજમાં ઊતરી જતું.

ત્રિવેદી સાહેબની કેટલીક ચોક્કસ ખાસિયતો હતી. વર્ગમાં પ્રવેશી પહેલાં બારીઓ જોઈ લેતા. સ્ટેઈજ પાસેની કોઈ બારી ઉઘાડી હોય તો તે બંધ કરાવતા. માથા ઉપરનો પંખો ચાલતો હોય તો તે પણ બંધ કરાવતા. ઉનાળામાં પણ એમનાં કપડાં ચપ્પટ રહેતાં. એમને શરદી થઈ જવાનો સતત ભય રહેતો અને તેથી ગળું-કાન લપેટેલાં રાખતાં. ઘરમાં પણ ખમીશ ઉપર બંડી કે સ્વેટર પહેરી જ રાખતા- તાપ કરતાં એમને ઠંડી વધારે લાગતી. એમ કહેવાય છે કે, ત્રિવેદી સાહેબ શહેરમાં રહેતા ત્યારે સાઈકલ ઉપર કૉલેજમાં આવતા. કયારેય પ્રિ. કે.એલ.દેસાઈ સાહેબની સાઈકલ ઉપર પાછલી પીન ઉપર ઊભા રહીને આવતા. કૉલેજમાં એ ટેનિસ પણ રમતા હતા. પણ ૧૯૩૦ પછી એમને જોનારા સૌને એ વાત મજાક અથવા કિંવદન્તી કે ફેન્ટસી જેવી લાગતી. જીવનના કોઈ જબરદસ્ત સદમા પછી એમણે પોતાની જાતને જતનના કિલ્લામાં અને બંધિયાર ઓરડામાં સંકોડી લીધી હતી. એમને હવાનો, વધારે પડતા ખુલ્લા ઉજાશનો સતત ભય રહેતો.

દરેક વૃક્ષને ઓળખનાર, ફૂલોના વિવિધ રંગોને અને ભાતોને પરખનાર પંખીઓના અવાજ ઉપરથી તેમની જાતને પહેચાનનાર અને વર્ણવનાર, પંખીઓની ઋતુચર્યા અને વિવિધ ખાસિયતોની ઝીણામાં ઝીણી વિગતોથી માહિતગાર સતત બંધ ઓરડામાં રહેનાર ત્રિવેદી સાહેબે ખુલ્લી હવામાં એ બધું કયારે જોયું હશે, જાણ્યું હશે, એનું આશ્ચર્ય એમના પરિચયમાં આવનારને થતું. આવા મનીષી, પ્રાજ્ઞપુરુષને પણ એક ભયંકર 'ફિયર કોમ્પલેક્સ' જીવનભર વળગીને રહ્યો.

અધ્યાપક તરીકે એમની સાથે કામ કરતાં કરતાં એમની વધારે નિકટ આવવાનું થયું. પહેલે માળે આવેલા કોમન રૂમમાં જતાં એ ચોકક્સ પધ્ધતિથી દાદર ચઢતા. દરેક પગથિયે વારાફરતી બન્ને પગો મૂકી દાદર ચઢતા. એક વાર દાદર ચઢયા પછી ઘરે જતી વખતે જ એ દાદર ઊતરતા. એમના વર્ગો માળ ઉપર જ હતા. કોમનરૂમમાં એ એક ખાસ ખુરશી ઉપર જ બેસતા. એક કપ ચા પીતાં એમને ખાસ્સી પંદરથી વીસ મિનિટ લાગતી.

એમની હાજરીનું ચોકક્સ ગૌરવ હતું. નવા આવેલા અધ્યાપકોને પાસે બેસાડી એ ઉત્તેજન આપતા. આટલા સિનિયર અને મોટા પંડિત હોવા છતાં એમની પાસે કોઈને ય ડર લાગતો નહિ. રિસેસમાં પ્રિ. કે.એલ.દેસાઈ કોમનરૂમમાં આવતા એટલે મિજલસ જામતી. વિવિધ પ્રકારના- સાહિત્ય- રાજકારણ- સામાજિક- વિષયોની ચર્ચા શરૂ થતી. ચર્ચાનું સ્તર હંમેશાં ઊંચું રહેતું. કોઈ ફાલતુ લપ્પન છપ્પન કે વ્યક્તિગત નીંદા- કૂથલી એમાં આવતાં નહોતાં. ચર્ચા ઉગ્ર બને તો પણ એમાં અવાજો ઊંચા થતા નહિ. મતભેદો મનભેદોમાં પરિણમતા નહિ. દેસાઈ સાહેબ અને ત્રિવેદી સાહેબ સામસામે આવી જતા. પણ એ ચર્ચા કેવળ સૈધ્ધાંતિક, મતમાન્યતા પૂરતી રહેતી. ઉગ્ર બને તો પણ એ વિતંડામાં કે વ્યક્તિગતતામાં સરી પડતા નહિ. જુવાન અને પ્રમાણમાં જુનિયર અધ્યાપકો એમાં ભાગ લેતા અને જુદો મત વ્યક્ત કરતા. આખું વાતાવરણ વિદ્યામય રહેતું. મજાકો થતી પણ તે ગૌરવ જળવાય એવી. અલબત્ત ત્રિવેદી સાહેબ સાથે કે.એલ.દેસાઈ સાહેબ સિવાય કોઈ છૂટ લઈ શકતું નહિ. એક જ વ્યવસાયમાં સાથેસાથ કામ કરનાર સમકાલીન પોતપોતાની રીતે ખ્યાતિ મેળવનાર પ્રિ. કે.એલ.દેસાઈ અને ત્રિવેદી સાહેબની જીવનપર્યંત અતૂટ અને ભ્રાતૃતુલ્ય રહેલી મૈત્રી આ યુગમાં અજોડ અને વિરલ કહેવાય એવી મૈત્રી હતી.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની વ્યવસ્થાના અંતર્ગત ભાગરૂપ 'વોલન્ટીઅર' પધ્ધતિમાં એ 'વોલન્ટીઅર' હતા. એ જમાનાના



સોસાયટીના માંધાતાઓમાં દીવાનબહાદૂર ચૂનીલાલ ગાંધી અને કૉલેજના આચાર્ય શ્રી એન.એમ.શાહ બન્ને વચ્ચે મતભેદ હતો છતાં બન્ને એમને આદરથી જોતા, અને એમના શબ્દોને ઉથાપવાનું બન્ને માટે મુશ્કેલ હતું. સંચાલનમાં એમનું સારું માન હતું. એમણે ધાર્યું હોત તો એમને નોકરીમાં એક્ષટેન્શન મળ્યાં હોત. તે વખતે એક્ષટેન્શન પદ્ધતિ હતી. પણ ૧૯૫૯માં સાઠ વર્ષે એક્ષટેન્શનની કોઈપણ માંગણી વિના નિવૃત્તિ લેવાનું એમણે પસંદ કર્યું અને ગૌરવપૂર્વક નિવૃત્ત થયા.

નિવૃત્તિના પ્રથમ દિવસે એમણે એક પુસ્તક મોકલેલું એના 'ફલાય લીફ' ઉપર એમણે એક પંક્તિ લખી. 'હવે નજર માહરી સુભગ ભૂતકાલે ઠરે/ ભવિષ્ય નહીં સ્પષ્ટ, પાય ધરતાં દ્વિધા શી નડે ?' પૃથ્વી છંદની આ લીટી એમના કવિહૃદય અને કવિતાશક્તિની સાક્ષી પૂરે છે. વીસીમાં એમણે 'ભાવનાસૃષ્ટિ' નામથી કૌતુકરાગી નિબંધો પ્રસિધ્ધ કર્યા હતા. એમાં થોડાંક મુકતકો પણ લખેલાં. એમાનું એક આ પ્રમાણે હતું. 'સ્મશાન જેવા મુજ ચિત્તમાં પ્રભો/ વીતેલ સ્વપ્નો અમથાં બળે છે./ શું જ્ઞાન તેને કદી યે સમવશે?કે માનવી, સ્વપ્નમહીં જ જીવે?' પાછળના વર્ષોમાં 'ભાવનાસૃષ્ટિ'ને એ 'જુવેનાઈલ' કહીને ગણતરીમાં લેતા નહોતા. ત્રિવેદી સાહેબનું હૃદય ખૂબ સંવેદનશીલ હતું. સ્વજનોની બાબતમાં અધીરું પણ ખરું. ઘરમાં કોઈ માંદું પડે તો એ આકળવિકળ થાય. દરેક અડધા કલાકે ટેમ્પરેચર માપવા માટે કહે. વારંવાર પૂછપૂછ કરી થકવી નાંખે.

પોતાની તબિયતની બાબતમાં પણ એટલી જ વિકળતા છતાં એમના જીવનમાં આવેલી એક નહિ પણ ઘણી બધી આપત્તિઓને એમણે ધીટતાથી, લગભગ 'સ્ટોઈકલી' – જીરવી લીધી. સ્વજનોના મૃત્યુની વેદનાના હલાહલને એ સાધુની સ્થિતપ્રજ્ઞતાથી પચાવી ગયા. આ બધી વેદનાને કારણે એમની ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધામાં કોઈ ઊણપ આવી નહિ. આજુબાજુના વ્યવહારમાં કે સંસારની ફરજો પ્રત્યેના અભિગમમાં અસારવાદિતા (સીનસીઝન) એમણે આવવા દીધી નહિ.

એમને ઘરે આવનાર મહેમાનો પ્રત્યે એ જ ઋજુતા, આભિજાત્ય અને આતિથ્યવિવેક. એમને ઘેર આવનારા ચા કે કોફી પીધા વિના પાછા જઈ શકે નહિ. એક જ ઓરડામાં અને બધી બારીઓ બંધ રાખી સુરખીભર્યા સવારે કે ભર બપોરે પણ ટ્યૂબલાઈટ ચાલુ રાખી બેસી રહેનાર ત્રિવેદી સાહેબની ઘ્રાણેન્દ્રિય અને શ્રવણેન્દ્રિય એટલી જ તીવ્ર. રસોડામાં દાળ બળે કે દૂધ ઊભરાય તો એમને ગંધથી ખબર પડે અને તરત પૃચ્છા કરે. ફૂલોની, રંગોની, દરિયા, નદી અને પહાડોની ચર્ચા રસપૂર્વક અને

વિગતસભર તજજ્ઞની માહિતીથી કરતા અમે એમને જોયા છે. એક જ ઓરડામાં અને તે પણ બંધ ઓરડામાં બેસીને એમણે પ્રકૃતિના વિવર્તો જોયા, બદલાતો જમાનો જોયો, અને નવી પેઢીઓને ઊછરતી જોઈ. ઓરડો બંધ છતાં એમના કલ્પનાચક્ષુ સતત સતેજ.

જીવનનાં છેલ્લાં વર્ષો એમણે ગીતા- ઉપનિષદના અધ્યયનમાં ગાળ્યાં. એમાંથી એમને જે ચિંતન પ્રાપ્ત થયું એ 'દ્રુમપર્ણ' અને 'આશ્ચર્યવત્'માં વ્યકત કર્યું. અધ્યાત્મની એમની ભૂમિકા બુધ્ધિપૂત રહી છે. ચમત્કારમાં એ માનતા નહોતા. જન્મ, પુનર્જન્મ, કર્મફલ વગેરેની બાબતમાં એ અજ્ઞેયવાદી હતા. ઋગ્વેદ અને ઉપનિષદ તેમજ ગીતા આપણી સાચી ફિલસૂફી છે એમ કહેતા.ઈશ્વર જેવી કોઈ નિયંતાશકિતને એ સ્વીકારતા. કર્મકાંડ કે વિધિવિધાનોમાં એમને શ્રધ્ધા નહોતી. ગાંધીજી, વિનોબા કે નામદેવ જેવા સંતપુરુષોને એ આદર આપતા, પરંતુ માનવી ઈશ્વર ન જ બની શકે એમ દ્રઢતાપૂર્વક કહેતા. શ્રી અરવિંદ શંકરાચાર્ય પછીના બીજા મહાન ચિંતક, મહાપુરુષ છે એમ કહેતા છતાં અરવિંદને ઈશ્વર સ્વરૂપે સ્વીકારવાનો ઈન્કાર કરતા. એથી સુંદરમ્ જેવા કટ્ટર અરવિંદાનુયાયીઓ જોડે એમને વૈચારિક મતભેદ રહેતો. પોતાનો મત નમ્રતાપૂર્વક છતાં દ્રઢતાથી કહેતા પણ વિતંડામાં કે ઉગ્રતામાં કે આક્રમકતામાં એ કયારેય ઊતરતા નહિ. એવો સમય આવે તો તંતુ છોડી દેતા અને મૌન ધારણ કરી લેતા. સાચી શ્રધ્ધાનો પાયો બુધ્ધિ ઉપર જ હોઈ શકે એમ એ ચોકક્સ માનતા. અંતરશુધ્ધિ, મનની શાંતિ માટે એ પ્રાર્થનાને બળ તરીકે સ્વીકારતા.

એમણે કુરાનનું, બાઈબલનું અને જૈન આગમોનું સારું અધ્યયન કર્યુ હતું. કુરાન કે બાઈબલમાં ગીતા- ઉપનિષદ સાથે સામ્ય જણાય તો આવનારાઓને એ વારંવાર કહી બતાવતા. જૈનોનો નવકારમંત્ર એમને ખૂબ ગમતો અને આખો બોલી જતા.

ઓગણીસમી સદીના સમાપન સમયે જન્મેલા શ્રી ત્રિવેદી સાહેબ આનંદશંકર, નરસિંહરાવ, બળવંતરાય ઠાકોરના સમકાલીન રહ્યા. ઉમાશંકર સુંદરમના સમકાલીન થયા અને જયંત પાઠક, ઉશનસ્, ભગવતીકુમાર અને એ પછી રવીન્દ્ર પારેખ ને વિજય શાસ્ત્રી જેવા આધુનિકોના સાહિત્ય સર્જનને પોંખવા જીવ્યા. પોતાના ઘરમાં જ ઊછરતી નવી પેઢી સાથેનો એમનો જનરેશન ગેપ એક નહિ, બે ત્રણ પેઢીનો થયો. છતાં એ વિચ્છેદ એમને પીડતો નહોતો. બદલાતા પ્રવાહને, રહેણીકરણીને, બોલચાલને, ભાષાના નવા સ્લેન્ગને, ફેશનને અને વ્યવહાર વર્તનને કયારેક ઉદાસીનતાથી કયારેક ઉદારતાથી, કયારેક ઉલ્લાસથી સહેવાનું કે આવકારવાનું એમણે કેળવી લીધું



હતું. ઘરના ઓરડામાંથી, સંજય દ્રષ્ટિથી, એ દુનિયાના બદલાતા પ્રવાહોને, સમાજમાં અને રાજકારણમાં આવી પડેલી અનવસ્થાને જોતા, કયારેક દુ:ખી થતા, કયારેક ઈશ્વરેચ્છા કહી ભૂલી જતા.

એમનું ઘર માણસોની અવરજવરથી ધમધમતું રહેતું. એમાં ઉમાશંકર, દર્શક, સુંદરમ્ જેવા મહાન પંડિતો હોય, તો એમના ભૂતકાળમાં ભણી ગયેલા વિદ્યાર્થીઓ પણ હોય, બાટલી ભંગાર ઉઘરાવવાની ફેરી ફરનાર રામરામ કરવા આવતો હોય, પોતાને ત્યાં જન્મેલાં બાળકો કે ઉદ્યોગોના નામકરણ માટે આવનારા હોય અને નવા પુસ્તકની શોધ કરી વાંચવા લઈ જવા માટે આવતા પડોશીઓ પણ હોય. એમને ત્યાં આવનારા બધાં વિદ્વાનો જ નહોતા. એમાં સાધારણજનો પણ હતા. એ એક પચરંગી પ્રવાહ હતો. ત્રિવેદી સાહેબ જે કોઈને પુસ્તક કે સામયિક આપે તેની નોંધ રાખે. એમના પુસ્તકો ખોવાય નહિ. દરેક નવું પુસ્તક અને સામયિક આવે તેના પર એમની નજર ફરેલી જ હોય. થોકબંધ આવતાં પુસ્તકો ને સામયિકો એમના વાંચ્યા વિનાનાં રહ્યાં નથી. પુસ્તકોના કબાટો સમયાંતરે સાફ થતાં હોય. એમના પુસ્તકોને ઉધઈ કયારેય લાગી નથી. કયું પુસ્તક કયા કબાટમાં કઈ હારમાં છે તેની ખબર એમને છેવટ સુધી રહી છે. એમને ત્યાં જામતી મંડળીમાં અજબગજબનું ભાર કે આડંબર વિનાનું, મોકળાશવાળું, વિદ્વત્તાનું, ચર્ચાનું આનંદભર્યું વાતાવરણ જામતું. ત્રિવેદી સાહેબ એમાં ઘણીવાર દૃષ્ટા- શ્રોતા હોય, કયારેક જ એ બોલે છતાં એ મંડળીના કેન્દ્રસ્થાનમાં એ જ હોય. સમાનતાની ભૂમિકાએ આત્મીયતાનો અનુભવ કરાવતો સંબંધ એ બાંધી શકતા, આજે એ બધું ગયું.

ત્રિવેદી સાહેબનું હૃદય કવિ અને કલાકારનું હતું. નવરાશના સમયમાં કાગળ ઉપર એ ચિત્રો દોરતા અને ઘણાં સારાં દોરાતાં. ચિત્રો અને ફોટોગ્રાફ અંગે એમની સમજ સરસ હતી. નામાંકિત ફોટોગ્રાફર શ્રી અશ્વિન મહેતાના હિમાલયના કે દરિયાના ફોટોગ્રાફની ચર્ચા એ કવિતાના રસદર્શનની માફક ઝીણવટથી કરતા. જીવનનાં છેલ્લાં વર્ષોમાં એમને પોતાની છબીઓ પડાવવાની આરત લાગેલી. કોઈ પણ છબી પાડવા આવે તો ઉમંગથી સરસ કપડાં પહેરી તૈયાર થાય. દરેક છબીની નકલો પણ સાચવે અને છબી સારી પડે તો આનંદિત થાય.

ટી.વી. ઉપર આવતી રામાયણ- મહાભારતની શ્રેણી એ જોતા નહિ. એટનબરોની 'ગાંધી' ફિલ્મ એમણે ડૉ.આર.કે.ને ત્યાં વીડિયો પર જોયેલી અને એમને ગમેલી. રેડિયો પર આવતા ગુજરાતી સમાચાર એ રોજ સાંભળતા અને વાચકના અશુધ્ધ ઉચ્ચારોની ટીકા પણ કરતા. શાસ્ત્રીય

સંગીતનો એમને શોખ અને રાગરાગણીનું જ્ઞાન પણ સારું. અંગ્રેજી, ગુજરાતી ને સંસ્કૃતમાં એ કાવ્યમુક્તકો લખતા. બાળકોનાં કે દુકાનો કે મકાનોનાં સુરંગી નામો એ પાડી આપતા. 'રંગઉપવન', 'રૂપમંગલ', 'વસુધારા'ને 'સમૃધ્ધિ' એમણે પાડેલાં નામો છે.

ત્રિવેદી સાહેબને મૃત્યુના આગમનની અગમચેતી એક મહિના પહેલાં મળી ગયેલી તેનો આ લેખક સાક્ષી છે. ૧૦મી નવેમ્બરે એમનું અવસાન થયું તેના એક મહિના પહેલાં એમણે ડાયરીમાં લખ્યું હતું, 'મૃત્યુનો દિન પવિત્ર છે. કશોય શોક કરવો નહિ. ક્રિયાકર્મ પણ કરાવવાં નહિ. ઠીક લાગે તો ''મુંડક'' અથવા ''કઠોપનિષદ'' વાંચવું'. આ પછી પ્રાર્થનાની પંક્તિઓ લખી છે જેમાં ઈશ્વર સાથેના મિલનનો ભાવ વ્યક્ત થયો છે. આઠેક દિવસ પહેલાંથી જ તે પોતાનો જવાનો સમય આવી રહ્યો છે એ કહેતા. ''તમારી દિવાળી મારે કારણે ન બગડે'' એવી પ્રાર્થના પણ એ કરતા.

સાચા અર્થમાં પૂરેપૂરા પંડિત, અંગ્રેજી સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસથી સંમાર્જિત થયેલી વિદ્વત્તાથી શોભતા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના અવસાનથી ગુજરાતે બહુમુખી પ્રતિભાવાળા, સહૃદયી, શ્રુત, શીલ અને પ્રજ્ઞાથી બ્રાહ્મણત્વને દીપાવનાર તપઃપૂત માનવી ગુમાવ્યા છે. એમની હૂંફ પામનાર, એમની પાસેથી દ્રષ્ટિ મેળવનાર, એમની પાસેથી વિચાર-ચિંતનની દીક્ષા પામનાર ઘણાઓએ આત્મીય સ્વજન ગુમાવ્યા છે. સત્યગરવો, રમણીયતાનો ઉપાસક અને ગુજરાતી વાઙમયના અવતાર સમો એમનો પુરુષાર્થ ચિરંજીવ રહેશે. પરંતુ એમના આવાસમાં એમના સાન્નિધ્યે જામતી મંડળી હવે નહિ મળે, ચર્ચાના ગીવ એન્ડ ટેઈક, ખડખડાટ હાસ્યના રણકાર, ત્રિવેદી સાહેબનું મરકતું મુખ હવે સાંભળવા- જોવા નહિ મળે, અને એમની પાસેથી હૂંફ મેળવનારાઓને અવિરત મળતી હૂંફની ખોટ વર્ષો વીતશે તો પણ વર્તાતી રહેશે.

૧૯/૧૧/૯૧



# ત્રિવેદી સાહેબની પ્રથમ પુણ્ય તિથિએ

'હું સાહિત્યકાર હોઉં કે ન હોઉં પણ હું અધ્યાપક તો છું જ, અને મને અધ્યાપક હોવાનું સતત ગૌરવ રહ્યું છે' એમ કહેનાર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની આજે પુણ્યતિથિ છે. એમના અવસાનને બરાબર એક વર્ષ પૂરું થાય છે. કાળના પ્રવાહમાં ભલભલી વ્યક્તિઓ ભુલાઈ જાય છે. કેટલીક વ્યક્તિઓની જન્મજયંતીઓ અને પુણ્યતિથિઓ બન્ને ઔપચારિક રીતે પરાણે યાદ કરી વિવિધ કાર્યક્રમો યોજાય છે. આમ છતાં અમુક વ્યક્તિઓ કાળની પગથાર ઉપર પોતાની પગલીઓની વણભૂંસાય એવી છાપ મૂકતા જાય છે (ફૂટ પ્રિન્ટ્સ ઓન ધ સેન્ડઝ ઑફ ટાઈમ) વિષ્ણુપ્રસાદ માટે પણ કંઈક એવું છે.

વિષ્ણુભાઈ આજે જ્યારે યાદ આવે છે ત્યારે એમની સાથે સંકળાયેલી ઘણી બધી ઘટનાઓ પણ યાદ આવી જાય છે.

એક ગુરુપૂર્ણિમાને દિવસે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તે સમયના કુલપતિ ડૉ. ઉપેન્દ્ર બક્ષી એમને ઘરે સવારના પહોરમાં આવી ચઢયા. એમની સાથે થોડાક અનુસ્નાતક વિદ્યાર્થીઓ હતા.

ઉપેન્દ્ર બક્ષીએ વિષ્ણુભાઈને તે દિવસે પહેલવહેલા જોયા અને વિષ્ણુભાઈએ બક્ષીને પણ પહેલવહેલા જોયા. એકાએક આવી ચઢેલા બક્ષીને જોઈ વિષ્ણુભાઈ જરા અચંબામાં પડી ગયા. આમ પણ બક્ષીનો દીદાર, લાંબા જુલફાં, મોમાં ચુંગી અને 'અલ્ટ્રામોડર્ન' અભિગમથી વિષ્ણુભાઈ લગભગ ડઘાઈ ગયા. બક્ષીએ પોતાની ઓળખાણ આપતાં કહ્યું 'હું ઉપેન્દ્ર બક્ષી. આજે ગુરુપૂર્ણિમાને દિવસે આપને વંદન કરવા આવ્યો છું. પછી સાથેના વિદ્યાર્થીઓને કહ્યું 'હી ઈઝ ધ ટ્રુ ગુરુ. હી ઈઝ ધ રિયલ યુનિવર્સિટી.' વિષ્ણુભાઈ અવાક બની ગયા. છેલ્લાં વર્ષોમાં એ ભાવવિભોર બની જતા, આવા કોઈક પ્રસંગે. બન્ને જુદી જુદી જાતના વિદ્વાનો, આસમાન જમીનનો દીદારમાં, અભિગમમાં ફેર, એવા આ બન્નેનું મિલન જોવા જેવું હતું.

વિષ્ણુભાઈની દોહિત્રી બી.કોમ.માં ભણતી હતી. એમને પૂછયા વગર કે, કોઈની ભલામણ વગર એ યઝદી કરંજિયા પાસે એમના વર્ગમાં દાખલ થવા પહોંચી ગઈ. યઝદીએ જ્યારે પ્રીતિ વિષ્ણુભાઈની દોહિત્રી છે એ જાણ્યું ત્યારે ખૂબ ઉમળકાથી આવકાર આપી વગર ફીએ એને દાખલ કરતાં કહ્યું કે 'મને એમની પાસે ભણવાનું સદ્ભાગ્ય નથી મળ્યું છતાં ત્રિવેદી

# ડેથ ઑફ એ વિક્ટોરીઅન

૨૨મી નવેમ્બરે પ્રિ.કે.એલ.દેસાઈનું ૮૫ વર્ષની વયે અવસાન થયું. એમ.ટી.બી. કૉલેજ અને કે.એલ.દેસાઈ વર્ષો સુધી એવાં ઓતપ્રોત થઈ ગયેલાં કે લગભગ એકબીજાના પર્યાય બની ગયાં હતાં. ૧૯૨૦માં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૬૨માં નિવૃત્ત થયા એ લગભગ ચાલીસ-બેતાલીસ વર્ષના ગાળામાં પ્રિ.કે.એલ.દેસાઈના વિદ્યાર્થીઓનો એવડો મોટો સમુદાય ઊભો થયો કે જગતના કોઈ પણ ખૂણામાં તમને એમનો કોઈ ને કોઈ વિદ્યાર્થી મળી જાય. ચાલીસીના ગાળામાં દેસાઈસાહેબ તે જમાનામાં બધા પ્રોફેસરો પહેરતા તેવાં સૂટ-ટાઈ પહેરતા અને માથે સોલો હેટ પહેરતા. પાછળથી એ બંધ કોલરનો કોટ પહેરતા થયા હતા. કોટવાળા રસ્તે (એ જમાનામાં એ રસ્તાનું નામ રીંગરોડ નહોતું પડયું) પોતાની સાઈકલ ઉપર કોલેજમાં આવતા. એમની સાઈકલના બાર ઉપર ચામડાની એક કોથળી જડાયેલી રહેતી. શ્રી. દેસાઈસાહેબ સાઈકલ ઉપર પાછળના પૈડાની પીન ઉપરથી બેસતા. પેડલ ઉપરથી નહી. સાઈકલમાં એ જમાનામાં ખાસ પીન મુકવામાં આવતી. એ જમાનામાં કહેવાતું કે કે.એલ.દેસાઈ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને એ પીન ઉપર ઊભા રાખી સાથે કોલેજમાં આવતા. એ જમાનામાં પણ વિષ્ણુપ્રસાદનું સ્વાસ્થ્ય જોતાં અમને એ વાત મોટું ગપ્પું લાગતી. પણ પાછળથી શ્રી.વિષ્ણુપ્રસાદે જ એ વાત સાચી છે એમ અમને કહેલું, 'ધોઝ વેર ધ ડેઝ'.

વિષ્ણુપ્રસાદની વાત નીકળી છે ત્યારે બન્નેની મૈત્રી વિશે કહ્યા વિના આ બધું અધૂરું જ રહેલું કહેવાય. આ બન્ને લગભગ દોઢેક વર્ષે નાના. બન્ને લગભગ સાથે જ એમ.ટી.બી. કોલેજમાં જોડાયેલા. બન્નેના દેખાવ વચ્ચે, સ્વભાવ વચ્ચે ઘણો ફેર, છતાં બન્ને એકબીજાના નિકટના મિત્રો જ નહિ, પણ સુખદુઃખના પરમ સાથી. ૧૯૨૧ થી શરૂ થયેલી એમની મૈત્રી શ્રી.દેસાઈસાહેબના અવસાનપર્યંત એટલે ૬૧ વર્ષ જેટલા સુદીર્ઘ સમય સુધી નિરવદ્ય ઉષ્માભરી અને નિકટતમ રહી. વિચારભેદ અને મતફેરના પ્રસંગોને હળવાશથી અને ઉદારતાથી નિવારવાની બન્નેની અદ્‌ભૂત કલા જે કોઈ જુએ તે આફ્રીન થઈ જાય. જૂના વિદ્યાર્થીઓને મન એમ.ટી.બી.કોલેજ એટલે કે.એલ.દેસાઈ અને વિષ્ણુપ્રસાદની જોડી, અને તમને એમાંના કોઈ મળી જાય તો બન્ને નામો સાથે લઈ ખબર પૂછે.

પ્રિ.કે.એલ.દેસાઈની બાહ્ય આકૃતિ પોચટ નહી પણ ખડતલ. બાગમાં કામ કરે કે કોલેજના મેદાનમાં કામ કરે, ત્યારે ખડતલની માફક જ કામ કરે. ઘણી વાર દેસાઈસાહેબ ધોતિયાનો કછોટો મારી ઉપર પહેરણ અને હેટ પહેરી કોલેજના મેદાનનું અવલોકન કરવા નીકળે. પૂનામાં ઘણા મહારાષ્ટ્રીઅનો ધોતિયા ઉપર હેટ પહેરી ફરતા જોવામાં આવે એમ દેસાઈસાહેબને ફરતા જોઈ ઘણાને રમૂજ પણ થાય અને એવી રમૂજમાં કોઈ સામો મળી જાય તો દેસાઈસાહેબ ગરમ દેશમાં સૂર્યના તાપમાં માથાના રક્ષણ વિશે લાંબું ભાષણ પણ આપી દે. એમ.ટી.બી. કોલેજના આજના રમતના મેદાનની રચનાનો યશ એમને જ જાય છે. રમતગમતનો એમનો મોટો શોખ. રોજ સાંજે ટેનિસ રમે, મોજ આવે તો ક્રિકેટ રમવા પણ મંડી જાય, અને રમે ત્યારે સારા ખેલાડીની માફક વિદ્યાર્થીઓ સાથે પણ રમે. ટેનિસમાં કોલેજના ચેમ્પીયનને ક્યારેક એ હરાવતા પણ ખરા.

અધ્યાપક તરીકે દેસાઈસાહેબ વિશિષ્ટ હતા. શેક્સપીઅરનું નાટક ભણાવતાં ભણાવતાં હેમ્લેટ કે લીઅરની એક્ટીંગ કરવા મંડી જાય. વર્ગમાં કોઈ વિદ્યાર્થી હસે તો તેના ઉપર ચીડાઈ પણ જાય. સહેજ ચંચળતા જુએ કે વર્ગમાં અવાજ સાંભળે તો વર્ગની વચ્ચે આવીને ઊભા રહી જાય, અને લડવાનું કે સામે મુખે બહાદૂરી બતાવવાનું આહ્‌વાન પણ આપે. વાત ને વાતાવરણ વધારે પડતાં ગંભીર બની જાય તો પોતાની આગવી શૈલીથી રમૂજ કરી વાતને હળવી બનાવે. અધ્યાપક તરીકે ખૂબ વિદ્વાન, પણ એ બધી વિદ્વત્તા વર્ગમાં ઠાલવી દેવાના આગ્રહી નહી. અંગ્રેજી શબ્દોના શુદ્ધ ઉચ્ચારના દઢાગ્રહી. ઉચ્ચારદોષ એમને કણાની માફક ખૂંચે. એમના વર્ગમાં મજા આવે, કંટાળો નહિ. ભણવાની ઓછી દાનતવાળાને પણ ગમ્મત પડે.

આચાર્ય તરીકે પ્રિ.દેસાઈસાહેબે એમ.ટી.બી. કોલેજમાં એક નવો યુગ શરૂ કર્યો. એ વિદ્યાર્થીઓને માટે, દેસાઈસાહેબ મટી 'કે.એલ.કાકા' બની લોકપ્રિય બન્યા. જો કે એમને એ સંબોધન ગમતું નહિ. એમના પુરોગામી પ્રિ. એન.એમ.શાહ પોતાની ઓફિસમાંથી બહાર નીકળે નહી. અધ્યાપકખંડમાં આવે નહી. તે જમાનાના કોઈ આઈ.સી.એસ. અમલદાર જેટલા કડક, એમની પાસે જતાં ડર લાગે. પાસે જવાનું કે આડે ઊતરવાનું જ મન નહી થાય. દેસાઈસાહેબ આચાર્ય થયા પછી નવું જ વાતાવરણ શરૂ થયું. રોજ રિસેસમાં અધ્યાપકખંડમાં અચૂક આવે, પોતાની આગવી શૈલીથી રમૂજ કરે. જુનિયર માણસોને પણ વાતમાં ખેંચે. ટોળટીખળ પણ કરે. કે.એલ.દેસાઈ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને બીજા અધ્યાપકો વચ્ચે જ્યારે સાહિત્યની કે રાજકારણની ગંભીર ચર્ચા મંડાય ત્યારે કોમનરૂમ જ્ઞાનસત્રમાં પરિણમે. ચર્ચામાં ઉગ્રતા આવે, પણ કડવાશ નહિ, આગ્રહ હોય પણ ડંખ નહી. એ ચર્ચા લઘુતામાં કે ઠાલા ઘોંઘાટમાં કે આક્ષેપબાજીમાં સરી પડતી અમે ક્યારેય જોઈ નથી. દેસાઈસાહેબ પાસે સીધા પહોંચી જવાય. ક્યારેક પ્રેમથી કશા પણ ભય વિના વડીલ સાથે કરતા હોઈએ એમ ઝગડો કરી શકાય, ઊભરો ઠાલવી શકાય અને હળવા મને એમની પાસેથી પાછા વળી શકાય. બીજી ઘડીએ કશું જ નહી બન્યું હોય એમ એમને મળવાની મઝા આવે. એમના

નહીં, પણ એવા સમારંભોમાં સામેલ થઈ આવેલાને જમણની વાનગીઓ વિશે પૂછી એની ચર્ચા કરતા.

જમણના ઉડાઉ ખર્ચના એ વિરોધી હતા છતાં આપણા પ્રસંગો સાવ શુષ્ક બને, નિર્જીવ બને એ પણ એમને નહોતું ગમતું. જમણ વિનાનો, આનંદ ઉમંગ વગરનો લગ્નપ્રસંગ એમને જચતો નહોતો. લગ્નપ્રસંગ સાદો છતાં ઉમંગ ઉત્સાહ અને મર્યાદિત જમણ વ્યવસ્થાવાળો હોવો જોઈએ, એમ એ ચોકક્સ માનતા. એમનામાં પરંપરા અને સુધારો અજબગજબ રીતે ગૂંચવાઈને દેખાતાં. વિધિવિધાનમાં માનતા નહોતા, છતાં લગ્નમાં સપ્તપદી, મધુપર્ક, મંગળફેરા, લાજાહોમ જેવી વિધિના એ આગ્રહી હતા.

વિષ્ણુભાઈ ખુલ્લા, મોકળા મનના હતા. વખત આવ્યે આગ્રહ છોડી પરિસ્થિતિની વાસ્તવિક્તાને સ્વીકારી લેતા. જ્યારે પ્રવૃત્ત હતા ત્યારે અધ્યાપકોના ચોકક્સ પહેરવેશના આગ્રહી હતા. બુશશર્ટ પહેરીને જુવાન અધ્યાપકો જ્યારે પહેલી વાર આવતા થયા ત્યારે એમનો અણગમો અછતો નહોતો રહેતો. ઘણી વાર ખૂબ ટૂંકો બુશકોટ પહેરી કોઈ આવે તો એ પૂછતા પણ ખરા, 'કેમ ભાઈ ઝભલું આજે બહુ ટૂંકું છે?' પાછળથી એ પહેરવેશ અંગે એમણે ચર્ચા કરવાનું છોડી દીધું. ભારતની આબોહવામાં બહાર જતાં માથું ઢાંકેલું હોય એ જરૂરી છે, એમ કહી એ ટોપીની હિમાયત કરતા.

પોશાક અંગેની કે અન્ય બાબતો અંગેની પોતાની ચોકક્સ માન્યતા હોવા છતાં વિષ્ણુભાઈ કોઈ પણ આગ્રહને આત્યંતિક કક્ષા એ લઈ જવાનું ટાળતા. એમની એ ઉદારચરિતતા અને સમાધાનવૃત્તિ અદ્ભુત હતી. એમને પસંદ ન હોય તેવી સ્થિતિને પણ એ અનુકૂળ થઈ જતા. એ અંગે બળાપો કરતા કે બીજાને ત્રાસ આપતા એમને જોયા નથી.

એક વાર પોતાની જાતને જાણીતા મહાન દિગદર્શક અરવિંદન તરીકે ઓળખાવતો એક ઠગ એમને ઘેર આવી ચઢ્યો. એની ફિલ્મ વિશેની જાણકારી એટલી ગજબની અને વિગતપ્રચૂર હતી, કે ભલભલા એનાથી છેતરાઈને એને અરવિંદન જ માની બેસતા. વિષ્ણુભાઈનું નામ સાંભળી એ એમનો ઓટલો ચઢી આવ્યો. કદાચ ઠગવાના ઈરાદાથી આવ્યો હશે. વિષ્ણુભાઈએ સ્વભાવ પ્રમાણે ચા પાઈ સ્વાગત કર્યું. પેલાએ તો ફિલ્મ જગતની વાત હિન્દી- અંગ્રેજીમાં શરૂ કરી અને વિષ્ણુભાઈને રસ કે ગમ પડે છે કે નહિ, તેની પરવા કર્યા વિના વાત કરતો જાય. વચ્ચે વચ્ચે વિષ્ણુભાઈ ગુજરાતીમાં પૂછે કે 'ભાઈ આ શું કહે છે?' વળી પેલાએ તો બીજી વાર માંગીને ચા પીધી. એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ હતી, એવામાં કોઈક



આવ્યું અને બે કલાક પછી પેલો ટળ્યો. વિષ્ણુભાઈની નિરસ ઉદાસીનતા જોઈ અને કશો રિસ્પોન્સ ન મળતાં એનો ઠગવાનો ઈરાદો જ ઠંડો થઈ ગયો હશે. પેલો માણસ બનાવટી હતો એની એમને પાછળથી ખબર પડી ત્યારે કહે કે 'ફિલ્મી ઠગો અને સાહિત્યના ઠગો વચ્ચે ઝાઝો ફેર નથી.'

આજે એમની પુણ્ય સ્મૃતિને દિવસે આવાં અનેક સ્મરણો ખડાં થઈ જાય છે. નૂતનવર્ષને દિવસે વહેલી સવારે પોતાના પલંગ ઉપર એ નવાં વસ્ત્રો પહેરી, તૈયાર થઈ બેસી જતા. નાના મોટા, જાણીતા અજાણ્યા, સૌ આશીર્વાદ પ્રાર્થીઓને સાકરના ટુકડા સાથે આશીર્વાદ આપતા. કોઈક પરિચિત એમના પ્રત્યે આદરભાવ- શુભેચ્છા વ્યકત કરે તો એ ગદ્‌ગદ્ થઈ જતા. આટઆટલાં કૌટુંબિક દુઃખો વેઠવા છતાં એમણે મનની ધીરતા એવી કેળવી લીધી હતી, કે એમને વારંવાર રડી પડતા અમે કદી જોયા નથી. પોતાનું દુઃખ પોતાની અંદર ધરબી દઈ એમણે પોતાના વ્યવહારની મીઠાશ અને આતિથ્યની ઉષ્મા ઓછાં થવાં દીધાં નહોતાં. એમને એક વાર કોઈકે પૂછયું, 'સાહિત્યકારો માટે તમારો શો સંદેશો છે? ' એમણે જરા વિચાર કરી કહ્યું, 'જે સુંદર છે અને જે સત્વવાળું છે તેનું જતન કરો.'

આ નૂતનવર્ષને દિવસે એમને ઘેર જતાં એમની આવકાર આપતી સ્નેહભરી મુખાકૃતિ નજર આગળ ખડી થઈ ગઈ. હમણાં બોલશે એ ક્ષણભરની ભ્રાંતિ હતી. આજે એ નહોતા. એમને સ્થાને પલંગ પર એમની છબી હતી. આજે એ ઘર ગયા વર્ષની માફક કે વર્ષોવર્ષની માફક મુલાકાતીઓથી ઊભરાતું નહોતું. લોક સ્મૃતિ ટૂંકી અને સ્વાર્થી હોય છે. એમના ઓરડાની રચનામાં ઝાઝો ફેરફાર કરાયો નથી. વસ્તુઓ આઘીપાછી થાય તે એમને ગમતું નહિ. એ જ પલંગ, આજુબાજુ પુસ્તકોથી ભરેલાં એ જ કબાટો, એમને મળેલાં માન- અકરામોનાં સ્મૃતિચિહ્નો, બધું એવું ને એવું જ હતું. માત્ર ઓરડાની બારીઓ આજે ખૂલેલી છે. બધું એનું એ જ છે, છતાં એ બધાંની વચ્ચે નથી. એ નથી એટલે એમની સાથે અવિભાજ્ય બનેલો પેલો માહોલ પણ નથી. સામે એમની છબી છે. ભૂતકાળની અનેક સ્મૃતિઓ જગાડતી. છબી વ્યક્તિની યાદ આપાવે, પણ વ્યક્તિનું સ્થાન લઈ શકે ખરી ?

''સ્તવું તે તપ કે શીલ ? હૈયું ઉદાર તે સ્મરું ?
વાણી આ થંભતી મારી, મૌનથી અર્ઘ્ય તો ધરું.''

૧૦/૧૧/૯૨

સાહેબ મારા પણ ગુરુ છે.' પ્રીતિએ હરખાતાં હરખાતાં આવી આ વાત કરી, ત્યારે ત્રિવેદી સાહેબ પાછા એવા જ ભાવવિભોર બની બોલ્યા, 'શિષ્યને ભારે ભારે રહ્યો.'

વિષ્ણુભાઈને ઘણાં બધાં પુસ્તકો ભેટ મળતા, દરેક પુસ્તક એ જોઈ જતા અને એમાં નોંધ કરતા. દરેક પુસ્તકની એ અચૂક પહોંચ લખતા. મોટે ભાગે એ પોસ્ટકાર્ડમાં વાત પૂરી ન થાય તો બીજો અને ત્રીજો પોસ્ટકાર્ડ એક સાથે લખી મોકલતા. ઘણીવાર એ હસવામાં કહેતા પણ ખરા 'આઈ એમ એ મેન ઑફ પોસ્ટકાર્ડ્સ'. કોઈ પણ લેખકના સર્જનમાં તણખો જણાય તે એમને મળવા આવનારાઓને એ વંચાવતા અને વખાણ કરતા. એમાં ઘણા જુવાન લેખકો પણ આવી જતા.

ગુજરાત યુનિવર્સિટીમાં ભાષાભવનની શરૂઆત થવાની હતી અને એના અધ્યક્ષની નિમણૂક માટે જાહેરાત બહાર પડી હતી. ઉમાશંકરે અમદાવાદથી ખાસ સુરત આવી એ જગ્યા માટે વિષ્ણુભાઈને તૈયાર થવા જણાવ્યું. વિષ્ણુભાઈએ કહ્યું કે મારે અરજી કરી 'વહાલાજીના 'મહિના' નથી ગાવા. ઉમાશંકરે કહ્યું, તમારે તો માત્ર અરજી કરવાની, બીજી કશી જરૂર નથી. વિષ્ણુભાઈ કહે, 'આ જગ્યા માટે તમારા કરતાં વધારે લાયક મને બીજો કોઈ દેખાતો જ નથી. ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના પહેલા અધ્યક્ષ તો તમે જ હોવા જોઈએ'. આ બન્ને વચ્ચેની મીઠી રકઝક જોવાનો એક લહાવો હતો. એક વાર ઉમાશંકરની વાત નીકળી ત્યારે બોલ્યા, 'ઉમાશંકર તો આપણા યુગપુરુષ છે. ૧૯૫૦ પછીના ગુજરાતી સાહિત્યના યુગને હું ઉમાશંકર યુગ કહું.' થોડીવાર પછી પાછું કહ્યું, 'સુંદરમ્- ઉમાશંકર બન્ને પહેલા પ્રગટયા ત્યારે સુંદરમ્‌ની શકિત ઉમાશંકર કરતાં વધારે. પણ પછી સુંદરમ્‌ની ગાડી બીજે પાટે ચઢી ગઈ અને ઉમાશંકરનાં શકિત અને વ્યાપ એટલાં વધ્યાં કે ઉમાશંકર આપણા યુગપુરુષ કહેવડાવવાને લાયક ઠર્યા.

બળવંતરાય ઠાકોર અને વિષ્ણુભાઈ વચ્ચે ખૂબ નિકટનો અને સ્નેહભીનો સંબંધ હતો. બન્નેની પ્રકૃતિ સામસામા છેડાની. બળવંતરાય સતત યુયુત્સુ અને કર્કશ અવાજે બોલવામાં નિર્બંધ, વિષ્ણુભાઈ સૌમ્ય પ્રકૃતિના અને મરતાને પણ મેર નહિ કહે એવા. બળવંતરાય એમ.ટી.બી.કૉલેજમાં પ્રવચન આપવા આવેલા. હાથમાંની લાકડી ટેબલ ઉપર ઠોકતા જાય અને ખુરશીમાં અઢેલીને આંખ મીંચીને બોલતા જાય. ભાષણ પૂરું થયા પછી એમને વિષ્ણુભાઈ પોતાને ઘેર લઈ ગયા. સ્થૂળ શરીર અને મોટી મોટી ધોળી મૂછોવાળા બળવંતરાય ઠાકોર વિષ્ણુભાઈના કૉલેજમાંના એ ઘરના હીંચકા પર ફેલાઈને બેઠા. શ્રીમતી શાંતાબહેન ભજિયાંનો એક પછી એક ઘાણ ઊતારતા



જાય અને ઠાકોર ભજિયાં આરોગતા જાય અને સાહિત્યની ચર્ચા કરતા જાય. એમના વિરોધીઓને વરૂણીમાં લેતા, ચાલતા સાથે લડી પડે એવા શ્રી ઠાકોરને વિષ્ણુભાઈ પરત્વે ભારે મમત્વ હતું. બન્ને વચ્ચે લાંબો પત્રવ્યવહાર ચાલતો. વિષ્ણુભાઈના પત્રસંગ્રહમાં ઠાકોરના સો ઉપરાંતના પત્રો છે.

એક સાંજે સુંદરમ્ આવી ચઢયા. બન્નેને પરસ્પર ખૂબ આદર અને પ્રેમ. વિષ્ણુભાઈની દર જન્મગાંઠે(૪થી જુલાઈ) સુંદરમ્ વિષ્ણુભાઈને શુભેચ્છાનો પત્ર લખે જ લખે અને એકાદ પુસ્તક પણ ભેટ મોકલે. સુંદરમ્ પાછલાં વર્ષોમાં બેઠાં બેઠાં પણ સમાધિમાં ઊતરી પડતા હોય એવું લાગતું. દસેક મિનિટની એવી અવસ્થા પછી સુંદરમે આધ્યાત્મિક વાતો શરૂ કરી. તે દિવસે અણધારી રીતે વિષ્ણુભાઈએ દ્રઢતાથી અભિપ્રાય દર્શાવ્યો કે વ્યકિત સંત હોઈ શકે, મહાન હોઈ શકે, પણ મનુષ્ય વ્યકિત ભગવાન બની શકે નહિ. ચર્ચા વધતી ગઈ. સુંદરમ્ તંત છોડતા નહોતા. છેવટે વિષ્ણુભાઈએ વાતને વાળી લીધી. ત્યાર પછી તો સુંદરમ્ એમને ઘેર ઘણીવાર આવ્યા, જમ્યા, કલાકો ગાળ્યા, પણ પેલી વાત બેમાંથી કોઈએ શરૂ કરી નહોતી.

વિનોબા ભાવે સુરતની મુલાકાત વખતે કૉલેજમાં આવ્યા. એમણે વિષ્ણુભાઈને મળવાની ઈચ્છા દર્શાવી. વિષ્ણુભાઈએ એમને પોતાને ઘેર આમંત્ર્યા. વિનોબાજી દશેક મિનિટ એમને ત્યાં રોકાયા. વિષ્ણુભાઈએ કહ્યું, 'આપની આ મુલાકાત કાયમ યાદ રહે એ માટે આપ અહીં વૃક્ષારોપણ કરો.' ગાંધી વિદ્યાભવનની સામે વિનોબાજીએ રોપેલું વૃક્ષ આજે પણ ઊભું છે. અફસોસ એટલો જ છે કે આ વૃક્ષ વિનોબાજીએ રોપ્યું છે એવું કોઈ સ્મૃતિચિહ્ન ત્યાં નથી.

એમને માન અકરામો મળતાં તે એમને ગમતાં. એ ખુશ પણ થતા, પોતે ઉદાસીન છે એવો દંભ કયારેય કરતા નહી. ખુલ્લે મને કહેતા, 'મને ગમ્યું'.

વિષ્ણુભાઈ એમના અંગત વ્યવહારમાં ખૂબ હળવા રહેતા. એમને સારી સારી વાનગીઓ ભાવતી અને કોઈ વાર જમણની વાત નીકળે, તો કઈ કઈ વાનગીઓ એક સાથે સુમેળથી જઈ શકે એ હોંશથી અને સારી જાણકારીથી કહી શકતા. આજની 'બુફે' પધ્ધતિની જમણ વ્યવસ્થા એમને રુચતી નહી. ગુજરાતી જમણ બુફે ઢબે પીરસી શકાય અને નિરાંત ઊભા ઊભા આરોગી શકાય, એ વાત જ એમને ગળે ઊતરતી નહીં. આજના જમણમાં એક સાથે થતાં ત્રણચાર ફરસાણોની ઉચિતતા પણ એમની સમજમાં ઊતરી શકતી નહીં. એ પોતે બહાર કોઈ જમણ સમારંભમાં જતા

સ્વભાવની ઉદાત્તતાનું આ અતિશય મહત્વનું લક્ષણ હતું. વિદ્યાર્થીઓ ગરબડ કરે તો ટોળા વચ્ચે વિના સંકોચે ઘસી જાય. કોઈની પાછળ દોડે પણ ખરા, કશા પણ ક્ષોભ વિના.

પ્રિ. કે. એલ. દેસાઈ વ્યક્તિ તરીકે વિલક્ષણ વ્યક્તિત્વવાળા હતા. ઘણી વાર મતાગ્રહી પણ ખરા. એક વાર મત બંધાયો કે પછી તેમાંથી એમને પાછા ફેરવવાનું કપરું બનતું. ચર્ચામાં હંમેશા રૂઢિચુસ્ત વિચારોવાળા, રાજકારણમાં દંડો ચલાવવાના હિમાયતી, આંદોલનની બાબતમાં એમની સહાનુભૂતિ શાસકપક્ષે જ હોય. અનુશાસન માટે આ પ્રજાને દંડો જ જોઈએ એમ ખૂબ જોરશોરથી કહે, પણ વખત આવે ત્યારે પોતે દંડો ચલાવે નહી. સંચાલનમાં પૂરેપુરા લોકશાહી, ક્ષમા, ઉદારતા, સમભાવ અને સામાને પણ સમજવાની વૃત્તિ એમના વર્તનમાં સ્પષ્ટ દેખાય. નઠોરમાં નઠોર વિદ્યાર્થીને પણ એમની પાસેથી વિના શિક્ષાએ છૂટી જતા અમે જોયા છે. વિદ્યાર્થી ઉપર ચીડાય ત્યારે લાગે કે વિદ્યાર્થીનું આવી બન્યું. પણ સરવાળે વિદ્યાર્થી ભાષણ સાંભળી છૂટી જાય. એક પ્રસંગ યાદ આવે છે. આજે સૂરતમાં વેપારમાં અગ્રગણ્ય સ્થાન ભોગવતા અમારા સહાધ્યાયીએ દેસાઈસાહેબના વર્ગમાં અટકચાળું કર્યું. એને બહાર કાઢવામાં આવ્યા. તે વખતે વર્ગ આજે સાયન્સ કૉલેજની ઓફિસ છે તેમાં ચાલતો હતો. એણે સાયન્સ કૉલેજની ઓફિસથી કેન્ટીન તરફ જતા રસ્તા ઉપર પડતી વર્ગની બારીને ઓથે ઊભા રહી રસ્તા ઉપરથી પાછો અવાજ કર્યો. દેસાઈસાહેબે બારી પાસે આવી પેલાને ઊભા રહેવા કહ્યું. પણ પેલા ભાઈએ તો રસ્તા ઉપર દોડવા માંડ્યું. દેસાઈસાહેબ બારી ઉપર ચઢી, બહાર કૂદી એની પાછળ દોડી એને 'નાનુની કેન્ટીન'માંથી પકડી લાવ્યા. આખો વર્ગ કુતૂહલથી સ્તબ્ધ બની જોઈ રહ્યો. બધાને થયું આનું હવે આવી બન્યું. પણ માનશો ? દેસાઈસાહેબે એને કોઈ શિક્ષા કરી નહી ! ૧૯૪૧-'૪૨ની આ વાત. એક વાર ચોકના બસસ્ટેન્ડ ઉપર કૉલેજ આવતી બસની ક્યૂ હતી અને દેસાઈસાહેબ એ ક્યૂમાં ઊભા હતા. પાછળથી કોઈક જુવાનિયો ક્યૂ તોડી આગળ જઈ ઊભો રહ્યો. બધા બબડાટ કરતા રહ્યા, પણ કોઈ એ કશું કર્યું નહી. દેસાઈસાહેબે તરત આગળ જઈ પેલાની બોચી પકડી લાઈનની બહાર કાઢી મૂક્યો. એ વખતે એ નિવૃત્ત થઈ ચૂક્યા હતા.

દેસાઈસાહેબની બાહ્ય અભિવ્યક્તિ કઠણ. વાત કરતી વખતે એમની ડોક વારંવાર જમણી બાજુ નમતી રહે. ભાષામાં અકારણ મીઠાશ નહિ, અને ક્યારેક આવેશ અને કઠોરતા પણ આવે, છતાં એમનું હૃદય પાણીપોચું. કોઈનો દુર્વ્યવહાર, કોઈ વિદ્યાર્થીસભાનો અજુગતો નિર્ણય કે



દેશની કોઈ ઘટના એમને અત્યંત સંતાપી જાય અને તમે જોઈ શકો એવો એ સંતાપ દિવસો સુધી એમના મોં ઉપર કે એમની વાતોમાં ડોકાયા કરે. સામાને પણ દુઃખી કરી નાખે એટલો તીવ્ર. પોતાના સ્વાર્થ માટે કે કામ માટે કોઈની ખુશામત કરવાનું એમના સ્વભાવમાં નહી અને છતાં કોઈનું કામ પોતે કરી છૂટે. સભામાં ભાષણ કરવાનું આવે તો રસળતી શૈલીએ ઠીક ઠીક લાંબુ બોલે અને શ્રોતાઓ થાકી ગયા છે તેનાથી સભાન થાય તો માફી માગે, પણ બોલવાનું ચાલુ રાખે. બોલવાની શૈલી કડકડાટ કે પ્રવાહી નહી, વાત કરતા હોય એમ રસળતી રીતે બોલે. વિચારોમાં અત્યંત રૂઢિચુસ્ત. વર્તમાન પેઢીનાં પહેરવેશ, વ્યવહાર, વાણી, સિનેમાશોખ સાથે એમનો ક્યારેય મેળ બેઠો નથી. એ બધાના એ આકરા ટીકાકાર. એ બધાની હાવભાવ દ્વારા, ક્યારેક મૂડમાં હોય તો, મશ્કરી પણ કરે. દેસાઈસાહેબ અને વર્તમાન પેઢી વચ્ચે એક નહી પણ બે પેઢીનું અંતર (જનરેશન ગેપ) સ્પષ્ટ વર્તાઈ આવે. દેસાઈસાહેબને જેટલો રમતનો શોખ એટલો જ સંગીતનો શોખ. શાસ્ત્રીય સંગીત ગવાતું હોય તો રાગો પારખવાની, એની આંટીઘૂંટી સમજવાની એમનામાં ભારે સૂઝ. એ દૃઢતાપૂર્વક માનતા કે હિંદુઓ કરતાં મુસ્લિમોએ અને ગુજરાતીઓ કરતાં મહારાષ્ટ્રીઓએ સંગીતને વધારે સમૃદ્ધ કર્યું છે. અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના અદ્યતન પ્રવાહોથી સારા માહિતગાર. નિવૃત્તિના સમયમાં પણ વાચનનો એવો જ શોખ. પોતે લંડનમાં કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં હતા અને જે અધ્યાપકો સાથે સંપર્કમાં આવેલા એમની સાથેનો પત્રવ્યવહારનો સંબંધ એમણે છેવટ સુધી જાળવી રાખેલો. તબિયતની બાબતમાં 'રેડીનેસ ઈઝ ઓલ' એ જ એમનું સૂત્ર. શરીરની પીડાને પણ હળવાશથી, તટસ્થતાથી અને રમૂજથી સહી લે, મહેનત કરવાની આવે તો કોદાળી કે પાવડો લેતાં પણ અચકાય નહી. ન્યાતના કે એમના સમાજના રીતરિવાજોની આંટીઘૂંટીમાં સમાજના ધુરંધરો ગળાડૂબ બની અને બહેલાવી કે મલાવીને વાત કરતા હોય ત્યારે દેસાઈસાહેબ તો અજાણ હોય એવા અલિપ્ત લાગે, છેતરાય પણ ખરા. દેસાઈસાહેબ તે દેસાઈસાહેબ જ હતા. એમને મળવાનું ગમે, આદર આપવાનું મન થાય, એમની સાથે ઝગડો પણ વિના ભયે કરી શકાય. એમના વિચારો સાથે તમારો મેળ ન ખાય તો પણ ચર્ચા કરવાની મઝા આવે, ક્યારેક તમે એમને તમારી વાત ગળે પણ ઉતારાવી શકો; એમની વાણીમાં અને વ્યવહારમાં નિતાંત આભિજાત્ય જ હોય.

વળી શ્રી. દેસાઈસાહેબના અભિપ્રાયો મૂલ્યાધારિત હંમેશા રહેતા. કેટલાંક મૂલ્યો એમને માટે અફર હતાં અને એમાં કશી બાંધછોડ કરવા એ તૈયાર થતા નહીં. એમાંનાં ઘણાં મૂલ્યો કોઈને વિક્ટોરીઅન પણ

વર્ષોમાં એમની શુશ્રૂષા એમનાં પત્ની શ્રીમતી વિમળબેન અને એમના દીકરા આસીતે અથાક મહેનતથી, શ્રધ્ધાથી અને વેદનાને હૃદયમાં ભંડારીને નિશ્ચલ મને અને મુખે કરી એને અંજલિ અર્પી બિરદાવ્યા સિવાય આ નોંધ અધૂરી જ રહે. શ્રી વીરેન્દ્રભાઈ ગાંધીના અવસાનથી આપણા સમાજમાંથી એક સંપૂર્ણ સદ્ગૃહસ્થ, સેવાભાવી અને હમરાહી, હમદર્દ વ્યક્તિનો અસ્ત થયો છે. આપણે રંક બન્યા છીએ.

૨૦/૮/૯૧



# કાજળ કોટડીમાંથી ઊજળે કપડે નિવૃત્ત થતા કર્મચારીની વાત

ઘનઘોર વાદળોની આજુબાજુ પણ એકાદ રૂપેરી કોર ચમકી ઊઠે છે. આ લોકોક્તિ કેટલીક વાર સાચી પણ પડે છે. એમાં એક વાત એ પણ સાચી છે કે પેલા ઘનઘોર વાદળના અકળાવતા અંધકારમાં પેલી નાનકડી રૂપેરી કોર કોઈને ન પણ દેખાય. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એનાં અસ્તિત્વનાં પચીસ વર્ષોમાં કાજળની કોટડી બની ગઈ છે. એમાંથી ઊજળે કપડે બહાર આવવાનું કામ કુલપતિને માટે કે એના કોઈ કર્મચારી યા ઓધ્ધેદાર માટે લગભગ અશકય છે.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કાજળ કોટડીમાંથી ઊજળે લુગડે અને ન દ્વેષ્યતિ ન કાંક્ષતિ નો ગીતા ભાખ્યો સિધ્ધાંત ધ્યાનમાં રાખી વીસ-પચીસ વર્ષના સમય ઉપરાંત કામ કરી આ માસના અંતે નિવૃત્ત થનાર એક કર્મચારીની વાત અમારે આજે કરવી છે.

ઘણા કર્મચારીઓ ગાજે છે અને ગાજ્યા પણ છે. વર્તમાનપત્રોએ એમને ભાતભાતની રીતે બિરદાવ્યા છે, અને એમનાં સ્તોત્રો પણ ગાયાં છે. અમે જે કર્મચારીની વાત કરવા માંગીએ છીએ એ કયારેય વર્તમાનપત્રોને પાને ચમકયા નથી. એમના નામની કે કામની સાચી બિરદાવલી કયારેય ગવાઈ નથી. માત્ર એમના પરિચયમાં આવનારને જ આ 'લો પ્રોફાઈલ' કર્મચારીના ગુણની, નિષ્ઠાની અને વૈતરું કરવાની શકિતની પ્રતીતિ થઈ છે. ખાઉ કરું કરનારાઓના અડ્ડામાં ઓળખીતા અને નહીં ઓળખીતાઓ સાથે પણ સલુકાઈ અને વિવેકથી વાત કરનારા આ કર્મચારીથી એમના સંપર્કમાં આવનારા સૌ કોઈ પ્રભાવિત થયા છે.

એમનું નામ છે અંબેલાલ કેશવરામ ભટ્ટ, પણ સામાન્ય રીતે ભટ્ટ સાહેબના નામથી જ એ ઓળખાય. બેઠી દડીનું શરીર, આમ આદમીનાં કપડાં, યુનિવર્સિટીની ચિંતામાં ને ચિંતામાં માથા પર પડેલી ટાલ. એમનો એક શોખ અને તે વારંવાર તપખીર સૂંઘવાનો. મન જ્યારે ગૂંચવાય ત્યારે આ તપખીર જ એમનો સહારો. એક નસ્કોરું ચીપટીએ પકડી ઊચું કરી એમાં તપખીર મૂકી ઊંડો શ્વાસ લઈ લે. મન પાછું તરબતર. ખભા પર તપખીર લૂછવા સતત દેખાતો નેપકીન.

આ ભટ્ટ સાહેબ યુનિવર્સિટીની પરીક્ષાનું કામ છેલ્લાં કેટલાંય વર્ષોથી સંભાળે છે. તદ્દન અવ્યવસ્થામાં એ એકલા જ વ્યવસ્થિત અને એમનું કામ પણ વ્યવસ્થિત. કાયદા-કાનૂન બધા મોંએ. સ્મૃતિ એટલી તેજ કે ગમે તે પરીક્ષા અંગેની માહિતી પૂછીએ તો તરત જવાબ. પરિણામો તૈયાર કરવા રાતોની રાત બીજા દિવસની સવાર સુધી કોમ્પ્યુટરવાળાના કાર્યાલયમાં

સિવાયનો પણ હતો એની અમને ખબર છે. પોતે જે કંઈ વાંચતા અને જો બીજાને વાંચવા જેવું હોય તો નિખાલસભાવે કશા આડંબર વિના એ સૂચવતા-પણ સલાહનો ભાવ દાખવતા નહીં.

વકીલ તરીકે એ એક સફળ વકીલ હતા. કોર્ટમાં કેસ ચલાવતી વખતે તેમને આક્રમક બનતા,ઘાંટા પાડતા કે તોછડા બનતા અમે કયારેય જોયા નથી. જે સરળતા અને સૌમ્યતા એક વ્યક્તિ તરીકે એમનામાં દેખાતાં તે વકીલ તરીકે પણ એમનામાં છતાં થતાં. વકીલાતનો વ્યવસાય ગવાયલો વ્યવસાય છે.

એવા વ્યવસાયમાં પણ શ્રી વીરેન્દ્રભાઈ એ પોતાનું ગૌરવ જાળવી રાખ્યું હતું. જ્યાં સમાધાનથી પતતું હોય ત્યાં એ સમાધાન માટે આગ્રહ રાખતા, અને એ માટે પ્રયત્નશીલ પણ રહેતા. વકીલ તરીકેની ફીની બાબતમાં એમનો અભિગમ ઉદાર હતો. ગરીબ માણસોની પાસે એ ફીનો આગ્રહ રાખતા નહિ અને વગર ફીએ પણ કેસ લડતા. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના કર્મચારીઓને જો કોર્ટના પગથિયાં ચડવા પડે તો એમાં એ માર્ગદર્શક અને સહાયક થતા.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની કારોબારીના એ અધ્યક્ષ થયા પછી એમને નિકટતાથી જોવા જાણવાના ઘણા પ્રસંગો મળ્યા. સમિતિની સભાઓના એજન્ડાનું એ સારું 'હોમવર્ક' કરીને આવતા. એમની સ્મરણશક્તિ તીવ્ર હતી એટલે પ્રશ્ન વિશે એમને પૂર્વાપરનું ઘણું યાદ રહેતું. વકીલ તરીકેની તાલીમને કારણે એ જટિલ સમસ્યાઓનું પૃથકરણ કરતા અને દરેક તંતુને સ્વતંત્ર રીતે મૂલવતા. એ અધ્યક્ષ થયા પછી સભાસંચાલનમાં દેખાઈ આવે એવું પરિવર્તન આવ્યું. ધીરે અવાજે બોલતા. ખોટી રીતે આગ્રહી થતા નહીં. લોકશાહી ઢબે આખી કાર્યવાહી ચલાવતા. એને પરિણામે ઘણીવાર એમનો ગેરલાભ પણ લેવાતો, અને એમને બદલે બીજા જ મતાગ્રહી અને હમસચ્ચાઈને વળગતા થતા.

જીવનની તમામ બાબતોમાં વીરેન્દ્રભાઈનો અભિગમ ઉદાર-મતવાદીનો હતો. મનુષ્યની નબળાઈ એ સમજતા, અને ફાંસીએ ચઢાવવાને બદલે ઉદારતાથી જોવાનું અને માફ કરવાનું એમનું વલણ રહેતું. ખાસ કરીને દબાયલા, કચડાયલા અને પીડિતો પ્રત્યેની હમદર્દી પ્રશંસનીય હતી. ખૂબ જ મધ્યમવર્ગમાંથી એ ઉપર આવ્યા છતાં એની ભીનાશ એમના વાણીવર્તન- અભિગમમાં સતત પ્રતીત થયાં કરતી. ડોળા કાઢી ઊંચા અવાજે એ બોલતા નહીં. કદાચ એમના સ્વભાવમાં જ એ નહોતું.



શ્રી વીરેન્દ્રભાઈની ધર્મભાવના ન સમજાય એવી હતી. આમ તો એ પાકા વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતા અને મોટા મંદિરમાં પણ જતા, છતાં ઘણા બધા સંપ્રદાયોમાં એમને શ્રધ્ધા હોય એમ લાગતું. કદાચ શ્રધ્ધા તહિ તો પણ લાગણી હોય એમ જણાતું. રોજ સવારે એમને ત્યાં જાતજાતના સંન્યાસીઓ, ટીલાંટીપકાંવાળા મહારાજો આવતા, અને એમાંથી કોઈ ખાલી હાથે પાછું ફરતું નહીં. એ અંગે એમને પૂછતાં હસીને એ વાત ઉડાવી દેતા. વિતંડામાં કે દલીલોના આટાપાટામાં એમને ઊતરતા જોયા નથી. ધર્મનો અંચળો એ ધારણ કરતા નહિ કે કોઈ ધર્મ માટે યુયુત્સુ પણ બનતા નહિ. અંગત જીવનમાં એમને કોઈ શોખ હોય તો તેની ખબર નથી, પણ એમને ફરવાનો અને જુદાં જુદાં સ્થળો જોવાનો શોખ હતો. જેમ એ ઉદારમતવાદી હતા તેમ પૈસા ખરચવાની બાબતમાં પણ એ ઉદાર હતા. હસતે મોંએ અને મોકળા હાથે એ દાન, આપતા તેમ મિત્રમંડળને માટે પણ એ પૈસા ખરચતા.

વીરેન્દ્રભાઈ વ્યક્તિ તરીકે ગમી જાય એવા માણસ હતા. એમને મળવાનું ગમતું. ઘણા વકીલો વ્યવસાયને કારણે વર્તનમાં પણ 'કન્ડીશન્ડ' થઈ જાય છે. એવું વીરેન્દ્રભાઈનું નહોતું. એ તમારી સાથે વાત કરે ત્યારે કાયદાકાનૂનની વાત ભાગ્યે જ વચ્ચે લાવતા. અને સામા માણસને એની ઊલટ તપાસ કરે એવું બિલકુલ લાગવા દેતા નહિ. મોટે ભાગે તો એ વાત સમભાવપૂર્વક સાંભળતા, વચમાંથી વાત કાપી નાખવાની એમને ટેવ નહોતી. મેળાપને અંતે પોતાની વાત પૂરેપૂરી કહી દીધાનો સંતોષ લઈને માણસ જતો. એમનામાં રમૂજવૃત્તિ નહોતી, પણ એ રમૂજ ખુલ્લા મને માણી શકતા અને હસી શકતા.

વીરેન્દ્રભાઈના જીવનના છેલ્લાં બે વર્ષો યાતનામય ગયા. એક કુટુંબવત્સલ, ધર્માળુ અને પોતાના વર્તનવ્યવહારમાં સાદ્યંત સજ્જન માણસને આવી યાતના વેઠવી પડે ત્યારે ઈશ્વરી ન્યાયમાં માનનાર પણ સાશંક બને. આ યાતના પણ એમણે સ્થિતપ્રજ્ઞતાથી સહી લીધી. શ્રી વીરેન્દ્રભાઈને એમના મુરબ્બી, પડોશી અને સહૃદય મિત્ર શ્રી ગોવિંદજીભાઈ પટેલ સાથેની મૈત્રી આજના સમયમાં વિરલ ગણાય એવી હતી. કોર્ટમાં સામસામે અનેક કેસો બન્ને લડતા છતાં અંગત જીવનમાં અતૂટ મૈત્રી, સમભાવ, સૌહાર્દ અને અરસપરસના સમાદરથી તાણાવાણાની માફક વણાયલા રહ્યા. શ્રી ગોવિંદજીભાઈ એમના રાહબર અને શ્રધ્ધેય મુરબ્બી હતા. આવો સંબંધ બાંધવો, ટકવો આજના આત્મરતિ અને સ્વાર્થમયતાના યુગમાં વિરલ ગણાય. શ્રી વીરેન્દ્રભાઈનાં છેલ્લાં યાતનામય

લાગે. એ વારંવાર કહેતા, 'યસ, યસ આઈ એમ એ વિક્ટોરીઅન.' પણ એ જ એમને અભિપ્રેત રહેતાં. અંગ્રેજો એમને જર્મનો કરતા હંમેશા વધારે સારા લાગતા. એ વારંવાર કહેતા કે જો ગાંધીજીને અંગ્રેજોને બદલે જર્મનો સામે લડવાનું આવ્યું હોત તો ગાંધી ક્યારના 'ખલાસ' થઈ ગયા હોત ! આપણને સ્વરાજ વધારે તો અંગ્રેજોની સમજદારીને લીધે મળ્યું છે એમ એ પ્રામાણિકપણે માનતા. અંગ્રેજોની ઘણી પરંપરાઓના એ પ્રશંસક હતા. એમના વ્યવહાર અને અભિપ્રાયો વચ્ચે એકરૂપતા રહેતી. જ્યાં વિરુદ્ધ અભિપ્રાય આપવો પડે ત્યાં એ બેધડક આપી દેતા. બેવડાં વલણો નહીં, બેવડું વર્તન નહીં. પ્રોફેસર શબ્દના અર્થને મૂર્તિમંત કરતી એમની આકૃતિ, એમની વાણી અને એમનો સુસંસ્કૃત વ્યવહાર, એમનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું વાત્સલ્ય એમના વિદ્યાર્થીઓનાં મન પર સતત કોતરાયેલાં રહેશે. લગભગ ચાર દાયકા સુધી આ પ્રદેશમાં સંસ્કારસિંચન કરનાર એક સંસ્કારી નાગરિક સૂરતે ગુમાવ્યો છે.

૩૦/૧૧/૮૨



# શ્રી વીરેન્દ્રભાઈ ગાંધીની વિદાય

'શ્રી વી.વી. ગાંધી', 'વીરેન્દ્રભાઈ', 'ભાઈ' જેવા જુદા જુદા વર્ગોમાં સંબોધનો મેળવનાર શ્રી વીરેન્દ્રભાઈ વેણીલાલ ગાંધીનું તારીખ ૧૩મી ઓગસ્ટે અવસાન થયું. એમના અવસાનથી આપણા સમાજજીવનના નકશા ઉપરથી એક સૌજન્યશીલ, સૌમ્ય અને પરગજુ પ્રવૃતિના મહાનુભાવ અદ્રશ્ય થયા. બેઠી દડીનું ભરાવદાર શરીર, ગૌરવાન, હસમુખો ચહેરો, એક ખભો સહેજ ઊંચો રાખી ચાલવાની ટેવ એમના વ્યક્તિત્વનાં બાહ્ય પાસાં હતાં. શ્રી વીરેન્દ્રભાઈ ઘણા લોકપ્રિય અને આદર પામનારા સૌભાગ્યશીલ વ્યક્તિ હતા. કેટલાક માણસો પોતાના પ્રભાવક, આક્રમક અને 'એસર્ટિવ' સ્વભાવથી, વર્તનથી લોકસમાજમાં જાણીતા થાય છે. એવાઓને પણ ક્યારેક લોકપ્રિયતા મળે છે. પરંતુ કેવળ સૌજન્ય વૃતિ, હસમુખો સ્વભાવ અને પારકાનાં કામ કરી આપવાની તત્પરતાથી લોકપ્રિયતા મેળવનારા બહુ વિરલ હોય છે. આપણો નગુણો સમાજ આવી વ્યક્તિઓને કાં લખીવાળી કાં ગજવે ઘાલી ચાલે છે. પરંતુ વીરેન્દ્રભાઈ ખૂબ સૌજન્યશીલ હોવા છતાં લખીવાળી શકાય કે અવગણી શકાય એવા નહોતા. એ જ્યાં જતા ત્યાં પોતાના આગવા વર્તનથી પ્રભાવ પાડતા અને લોકાદાર મેળવતા.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને વિકસાવનાર, પગભર કરનાર અને પોતાના પ્રદાનથી ગણનાપાત્ર બનાવનાર સ્વ.દી.બ. ચૂનીલાલ માણેકલાલ ગાંધીના એ ભત્રીજા હતા. એમને પૈતૃક કોઈ વારસો મળ્યો નહોતો. જાતમહેનતથી, સ્વપુરુષાર્થથી અને પોતાની હોંશિયારી, બુધ્ધિમત્તા અને સૂઝથી આપમેળે એ આગળ વધ્યા હતા. એના એક પરિણામ રૂપે એમનો ઘરનો માહોલ અને વર્તન સાદા મધ્યમવર્ગના સદ્‌ગૃહસ્થના કુટુંબ જેવાં રહ્યાં હતાં. પોતાના વ્યવસાયમાં સારી નામના અને કમાણી મેળવ્યા છતાં એમનામાં એરિસ્ટોક્રસીની કોઈ 'સ્નોબરી' ક્યારેય દેખાઈ નહોતી. એક અદના આદમીના જેવી એમની રહેણીકરણી અને વર્તનવ્યહવાર રહ્યાં હતાં. આથી એમને ઘરે જવાનો સંકોચ થતો નહોતો, એટલું જ નહીં, પણ એમને મળવાનું ગમતું. એમના વાર્તાલાપમાં સામાને આંજી નાખવા માટેનું ચતુરચબરાકિયાપણું નહોતું. એ ઠીક ઠીક પ્રમાણમાં વાંચતા છતાં પોતે આ વાંચ્યું છે કે તે વાંચ્યું છે, એનો ક્યારેય ડોળ કરતા નહીં. એમનો વાચન શોખ કાયદાકીય પુસ્તકો

જઈને બેસી રહે. ઘરનાં સ્વજનો બૂમ પાડતાં જ રહે, અને એ રાતનો ઉજાગરો પરિણામો તૈયાર કરાવવા માટે કરતા જ રહે.

સતત વાંક દેખતા માણસોને મોંએ પણ એમની પ્રશંસા સાંભળવાની મળે. યુનિવર્સિટીના કાવાદાવા, બદલાતા કુલપતિઓ અને તેમની વાતો, અહીંનાં જાતજાતનાં ગપ્પા-બધાંથી એ અલિપ્ત અને જળકમળવત્. બીજા કર્મચારીઓ ચાલુ સમય દરમ્યાન બહાર ફરતા હોય પણ શ્રી ભટ્ટ તો આસનસ્થ બની કામ કરતા જ દેખાય. રિસેસમાં પણ એ ભાગ્યે જ બહાર દેખાય.

બબ્બે હૃદયરોગના હુમલા આવી ગયા. અને તબીબી રજા મળતા પાછા હાજર. ઓછું કામ કરવાની સલાહની અવગણના કરીને પણ એ જ રફતારથી એ કામ ચાલુ રાખે. અતિશયોક્તિ વગર અમે એટલું જરૂર કહીએ, કે યુનિવર્સિટીના પરીક્ષાના કારોબારની જે કંઈ થોડી ઘણી કામિયાબી છે તેનો યશ શ્રી ભટ્ટને જ જાય છે. એમની સાથે કામ કરનારા હંમેશા એમની આમન્યા રાખતા આવ્યા છે. એ ઊંચો અવાજ કરતા નથી અને મિજાજ પણ ગુમાવતા નથી. બીજાનું કામ પણ જાતે જ કરી લે. એમના મોંમાંથી પરીક્ષા અંગેની કોઈ ખાનગી વાત ભૂલેચૂકે પણ નીકળી નહીં જાય. એમનો અભિગમ જ એવો કે કોઈ પૂછે જ નહીં, અને 'આ વેદિયાને શું પૂછવું ?' એમ માની ચૂપ રહે. કોઈની નિંદા એ કરે નહીં અને ક્યારેક કોઈ વાત કાઢે તો ઘડમાથા વગરનો એકાક્ષરી જવાબ એમને મોંએ સંભળાય. એ કોઈ પંચાતમાં પડે જ નહીં, એટલે વહાલાં દવલાંનો પ્રશ્ન જ નહીં આવે.

આવા આદરપાત્ર બનનાર, નિરભિમાની માણસો અમે બહુ ઓછા જોયા છે. એમની રહેણીકરણી, જીવનવ્યવસ્થા અત્યંત સાદાં. ડેપ્યુટીરજીસ્ટ્રારનો કોઈ દબદબો નહીં. પનો જોઈ પાથરણું પાથરવાની વ્યવસ્થામાં માનનારા. ૩૧મી ડિસેમ્બરે આ ભટ્ટ સાહેબ નિવૃત્ત થશે. કોઈ પણ માણસ અનિવાર્ય નથી એ વાત સાચી હોવા છતાં યુનિવર્સિટીને શ્રી ભટ્ટની ખોટ સાલશે. આટલા વિશ્વાસુ, સંનિષ્ઠ, સવિશેષ તો 'ડિપેન્ડેબલ' કર્મચારી કોઈ પણ સંસ્થાની 'એસેટ' બની જાય છે. એમની આ નિષ્ઠાને એમની નિવૃત્તિને ટાણે સલામ.

૨૮/૧૨/૯૩



# અર્થશાસ્ત્ર વિદ્ ડૉ.બી.વી.મહેતાની નિવૃત્તિ

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ક્ષેત્રે, વિદ્યાર્થી આલમમાં અને શિક્ષણ જગતમાં ડૉ.બી.વી.મહેતાના નામથી જ સુપ્રસિધ્ધ ડૉ.ભાનુશંકર વિઠ્ઠલજી મહેતા આવતી કાલે નિવૃત્ત થશે. સુરતની એક કમનસીબી છે, કે સુરતમાં જ લાંબો વખતથી વસેલા, સુરતના શિક્ષણ ક્ષેત્રે કામ કરતા, અને પોતાના વિષયમાં દેશવિદેશની ખ્યાતિ પામેલા મહાનુભાવના જ્ઞાનનો અને સેવાનો એ ઉપયોગ તો કરી શકતું જ નથી. એના અસ્તિત્વની પણ એને જાણ નથી. કસ્તુરીમૃગ કસ્તુરીનો પમરાટ બહાર શોધે છે તેમ લોકડાહ્યું સુરત પોતાની નજર બહાર નાખે છે. આમ પણ સુરતની પોળો સાંકડી છે અને સુરતની પોતાની ત્રેવડ પોતાનાને જોગવવાની નથી.

છેલ્લાં વીસેક વર્ષથી અર્થશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના વડા તરીકે કામ કરતા અને રાષ્ટ્રીય સ્તરનાં અનેક ફોરમોમાં પોતાનું યોગદાન કરનાર ઔદ્યોગિક અર્થકારણના નિષ્ણાત ડૉ.બી.વી.મહેતાનો લાભ સુરતના ઉદ્યોગો લઈ શકયા નહિ. એમાં મોટો વાંક યુનિવર્સિટીનો પણ છે. ગામની બહાર વસવાયાની માફક યુનિવર્સિટી વસી છે. એને બારણે પહોંચવાનો માર્ગ દુર્ગમ છે. એના કુલપતિઓ સમારંભોમાં પ્રમુખસ્થાને કે અતિથિવિશેષ સ્થાને બિરાજે છે. એ સિવાય યુનિવર્સિટી અને તળના સમાજજીવન વચ્ચે કોઈ કાર્ય સંકલન જ નથી. બન્ને વિશ્વો એકબીજાથી અળગાં રહી વિકસતાં રહ્યાં છે. કોઈ પણ કુલપતિએ યુનિવર્સિટીને લોક આંગણે પહોંચાડવાનો પ્રયત્ન કર્યો નથી. એવી પરિસ્થિતિમાં ડૉ.મહેતા વિસરાઈ જાય એમાં નવાઈ શી ?

પ્રો.સી.એન.વકીલ આપણે ત્યાં કુલપતિ તરીકે આવ્યા ત્યારે સમાજવિદ્યાના વિભાગોને જ્ઞાનસમૃધ્ધ કરવા પોતાને પરિચિત હોય, તેજસ્વી હોય એવા વિદ્વાનોને સમજાવી જુદા જુદા વિભાગોનું નેતૃત્વ સંભાળવા સૂચવ્યું. પ્રો.વકીલની વિનંતી એમના વિદ્યાર્થીઓને ઘન આદેશ જ હોય. ડૉ.લાકડાવાળા કે ડૉ.દાંતવાળાની કક્ષાના વિદ્વાન અને અર્થશાસ્ત્રના ઊંડા જ્ઞાતા, તેજસ્વી શૈક્ષણિક કારકિર્દીવાળા ડૉ.બી.વી.મહેતાને એમણે સુરત આવી આ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગનું સુકાન સંભાળવા કહ્યું. આ વાત ૧૯૭૦માં બની, અને ડૉ.મહેતા મુંબઈ જેવી ખ્યાતનામ યુનિવર્સિટીનું અર્થશાસ્ત્ર વિભાગનું રિડરપદ છોડી પાપા પગલી પાડતી યુનિવર્સિટીમાં આવી પહોંચ્યા.

ડૉ.મહેતાએ ડૉ.લાકડાવાળાની માફક ગુજરાતને ભારતના નકશા ઉપર મુકયું. લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ જેવી સંસ્થાએ એમને વિઝિટિંગ પ્રોફેસર તરીકે નિમંત્ર્યા. ભારતની વિવિધ આર્થિક સમસ્યાઓ અંગેના નેશનલ કમિશનોમાં એમને કામગીરી સોંપાઈ. વિદ્વાનોના

વિનિમય કાર્યક્રમ હેઠળ એમને વિદેશોનાં નિમંત્રણો મળ્યાં. વિદેશોની યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાનો આપવા માટેનાં આમંત્રણ પણ એમને મળ્યાં. ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ બેંક ઑફ ઈન્ડિયાના પશ્ચિમ વિભાગના એ ગવર્નર નિમાયા.

ડૉ.મહેતાના 'ઑર્ગેનાઈઝડ પ્રાઈવેટ સેક્ટર' જેવા વિભાગને અનુલક્ષીને લખાયેલા અભ્યાસ લેખો ખૂબ ખ્યાતિ પામ્યા છે. રૂરલ લેબર, મિનીમમ વેજીઝ, ઈન્ડસ્ટ્રી એન્ડ એમ્પ્લોયમેન્ટ જેવા મહત્વના પ્રશ્નો ઉપરની એમની વિવેચના તલસ્પર્શી, સચોટ અને માર્ગદર્શક બને છે. ડૉ.મહેતા ઘણા અધ્યાપકો કરે છે તેમ માત્ર ભણાવીને કે થોડાક લેખો આમતેમ જર્નલમાં લખીને બેસી નથી રહ્યા, પણ એમણે રાષ્ટ્રની આર્થિક સમસ્યાઓનો ઉકેલ શોધવાની મથામણમાં પ્રત્યક્ષ યોગદાન કર્યું છે.

આટલા નામખ્યાત હોવા છતાં ડૉ.મહેતા નખશિખ નિરભિમાની સુજન છે. એમના નિરાડંબરી વ્યક્તિત્વમાં ફરબિડિંગ કશું જ નથી. કેટલાક માણસોને ટાળવાનું મન થાય, તો ડૉ.મહેતાને સામે ચાલીને મળવાનું મન થાય એવું મધુર એમનું વ્યક્તિત્વ છે. ભર યુવાનીમાં પત્નીના અવસાનથી જીવનમાં આવી પડેલા અવકાશ અને દુઃખને હૃદયમાં ભંડારી રાખી, પોતાને ચહેરો સતત હસતો રાખી એમણે કામ કર્યું છે. એમનું સાંસારિક જીવન આકરી તપશ્ચર્યાવાળું, શિસ્તબધ્ધ છતાં પ્રસન્ન રહ્યું છે. માણસ અંગત પીડાને જીરવીને પણ પોતાનું કામ કેટલા માધુર્યથી કરી શકે છે એ ડૉ.મહેતા પાસે શીખવા જેવી વાત છે.

યુનિવર્સિટીના ઘણા વિભાગીય વડાઓ પોતાને માથેથી જ્ઞાનના ગુમાનની પાઘડી ઊતારતા નથી- ઊતારી શકતા નથી. એમના વાણીવર્તન, વ્યવહારમાં નર્યો અહંકાર વર્તાતો રહે છે. બીજા કોઈ વિસાતમાં નથી, એવા ખાલી ચણાના વટથી પણ ક્યારેક એ બધા ફરે છે. જ્યારે ડૉ.મહેતાને મળીએ તો એ સાદા- સરળ, મળતાવડા, આપણા નિકટના મિત્ર હોય એવા જ લાગે.

યુનિવર્સિટીના ક્ષેત્રે કામ કરીને બિનવિવાદાસ્પદ રહેવું એ સદ્ભાગ્ય હોય તો જ થાય. ડૉ.મહેતા યુનિવર્સિટીના જુદાં જુદાં અધિકાર મંડળોના સભ્ય હોવા છતા પોતાની જાતને ક્યારેય યુનિવર્સિટીના રાજકારણમાં સંડોવાવા દીધી નથી. એ છેવટ સુધી બિનવિવાદાસ્પદ વ્યક્તિ રહ્યા છે. પરિણામે અહીંના વિવિધ જૂથો એમના અભિપ્રાયોનો, એમના વ્યક્તિત્વનો આદર કરતાં રહ્યાં છે. કટોકટીની ઘડીએ એમની વગનો ઉપયોગ ઘણા કુલપતિઓએ કર્યો છે. વળી પોતાના સાથીઓની સદ્ભાવના



અને પ્રેમ એમણે નિર્ભેળ અને ભરપટ્ટે પ્રાપ્ત કર્યાં છે. સામાના ગુણોની મોકળાશથી પ્રશંસા કરવી, પોતાને વિશે કે પોતાની સિધ્ધિઓ અંગે પ્રથમ પુરુષ એકવચનનો ક્યારેય ઉપયોગ નહીં કરવો, વિસમ સંજોગોમાં પણ ભ્રૂકુટિ અને અવાજ ઊંચાં કર્યા વગર પોતાનાં મંતવ્યો દ્રઢતાથી અને સ્પષ્ટતાથી કહેવા, ભભકા વિનાના, કરકસરી, છતાં સાદા અને સુઘડ લિબાશમાં રહેવું, નાનાને અને મોટાને ન્યાયના સમાન પલ્લામાં સરખા રાખવાનો ક્ષુરસ્ય ધારાનો વ્યવહાર અપનાવી ડૉ.મહેતાએ એક સાચા વિદ્વાન અધ્યાપકનો ધર્મ બજાવ્યો છે.

સુરત જેવા નાના ક્ષેત્રને પસંદ કરી પોતાની સુદીર્ઘ કારકિર્દી સુરતમાં ગાળવાનું બહુ ઓછા વિદ્વાનો પસંદ કરે છે. એમાં સુરતની પોતાની એક મર્યાદા છે. અહીં ગમે એટલી તેજસ્વી કારકિર્દીવાળી વ્યકિત હોય અને દેશભરમાં એની કાર્યશકિતની સેવા લેવાતી હોય છતાં એ વ્યકિતને ઝાઝી નામના પ્રાપ્ત કરવાની તકો મળતી નથી. ખ્યાતિ મેળવવાની જે તકો અમદાવાદ, વડોદરા કે મુંબઈમાં મળે છે, તે તકો સુરતમાં મળતી નથી. એ રીતે સુરત ઉપેક્ષિત શહેર છે. એમાં કદાચ એવી માન્યતા પણ પ્રવર્તે છે કે જે વ્યકિત અલ્પસંતોષી હોય અથવા જેમના વ્યકિતત્વમાં ગતિશીલતા ઓછી હોય, એવા જ લોકો સુરતમાં પડી રહે છે.

આ વાતમાં થોડુંક તથ્ય હોવા છતાં એમાં અપવાદો પણ છે. ડૉ.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉ.આર.કે.દેસાઈ કે ડૉ.બી.વી.મહેતા જેવાઓએ પોતે જ સુરતને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરી એક ક્ષેત્રને પોતાનામાં જે કંઈ સત્વ છે તેનો લાભ આપવાનું નકકી કર્યું. એમાં અલ્પસંતોષીની વૃત્તિ કરતાં બાહ્યાડંબર અને ભભકભરી પ્રસિધ્ધિ પ્રત્યેની ઉદાસીનતા વધારે કારણભૂત છે. સુરતમાં રહ્યાથી કદાચ એમની કીર્તિનાં મોટાં વાજાં નહીં વાગ્યાં હોય, છતાં એમની આવડતની, એમના જ્ઞાનની અને એમની શકિતની કદર બહાર થઈ છે, એની ના ન પડાય. એમ ન હોત તો ડૉ.મહેતા આટઆટલાં નેશનલ કમિશનો ઉપર કેવી રીતે નિમાત !

ડૉ.મહેતા નિવૃત્ત થાય છે ત્યારે મનમાં એક અફસોસ જરૂર રહી જાય છે. સુરતમાં વિવિધ પ્રકારના ઉદ્યોગો હરણફાળ ભરી રહ્યા છે ત્યારે ડૉ.મહેતાના ઔદ્યોગિક અર્થકારણના જ્ઞાનનો લાભ સુરતનો ઉદ્યોગ લઈ શક્યો નહી.

૨૯/૧૦/૯૧

# આજીવન શિક્ષક શ્રી. ચન્દ્રવદન શાહ

શ્રી ચંદ્રવદન શાહનું તારીખ ૧૦મી માર્ચે છયાસીમે વર્ષે અવસાન થયું. ગુજરાતના એક અગ્રણી કેળવણીકાર, શિક્ષણશાસ્ત્રી શ્રી ચંદ્રવદન શાહ આજીવન એક સાચા શિક્ષક તરીકે જીવ્યા અને કાર્ય કર્યું. શ્રી ચંદ્રવદનનું વ્યકિતત્વ બહુમુખી હતું. શિક્ષક તરીકે પોતાના જીવનની કારકિર્દી શરૂ કરનાર શ્રી ચંદ્રવદન શાહ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ બન્યા. એ બે બિંદુઓની વચ્ચે એમણે જીવનનાં ઘણાં ક્ષેત્રો પળોટી જોયાં. એ બધાંમાં પણ શિક્ષણ ચિંતનનો અને કેળવણીકાર તરીકેનો તંતુ સમાંતર ચાલતો રહ્યો, અને છેવટે એ જ ક્ષેત્રને એમણે જીવનપર્યંત અપનાવી લીધું.

શ્રી શાહ વ્યકિત તરીકે અતડા, અભિગમમાં એરિસ્ટોક્રેટિક અને દેખાવે સહેલાઈથી પહોંચી નહી શકાય એવા હતા. એમને જીવનની સારી અને સુંદર વસ્તુઓનો શોખ હતો. એમનાં વાણી,વર્તન અને રહેણીકરણીમાં પૂરેપૂરું સૉફીસ્ટીકેશન હતું. એમના પહેરવેશમાં સાદાઈ છતાં ચીવટ,બાહ્ય દેખાવ માટેની પૂરેપૂરી કાળજી અને સુઘડતા દેખાતાં હતાં. શ્રી ચંદ્રવદન શાહને લઘરવઘર કલ્પી જ ન શકાય. એમનું દીવાનખાનું જેટલું વ્યવસ્થિત અને આકર્ષક રીતે શણગારેલું હતું, એટલી જ એમની ઓફિસો પણ હતી. એમાં થોડાંક વધારે નાણાં ખર્ચવા પડે તો તેમ કરતાં એ અચકાતા નહી. એમને નહી ઓળખનારને એમનું વ્યકિતત્વ ભારેખમ લાગતું, છતાં એ હળવા બની શકતા.

આમ છતાં નાના માણસો એમની પાસે જતાં ડરતા અથવા જતાં તો એમને શ્રી ચંદ્રવદનભાઈ તરફથી બહુ પ્રોત્સાહન મળતું નહીં. શ્રી ચંદ્રવદન ચોકકસ વર્તુળમાં જ ફરતા, અને અમુક પ્રકારના માણસો જોડે જ એમનો સંબંધ રહેતો. સ્વભાવે એ આશુરોષ હતા, એ ગુસ્સે થતા ત્યારે બસ ગુસ્સો કરી બેસતા, અને સામા માણસ ઉપર એની કેવી અસર થાય છે એ જોઈ શકતા નહી. વહીવટદાર તરીકે એ 'હાર્ડ-ટાસ્ક માસ્ટર' હતા. વ્યકિત પાસે વધારે પડતા કામની સતત અપેક્ષા રાખતા, પ્રમાદી માણસને એ સહી શકતા નહી. આમ તો લોકશાહી વાતાવરણમાં એમનું ઘડતર થયું હોવા છતાં પોતાની સંસ્થામાં, કે જયાં એમને વહીવટ કરવાનો આવતો, ત્યાં એ કયારેક આપખુદ બની જતા. એમના આગ્રહો કયારેક મમતની કક્ષાએ પહોંચી જતા, અને પોતાના હાથ



નીચે કામ કરનારાઓ તરફથી એમનાં મંતવ્યોનો વિરોધ એ સહન કરી શકતા નહી. બીજાને પણ પોતાના અભિપ્રાયો હોય છે, એ વિસરી જતા. એથી ઘણા માણસોને એમની સાથે કામ કરવામાં મુશ્કેલી અનુભવવી પડી છે. એમનાં આ વલણને કારણે જ એ સ્નેહરશ્મિ જેટલા લોકપ્રિય થઈ શકયા નહી. અને છતાં શિક્ષણને ક્ષેત્રે શ્રી ચંદ્રવદનનું સર્જન-ચિંતન સ્નેહરશ્મિ કરતાં અનેકગણું વધારે હતું. પોતાના અભિપ્રાયોમાં એ જેટલા આગ્રહી હતા એટલા સ્પષ્ટ પણ હતા. એમના વ્યકિતત્વનો પ્રભાવ પડતો, અને તેથી સરકારી અમલદારો અને પ્રધાનો સુદ્ધાં એમના તરફ આદરની નજરે જોતાં. 'હી વોઝ ફીઅર્ડ રાધર ધેન લવ્ડ'.

શ્રી ચંદ્રવદન શાહ ગુજરાતી ગદ્યના એક ઉત્તમ લેખક હતા. એમની યોગ્ય સ્થાને યોગ્ય શબ્દ પસંદ કરવાની કાળજી અને ખંત, અંગ્રેજી શબ્દોને માટે યોગ્ય ગુજરાતી પયાર્યો શોધવાનો એમનો સતત પ્રયત્ન, સાચી જોડણીનો આગ્રહ અને ચીવટ એમને ગુજરાતી ભાષાના સારા જ્ઞાતા અને લેખક અને સર્જક ઠેરવે છે. એ બહુશ્રુત હતા અને એમનું વાચન પણ વિશાળ હતું. સાચા કેળવણીકારને જરૂરી વિદ્વત્તા અને સજજતા એમની પાસે પુષ્કળ પ્રમાણમાં હતાં. જેવા સરસ લેખક તેવા સરસ વકતા પણ હતા. ચોકકસ વકતવ્ય,યોગ્ય શબ્દો અને સારો અને સ્પષ્ટ અવાજ એમને આપણા સમયના સારા વકતા ઠેરવે છે.

શ્રી શાહ કોઈ પણ પ્રોજેકટ હાથ ધરતાં પહેલાં તેનું સંપૂર્ણ આયોજન કરતા. આ આયોજનમાં નાનામાં નાની વિગતોનો પણ એ ખ્યાલ રાખતા. પરંતુ શ્રી શાહ આદર્શવાદી હતા એટલે એમનું આયોજન કાગળ ઉપર જેટલું સંપૂર્ણ અને આકર્ષક લાગતું એટલું વ્યવહારમાં ઉતારી શકાતું નહી. પરિણામે શ્રી ચંદ્રવદનભાઈ જીવનભર આદર્શવાદી અને સ્વપ્નદ્રષ્ટા રહ્યા. ઝાઝા વ્યવહારુ બની શકયા નહી.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ થયા પછી એમણે પૂર્વસ્નાતક અભ્યાસક્રમના પુનર્ગઠનનો મોટો પુરુષાર્થ કર્યો. જૂના જમાનાનો ઑનર્સ કોર્સ ફરીથી લાવવાની એમની ખ્વાએશ હતી. એ જ રીતે એમણે વર્ગકાર્યના - કૉલેજોના ખરા કામકાજના દિવસો વધારવાનો પણ પ્રયત્ન કર્યો. એમના આ બન્ને પ્રયત્નો દાદ માંગી લે એવા હતા. પણ એમનો એ પદ ઉપરનો સમયગાળો ઓછો રહ્યો, એટલે એ દિશામાં કશું થઈ શકયું નહી.

અંગ્રેજી શિક્ષણના પ્રારંભની બાબતમાં એ ગુજરાત વિદ્યાપીઠ સંપ્રદાયના સાથી હતા. અંગ્રેજીના શિક્ષણનો પ્રારંભ આઠમાથી જ


સંગાથ ■ ૫૩

થવો જોઈએ, એમ એ દ્રઢપણે માનતા અને આગ્રહ પણ રાખતા. વખતના વહેવા સાથે અને આ અંગે થયેલા અનુભવ ઉપરથી એમનો એ આગ્રહ થોડોક કૂણો પડેલો હતો. પણ એમનું મંતવ્ય એ બાબતમાં ચોક્કસ અને દ્રઢ હતું.

'જીવનભારતી' એમના આદર્શોને મૂર્તિમંત કરવા માટે એમણે સ્વપુરુષાર્થથી રચેલી સંસ્થા છે. સ્વાધ્યાયી,સ્વાશ્રયી અને સ્વરોજગારલક્ષી શિક્ષણ આપવાનો એનો હેતુ હતો. 'જીવનભારતી' શરૂ થઈ ત્યારે એક બાજુ સંસ્થાએ પ્રયોગલક્ષીતાથી આકર્ષણ ઊભું કર્યું, તો બીજી બાજુ વાંકદેખાઓની ટીકા પણ વહોરી. 'જીવનભારતી'ના પ્રારંભકાળના વિદ્યાર્થીઓ આજે પણ એને ગૌરવથી યાદ કરે છે. વાસુદેવ સ્માર્ત જેવા ઉત્તમ કોટિના કલાકારનો પણ સાથ એને મળ્યો. જીવનભારતી શ્રી ચંદ્રવદનનું પોતાનું સર્જન હતું. પણ અમદાવાદમાંનું સી.એન.વિદ્યાવિહાર સ્નેહરશ્મિનું સર્જન પોતાનું નહોતું. છતાં શ્રી સ્નેહરશ્મિને જેટલી લોકપ્રિયતા વરી એટલી શ્રી ચંદ્રવદનને નહીં મળી, એ એક વક્રતા છે. એ એક કરુણતા પણ કહેવાય. એમાં ખાસ તો એમનો એરિસ્ટોક્રેટિક એપ્રોચ જવાબદાર છે.

'જીવનભારતી' એના ઈતિહાસમાં એવી આદર્શ રહી શકી નહી. એનું એક મુખ્ય કારણ શ્રી શાહની મહત્ત્વાકાંક્ષા. એ શાળા છોડી કૉલેજના આચાર્ય બન્યા અને પછી યુનિવર્સિટીના રાજકારણમાં પડયા અને કુલપતિ બન્યા. આ બન્ને કામો પૂરો સમય માંગી લે એવાં હોવાથી 'જીવનભારતી'ના વિકાસ અને ગતિવિધિ તરફ એ પૂરતું ધ્યાન આપી શકયા નહી. જો શ્રી શાહ 'જીવનભારતી'માં જ આસન લગાવીને બેસી ગયા હોત અને સાથે તથા હાથ નીચે કામ કરનારાઓ જોડે કામ લેવામાં ઉગ્રતા ને મમત ને બદલે કુનેહ વાપરી હોત તો 'જીવનભારતી' એક ઉત્તમ વિદ્યાસંકુલ બની શકી હોત. શ્રી ચંદ્રવદન શાહ પ્રકૃતિએ 'ઈમપેશન્ટ' વ્યક્તિ હતા. એમની આત્મરતિ પણ પ્રમાણ કરતાં વધારે હતી.

છેલ્લાં પાંચ વર્ષમાં એમણે 'જીવનભારતી'ના એક અંગરૂપે પ્રવૃત્તિ વિદ્યાલય શરૂ કર્યું. એની પાછળના ધ્યેયો ઊંચાં પ્રકારનાં હતાં. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ એક ઉત્તમ આદર્શ છે. પરંતુ ઉદ્યોગોના શિક્ષણની બાબતમાં પણ શ્રી શાહ છેવટ સુધી ગુજરાત વિદ્યાપીઠની જ વિચારસરણીવાળા રહ્યા. નવા નવા ઉદ્યોગો,શાખાઓ,ઉપકરણો અને ક્ષેત્રો એ ઔદ્યોગિક તાલીમમાં અપનાવી શકયા નહી. પ્રવૃત્તિ વિદ્યાલય એમના



જીવનની ઉત્તરાવસ્થાનું સર્જન હોવાથી એના વિકાસમાં પણ એ ઝાઝું સક્રિય માર્ગદર્શન આપી શકયા નહી. છતાં આ રચના એમની સતત શિક્ષણ વિષયક ચિંતનપ્રક્રિયા અને જે ચીંતવ્યું તે ચરિતાર્થ કરવાની દ્યોતક છે.

'જીવનભારતી' શ્રી ચંદ્રવદન શાહનું ઉત્તમોત્તમ સ્મારક છે. એની રચના પાછળના આદર્શો,પ્રારંભકાળે એણે ઊભો કરેલો પ્રભાવ,પ્રસંગોપાત સરકાર સાથે ઝીલવી પડેલી ટકકર વગેરે શ્રી ચંદ્રવદન શાહના પ્રચંડ પુરુષાર્થના સાક્ષી છે. વિદ્યાક્ષેત્રે પણ વ્યક્તિ 'એકટિવિસ્ટ' અને સર્જક બની શકે છે, એ શ્રી ચંદ્રવદન શાહે 'જીવનભારતી'ની રચના દ્વારા દર્શાવી આપ્યું છે. પિતા પછી પુત્રે શિક્ષણજગતને ઉજાળ્યાના ઉદાહરણો ઓછાં છે. સુરતમાં સ્વ.ચૂનીલાલ ઘેલાભાઈ શાહે પાપા પગલી પાડી ઊભા કરેલા શિક્ષણજગતને શ્રી ચંદ્રવદન શાહે વધારે સઘન બનાવ્યું અને ઊજળું બનાવ્યું.

સ્વ.ચંદ્રવદન શાહ આપણા નાગરિક જીવનની,આપણા શિક્ષણજગતની ઊંચી અસ્કયામત હતા. એમનું મન સતત વિચારોથી ઊભરાતું રહેતું. રાજકારણમાં પડતાં પડતાં એ રહી ગયા અને એનો લાભ સુરતના અને ગુજરાતના શિક્ષણજગતને મળ્યો. શિક્ષક તરીકેની કારકિર્દીના પ્રારંભમાં નઠોર વિદ્યાર્થીના ઉપર સોટીનો પ્રયોગ કરનાર શ્રી ચંદ્રવદન શાહની આખી શૈક્ષણિક વિચારણાનો અને ચિંતનનો આલેખ સતત ઊંચો જતો રહ્યો છે. સ્વભાવે પાકા સુરતી,ખાવાના શોખીન,ઊંચા ઓદ્ધાના ભારણની પાઘડી માથે રાખ્યા વિના ફરનારા,સમોવડિયાઓ સાથે સૌજન્યથી મળનારા, જીવનને પૂરેપૂરું માણનારા,ખાદીધારી છતાં ગાંધીવાદી સૂગ વગરના શ્રી ચંદ્રવદન શાહના અવસાનથી આપણું નાગરિક જીવન રંક બન્યું છે. સુરતમાંની એમની ઉપસ્થિતિ જ સુરતને માટે ગૌરવપ્રદ હતી. આજે એ ઉપસ્થિતિ રહી નથી. સુરત એટલું વધારે સૂનું બન્યું છે. •

૧૯/૩/૯૧

# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ
# એક પ્રોફાઈલ

કુલપતિ પ્રો.મુકુંદરાય ત્રિવેદી થોડાંક વર્ષો પહેલાં સૂરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના અધ્યાપક હતા. અધ્યાપક તરીકે સૂરતમાં એમણે પાંચેક વર્ષ કામ કર્યું હતું. પોતાના વિષયના સારા જાણકાર અને એક અચ્છા અધ્યાપક તરીકે એમણે નામના મેળવી હતી. ઘણા જુવાન અધ્યાપકોને મળે છે એવી વિદ્યાર્થીપ્રિયતા પણ એમને ત્યારે મળી હતી. સ્વભાવે આનંદી છતાં પ્રમાદી, સમયબદ્ધતાને નેવે મૂકનાર અને સમયપત્રક કે સમયની કોઈ પાબંદી નહી રાખનાર,અલગારી,નિજાનંદી અને સંગીતજ્ઞ કલાકાર તરીકે કલાકારની દીર્ઘસૂત્રતા સેવનાર,પોતાના બાહ્ય દીદાર તરફ ઉદાસીન વ્યક્તિ તરીકેની, તેમજ બ્રાહ્મણના આચારવિચાર જપતપ કરનારા થોડાક રૂઢિચુસ્ત તરીકેની છાપ એમણે ઊભી કરી હતી. મિત્રોમાં મળતાવડા, અને ભાગ્યે જ ઊંચા અવાજે એમને બોલતા જોયા છે. 'ગુજરાતમિત્ર'માં અર્થકારણની કોલમો લખવાની શરૂઆત કરી, પણ ચારેક કોલમોથી વધારે એ લખી શક્યા નહી. અખબારમાં દર સપ્તાહે લખવાની સમયની અનુબધ્ધતા જાળવવી પડે એ મુકુંદભાઈ જાળવી શક્યા નહોતા.

આ મુકુંદરાય ત્રિવેદી જ્યારે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે, આવ્યા ત્યારે એમને જાણનારા ઘણાને આશ્ચર્ય થયું હતું. એમની નિમણૂક અગાઉથી જાહેર નહોતી થઈ. એ આવીને આસનારૂઢ થયા ત્યારે જ એમની નિમણૂક થયાની ખબર પડી. વહીવટ અને ખટપટ પ્રો.ત્રિવેદીના સ્વભાવ સાથે મેળ નહી ખાય એવી એમના મિત્રોની માન્યતા હતી. સ્કોલરશિપ એ જ એમનો વ્યાસંગ હોઈ શકે,અને ફાજલ સમયમાં સંગીતની કલાની આરાધના હોય, એમ પણ એમના મિત્રો માનતા. શિક્ષણના વહીવટી ક્ષેત્રે એમનું નામ સંભળાયું નહોતું, પણ પ્રો.ત્રિવેદીએ આવીને એમના વિશેના ઘણા ખ્યાલો ફેરવી નાખ્યા.

સુરતમાં એમના વ્યકિતત્વનાં જે પાસાં નહોતાં ઘડાયાં તે અમદાવાદમાં ઘડાયાં. અમદાવાદમાં ક્યાં કરવા અને સ્થાન જાળવવાં રાખવા સાદા માણસને માણસ બનવું શીખવું હોય તેમાં ઊંચા સ્થાને જનારાને જઈને એ સ્થાનને સાચવી રાખવા ચોક્કસ વિદ્યા શીખવી પડે છે. પ્રો.ત્રિવેદી એમના અમદાવાદ નિવાસ દરમિયાન આ વિદ્યા શીખી ગયા હતા, અને આપણી યુનિવર્સિટીના કારભારમાં એના દર્શન આપણે કર્યા.

પ્રો.ત્રિવેદી સુરત આવ્યા ત્યારે મૌર્ય સમયના ચાણક્યની માફક એક પ્રતિજ્ઞા લઈને આવ્યા. એ પ્રતિજ્ઞા તે દક્ષિણ ગુજરાતના કૉલેજ અધ્યાપકની વગ ઓછી કરી એના પ્રમુખનો કાંટો કાઢી નાખવો. પરીક્ષકોનાં વધારેલાં મહેનતાણાં એમણે ઘટાડીને પહેલી રણભેરી ફૂંકી.

અધ્યાપક મંડળ એ આજના સમયની તાતી આવશ્યકતા છે. જો એ ન હોત તો અધ્યાપકોના ઘણા હિતોની રક્ષા તો ન જ થાત, પણ ઘણાને વારંવાર થતા અન્યાયો સામે રક્ષણ પણ ન મળત. કોઈ કુનેહબાજ કુલપતિ અધ્યાપક મંડળને પોતાની સાથે રાખી કામ કરે, અને સંઘર્ષમાં વચલો માર્ગ કાઢે. આપણે ત્યાંના અધ્યાપક મંડળના નેતાઓ અંતિમવાદી કે હઠાગ્રહી નથી. પણ પ્રો.ત્રિવેદીને એમના સમાધાનકારક વલણને ઉત્તેજી તેનો ઉપયોગ કરતા ફાવ્યું નહી.

પ્રો.ત્રિવેદીએ પોતાની બાજુ મજબૂત કરવા વિવિધ અધિકાર મંડળના વગદાર માણસોને પોતાને પક્ષે લેવાની શરૂઆત કરી. આવી અનૌપચારિક સભાઓમાં સામાને મહાત કરવાની યોજનાઓ ઘડાવા લાગી, અને કેટલાક દુભાયેલા અને રાગદ્વેષવાળા માણસો કુલપતિને પક્ષે ભેગા થવા લાગ્યા.

આવી અંગત સાઠમારીમાં મિટિંગોમાં બોલાચાલી સામાન્ય બની ગઈ, અને કુલપતિના ભારવકકર,માનમર્યાદા જતાં રહ્યાં. બે આંખની શરમ પણ રહી નહી. સભાઓ ટેકનિકલ કારણ આગળ કાઢી ખોરંભે પડાવા લાગી અને અગત્યનાં કામો વિલંબિત થતાં ગયાં. કુલપતિએ સિન્ડિકેટ જેવા અગત્યના વહીવટી મંડળની સભાઓ નિયમિત રીતે બોલાવવાનું પણ માંડી વાળ્યું. તમાશબીનોને મઝા પડવા લાગી. યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનું નૈતિકબળ ભાંગી પડ્યું. એમની કાર્યક્ષમતા ઉપર માઠી અસર થઈ.

નવા કુલપતિ સામેનું કામ ભગીરથ છે. યુનિવર્સિટીના અધિકાર મંડળોમાં પડી ગયેલી તડને એમણે દૂર કરવી પડશે. જેને જેને ઘા લાગ્યા છે,લગાવવામાં આવ્યા છે, તેને તેને હીલીંગ ટચ એમણે આપવો પડશે. અંગત રાગદ્વેષનું નહી,પણ મુદ્દાઓનું અને શૈક્ષણિક મૂલ્યોનું સ્થાપન ચર્ચાઓમાં અને સભાઓમાં કરવુ પડશે. દરેક





સંગાથ ■ ૫૭

પ્રશ્નનો નિવેડો કેવળ એની ગુણવત્તાને ધોરણે જ કરવાનું અને તે પણ ત્વરિત ગતિએ એ પ્રકારનો રવૈયો અપનાવવો પડશે. મામકા-પાંડવાની પધ્ધતિને સદંતર તિલાંજલિ આપવાની સાવધાની રાખવી પડશે. કુલપતિના ઓધ્ધાનાં માનમરતબો અને મર્યાદા પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરી જાળવવાં પડશે. અધિકાર મંડળોની સભાઓનું સમયપત્રક નકકી કરી,સભાઓ વારંવાર મળે તેની તાકીદ કરવી પડશે અને કાર્યાલયમાં કુલપતિએ વેળાસર હાજરી આપી પોતાની હાજરી અને અસ્તિત્વને ચમકાવવું પડશે, જેથી કર્મચારીઓ અને તેમની કાર્યક્ષમતામાં ચેતન આવે. ટૂંકમાં મંદપ્રાણ બનેલા યુનિવર્સિટીના હાર્દને ઉત્સાહ,તેજ અને ગતિથી ધબકતું કરવું પડશે.

૧/૧/૯૧



# ડૉ. બી.એ.પરીખ. : દ.ગુ.યુનિ.ના આઠમા કુલપતિ.

ડૉ. ભાનુપ્રસાદ અમૃતલાલ પરીખ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આઠમા કુલપતિ બને છે, અને આ પંથકના એ પદ ઉપર આવનારા એ ત્રીજા છે. દક્ષિણ ગુજરાતના શિક્ષણક્ષેત્ર સાથે વર્ષોથી નિકટવર્તી રીતે સંકળાયેલી જ વ્યક્તિ જ આ પદે આવે છે એનો આનંદ આ વિસ્તારના શિક્ષણપ્રેમીઓને થશે.

ડૉ.પરીખ પોતાના વિષયના સારા જ્ઞાતા છે. વિવિધ સાંપ્રત પ્રવાહોની એમને સારી જાણકારી છે. સવિશેષે એ એક અચ્છા અધ્યાપક છે, અને પોતાના અધ્યાપન કાર્યમાં એ સુસજ્જ, સતર્ક, ખંતીલા અને કાર્યરત રહ્યા છે. યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓમાં પડયા પછી પણ એમણે પોતાના અધ્યાપન કાર્યને 'ફર્સ્ટ લવ' ગણ્યું છે. એન.સી.સી.ના અધિકારી તરીકે વર્ષો સુધી કામ કરવાથી એમની આકૃતિમાં ઋક્ષતા કોઈને જરૂર જણાય, છતાં એમનું હૃદય મુલાયમ છે. આમ પણ એ લાગણીવેડામાં તો સરી પડતા જ નથી, પણ સ્વાભાવિક લાગણી અને સંવેદનો વ્યકત કરવામાં પણ ડૉ.પરીખ 'મેટર ઓફ ફેકટ મેન', લાગે. આમ છતાં વખત આવે એમનાં કાર્યો અને વર્તનમાં સમસંવેદન અને સમભાવ સતત દેખાયાં છે.

ડૉ.પરીખ કોઈની સાથે મતભેદ હોય અને કયારેક ઉગ્રતા થઈ હોય તો પણ હૃદયમાં કડવાશ ભરી રાખતા નથી. તે ભૂલી જઈ શકે છે, અને એમનો સ્વભાવ સતત તડજોડનો રહ્યો છે. વધતે ઓછે અંશે એ બિનવિવાદાસ્પદ વ્યક્તિ છે. આગલા કુલપતિના અમલ વખતે બે જૂથોની વચ્ચે વિષ્ટિકાર તરીકેની એમની સેવા આટલા જ કારણસર લેવામાં આવતી હતી. કુલપતિ તરીકે માથાફરેલનું કામ નહીં. એ અંતિમવાદી નથી અને જરૂર પડે મધ્યમ માર્ગ અપનાવવામાં એમને વાંધો આવતો નથી. રેશ્નાલિસ્ટ એસોશીએશનના એ સ્થાપક-પ્રણેતા હોવા છતાં જરૂર પડે જોશીઓને પણ એ પૂછી લે એવી કિંવદંતીઓ ચાલે છે. કડવાશ અને ડંખરહિત પ્રકૃતિના એ હોવાથી યુનિવર્સિટીની જૂથબંધીને એ ટાળી શકશે અને પોતાને જૂથોથી પર રાખી શકશે એવી અપેક્ષા રાખી શકાય. વળી રાજ્ય સરકાર સાથે પણ ઘણા કુલપતિઓને બાખડી બાંધવી પડે, તે એમને નહી કરવું પડે, એમ જરૂર માની શકાય.

ડૉ.પરીખ એક મહત્વાકાંક્ષી વ્યક્તિ છે, અને સાથોસાથ ખૂબ નસીબદાર પણ છે. ૧૯૫૫થી અત્યાર સુધી એમને મળેલાં પદો એમની આગળ તાસક ઉપર મૂકાઈને આવ્યાં છે. જીવનમાં કે વ્યવસાયમાં કે કારકિર્દીની મહત્વાકાંક્ષા પ્રાપ્ત કરવામાં એમને કોઈ સંઘર્ષ કરવો પડયો નથી. અધ્યાપનના વ્યવસાયમાં પડેલી હોવા છતાં એક વ્યક્તિની જે સર્વોચ્ચ મહત્વાકાંક્ષા હોય તે કુલપતિ પદ મળતાં સિધ્ધ થઈ હોવાનું કહી શકાય. ષષ્ટિપૂર્તિને ઉંબરે ઊભેલા ડૉ.પરીખની કારકિર્દીનું એ છોગું છે.

પરંતુ ડૉ.પરીખના ચઢાણ સીધાં અને કપરાં છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આજની દશા જવાલામુખીના વિસ્ફોટથી બિસ્માર બની ગયેલા પોમ્પીઆઈ નગર જેવી છે. એનાં રાચરચીલા-પંખાઓનો હિસાબ નથી. એનાં તમામ મકાનો ચોધારે ગળતાં રહ્યા છે. એની આજુબાજુની વિશાળ જમીન ઊષરભૂમિ તરીકે યુનિવર્સિટીની કુરૂપતાની પાર્શ્વભૂ બની 'આ શા તુજ હાલ'! કહી રહી છે. મકાનમાં લટકાવેલા પંખા કયારે તૂટી પડશે અને પાણીની મોટર કયારે બળી જશે તે માટે રોજ રાહ જોવી પડે છે, અને નીચે બેસનારાઓએ સતત સાવધાની રાખીને બેસવું પડે છે...

...ડૉ. પરીખ એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના આચાર્યપદે આઠેક વર્ષ રહ્યા. પરંતુ એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજનો માહોલ એના પૂર્વસૂરિઓને હાથે ઘડાયેલો જુદો જ છે. આજે ડૉ. પરીખ કાજળ કોટડીમાં પદાર્પણ કરે છે ત્યારે આપણી શુભેચ્છાઓ એમની સાથે જ હશે.

૧૩/૮/૯૧

૧૩/૮/૯૧



૬૦ ■ સંગાથ

# એક કર્મઠ કુલપતિની ચિરવિદાય

## સ્વ. ઈશ્વરભાઈ પટેલ

થોડાક દિવસો પહેલાં શ્રી ઈશ્વરભાઈ જે. પટેલનું અમદાવાદમાં અવસાન થયું. એમના અવસાનથી ગુજરાતના કેળવણીના નકશા ઉપરથી એક નોંધપાત્ર વ્યક્તિનો લોપ થયો. એમના અવસાને આપણા વિસ્તારનું જેટલું ધ્યાન ખેંચવું જોઈએ તેટલું ધ્યાન ખેંચ્યું નથી. બીજાઓની જેમ શ્રી ઈશ્વરભાઈ ઝાઝા બોલકા નહોતા, કે આત્મપ્રસિધ્ધિની ઝાઝી ખ્વાએશ રાખનારા નહોતા. છતાં આપણા કેળવણીના ક્ષેત્રે એમણે બજાવેલા કાર્યની નોંધ લેવી જરૂરી છે. એમની શૈક્ષણિક કારકિર્દી ઉજજવળ હતી અને એક સારા એકેડેમીશિયન તરીકે પણ જાણીતા હતા.

શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ ગુજરાતની ત્રણ યુનિવર્સિટીઓના કુલપતિપદે રહી ચૂકયા હતા. સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી. ગુજરાત યુનિવર્સિટીના એ જયારે ૧૯૭૭ના અરસામાં કુલપતિ હતા ત્યારે કોઈપણ કુલપતિની થઈ નહી હોય એવી પજવણી અધ્યાપકમંડળે એમના આંદોલન દરમ્યાન કરી હતી. ચેઈઝ ધ વાઈસ-ચાન્સેલર-કુલપતિનો પીછો કરો- નો એક કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. એમના ઘરની ઘંટડી એ ઊંઘતા હોય ત્યારે વગાડયા કરવી. એ જયાં જાય ત્યાં એમનો પીછો કરી એમને અંગે ગમે તેવાં સૂત્રો ઉચ્ચારવાં, બની શકે તેટલી બધી જાતની પજવણી એમની ત્યારે કરવામાં આવેલી.

આ સમય દરમ્યાન અમારે સ્વ.ગોરધનદાસ ચોખાવાલા સાથે એમને મળવાનું થયું. અમને પહોંચતાં આપેલા સમય કરતાં બે કલાક મોડું થયું, છતાં અમારી રાહ જોતાં એ બેસી રહ્યા હતા. ચરોતરની ધીંગી પરોણાગત કરતાં કરતાં એમણે એમની થઈ રહેલી પજવણીની વાત જરા પણ ઉશ્કેરાયા વિના વિગતપૂર્ણ રીતે કરી. બનતા સુધી ત્યારે પરીક્ષા બહિષ્કારનું આંદોલન અધ્યાપકોએ શરૂ કર્યું હતું અને એમાંથી નીકળવાનો માર્ગ એ શોધતા હતા. સ્વસ્થતા અને ખમી ખાવાનો ગુણ એમના વ્યક્તિત્વનાં મહત્વનાં પાસાં હતાં.

એમની કાર્યશક્તિ અજબ હતી. એ કુલપતિપદે હતા ત્યારે પણ એમનું ટેબલ હમેશાં ચોખ્ખું રહેતું. કોઈકે એમ પણ કહેલું કે 'એમના ટેબલ ઉપર ફાઈલ આવે એટલે એને પાંખો ફૂટતી.' એમને માટે કામ કરવાના કોઈ કલાકો નકકી નહોતા. આપણી યુનિવર્સિટીઓમાં આજે કામ ખૂબ રગસિયા ગતિએ ચાલે છે. નિર્ણયો લેવામાં દિવસો નીકળી જાય છે. યુનિવર્સિટી વહીવટીતંત્રની આ મોટી નામોશી છે. પરંતુ ઈશ્વરભાઈ પટેલ પોતાની ધીંગી સૂઝથી (સાઉન્ડ કોમનસેન્સ) નિર્ણયો

ઝડપથી લેતા. કેટલાક નિર્ણયો વિવાદાસ્પદ પણ હતા, છતાં નિર્ણયો લેવાતા, કામ આગળ ચાલતું. તંત્રમાં જડ સ્થગિતતા કયાંય નહોતી.

શ્રી ઈશ્વરભાઈ પટેલની એક મહત્વની ખૂબી એ હતી, કે પોતે કુલપતિ છે એવું ઘંટીનું પડ ગળામાં લટકાવીને એ ફર્યા નહોતા કરતા. નાનો માણસ પણ જો કામનો હોય તો તેની પાસે એ જાતે જતા, અને સામે બેસીને પોતાનું કામ મીઠાશથી કઢાવી લેતા. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી એમના સમય દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીને વિવિધ પ્રકારનું ઘણું મોટું અનુદાન મળી શકયું હતું. કમિશન પાસેથી દાન મેળવવાની એમની આગવી રીત હતી. કમિશનના એમના ઉપર ચારે હાથ હતા. જરૂરી સેકશનમાં નાનામાં નાના કારકુનને એ મળતા અને મીઠાશથી પોતાનું કામ કઢાવી લેતા. એમ કરવામાં એમને કયારેય નાનમ લાગી નહોતી. આમ એમણે ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસનો, વિભાગોનો અને સંસ્થાઓનો જબરદસ્ત વિકાસ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય દ્વારા સાધ્યો હતો. આ વાત એમના વિરોધીઓ પણ કબૂલતા. સ્વ.ઈશ્વરભાઈને રાજકારણમાં 'મામકા પાંડવા' જેવું ઝાઝું નહોતું, હોય તો પણ એ દર્શાવતા નહી, એમને જનતા પક્ષની સરકાર કે કોંગ્રસ પક્ષની સરકાર, બન્ને સાથે એક સરખી રીતે ફાવતું હતું. એમની કુનેહ જ એવી હતી કે એમને કામ કરવામાં કે કામ કરાવવામાં જુદા જુદા પક્ષના માણસો નડતા નહોતા. એમના કુલપતિ પદ દરમ્યાન એમણે બન્ને પક્ષોની વારાફરતી આવેલી સરકાર સાથે કામ હતું. પોતાને એ રાજકીય કે પક્ષપાતી વિવાદોમાં સંડોવતા નહીં. કોંગ્રેસ અને જનતા બન્ને સરકારોને એ સ્વીકાર્ય બન્યા હતા.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના અધ્યક્ષપદે એમની નિમણૂક કરવામાં આવ્યા પછી એમણે એ બોર્ડની પ્રવૃતિ વેગવાળી બનાવી. જુદા જુદા વિષયો અને તેમાં પણ કેટલાક તકનીકી વિષયો ઉપર એમણે ગુજરાતીમાં પુસ્તકો તૈયાર કરાવ્યાં. આ પુસ્તકો ખપે એ માટે એમણે કૉલેજોના આચાર્યોને અંગત પત્રો લખ્યા અને પુસ્તકો અંગેની વિસ્તૃત માહિતી પણ મોકલી આપી. એમની જીવનસંધ્યાનું મહત્ત્વનું કામ મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમીના નિયામક તરીકેનું છે. આ વિદ્યાપીઠ દ્વારા એમણે વૈદિક સંશોધનો અને પ્રકાશનોની પ્રવૃત્તિ હાથમાં લીધી. વૈદિક ગણિત જેવા વિષય ઉપર સંશોધન કરી પુસ્તકો તૈયાર કરાવ્યાં. વળી આપણા ધાર્મિક કર્મકાંડો અંગે પણ પુસ્તકો ગુજરાતીમાં તૈયાર કરાવ્યાં. એ દિશાની એમની પ્રવૃત્તિ પ્રશંસનીય હતી. આ પુસ્તકો અંગે પણ એમણે જાતે રસ લીધો



અને લોકોનું ધ્યાન ખેંચાય એ માટે પ્રચાર પ્રવૃત્તિ એમણે ચાલુ રાખી. વૈદિક સંશોધનનું એટલું જબરદસ્ત કામ ગુજરાતમાં બીજા કોઈએ કર્યુ નથી.

લગભગ બે અઢી વર્ષ પહેલાં એ સુરત આવ્યા ત્યારે એમની સાથે છેલ્લી મુલાકાત થઈ હતી. ગુજરાત સરકારે નીમેલી 'બેસ્ટ કૉલેજ એવોર્ડ' સમિતિના સભ્ય તરીકે કૉલેજોની મુલાકાતે એ આવ્યા હતા. કેન્સરના ઓપરેશનને કારણે એ બેસી પણ શકતા નહોતા છતાં એમનો ઉત્સાહ, બોલવાની પેલી ચરોતરી રીત જે પહેલાં જોયેલાં તેવાં ને તેવાં જ હતાં. એ સમયે પણ એમણે મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમીની જ વાતો કરી હતી. નવાં નવાં પ્રકાશનો અને તેની ઉપયોગીતાની વિગતો આપી હતી. એ પ્રકાશનોની માહિતી આ વિસ્તારની પ્રજાને થાય એ એમની ઈચ્છા હતી. અમુક પ્રકાશનો જોયાં નહોતાં એટલે અમદાવાદ જઈ મોકલવાનું એમણે જણાવ્યું હતું અને આઠ દિવસમાં એ પ્રકાશનો એમણે મોકલી પણ આપ્યાં હતાં.આવી સમિતિની આકરી ગણાય તેવી, ખાસ તો આખા ગુજરાતમાં ફરવાની કામગીરી, એમણે આવી નબળી તબિયતે શા માટે સ્વીકારી હશે એવું આશ્ચર્ય પણ ઘણાને થાય. છતાં જે ક્ષેત્રમાં પડયાં અને જે ક્ષેત્રની કામગીરી ઉપાડી તે કામગીરી પાર પાડવાની એમની ધગશ વિશે માન પણ જરૂર થાય.

સ્વ.ઈશ્વરભાઈ પટેલની ગુજરાતના કેળવણી ક્ષેત્રે એક જમાનામાં બોલબાલા હતી. એક કર્મઠ,ધ્યેયનિષ્ઠ,વ્યવહારુ અને જે કામ ઉપાડયું તે પૂરું કરવાની ધગશવાળા કુલપતિ તરીકે એ જરૂર યાદ રહેશે. 'સાઉન્ડ કોમનસેન્સ' અને નમ્રતાથી સામા માણસને મહાત કરવાની આવડત એમના મહત્ત્વનાં શસ્ત્રો હતાં. કસોટીના સમયમાં ધીરજ ધરી એ કાળ વીતી જાય તેની રાહ જોવા જેટલી સ્વસ્થતા પણ એમનામાં હતી. એમના વ્યક્તિત્વમાં મુલાયમતા કરતાં બરછટતા વધારે હતી, વાણીમાં પણ કેળવેલા સોફીસ્ટીકેશનને બદલે બળકટતા વ્યક્ત થતી હતી. છતાં સાદાઈ અને સામા સાથેનું એમનું વર્તન અસરકારક હતા. આપણી યુનિવર્સિટીઓના ડૉ.ઉપેન્દ્ર બક્ષી કે ડૉ.ભીખુ પારેખ કે પ્રો.કે.એસ.શાસ્ત્રી જેવા 'સોફીસ્ટીકેટેડ' વિવિધ રંગી વ્યક્તિત્વવાળા કુલપતિઓમાં સ્વ.ઈશ્વરભાઈ પટેલ એમના 'ડાઉન ટુ ધ અર્થ' જેવા ધીંગા અનોખા વ્યક્તિત્વથી,અનોખી વાણીથી અને અનોખી કાર્યપધ્ધતિથી જુદા જ તરી આવશે, અને એ રીતે એ યાદ રહેશે. નિવૃત્તિ પછી વેદ વિજ્ઞાનના ક્ષેત્રમાં આટલું બધું કામ કરનારા તરીકે પણ યાદ રાખવા જેવા એ હતા.

૨૧/૧૧/૮૭

# શ્રી.ધીરૂભાઈ દેસાઈ-ગતિશીલ ન્યાયના પુરસ્કર્તા

ડૉ.ઉપેન્દ્ર બક્ષીને અલવિદા લખતી વખતે અમે નોંધેલું કે સૂરતની પોળ અતિ સાંકડી છે, અને સૂરત એના જ સપૂતોની કદર નથી કરી શક્યું, તો બીજાની તો વાત જ શી ? આ વાત કેટલી બધી સાચી છે. આઠમી મેને દિવસે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ધીરૂભાઈ અંબેલાલ દેસાઈ પાંસઠ વર્ષ પૂરાં કરતાં સુપ્રીમ કોર્ટમાંથી નિવૃત્ત થયા. શ્રી.ડી.એ.દેસાઈ એટલે ગુજરાતના-સૂરતના એક સપૂત, જેમણે સૂરતનું નામ દિલ્હીના ન્યાય તખ્ત ઉપર ગૂંજતું કર્યું. માત્ર જન્મે જ નહિ, પણ અભ્યાસે, વતને, ઉછેરે અને પ્રારંભની કારકિર્દીનાં ઘડતરમાં પણ એ પાકા સૂરતના. સૂરતના આ સપૂત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના ઊંચા ઓધ્ધા ઉપરથી નિવૃત્ત થયા એની નોંધ ગુજરાતનાં વર્તમાનપત્રોમાં તો લેવાઈ નહી પણ સૂરતનાં વર્તમાનપત્રોએ પણ એ નોંધ લીધી નહી. દિલ્હીમાં સુપ્રીમ કોર્ટના બાર એસોસીએશને એમનું વિદાયટાણે બહુમાન કર્યું અને જાણકારોના જણાવ્યા પ્રમાણે નિવૃત્ત થતા બહુ ઓછા ન્યાયાધીશોના ભાગ્યમાં આવું વિદાયમાન લખાયેલું હોય છે. દિલ્હીનાં વર્નમાનપત્રોએ શ્રી.દેસાઈની નિવૃત્તિ ટાણે એમની કારકિર્દીની સમીક્ષા કરી, એમની ભારોભાર પ્રશંસા કરી. આપણે અહી દિલ્હીથી અને આપણા પોતાના જ માણસથી એટલા બધા આઘા થઈ ગયા છીએ, કે સૂરતનો માણસ દિલ્હી ગજવે, અને દિલ્હીમાં માન મેળવે, એની ખબર આપણને સૂરતમાં પડે પણ નહીં.

શ્રી ધીરૂભાઈ દેસાઈની કારકિર્દી એક વિશિષ્ટ પ્રકારની છે. એમ.ટી.બી. કૉલેજમાં એમના જે સહાધ્યાયીઓ હતા તેમને એમના ક્યારેક અધીરા, ક્યારેક આકળા સ્વભાવનો પરિચય હતો. એમનો મોટો ઘાંટો, અટ્ટ-હાસ્યમાં સરી પડવાની ટેવ, હાથ હલાવવાની કે ડોકું હલાવવાની ટેવ એ જજ થયા તો પણ રહી હતી. પણ ધીરૂભાઈ સામાન્ય પ્રકૃત્તિના જજ નહોતા. એમણે પોતાની કારકિર્દી સૂરતમાં વકીલાતથી શરૂ કરી. સિવિલ-ક્રિમિનલ બન્ને બાંજુનો એમને અનુભવ હતો. ડિસ્ટ્રીકટ જજ થયા, હાઈકોર્ટ જજ પણ થયા, અને છેવટે સુપ્રીમ કોર્ટ જજ ૧૯૭૭માં થયા. દીહેણ જેવા ગામમાં એ ઉછરેલા અને ગ્રામીણ પ્રજાની ગરીબી, શોષણખોરી અને શ્રીમંતો તથા સત્તાધીશોને હાથે તેમની થતી કનડગતનો એમને પ્રત્યક્ષ અનુભવ હતો, એટલે ન્યાયાધીશ થયા પછી એમણે હંમેશાં ગરીબો, કચડાયેલા અને સમાજતિરસ્કૃત માણસો ગણોતિયા, વેઠિયા વગેરેને ન્યાય મળે એ તરફનો ઝોક



એમના ચુકાદાઓમાં સ્પષ્ટ દેખાતો. પોતાની સામે પડેલા કેસની નાનામાં નાની વિગતોનો અભ્યાસ એ કરતા. એમાં સંડોવાયેલા કાયદાના તમામ મુદ્દાઓની જાણકારી તાજી કરી લેતા, અને વિગતોની માહિતી એટલી સંપૂર્ણ રહેતી, કે એમની સમક્ષ ઊભા રહેતા ધૂરંધર વકીલોને પણ મહેનત કરવી પડતી. એમના સ્પષ્ટ અભિપ્રાયો' કાયદાનું આખાબોલું અર્થઘટન, આપણે ત્યાં ચાલુ રહેલી બ્રિટિશ ન્યાયપધ્ધતિ અને બ્રિટિશ જમાનામાં ઘડાયેલા કાયદાઓની બદલાયેલી વર્તમાન પરિસ્થિતિમાં સંદર્ભરહિતતા અને તેથી તેમાં અશ્રધ્ધા વગેરેને કારણે એમની સાથે બેસનારા 'બ્રધર જજો' અને સમક્ષ ઊભા રહેનારા વકીલો ધૂંવાફૂંવા થતા. છતાં ધીરૂભાઈ એમના અભિપ્રાયોમાં મક્કમ રહેતા. એમના ગરીબોને ન્યાય મળે એ ઝોકમાંથી એ કદી વિચલિત થયા નહોતા. એમનાં પત્નીની ગંભીર માંદગી સમયે પણ એ પોતાની ફરજ પરત્વે એટલા જ જાગૃત રહ્યા હતા. એક સિનિયર એડવોકેટે એક વાર એમને છંછેડવા ગયા એટલે જસ્ટિસ દેસાઈએ ધડ દઈને કહી દીધું, ''ઓ.કે. તમે શું કરી શકશો ? આગે બઢો અને મારી વિરુધ્ધ બારમાં ઠરાવ પસાર કરાવો. મારી સામે કામ ચલાવો''. પાછળથી આ એડવોકેટને દિલગીરી વ્યક્ત કરવી પડી હતી. દિલ્હીની સુપ્રીમ કોર્ટમાં ન્યાયનું ગૌરવ જળવાય અને ગરીબોને ન્યાય મળે એ માટેનો આગ્રહ રાખનાર અને સુપ્રીમ કોર્ટના બારને સતત જાગ્રત રાખી વિમાસણમાં મૂક્નાર જસ્ટિસ શ્રી ધીરૂભાઈ દેસાઈ સૂરતના હતા. આપણી વચ્ચે રહેનારા હતા. આપણામાંના હતા, એ વાત જ કેટલી આનંદપ્રદ અને ગૌરવપદ છે. એમની નિવૃત્તિ ટાણે દિલ્હીના લબ્ધપ્રતિષ્ઠ વર્તમાનપત્ર 'ધ હિંદુસ્તાન ટાઈમ્સ એના તા. છઠ્ઠી મેના અંકમાં પ્રગટ કરેલી નોંધ અહી ઉતારવા જેવી છે. એ નોંધનું શીર્ષક છેઃ 'ધ વોરીઅર જજ'.

''આ ન્યાયાધીશ યોધ્ધાને માટે ખરેખર કેટલીક ક્ષણો પીડાની અને નિરાશાની પણ આવી છે. હજી સુધી અણછતાં રહેલાં કારણોસર નીમવા ધારેલા 'જ્યુડીશીયલ રિફોર્મ કમિશન'ના એ અધ્યક્ષ થઈ શક્યા નહી. એક આક્ષેપ એવો પણ કરવામાં આવે છે કે અસ્તિત્વમાં છે તે ન્યાયપધ્ધાતિમાં અશ્રધ્ધા ધરાવનાર અને તેને ધડમૂળથી દૂર કરવાની હિમાયત કરનાર જજ એનો અન્ય વિકલ્પ સૂચવી શક્તો નથી. એમની નિવૃત્ત થવાની ઘડી આવી ત્યારે જ એમનાં પત્ની અવસાન પામ્યાં. જ્યારે પત્રકારો એમને આશ્વાસન આપવા ગયા ત્યારે એમનાં પત્નીના ફોટા સામે પ્રગટાવેલા દીવાની જ્યોત સામે તાકીને જોતાં એ બેઠા હતા, જાણે ફરી યુધ્ધે ચઢવાને સતત તત્પર હોય એ રીતે ! બે દિવસ પછી જસ્ટિસ દેસાઈ ન્યાયાલયમાંથી સાદા નાગરીકજીવન જીવવા તરફની એકાકી યાત્રાએ ચાલ્યા જશે. જે માણસો

પોતાને ન્યાય મળ્યો છે એમ માનતા હશે તે સૌ એમના તરફ સદાના અનુગ્રહી રહેશે. એવા માણસોની સંખ્યા શબ્દશઃ લાખ્ખોની છે. જે થોડાક મુઠ્ઠીભર માણસોને એમ લાગતું હશે કે એમને ન્યાય આપવામાં આવ્યો નથી એ સૌ પણ એમને યાદ કરશે. એમાં ગુસ્સે ભરાયેલા વકીલો હોય અને એમના સાથી જજો પણ હોય. પણ એમાંથી કોઈ એમ કહી શકશે નહીં, કે એમની કોર્ટમાં કે એમની સાથે ન્યાય પ્રાપ્તિની ગતિવિધિમાં એકે ક્ષણ મંદ કંટાળાની આવી હતી''. એક નિવૃત્ત થતા ન્યાયાધીશને દેશના એક લબ્ધપ્રતિષ્ઠ રાષ્ટ્રીય વર્તમાનપત્રે નોંધેલી વિદાયપ્રશસ્તિ જ શ્રી ધીરૂભાઈ દેસાઈનાં કાર્યની શ્રેષ્ઠ બિરદાવલિ છે. સૂરતે હજી એ બિરદાવલિ ગાવાની બાકી છે. - ધીરૂભાઈ સૂરતમાં વસવાટ કરવાના છે, તે આનંદની વાત છે. સૂરતનું રંક જાહેર જીવન સમૃધ્ધ થઈ શકશે.

૨૮/૫/૮'



# સાચ્ચા મહાજન ગોરધનદાસ ચોખાવાળા

શ્રી.ગોરધનદાસ ચોખાવાળાના અવસાનને આજે બરાબર આઠ દિવસ પૂરા થશે. સામાન્ય રીતે વ્યક્તિની અવસાન નોંધમાં ઘણી ઔપચારિક વાતો થતી હોય છે, અને તે વ્યક્તિને માટે હમેશાં સારી સારી જ હોય છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ ડૉ.ઉપેન્દ્ર બક્ષી મજાકમાં કહેતા કે ''હું જ્યારે મારે માટે સારી સારી વાતો સાંભળતો હોઉ છું ત્યારે જાણે મારી 'ઓબીચ્યુઅરી' (અવસાન નોંધ) સાંભળતો હોઉ એવું લાગે છે.'' આપણે આપણા મહાજનોને એમની હયાતીમાં બિરદાવવા જેટલા હજી ગુણાનુરાગી થયા નથી. પણ શ્રી.ગોરધનદાસભાઈને માટે એમની અવસાન નોંધ ઔપચરિક રીતે પણ જે કંઈ કહેવાયું કે કહેવાય તે વાસ્તવિક અને તાત્ત્વિક રીતે પણ સાચું ઠરે એવું છે.

સૂરતના જાહેર જીવનને કે નાગરિક જીવનને ગૌરવ અપાવનાર અને આપનાર વિરલ મહાનુભાવોમાં સ્વ. ગોરધનદાસભાઈનું સ્થાન મોખરે રહેશે. ગોરધનદાસભાઈની રાજકીય કારકિર્દી વિશે ઘણું કહેવાયું અને હજી પણ કહેવાશે, એટલે એ વાતની પુનરુક્તિ અમારે કરવી નથી. પરંતુ રાજકારણથી અતિરિક્ત રહીને એમણે સૂરતના જાહેર જીવનને ગૌરવ આપ્યું છે, અને એ વાત ઘણી મહત્ત્વની છે. સૂરતને નામાંકિત તબીબો,ધારાશાસ્ત્રીઓ, શિક્ષકો મળયા છે અને એ સૌએ આ શહેરના જીવનને સમૃધ્ધ કર્યું છે, પરંતુ એમાંના ઘણાનું કાર્ય કેવળ પોતાના ક્ષેત્ર પૂરતું જ મર્યાદિત રહ્યું છે. જ્યારે ગોરધનદાસભાઈના ક્ષેત્રનો પરીઘ વિશાળ અને વ્યાપક રહ્યો છે.

એમની રાજકીય કારકિર્દીનો પ્રારંભ સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડતથી થયો. ગુજરાત વિદ્યાપીઠ જ્યારે એના પૂર્ણોદયની કક્ષાએ હતી ત્યારે ત્યાં એમણે શિક્ષણ લીધું અને એ શિક્ષણને એમણે પોતાની રગોમાં ઉતારી દીધું. ગુજરાત વિદ્યાપીઠનું ત્યારનું શિક્ષણ એટલે મૂલ્યાધારિત જીવનવ્યવહાર, સિધ્ધાંતમૂલક વિચારસરણી અને સાદાઈના પાયા ઉપરનું જીવન. ગાંધીજીના આકરા પ્રભાવ હેઠળ આ શિક્ષણનીતિનું ઘડતર થયેલું અને એનાથી પણ વધારે આકરી તાવણી હેઠળ ત્યાં ભણતા વિદ્યાર્થીઓનું ઘડતર થતું. ગોરધનદાસભાઈનું ઘડતર એવી આકરી તાવણી હેઠળ થયું.

સૂરતના એ સમયના રાજકારણના રંગે એ રંગાયા અને એમણે પોતાનું આખું જીવન રાજકીય પ્રવૃત્તિને સમર્પિત કરી દીધું. ૧૯૪૭ કે ૧૯૫૦ સુધીના રાજકારણની ચોકક્સ પરિપાટી હતી. એની ચોકક્સ ફોર્મ્યુલા હતી, અને ગોરધનદાસભાઈનાં જીવન અને માનસના ઘડતરને એ અનુરૂપ હતી. એમની પ્રવૃત્તિનો પૂરેપૂરો ભાગ્યોદય આ સમય દરમ્યાન થયો અને એમની પ્રવૃત્તિઓનું સાચું સત્વ ત્યારે પ્રગટ્યું. સૂરતને એમણે એનું પ્રદાન કરી દીધું. સૂરતના જાહેર જીવન ઉપર એ પૂર્ણપણે છવાઈ ગયા. સૂરતના જાહેર જીવનના એ પર્યાય પણ બની ગયા.

ગાંધીજીના અવસાન પછી અને એથી વિશેષ પણ નહેરુના અવસાન પછી જે રાજકારણ અને જે રાજકારણીઓ ઊભા થતા ગયાં તેમની સાથે પાનું પાડવાનો એમને સમય આવ્યો, ત્યારે રાજકારણની ખરી કટુતાનો એમને અનુભવ થવા લાગ્યો. મૂલ્યાધારિત રાજકારણ અને ખંધું અને ખુશામતિયું રાજકારણ એ બેની વચ્ચેની ભેદરેખા વધારે ને વધારે પાતળી થવા માંડી. ગોરધનદાસભાઈનું વિચ્છિન્નિકરણ (એલીએનેશન) ખૂબ ઝડપથી થવા લાગ્યું. ઊભી થતી જતી નવી જમાતમાં એ અજાણ્યા અને 'મીસફીટ' બનતા ગયા. એની ચરમસીમા સિત્તેરના દાયકાના પ્રારંભે એમને વેઠવી પડી. રાજકારણના નગુણાપણાનો પરચો એમને મળી ગયો. 'જુલીઅસ સિઝર'માં સિઝરની જેવી દશા થઈ, એવી દશા એમની આ નઘરોળ અને ક્રૂર રાજકારણની કઠોરતાએ કરી.

કોઈ પણ સંવેદનશીલ માણસને ભાંગી નાખે, નિર્ભ્રાંત કરે અને વેરભાવનાને જન્માવે, એવો એ અનુભવ હતો. પણ ગોરધનદાસભાઈનું ઘડતર તે સમયની ગુજરાત વિદ્યાપીઠમાં અને ગાંધીજીના પ્રભાવ હેઠળ થયેલું, એટલે એ ચોકક્સ નિર્ભ્રાંત થયા, પણ ભાંગી નહી પડયા અને વેરભાવનાના સાણસામાં પણ સપડાયા નહી. રાજકારણના અને રાજદરબારના ખૂની ભપકાઓની સાચી પ્રતીતિ એમને થતાં એમણે પોતાના જીવનને સમાજસેવા તરફ વાળ્યું.

ગોરધનદાસભાઈને અમે બહુ નિકટતાથી ઘણીવાર જોયા નથી. પણ એમના વ્યક્તિત્વનું જે દૂર નજીકનું દર્શન અમને થયું છે એટલું પણ એમને સમજવા અને અહીં વ્યક્ત કરવા માટે પૂરતું છે.ગોરધનદાસભાઈ સ્વભાવે આશુરોષ હતા. અમને કમમાંકમ અમારા પરિચયના પ્રારંભે એ આશુરોષ લાગ્યા હતા. અંગ્રેજીના શિક્ષણના પ્રારંભનો વિવાદ જ્યારે એના ઉગ્ર સ્વરૂપે ૧૯૫૦ ની આસપાસ પ્રચંડતાએ પહોંચ્યો હતો ત્યારે અંગ્રેજી માધ્યમના સખત વિરોધી અને આઠમાથી જ અંગ્રેજીના



શિક્ષણનો પ્રારંભ કરવાના પ્રખર હિમાયતી ગોરધનદાસભાઈનું ઉગ્ર સ્વરૂપ અમે નિહાળ્યું છે. સામસામાં કેમ્પમાં હોવાથી પ્રતિદલીલોને સાંભળવાની ધીરજ એમનામાં તે સમયે નહોતી. અંગ્રેજી માધ્યમ અને અંગ્રેજીના શિક્ષણના પ્રારંભના બે ભિન્નભિન્ન મુદ્દાઓની એ સતત સેળભેળ કરી દેતા. કદાચ ઉગ્રતાને કારણે એમ થતું, અને પછી એ વાત એમને માટે લગભગ વળગણરૂપ (ઓબ્સેશન) જેવી બની ગઈ હતી અને વર્ષો સુધી રહી હતી.

અંગ્રેજીના શિક્ષણ વિશે એમના જે અભિપ્રાયો હોય તે, પણ અંગ્રેજી ભાષામાં લખાયેલું અને બોલાયલું એ બરાબર સમજી શકતા. જો ઉગ્ર 'મૂડ'માં ન હોય તો કોઈ પણ અટપટા મુદ્દાને કે જટિલ પ્રશ્નને એના સમગ્ર સ્વરૂપમાં, એની નાનીમોટી આંટીઘૂંટી સહિત એ સમજી લેતા. એ પ્રધાન હતા ત્યારે એમની સાથે કામ કરનાર કોઈ સચિવો એમને છેતરી શકે એમ અમે માનતા નથી. એમની ગ્રહણશક્તિ ઝડપી અને તેજ હતી.પણ એમાં શરત એટલી કે પ્રશ્નની રજૂઆત વખતે એ ઉગ્ર ન હોય અને ઉગ્ર ન થઈ જાય તો.ઘણી બધી બાબતો અંગે એમના ગમાઅણગમા સજ્જડ હતા.

એમના વ્યક્તિત્વનું બીજું મહત્ત્વનું લક્ષણ તે એમની નિખાલસ નિર્ભીક્તા. લગભગ તમામ બાબતો અંગે એ હંમેશા પોતાના અંતઃકરણની સમજ પ્રમાણે વર્તતા અથવા પ્રતિભાવ આપતા. એ આપવામાં ગોરધનદાસભાઈ સતત નિખાલસ અને સ્પષ્ટવક્તા રહેતા. આજના રાજકારણીઓની જેમ વિચારવાનું,બોલવાનું અને કરવાનું અલગ અલગ એમની બાબતમાં કયારેય બનતું નહી. એમના પ્રતિભાવો ઝડપી અને હંમેશા તીક્ષ્ણ રહેતા અને એ પ્રતિભાવો એમની પ્રતીતિ પ્રમાણેના જ હંમેશા હોવાના. એ પ્રતિભાવો કદાચ એકપક્ષી હોઈ શકે, એકાંગી હોઈ શકે, પણ એ એમની પ્રતીતિને અનુરૂપ હોવાના એ ચોકક્સ-'હી વોઝ ઓલવેઝ ટ્રુ ટુ હીઝ કોન્સીઅન્સ'-એમ તો એમના વિરોધીઓ પણ કહેવાના, અને એથી જ જ્યારે સાંપ્રત પ્રશ્નો વિશે એ પોતાના પ્રતિભાવો આપતા, ત્યારે સરકારમાં બિરાજેલાઓને પણ એ અંગે સાંભળવું પડતું. એમના પત્રોની અવગણના કરી શકાતી નહી.એમના વ્યક્તિત્વની એક અનોખી આભા હતી.

ચોગરદમ જ્યારે અનેક ભ્રષ્ટાચારો અને લાંચરુશ્વતનું સાામ્રાજ્ય વ્યાપ્યું છે, ત્યારે ગોરધનદાસભાઈ નખશિખ, સંપૂર્ણ પ્રમાણિક, સન્નિષ્ઠ અને પરોપકારી જીવન જીવી લોકચાહના મેળવી ગયા. સતત

વાંક દેખા માણસને પણ એમની પ્રમાણિકતા અને નિષ્ઠાની પ્રશંસા કરવી પડે અને એથી જ બ્યાશી વર્ષે એમનું અવસાન થયું હોવા છતાં આજના સમયની એ મોટી ખોટ ગણાય. 'હી વોઝ ધ લાસ્ટ ઓફ ધ ગ્રેટ રોમન્સ'.

અને એમના વ્યક્તિત્વને જ્યારે જોઈએ છે ત્યારે એમની બીજાને મદદ કરવાની વૃત્તિ ચકિત કરી દે છે. અજાણ્યો અને અદનો આદમી પણ મદદ માટે એમની પાસે જઈને ઊભો રહે અને એમનાથી થઈ શકે એમ હોય તો ભરબપોરે પણ એમની સાથે જવાને તત્પર થતા અમે એમને જોયા છે. એમને અજાણ્યા હોય,સાધારણ હોય એવા માણસોને મદદ માટે વિના આનાકાનીએ ચિઠ્ઠી લખી આપતા પણ અમે જોયા છે. લગભગ અતિશયતાએ પહોંચી જતી એમની આ પરોપકારવૃત્તિ એમના જીવનના અંત સુધી ટકી રહી.

રાજકારણની આંધી સહન કરી હોવા છતાં, જેને માટે એ લડયા તે સ્વરાજ લગભગ વગોવણીની નિમ્ન કક્ષાએ પહોંચી ગયું હોવા છતાં, ચોગરદમ લાંચરુશ્વત,અત્યાચાર અને અનાચારનું સામ્રાજ્ય વ્યાપ્યું હોવા છતાં, પોતાના એક સમયના ઘણા જુનિયર સાથીઓથી એમને નિરાશા થઈ હોવા છતાં, એમણે જીવનનો ઉત્સાહ,આનંદ અને હાસ્ય ગુમાવ્યાં નહોતાં. આ બધાએ એમના જીવનને કડવાશથી કયારેય ભર્યું નહોતું. ચાલીસ વર્ષની વયે જ્યારે આજનો માણસ હતાશ થયેલો અને થાકી ગયેલો લાગે છે ત્યારે બ્યાશી વર્ષે ગોરધનદાસ ચોખાવાળા સતત ઉત્સાહી,તત્પર અને જાગૃત હતા. એ સંસ્કાર એક તરફ વિદ્યાપીઠના હતા. તો બીજી બાજુ પોતાનું જીવન સતત નિષ્ઠાભર્યું, અને થયું એટલું પ્રમાણિકતાથી કરી છૂટયાના પરમ સંતોષને કારણે એમ હતું.

આ શ્રધ્ધાંજલિ રૂપે અમે આ લખીયે છીએ ત્યારે બે સ્મરણો ચમકી જાય છે. ૧૯૭૫ના ઈમર્જન્સીના સમય દરમ્યાન રાજકારણના કોઈ ઓછાયા વિનાના અમારા એક અધ્યાપક સહકાર્યકરની કશા કારણ વિના ધરપકડ કરવામા આવેલી. એ જમાનો તો મારે તેની તલવારનો હતો અને કોઈ તલવાર મારનારાઓને અમે ઓળખતા નહોતા, ત્યારે તરણોપાય તરીકે અમે ગોરધનદાસભાઈને મળયા. ગોરધનદાસભાઈ તે વખતે અંધજન-શાળાના કોઈ કામમાં હતા, એ પણ અમને બરાબર યાદ છે. એમણે અમારી વાત સાંભળી. ત્યાં ને ત્યાં જ લાગતાવળગતાને પત્ર લખ્યો, અને અમારા મિત્ર છૂટી ગયા.



ગુજરાતીના લેકચરરની નિમણૂક માટેની પસંદગી સમિતિમાં ઉમેદવારોની મુલાકાત વખતે એક ઉમેદવારને અમે પ્રશ્ન પૂછયો કે 'સરસ્વતીચંદ્ર'ના લેખક કોણ ? ઉમેદવારે ગોવર્ધનરામ ત્રિપાઠીને બદલે બહુ ઝડપથી ઉત્તર આપ્યો, 'ગોરધનદાસ ચોખાવાળા'. રમૂજ સાથે એમ પણ થયું કે આ ભઈલો બીજું કશું જ જાણતો નથી પણ ગુજરાતના એક સન્નિષ્ઠ મહાનુભાવનું નામ તો જાણે જ છે.

સૂરતના જીવન સાથે એ એટલા બધા ઓતપ્રોત થઈ ગયેલા હતા, ઘણા બધાને માટે એ એવી સંકટસમયની સાંકળરૂપ બની ગયા હતા, એમની પ્રમાણિકતા,નિષ્ઠા એવી માનાર્હ હતી, એમના જીવનની સાદાઈ અને વ્યવહાર એવાં ઊડીને આંખે વળગે એવાં હતાં કે બ્યાશી વર્ષની વયે થયું હોવા છતાં એમના અવસાનનું દુઃખ આ શહેરના ઘણા માણસોને થશે, અને ઘણા એમાં અંગતતા પણ અનુભવશે એની અમને ખાત્રી છે. સૂરતના કેટકેટલાં એમના સમકાલીન રાજકારણી ધુરંધરો અને પ્રધાનો એમની હયાતીમાં જ ભુલાઈ ચૂકયા કે અશ્મીભૂત બની ચુકયા છે. ગોરધનદાસ નિવૃત્ત થયા છતાં પ્રજાની સ્મૃતિમાં સતત વસતા રહ્યા અને એમનું કામ કરતા રહ્યા. એમની યશકાયાને મરણનો ભય નથી.

૨૮/૧૧/૮૮

# આપણા ભગવતીકુમાર શર્મા

ગુજરાતી સાહિત્યનું સર્વોત્તમ ગણાતું માન 'રણજિતરામ સુવર્ણચંદ્રક' 'આપણા' ભગવતીકુમાર શર્માને આપવાનું નકકી થયું છે. 'આપણા' ભગવતીકુમાર શર્મા અમે કહીએ છીએ ત્યારે એમાં અંગતતા તો છે જ, પણ ઉંબર મુકીને ડુંગર પૂજવા જનારા આ શહેરની સાથે તદ્રૂપતા અને લગાવ (આઈડેન્ટીફીકેશન)વાળા ભગવતીકુમાર નજર આગળ રહે છે. આ શહેરની સાથે એવા લગાવવાળા માણસો બહુ ઓછા છે. એક વિચિત્રતા જુઓ! ભગવતીકુમારને ૧૯૮૪નો સુવર્ણચંદ્રક એનાયત થવાના નિર્ણયની પહેલી જાહેરાત અમદાવાદ અને મુંબઈનાં વર્તમાનપત્રોમાં થઈ. સૂરતનાં વર્તમાનપત્રોએ તો એ જાહેરાત બીજે દિવસે પ્રગટ કરી.

'રણજિતરામ સુવર્ણચંદ્રક' અર્પણ કરવાનું નકકી કરી ગુજરાત સાહિત્ય સભાએ ભગવતીકુમારના ગુજરાતી સાહિત્યમાંના પ્રદાનની પૂરતી સમીક્ષા કરી દીધી છે, એટલે ભગવતીકુમારના સાહિત્યની સમીક્ષા કરવાનો અમારો આશય નથી. પણ પ્રકૃતિએ, વર્તને અને ચિંતને ભગવતીકુમાર કેવા નિરાળા પડે છે, એ દર્શાવવાનો અમારો હેતુ છે. કેટલાક સાહિત્યકારો એવા છે કે જેમને ફૂદ્દા જેવાં માન-ચાંદ મળે તો જાણે 'નૉબલ પ્રાઈઝ' મળી ગયું હોય એમ ફૂલીને ફાળકો થઈને ફરતા થઈ જાય. જ્યારે ભગવતીકુમાર પ્રકૃતિએ અતિશય શરમાળ, મિતભાષી અને આવી બધી બાબતોને પણ 'ટેકિન્ગ ઈન ધ સ્ટ્રાઈડ'નું વલણ ધરાવનારા છે, અને છતાં એ ઉમંગી, ઉત્સાહી અને આશાવાદી છે.

એમની વાર્તાઓમાં, કાવ્યોમાં માનવજીવનની કરુણમધુર, નાની મોટી, સુકુમાર કઠોર બાજુઓને એમણે વાચા આપી છે. એમની સર્વોત્તમ કક્ષાએ શ્રી ભગવતીભાઈ ભાવકની લાગણીના નાજુક અને ઘેરા, કરુણ તંતુઓને અદ્‌ભુત રીતે સ્પર્શી જાય છે. સ્વાનુભવમાંથી સાધારણીકરણ કરવાની એમની પાસે સરસ હથોટી છે. પણ સાંપ્રત પ્રશ્નો—સામાજિક, રાજકીય, શૈક્ષણિક કે બીજા વિશેનું એમનું ચિંતન સ્પષ્ટ, અસંદિગ્ધ અને સર્વગ્રાહી છે. એ પ્રશ્નોની ચર્ચામાં એમની દ્રષ્ટિ અભ્યાસીની છે. શૈલી દરેક પ્રશ્ન પરત્વે જુદું જુદું સ્વરૂપ ધારણ કરી લલિતથી માંડી આકરી પ્રહારક સુધીની બને છે. પણ એનાં તમામ સ્વરૂપોમાં એ સ્પષ્ટ, સચોટ અને આસ્વાદક જ રહે છે. આમ તો ભગવતીકુમાર બન્ને અંતિમો છોડી મધ્યમમાર્ગના ઉપાસક છે, છતાં જ્યાં કડકાઈથી સ્પષ્ટ વાત કહેવી પડે ત્યાં



એ કહેતાં અચકાતા નથી. સાહિત્યકારો વિગતોના ઝાઝા આગ્રહી નથી એમ મનાય છે, પણ ભગવતીભાઈ જે કામ-વ્યવસ્થાનું માથે લે, તો તે અંગેની નાનીમોટી તમામ વિગતો મેળવવાના અને પૂરી કરવાના આગ્રહી છે. એમના વ્યક્તિત્વમાં જ એવું કંઈક છે, જે એમના સંપર્કમાં આવનારને તરત જ ગમી જાય અને એમને ગમતા કરી દે.

બોલનારાનાં બોર વેચાય એમ કહેવાય છે, પણ ભગવતીભાઈ બોલકા નથી. બિનજરૂરી એ જાહેરમાં આવતા નથી, બોલતા નથી. એ બોલે ત્યારે ધીર-ગંભીર,વ્યવસ્થિત. એ બોલતા હોય ત્યારે આ માણસમાં જરા જેટલી પણ હાસ્યની સમજ હશે કે કેમ, એમ શ્રોતાને લાગે અને જ્યારે એ શ્રોતાને ખબર પડે, કે 'ગુજરાતમિત્ર'ના છેલ્લે પાને 'નિર્લેપ'ને નામે પ્રગટ થતી માર્મિક કોલમના લેખક પણ ભગવતીકુમાર છે, ત્યારે એની આંખ ભગવતીભાઈની 'વર્સેટીલીટી' જોઈ વિસ્ફારિત થાય. સાહિત્યકારોનું વર્તન અગમ્ય,અકલ્પ્ય અને આશુરોષવાળું હોય છે. નાનાલાલ ઠાકોરથી માંડીને અત્યારના અમુકતમુક સુધી એમ કહી શકાય. પણ ભગવતીભાઈ વિનમ્ર, જરૂર કરતાં પણ વધારે વિનમ્ર છે. કોઈ ઉદ્યોગપતિ કે શેઠિયા જોડે પણ એને ફાવટ આવે, અને નાનામાં નાના અદના કારીગર જોડે પણ એને ફાવટ હોય, એ બોલકા નથી, ઘૂસણીયા નથી, વગ વાપરવાને દોડાદોડ કરનારા નથી, એટલે જ તો એમની કોઈ પણ કૃતિ વર્ષો સુધી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પાઠયપુસ્તક થઈ શકી નહોતી. આપણી પરપૂજાની પણ બલિહારી છે.

આજે જ્યારે સમાજ રાજકારણીઓના ડફોળિયા વગસગે મેળવેલા ઓધ્ધાઓને જ સન્માને છે, ત્યારે સૂરતની વચ્ચે રહેતા, સૂરતને રોજ ને રોજ ચિંતનપૂર્ણ સામગ્રી આપતા, સૂરતની ધરતીની અને સૂરતની પ્રજાની નબળાઈઓને અને શ્રેષ્ઠતાને એકસરખી રીતે ઓળખતા સૂરતના આ પનોતા પુત્ર ભગવતીકુમાર શર્માને ગુજરાતી સાહિત્યનું ઉચ્ચ સન્માન 'રણજિતરામ સુવર્ણચંદ્રક' દ્વારા પ્રાપ્ત થશે, એ આ શહેરના તમામ ગુણાનુરાગી લોકો માટે આનંદની વાત બનશે. ગુજરાતી સાહિત્યનું આ જ એક એવું સન્માન છે, જે 'નોન-કોન્ટ્રોવર્શીઅલ' છે, અને એ 'નોન-કોન્ટ્રોવર્શીઅલ' અને પૂરી લાયક વ્યક્તિને મળે છે. સોનામાં સુગંધ ભળે છે.

૩/૬/૮૬

# શ્રી. કનૈયાલાલ મુનશી-ભાતીગળ વ્યકિતત્વ

૧૯૮૭થી શરૂ થતું વર્ષ મુનશીની જન્મશતાબ્દીનું વર્ષ છે. કનૈયાલાલ માણેકલાલ મુનશી (કનુ મુનશી અથવા ક.મા.મુનશી) ગુજરાતના એક અતિશય ગૌરવવંતા સપૂત હતા. વળી તેમાં પણ એ દક્ષિણ ગુજરાતના, ભરૂચના હતા.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડત વખતે અને સ્વરાજયપ્રાપ્તિ પછી જે થોડાક ગુજરાતીઓનાં નામો રાષ્ટ્રની કક્ષાએ ગણાય તેમાં મુનશીનું નામ તો આવે જ આવે, પણ એ સરદાર પટેલ પછીના અગ્રણી તરીકે પણ આવે. મુનશીનું આખું વ્યકિતત્વ ખૂબ સંકુલ હતું, અને ગતિશીલ હોવાને કારણે એ વિવાદાસ્પદ પણ રહ્યું છે. ગતિશીલ માણસો સતત વિવાદાસ્પદ રહેતા આવ્યા છે. શ્રીમતી લીલાવતી મુનશી સાથેના સુધારક વિધવાવિવાહથી પ્રારંભી એ કાર્યશીલ રહ્યા ત્યાં સુધી કોઈને કોઈ વિવાદમાં એ સપડાયલા રહ્યા છે. - એટલે સુધી કે એમની નવલકથાઓ - નાટકોનાં પાત્રોમાં લોકોએ મુનશીના વ્યકિતત્વના છાયા જોવાની ચેષ્ટા કરી છે.

મુનશી ૧૯૧૦માં ભરૂચથી મુંબઈ વકીલાત કરવા પહોંચ્યા ત્યારે મુંબઈ ધુરંધર વકીલોથી ભર્યુંભર્યું હતું. જમશેદજી કાંગા હતા, જિન્નાહ હતા, ભુલાભાઈ દેસાઈ હતા, ચીમનલાલ સેતલવાડ હતા, જયકર જેવા સિનિયરો, હતા તો સાથેસાથે હરિલાલ કણિયા, મોતીલાલ સેતલવાડ, સી.કે.દફતરી, નટવરલાલ ભગવતી જેવા સમવયસ્કો હતા. જોગાનુજોગ શ્રી મુનશીએ ભુલાભાઈ દેસાઈ સાથે જુનિયર તરીકે કામ કરવાનું પ્રારંભ્યું અને એક અચ્છા વકીલ તરીકેની એમની કારકિર્દીનો પ્રારંભ થઈ ચૂકયો. તર્કસંગત દલીલો, નાટકીય અભિનયો કે મુદ્રાઓ કે ચેષ્ટાઓમાં ઊતર્યા વિનાનું પ્રાસાદિક વકતૃત્વ, ચતુર ઉલટ તપાસ વગેરેને કારણે મુનશી મુંબઈના બારમાં હીરાની માફક ઝળકી ઊઠયા. હિંદુ-લૉના એ પારંગત ગણાવા લાગ્યા અને રાષ્ટ્રીય કક્ષાએ એક દક્ષ, હોંશિયાર અને ચતુર એડવોકેટ તરીકે એમની આગલી હરોળમાં ગણતરી થવા લાગી.

જજ તરીકે નિમણૂક થવાની ઘડીઓ ગણાતી હતી ત્યાં જ એમણે ગાંધીલડતમાં ઝંપલાવ્યું. મુનશી જેવા તરલ અને ગતિશીલ વ્યકિત આવી લડતથી અળગા રહે એ બનવું જ અસંભવ ગણાય. અહીંથી એમની રાજકીય કારકિર્દી પ્રારંભાઈ, મુંબઈ રાજયના એ ગૃહપ્રધાન બન્યા. ગૃહપ્રધાન તરીકે એમણે જે હોંશિયારી બતાવી - હુલ્લડો દબાવ્યાં, વી.બી.ગોગટે જેવા દેશભકતોને છોડાવ્યા, અંગ્રેજોને દબડાવ્યા અને તેમને ઊંચા ઓદ્ધા ઉપરથી ગબડાવી મૂકયા એ ઈતિહાસ પ્રસિદ્ધ છે. એમણે મુંબઈના પોલીસ ખાતાની પુનર્રચના કરી અને 'ઈન્ડસ્ટ્રીઅલ રિલેશન્સ એકટ'ને ઘડયો. મુનશી એક મજબૂત અને બાહોશ ગૃહપ્રધાન ગણાયા.



પછી તો એ કેન્દ્રના અન્નપ્રધાન બન્યા, બંધારણ ઘડનારી સભાના સભ્ય બન્યા. ભારતનું બંધારણ ઘડવામાં ડૉ.આંબેડકર સાથે મુનશીનો ફાળો ઘણો મોટો છે. હિંદી રાષ્ટ્રભાષા બને અને કેન્દ્ર મજબૂત હોય, એ એમના આગ્રહો હતા. 'વનમહોત્સવ'ની ઊજવણીનો પ્રારંભ એમણે કરેલો જે આજે પણ ચાલે છે. અલબત્ત પર્યાવરણ રક્ષણના જુદા નામે. શ્રી મુનશીની ખરી કસોટી હૈદરાબાદમાં ભારત સરકારના એજન્ટ જનરલ તરીકે થઈ. એમને હૈદરાબાદ જવું નહોતું. પણ ગાંધીજીની આજ્ઞા અને સરદાર પટેલના આગ્રહથી એમણે એ નિમણૂક સ્વીકારી. હૈદરાબાદ ભારતના પેટનું કેન્સર ગણાતું. માટીપગા નિઝામ, કોમવાદી કાસમી રઝવી, હૈદરાબાદનો લુચ્ચો વડા પ્રધાન લાયક અલી અને ક્રૂર-હિંસક રઝાકોની વચ્ચે રહીને અનેક મુશ્કેલીઓ જાનનાં જોખમો વેઠી મુનશીએ બહુ ઓછા ગુજરાતીઓ દર્શાવી શકે એવું ખમીર અને હિંમત દર્શાવ્યા અને હૈદરાબાદને ભારત સાથે જોડી દીધું. ભારત સાથે દેશી રજવાડાઓના જોડાવાનો પ્રારંભ થયો. મુનશીની ટીકાઓ પણ આ બાબતમાં ભરપટ્ટે થઈ, એ દુ:ખી પણ થયા, પણ સરદાર પટેલ એમને પડખે અડીખમ ઊભા રહ્યા. મુનશીની ઉત્તર રાજકીય કારકિર્દી ઝાંખી રહી છે, છતાં આ સદીના પાંચમા દાયકા સુધી તો ભરતના રાજકારણના પટ ઉપર એક દક્ષ, ચાણકયબુદ્ધિના, ચતુર, હિંમતવાન અને અચ્છા વહીવટકર્તા તરીકે મુનશી ફરતા રહ્યા. કોઈપણ પ્રદેશ પોતાના સપૂત માટે ગૌરવ લઈ શકે એવી નામના એમણે મેળવી, પોતાને માટે અને ગુજરાતને માટે.

રાજકીય કારકિર્દીની સાથોસાથ મુનશીની સાહિત્યિક સેવા તો ચાલુ જ હતી. ગુજરાતી સાહિત્યમાં એમણે આખો, યુગ પ્રવર્તાવ્યો. ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક નવલકથાઓ, નવલિકાઓ, નાટકો એમણે આપ્યાં. ગુજરાતના ભાવકો એમની પાછળ ગાંડા બન્યા: ભારતની સંસ્કૃતિ અને ભારતનો ઈતિહાસ એ મુનશીના રસના અને ઊંડા અભ્યાસના વિષયો રહ્યા છે. ભારતની સંસ્કૃતિનું એમણે ઊંડું પરિશીલન કર્યું છે. ઈતિહાસનું પણ એવું જ પરિશીલન એમણે કર્યું. ભારતીય ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિના વિશેષ એમણે પ્રગટ કર્યા. મોટા સુધારક તરીકે જીવનના યૌવનનો પ્રારંભ કરનાર મુનશી ઉત્તર વયમાં ભારતીય સંસ્કૃતિના પરમ ઉપાસક બનીને વિલીન થયા. ભારતીય સંસ્કૃતિનું એમનું દર્શન સંકુચિત નહોતું, પણ વિશાળ અને

સર્વગ્રાહી હતું. એમાં આર્ય સંસ્કૃતિ, ઈસ્લામી સંસ્કૃતિ, મોગલ, ગ્રીક ગાંધાર-એવી ઘણી બધી સંસ્કૃતિના મિલન તરીકે એમણે ભારતીય સંસ્કૃતિને પિછાની છે. ''ધ હીસ્ટ્રી એન્ડ કલ્ચર ઓફ ઈન્ડિયન પીપલ''-ના અગિયાર ગ્રંથોમાં મુનશીનું ભારતીય સંસ્કૃતિનું ખૂબ વિશાળ દર્શન દેખાય છે.

ભારતીય સંસ્કૃતિ પરત્વેના પ્રેમ અને અહોભાવથી પ્રેરાઈને શ્રી મુનશીએ ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી (૧૯૩૮ના નવેમ્બરની આઠમી તારીખે). એની સ્થાપના સમયે શ્રી મુનશીએ કહ્યું હતું, ''વર્ષોથી હું એક સ્વપન સેવતો હતો. મારે એવું એક કેન્દ્ર ઊભું કરવું હતું જ્યાં આપણી પ્રાચીન વિદ્યા અને અર્વાચીન બૌદ્ધિક મનીષાઓ ભેગી થઈને એક નૂતન ઈતિહાસનું અને એક નવી સંસ્કૃતિનું સર્જન કરે, ભવન અને એની શાખાઓ એવાં કેન્દ્રો બનશે જ્યાં આપણી પ્રાચીન વિદ્યાનું અધ્યયન થશે અને જ્યાં અર્વાચીન ભારતીય વિદ્યાને ઈતિહાસની પાર્શ્વભૂમિ પૂરી પાડવામાં આવશે.''

છેલ્લાં પચાસ વર્ષોમાં ભવન એક વટવૃક્ષની માફક વિકસ્યું. મુનશીનું સ્વપ્ન સાકાર થયું. આધુનિક વિદ્યાઓના વિકાસમાં પણ ભારતીય વિદ્યાભવનનું સૌથી ઉત્તમ કામ તો આપણી પ્રાચીન સાહિત્યની કૃતિઓને સસ્તી આવૃત્તિઓ-પેપર-બેક-માં પ્રગટ કરવાનું રહ્યું છે. રામાયણ,મહાભારત જેવી કૃતિઓ વિવિધ સ્વરૂપે ભવને પ્રગટ કરી છે. અલબત્ત ભારતીય વિદ્યાભવનનો દોર પાછળથી મુનશીજીની વય વધતાં અગુજરાતીઓના હાથમાં ચાલ્યો, ગયો એ લગભગ મીની મદ્રાસ બની ગયું છે, અને ગુજરાતી સાહિત્ય કે ગુજરાતી ભાષાને જે મહત્વ મળવું જોઈએ એ ભવનમાં ઘણા અલ્પ પ્રમાણમાં આજે મળે છે એ હકીકત પણ આપણે નોંધવી જોઈએ.

શ્રી મુનશીને ભારતીય સંસ્કૃતિ પરત્વે અહોભાવ હોવા છતાં ગુજરાત પરત્વે એમની મમતા જરા ય ઓછી નહોતી. 'ગુજરાતની અસ્મિતાનો મંત્ર શ્રી મુનશીએ આપ્યો હતો. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પ્રારંભાયેલો પુનરુત્થાનકાળ (રિનેસાં) શ્રી મુનશીમાં પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. એની મુખ્ય ભૂમિકા ગુજરાતની અસ્મિતા હતી. શ્રી મુનશીને માટે એમ કહેવાય છે કે પોતાના સમકાલીન ગુજરાતમાં ગુજરાતી નરપુંગવો એમણે સજર્યા. મુનશીની નરપુંગવની કલ્પના જુદી હતી. આસપાસ નરપુંગવો દેખાતા નહોતા એટલે એમણે ગુજરાતના ઈતહાસમાં ગૌરવવંતા યુગ સોલંકીયુગ તરફ નજર નાખી ગુજરાતના નાથની રચના કરી પ્રતાપી ગુજરાતી પાત્રો ભાજીખાઉ ગુજરાતમાં સજર્યા. તેજસ્વી વ્યકિતત્વ, શૌર્ય અને ગુજરાતના તખ્તા ઉપર ઘૂમી વળવાનું જોમ સતત મુનશીનો ભાવવિશેષ રહ્યો છે. એમના સમકાલીન



ગુજરાતમાં એમને નમાલાપણું દેખાતું હતું, એ સમયે ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, ઈન્દુલાલ યાજ્ઞિક, છોટુભાઈ પુરાણી જેવા હતા, છતાં તે સમયનું ગુજરાત અને ગુજરાતી મુનશીને કંઈક નમાલા લાગ્યા હતા. આજે જો મુનશી હોય અને આજનું ગુજરાત અને ગુજરાતી એ જુએ તો કદાચ કળ ન વળે એટલો બધો આઘાત એમને થાય. 'ગ્લોરી ધેટ વોઝ ગુજરાત' એ એમનો મંત્ર હતો અને અતીતના એ ગૌરવ-શોર્યને સાંપ્રત ગુજરાતમાં લાવવાના સ્વપ્નો સેવવાં એ એક મહત્વની વાત હતી.

શ્રી મુનશીનું વ્યકિતત્વ ભાતીગળ હતું, ગુજરાતમાં ઘણા એમને કેવળ ગુજરાતી સાહિત્યના એક સારા વાર્તાકાર-નાટકકાર તરીકે જ ઓળખે છે, આપણી જોવાનો દ્રષ્ટિ કયારેક સાંકડી,કયારેક કાણી અને કયારેક બાડી બને છે. બહુ ઓછીવાર આપણે બે આંખે સમતોલ સીધી રીતે જોઈએ છે. વ્યકિતને વ્યકિત તરીકે મૂલવવામાં ભળતી-સળતી, ઘણી ખરીખોટી અંગત વાતો ઉમેરીએ છીએ, મૂલ્યાંકન કરતાં નીંદારસ આપણો સ્થાયી ભાવ છે, પછી તે કનૈયાલાલ મુનશી માટે હોય, જવાહરલાલ નહેરુ માટે હોય કે ઈન્દિરા ગાંધી માટે હોય, ગમે તે માપે માપતાં કનૈયાલાલ મુનશી એક ઘણા મોટા ગજાના, ગુજરાત જેમને માટે ગૌરવ લઈ શકે એવા ગુજરાતી હતા. વીસી પછીના માત્ર ગુજરાતના જ નહી, પણ ભારતના પટ ઉપર દક્ષતાથી, મુત્સદ્દીગીરીથી, આવડતથી અને હિંમતથી એ ઘૂમી રહ્યા હતા. એ કોઈની શરમમાં તણાતા નહોતા છતાં એમને બીજાને શેહમાં રાખવાનું ગમતું. ગુજરાતની અસ્મિતાની વાત કરતા અને અંગ્રેજીને પ્રેમ કરતા, ગાંધીવાદી છતાં એ કળા ખાતર કળાના ઉપાસક હતા. અનેક વિરોધાભાસી ગુણોવાળા, સંપૂર્ણ રોમેન્ટિક વ્યકિતત્વવાળા, પ્રખર બુદ્ધિવાળા અને આકર્ષક વકતૃત્વ શકિતથી સંપન્ન, આકર્ષક દેખાવ અને સુરુચિથી પસંદ કરેલાં કપડાંથી સુશોભિત દેહયષ્ટિવાળા કનૈયાલાલ મુનશી એક ખૂબ મોટી શકિતવાળા, જ્યાં જાય ત્યાં માન મૂકાવે એવા ગુજરાતી હતા, એમની જન્મશતાબ્દી ભરૂચ એકલું જ શા માટે ઊજવે ? અખિલ ગુજરાતની દ્રષ્ટિએ એની ઊજવણી થવી જોઈએ. એમનાં જીવનકાર્યો સાહિત્યનું નવેસરથી મૂલ્યાંકન થવું જોઈએ. એમનું સ્મરણ કરીને એમના પ્રત્યેનું ઋણ ગુજરાતે અદા કરવું જોઈએ.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ કનૈયાલાલ મુનશીની જન્મશતાબ્દી ઊજવવાની કોઈ યોજના વિચારી હોય એમ લાગતું નથી, મુનશી જેવા બહુમુખી પ્રતિભાવાળા ગુજરાતીની જન્મશતાબ્દી ગુજરાતભરની યુનિવર્સિટીઓએ ઊજવવી જોઈએ પણ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સવિશેષ. મુનશી માટે દક્ષિણ ગુજરાત ગૌરવ લઈ શકે એમ છે. શ્રી મુનશી તો

યુનિવર્સિટી-મેન હતા અને એમના નેતૃત્વ હેઠળ ઊંચી વિદ્યાની સંસ્થાઓનો ઘણો મોટો વિકાસ થયો છે. એટલે મુનશીની જન્મશતાબ્દી ઊજવવામાં અને એના પ્રમુખસ્થાને બિરાજવામાં કુલપતિઓને પણ નાનમ નહીં લાગવી જોઈએ, પણ કમનસીબે આપણી યુનિવર્સિટી કલાસાહિત્ય વિહોણી બનતી ગઈ છે, એના પ્રાંગણમાં જુદાં જ મૂલ્યો પુરસ્કારાય છે, એ સાંપ્રતમાં જ જીવે છે એને અતીતમાં જોવાની ફુરસદ નથી, અને અનાગતનાં દર્શનની એની તાકાત નથી. કમનસીબે આ યુનિવર્સિટીમાં ગુજરાતીનું ભાષાભવન પણ નથી. યુનિવર્સિટી જેવી વિદ્યાસંસ્થાએ તો મુનશીનું એમની જન્મશતાબ્દીને ટાણે નવમૂલ્યાંકન કરવું જોઈએ. ગાંધીજી-પટેલ-મુનશી પછી ગુજરાતનાં રાજકારણે, સામાજજીવને અને સાહિત્યે પલટો લીધો છે. ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં દરેક પ્રદેશે પોતાના સપૂતોને અવલોકવા જોઈએ. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આ દિશામાં વિચારે એ જરૂરી છે. સમાજવિદ્યા, વાણિજ્ય અને વિજ્ઞાન સિવાયનું પણ બીજું વિશ્વ છે, જીવનને સમૃદ્ધ કરનારું એ વિશ્વ છે, એ વાત બહુ સહેલાઈથી આપણી આ યુનિવર્સિટી ભૂલી ગઈ છે.

૩૧/૩/૮૭



# વાત બે સૂરતીઓની

ચોથી એપ્રિલે વડોદરામાં ચંદ્રવદન ચીમનલાલ મહેતાનું નેવું વર્ષની વયે અવસાન થયું. એના આઠેક દિવસ પહેલાં ગુજરાતના બીજા જાણીતા નાટ્યકાર પ્રબોધ જોશીનું પ્રમાણમાં નાની વયે મુંબઈમાં અવસાન થયું. કોઈકે કહ્યું કે ક્રિકેટમાં એક છેડે વિકેટ પડવા માંડે તો ''સેટ'' થયેલા બેટ્સમેનની પણ વિકેટ ખરી પડે. જશવંત ઠાકર, પ્રબોધ જોશી અને ચંદ્રવદન મહેતા ગુજરાતી નાટ્યવિશ્વની ત્રણ વિભૂતિઓ થોડા જ વખતમાં એક પછી એક વિલીન થઈ ગઈ.

ચંદ્રવદન મહેતા એક જાણવા જેવી અને માણવા જેવી વ્યક્તિ હતા. આજે વાત નર્મદ અને ચંદ્રવદન- બન્ને અલગારી, ભાતીગળ, બંડખોર, કોઈની પણ સાડાબારી નહિ રાખનારા- એવા બે સૂરતીઓની કરવી છે.

ચંદ્રવદનનો જન્મ થયો ત્યારે નર્મદના અવસાનને માત્ર ચૌદ જ વર્ષ પૂરાં થયાં હતાં અને સદી પૂરી થવામાં માત્ર ચૌદ વર્ષ બાકી હતાં, વળી એમના જન્મ વખતે ઓગણીસમી સદી પૂરી થઈ હતી અને વીસમીનો પ્રારંભ થતો હતો. ચંદ્રવદનના અવસાન સમયે વીસમી સદીના નવ દાયકાઓ પૂરા થઈ ચૂકયા હતા. નર્મદની માફક ચંદ્રવદનના જન્મ અને અવસાનના બન્ને છેડાઓ સદીના પ્રારંભ-સમાપનના સમયની આસપાસ રહ્યા.

ચંદ્રવદનના નામનો પહેલો પરિચય-વિશેષ પરિચય, ૧૯૩૮માં એમ.ટી.બી. કૉલેજમાં પ્રથમ વર્ષમાં ''આગગાડી'' ભણતી વખતે થયો. એ જમાનામાં ગુજરાતીમાં ત્રણ પુસ્તકો ભણવાનાં હતાં. ધૂમકેતુનું ''તણખામંડળ-૧,'' નરસિંહરાવની ''કુસુમમાળા'' અને ચંદ્રવદનની ''આગગાડી''. પરંતુ પુસ્તકના સાહિત્યિક અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને બીજી બે અભ્યાસેતર બાબતોમાં વિશેષ રસ હતો.

વર્ગમાં મહાશ્વેતા કોમોડર નામનાં વિદ્યાર્થિની ભણતાં હતાં. ચંદ્રવદનનાં લગ્ન એમનાં મોટાં બહેન વિલાસિકા જોડે થયાં હતાં એ નાતે એ ચંદ્રવદનના સાળી થતાં હતાં, અને ચંદ્રવદને છૂટાછેડા લીધેલા હતા એટલે વિદ્યાર્થીઓમાં અનેક પ્રકારની રસમય વાતો ચાલતી. એમાંની એક વાત એ હતી કે ચંદ્રવદન સામે ચાલીને વિલાસિકાના માણેક ગાંધી

સાથેના બીજા લગ્નમાં હાજરી આપવા ગયેલા. ''આગગાડી''માં એના લેખકની વાત અધ્યાપક કરે ત્યારે બધાંની નજર મહાશ્વેતાબહેન પર મંડાતી. આ સદીના ત્રીજા દાયકામાં છૂટાછેડા લેવા એ એક અદ્ભુત ઘટના ગણાતી અને વળી તેમાં પત્નીને છૂટાછેડા આપી તેને બીજા સાથે પરણાવી આપવી અને પોતે લગ્નમાં હાજર રહેવું, એ તો વીરત્વ ગણાતું. એ જમાનામાં ચંદ્રવદનની છાપ 'હીરો' તરીકેની હતી.

બીજું કૌતુક એ હતું કે ચંદ્રવદને ''દેડકાંની પાંચશેરી'' નામનું નાટક લખેલું અને એમાં કૉલેજના અમારા અધ્યાપક શ્રી વિજયરાય વૈદ્યનું ''વજો વંતરિયો'' નામે ઠઠ્ઠાચિત્ર દોરેલું. જોગાનુજોગ ''આગગાડી'' ભણાવવાનું શ્રી વિજયભાઈ જ કરતા અને વિદ્યાર્થીઓ ટીખળ પણ ઘણું કરતા, છતાં શ્રી વૈદ્યસાહેબ એમના સ્વભાવ પ્રમાણે નિર્લેપતાથી આગગાડી દોડાવ્યે જતા. ચંદ્રવદનનો આ પહેલો પરોક્ષ પરિચય સાહિત્યકાર સાથે વિલક્ષણ વ્યક્તિ તરીકેનો પણ. ત્યાર પછી વિદ્યાર્થીકાળ દરમિયાન અને અધ્યાપન કાળે દરમિયાન ચંદ્રવદનને અનેકવાર મળવાના અને નિકટતાથી જોવાના પ્રસંગો સાંપડયા છે. પહેરવેશમાં ખાદીની ગળે લટકતી બે પટીવાળી વિશિષ્ટ ઢબની કફની, ખાદીનું છૂટી પાટલી રાખી પહેરેલું ધોતિયું, કાળા દોરાએ બાંધેલી ગજવામાં રહેતી ઓગણીસમી સદીની યાદ આપતી મોટી ઘડિયાળ, જાડા કાચનાં ચશ્માં, સતત ગૂંથાયેલી રહેતી ભ્રુકુટી. મધ્યમ કદની ઉંચાઈવાળું બહારથી અનાકર્ષક લાગતું છતાં પોતાની હાજરીની અચૂક અસર વર્તાવતું વ્યક્તિત્વ.

ચંદ્રવદન આશુરોષ માણસ હતા. કયારે કયાં એમને વાંકુ પડી જશે અને એમનો રોષ ભભૂકી ઊઠશે તેની ખબર પડતી નહીં. કોઈ પણ કાર્યક્રમમાં નિયત સમય કરતાં પાંચ મિનિટ પણ મોડું થાય એટલે એ ઊંચાનીચા થાય. જેમ જેમ વધારે મોડું થાય તેમ તેમ એમનો પારો ઊંચો ચઢતો જાય, અને જે અડફટે ચઢે તેની ધૂળ કાઢી નાંખે. ઊઠીને ચાલવા પણ માંડે. કોઈનું ઉપરાણું લઈને પણ એ બાખડી બાંધે. શ્રી જ્યોતીન્દ્ર દવેનો અમૃતમહોત્સવ શ્રી ચંદ્રવદનને પ્રમુખપદે યોજાયેલો. એ સમારંભમાં એમના મિત્ર જ્યોતીન્દ્ર મોડા પડયા તો એમની સાથે પણ એ ઝઘડી બેઠા.

એક પ્રસંગ યાદ આવે છે. બનતા સુધી કૉલેજના જ એક કાર્યક્રમમાં ચંદ્રવદન અને ઓમકારનાથ બન્ને હાજર હતા. કાર્યક્રમ પૂરો થયા પછી કોઈએ શ્રી ઓમકારનાથને 'વંદેમાતરમ્' ગાવાની વિનંતી કરી. પણ પંડિતજી કોઈ જવાબ આપે તે પહેલાં ચંદ્રવદન ''તમે



તલવારથી દાઢી કરવા માંગો છો'' કરતાં ઊભા થઈ ગયા અને વિનંતી કરનારને બૂમાબૂમ કરી ખખડાવી નાંખ્યો. પંડિતજી તો બિચારા બાજુએ રહી ગયા. પણ પરાકાષ્ઠા તો ત્યારે આવી જયારે શ્રી ચંદ્રવદને ઓમકારનાથને સ્ટેઈજ પર લઈ આવી 'વંદેમાતરમ્' ગાવાની હાથ જોડી વિનંતી કરી, અને પંડિતજીએ 'વંદેમાતરમ્' ગાયું.

ચંદ્રવદનને જીવનમાં કયારેય માના, બહેનના, પ્રિયતમાના, પત્નીના સ્વરૂપનો નારીપ્રેમ મળ્યો હશે ખરો ? આવો સવાલ એમની જીવનની એકલતા જોઈ પૂછવાનું મન થઈ જાય ! આશુરોષ અને આશુતોષ એ બન્ને એમના વ્યક્તિત્વના ગુણ હતા. એ વિશિષ્ટ ઢબે શબ્દો ઉચ્ચારી, છૂટા પાડી અમુક લઢણમાં શબ્દોની ઉપર ભાર મૂકી ભાષણ કરતા તે સાંભળવાનું ગમતું, પણ સામાન્ય કક્ષાના માણસને એમાંથી માત્ર હાસ્યનો આનંદ જ મળતો. પણ એમના દરેક વ્યંગ્ય પાછળ એક ઢબુરાયલી વેદના હતી. પ્રગટ હાસ્યની પાછળ છૂપાં આંસું હતાં, બાંધેલી ગઠરિયાં છોડતી વખતે યાદ આવતાં સ્મરણોમાં મીઠાશ કરતા વ્યથા વધારે હતી. ચંદ્રવદનનું આખું જીવન એક સંપૂર્ણ ટ્રેજડી હતું. એ કરુણતા એમણે ખૂબીપૂર્વક ઢબૂરી રાખી હતી.

ચંદ્રવદનના એક કાવ્યમાં લખ્યું છે :

**''તાલ મળે ત્યારે તાર તૂટે**
**નહિ મેળ મળે કોઈ રીત**
**સૂર તૂટે કે કૈંક ખૂટે ને**
**જામ્યું ન જીવન ગીત''**

આ લીટીમાં એમના આખા જીવનની સમીક્ષા આવી જાય છે.

ચંદ્રવદન સાચા અર્થમાં જિનિયસ-પ્રતિભાશાળી પુરુષ હતા. એ પ્રવાસ કરતા તો એમાંથી સાહિત્ય સર્જાતું, એ મુલાકાત લેતા કે આપતા, તો એમાંથી સાહિત્ય સર્જાતું, એમનાં સ્મરણોમાંથી પણ સાહિત્ય નીપજતું. ઈન્ટેલેક્ટ, ટેલેન્ટ અને જિનિયસ વચ્ચે ઘણો ભેદ છે. ચંદ્રવદન જિનિયસ હતા. એમનું હલનચલન, ઉદ્ગાર, વાર્તાલાપ- એ તમામમાં એમની આ જિનિયસની પ્રતીતિ થતી.

એકવાર ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એમને કહેલું, ''ચંદ્રવદનભાઈ તમે ટ્રેજેડી લખો. ''આગગાડી'' જેવી નહિ, પણ કંઈક સમકાલીન જીવનમાંથી વિષય લઈ. યાદ છે એ પ્રમાણે ત્રિવેદીસાહેબે ઈન્દુલાલ યાજ્ઞિકના, કલાપીના કે મણિલાલ નભુભાઈના જીવનને કેન્દ્રમાં

રાખવાની પણ વાત કરી હતી. પણ કોણ જાણે કેમ ચંદ્રવદનભાઈએ વાત રોળીટોળી નાંખી. એમણે નાટકો તો ઘણાં લખ્યાં, પણ વધારે ધ્યાન એમણે નાટ્ય દિગ્દર્શન, નાટ્ય શિક્ષણ, થિયેટર, જગતભરના નાટકોના દર્શન તરફ કેન્દ્રિત કર્યું. આપણે વ્યક્તિને માપવા માટે એક જ ગજનો ઉપયોગ કરીએ છીએ. ચંદ્રવદન મહેતાને મૂલવવા આપણે નાટકના માપિયાનો ઉપયોગ કરી એમને નાટ્યાચાર્ય, નાટ્યમહર્ષિ એવાં એવાં વિશેષણોથી નવાજીએ છીએ. પણ ચંદ્રવદન નાટ્યવિદ્ કરતાં ઘણું બધું હતા. ચંદ્રવદનની સૂઝ અને શક્તિ સાહિત્યના તમામ સ્વરૂપો અને પ્રકારોમાં હતી. ''હી વોઝ અ મેન ઓફ ઓલરાઉન્ડ જિનિયસ.'' ચંદ્રવદન નેવું વર્ષે પણ ''લાઈવ વાયર'' જેવા હતા. ઘણા જુવાન માણસો કરતાં પણ વધારે જીવંત હતા.

ચંદ્રવદન અંગે એક બીજી નોંધવા જેવી વાત એમના ગુજરાત પ્રત્યેના અપ્રતિમ પ્રેમની છે. આખું વિશ્વ ખૂંદી વળનાર ચંદ્રવદન ગુજરાતને ખૂબ ચાહતા હતા. રાષ્ટ્રીય સ્તરે સંચાર માધ્યમોમાં ગુજરાતને થતો અન્યાય જોઈ એમને અપાર ક્રોધ ચડતો. ગુજરાતનું ઘેલાપણું જોઈ એમને ખીજ ચડતી. વડોદરા-અમદાવાદ રેડિયો સ્ટેશનેથી ઉર્દૂ-સિંધીમાં કાર્યક્રમો રજૂ થાય છે. ભારતનાં ઘણાં રાજ્યોમાં ગુજરાતીઓ છે. કોઈ અન્યભાષી રેડિયો સ્ટેશન ગુજરાતી કાર્યક્રમ આપે છે મુંબઈ સિવાય ? એવો પ્રશ્ન એક વાર એમણે પૂછેલો.

નર્મદ અને ચંદ્રવદન બન્ને ખરા ગુજરાત પ્રેમી.

આપણે વાત બે સૂરતીઓની કરવી છે પણ નર્મદ ઓગણીસમી સદીનું સમાપન થતું હતું ત્યારે ગયો. ચંદ્રવદન વીસમી સદીનું સમાપન થઈ રહ્યું છે ત્યારે ગયા. નર્મદ ત્રેપન વર્ષ જીવ્યો, ચંદ્રવદન નેવું વર્ષ જીવ્યા. ચંદ્રવદને નર્મદ ઉપર નાટક લખ્યું. બન્નેનાં અંગત જીવન કરુણાંત. નર્મદ ત્રણેક વાર પરણ્યો છતાં જીવનભર એકલવાયો રહ્યો. ચંદ્રવદને પરણીને છૂટાછેડા આપ્યા અને એ પણ એકલવાયા રહ્યા. નર્મદે ગુજરાતી સાહિત્યમાં જેમ નવાં પ્રસ્થાનો કર્યાં તેમ ચંદ્રવદને 'ઈલા કાવ્યો,' 'આગગાડી,' અને 'ગઠરિયાં' દ્વારા સાહિત્યની નવી દિશાઓ ઉઘાડી. બન્ને આશુરોષ - આશુતોષ, મનમોજી, તેજમિજાજી અને સ્વભાવે પાકા સૂરતી. બન્ને એટલા લોકપ્રિય કે બન્નેને વિશે અનેક પ્રકારની દંતકથાઓ, લોકવાયકાઓ, અને ગપસપ ભરપટ્ટે પ્રચલિત. ઓગણીસમી અને વીસમી સદીના બન્ને છેડાના સૂરતના આ બન્ને પનોતા પુત્રો. નર્મદે ગુજરાતને ભારતના નકશા પર મૂક્યું, તો ચંદ્રવદને ગુજરાતને



વિશ્વના નકશા ઉપર મૂકી આપ્યું. પણ સૂરત ન તો નર્મદને જાળવી શક્યું ન ચંદ્રવદનને. ચંદ્રવદનને વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીએ એ જીવે ત્યાં સુધી રહેવાને માટે યુનિવર્સિટી હોસ્ટેલ્સના મુનશી ભવનમાં એક આખો ઓરડો અલાયદો કાઢી આપ્યો. ચંદ્રવદન જીવ્યા ત્યાં સુધી ત્યાં જ રહ્યા. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સૂરતના સપૂતોને માનદ્ ડિગ્રી આપવા માટે ચાર ચાર વર્ષથી ફીફાં ખાંડે છે. વડોદરા ગુજરાતની સંસ્કાર જાણનારી, જાળવનારી, મૂલવનારી નગરી છે. સૂરતના સપૂતને વડોદરાએ જાળવ્યો, સન્માન્યો, અને એના સ્મારકની તૈયારી કરવા માંડી. સૂરત નર્મદના સ્મારકને માટે હજી હવામાં બાચકાં ભરે છે.

સૂરતના સપૂતોની વાત નીકળે છે ત્યારે સૂરતની કૃપણતા પણ યાદ આવી જાય. સૂરત મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરસાહેબના કાર્યાલયમાં ત્રીજી મેને દિવસે મળેલી સભામાં આમલીરાનમાં આવેલું સરસ્વતી મંદિર નર્મદનું જ મકાન છે, તથા નર્મદ એમાં પોતાનું લેખનકાર્ય કરતો હતો, રહેતો હતો, દલપતરામ, દયાનંદ સરસ્વતી એમાં આવેલા, એ બધું સિધ્ધ કરવા નર્મદના ઊંડા અભ્યાસી અને તજજ્ઞ ડૉ. રમેશ શુક્લને અડધો કલાક દાખલા, પ્રમાણો આપી દલીલો કરવી પડી. સરસ્વતી મંદિર નર્મદનું છે, એમ સૂરતમાં સૂરતના કોર્પોરેશનના હાકેમોને કહેવું પડે, સાબિત કરવું પડે, એ જ સૂરતની મોટી કૃપણતા. વડોદરાની યુનિવર્સિટીએ શ્રી ચંદ્રવદનને રહેવાની જે સગવડ કરી આપી તેવી સગવડ આપવાની સૂરતની કઈ સંસ્થામાં ત્રેવડ કે હિંમત છે ? પ્રસંગ વગર આપણે ગુણોના ઉપાસક બનનારા છીએ, પ્રસંગ આવે અને આપણે કસોટીની એરણે ચઢીએ ત્યારે હંમેશા ઊણા ઊતરીએ છીએ. નર્મદ, નંદશંકર, નવલરામ, દુર્ગારામ, અરદેશર કોટવાલ, રમણભાઈ નીલકંઠ, આત્મારામ ભૂખણથી માંડી ધનસુખલાલ મહેતા, જ્યોતીન્દ્ર અને ચંદ્રવદન મહેતા સુધીના આપણા ઘરદીવડા જ નહીં પણ ગુજરાત દીપકો સૂરતના હતા એવું કહેનારું, દર્શાવનારું, યાદ દેવડાવનારું સૂરતમાં આજે કશું જ નથી. સૂરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સાંસ્કૃતિક સમિતિ નામની કોઈ સમિતિ છે. એના એક સભ્ય પૂછે છે 'અમે કેટકેટલાનાં સ્મારકો કરીશું ?' અરે ભાઈ, સૂરતમાં સ્મારકો રચવા જેવા છે જ કેટલા ? અને તમારામાં સ્મારક કરવાની ત્રેવડ જ ક્યાં ? ગજસ્તત્ર ન હન્યતે.*

*નર્મદ લાયબ્રેરીની સ્થાપના પહેલાંનું આ લખાણ છે.

૧૪/૫/૯૧

# પરમ પાંડિત્ય અને વહીવટી દક્ષતાના વિરલ યોગમંડિત પ્રિ.એન.એમ.શાહ

એક દિવસ શ્રી અલ્લુ શાહ મળી ગયા. શ્રી શાહ એમ.ટી.બી.કૉલેજના ૧૯૫૦ના ગાળાના વિદ્યાર્થી હતા. એમ.ટી.બી. કૉલેજે પંચોતેર વર્ષ પૂરાં કર્યાં એ વિશેની અમારી સ્મરણયાત્રા વાંચી એમને વર્ષો પછી કૉલેજમાં લટાર મારવાનું મન થયું. શ્રી અલ્લુ શાહ ચુસ્ત ગાંધીવાદી કર્મઠ કાર્યકર છે. વાલોડ અને એની પાસેના પરિસરમાં એમણે ગ્રામોધ્ધાર અને આદિવાસી પ્રજાના સર્વગ્રાહી પુનરુધ્ધારનો એક જબરદસ્ત કાર્યક્રમ ઉપાડી એને સફળ બનાવ્યો છે. કૉલેજ જેને માટે ગૌરવ લઈ શકે એવા વિદ્યાર્થીમાંના એક શ્રી અલ્લુ શાહ છે.

એમની સાથે વાત નીકળતાં પ્રિ.એન.એમ.શાહની વાત નીકળી. એવી ઘટના જવલ્લે જ બને, જ્યારે વ્યક્તિના નામથી સંસ્થા ઓળખાતી થાય. અમને આ સંદર્ભમાં ડૉ.એચ.બી.ભટ્ટ યાદ આવી ગયા. સૂરત જનરલ હોસ્પિટલ ભટ્ટ જનરલ હોસ્પિટલ તરીકે ઓળખાતી રહી હતી. એવું જ કોલેજનું થયું હતું. એમ.ટી.બી. કૉલેજ એન.એમ.શાહની કૉલેજ તરીકે ઓળખાતી થઈ હતી. પ્રિ. એન.એમ.શાહની વાત કર્યા વિના એમ.ટી.બી. કૉલેજની ગાથા અધૂરી જ રહે.

વહીવટીદક્ષતા અને પ્રખર વિદ્વત્તાનો યોગ વિરલ ગણાય છે. શ્રી શાહ સાહેબમાં આ બન્નેનો પરમ યોગ હતો. ૧૮૯૪ના જુલાઈની ચૌદમી તારીખે સૂરતમાં જન્મેલા શ્રી નગીનદાસ માણેકલાલ શાહે મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં દસમો ક્રમ મેળવ્યો હતો. બરોડા કૉલેજમાંથી એમણે ઈન્ટરની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. મેથેમેટિક્સના રેંગલર અને વિદ્વાન અધ્યાપક ડૉ. પ્રાંજપેથી આકર્ષાઈને એ બી.એ.ના અભ્યાસક્રમ માટે ફર્ગ્યુશન કૉલેજ (પૂના)માં ગયા. બી.એ.ની પરીક્ષા એમણે પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે પાસ કરી. એમને માટે એક લોકવાયકા હતીઃ પરીક્ષામાં પ્રશ્નપત્રોમાં 'ગમે તે દસમાંથી છના જવાબો આપો' એમ પૂછવાની પ્રથા તે સમયે હતી. શાહ સાહેબ બધા જ સવાલો (દાખલા) ગણતા અને સાથે ગમે તે છ તપાસો, એમ નોંધ મૂકતા. પરીક્ષાઓની સાથોસાથ એમને ઘણી ફેલોશિપો પણ મળી હતી.



ગણિતશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસ માટે એ ઈન્ગ્લેન્ડ ગયા. કેમ્બ્રિજ યુનિવર્સિટીની ત્રિનીટી કૉલેજમાંથી એમણે મેથેમેટિક્સમાં ટ્રાઈપોસ લીધો અને સ્ટાર રેંગ્લર થયા. ભારતના ત્રણ રેંગ્લરો પ્રો. પ્રાંજપે, ડૉ.મહાજની અને પ્રિ.એન.એમ.શાહ ભારતના તે સમયના વિખ્યાત ગણિતજ્ઞો હતા. ૧૯૨૨માં ઈંગ્લેન્ડથી પાછા ફરી ૧૯૩૦ સુધી એ પૂનાની ન્યૂ પૂના કૉલેજના આચાર્યપદે રહ્યા-પાછળથી ન્યૂ પૂના કૉલેજ પરશુરામ ભાઉ કૉલેજ તરીકે જાણીતી બની.

શ્રી એન.એમ.શાહ ૧૯૩૦માં જૂનમાં એમ.ટી.બી. કૉલેજના આચાર્ય તરીકે જોડાયા ત્યારે કૉલેજના એ ચોથા આચાર્ય હતા. ૧૯૧૮ થી ૧૯૩૦ સુધીમાં પ્રો. દસ્તુર, પ્રો. રાજવાડે અને પ્રો. ધનંજય ગાડગીલ આચાર્યપદે રહી ચૂક્યા હતા. પ્રો. ગાડગીલ ૧૯૨૫માં જોડાયા અને ૧૯૩૦માં રાજીનામું આપી છૂટા થયા. ધનંજય ગાડગીલ ભારતના જાણીતા અર્થશાસ્ત્રી હતા અને પાછળથી આયોજન પંચના ઉપાધ્યક્ષ પણ બન્યા હતા. શ્રી ગાડગીલે સૂરતના નગરજનોમાં પાંચ જ વર્ષમાં સારી લોકપ્રિયતા મેળવી હતી. એ છૂટા થયા ત્યારે નગરજનોએ એમને વિદાયમાન આપવા માટેનો મોટો સમારંભ યોજ્યો હતો. ઘણા આગ્રહ છતાં એમણે રાજીનામું પાછું ખેંચ્યું નહીં. 'સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી'માં એમને જોડાવું હતું, એટલે એમણે કૉલેજમાંથી રાજીનામું આપ્યું હતું.

શ્રી.એન.એમ.શાહ એમ.ટી.બી. કૉલેજમાં આચાર્ય તરીકે જોડાયા ત્યારે એમ.ટી.બી. કૉલેજ મધ્યમ વર્ગનાં કુટુંબોમાંથી આવતા વિદ્યાર્થીઓની કૉલેજ થઈ ચૂકી હતી. આમ પણ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સ્થાપનાનો ઉદ્દેશ ગરીબ અને મધ્યમ વર્ગનાં બાળકોને ઉચ્ચ કેળવણી સસ્તે દરે મળે એ જ હતો. એક બાજુ દક્ષિણમાં મુંબઈની એલ્ફિસ્ટન, ઝેવીઅર્સ કે વિલસન જેવી 'સોફિસ્ટીકેટેડ' કોલેજો અને બીજી બાજુ ઉત્તરમાં સરકારની ગુજરાત કૉલેજ, વચમાં વડોદરામાં ગાયકવાડની વડોદરા કૉલેજ. આ બધી કૉલેજો કરતાં એમ.ટી.બી કૉલેજનો માહોલ જુદો જ હતો.

ઉપર ગણાવેલી કૉલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ પસંદગીથી આપવામાં આવતો હતો, જ્યારે એમ.ટી.બી.ના દ્વાર બધાં માટે ખુલ્લાં હતાં. એમ.ટી.બી.નો કોઈ વિદ્યાર્થી વડોદરા કૉલેજમાં પ્રવેશ માટે જતો, તો વડોદરાની કૉલેજના તે સમયના આચાર્ય ડૉ. કે.જી.નાયક 'કેમ નગીન માણેકની ધરમશાળામાંથી આવ્યો?' એમ પૂછતા. એ અનેક

લોકવાયકાથી વીંટળાયેલા, ફાંટાબાજ, વિલક્ષણ વ્યક્તિ હતા. ડૉ.નાયક અને પ્રિ.શાહ વચ્ચે મુંબઈ યુનિવર્સિટીમાં ઓધ્ધાઓ માટે તીવ્ર સ્પર્ધા ચાલતી અને બન્ને સામસામે પક્ષે હતા એમ કહેવાતું. ઘણી વાર લોકો મજાકમાં એમ.ટી.બી. કૉલેજને 'મારી - તારી - બધાની કૉલેજ તરીકે પણ ઓળખતા.

પ્રિ. એન.એમ.શાહે એમ.ટી.બી. કૉલેજને ગૌરવ અને પ્રતિષ્ઠા આપ્યાં. ઠીંગણું કહેવાય એવું બેઠી દડીનું ભરાવદાર શરીર, ગૌરવાન, લાંબી ફલાંગ ભરતી છતાં લહેકાતી ચાલ, કોટ-પાટલૂન અને ટાઈમાં શોભતો રૂઆબદાર કડપવાળો ચહેરો, ખૂબ જ ધીરો છતાં સત્તાવાહી અવાજ, પ્રિ. એન.એમ.શાહને જોતાં જ પ્રતીત થાય એવાં વ્યક્તિલક્ષણો હતાં.

પ્રિ.શાહ મેથેમેટિક્સના અધ્યાપક હતા. એ જમાનામાં મેથેમેટિક્સનો વિષય આર્ટ્સના વિદ્યાર્થીઓ પણ ઠીકઠીક પ્રમાણમાં લેતા, છતાં શાહ સાહેબનો ઘનિષ્ઠ પરિચય વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જોડે જ રહેતો. શાહ સાહેબ સિગરેટના ચેઈન-સ્મોકર હતા. એમના હાથમાં સિગરેટનો ડબ્બો સતત હોય જ. વર્ગમાં દાખલ થાય ત્યારે એ સિગરેટ બહાર ફેંકી દેતા. અને વર્ગ પૂરો થાય અને બહાર નીકળે એટલે સિગરેટ પાછી સળગાવતા. છતાં જ્યારે વિદ્યાર્થીઓની સભામાં હોય ત્યારે કલાકો સુધી સિગરેટ પીતા નહીં. એમની પાસે ભણનારા વિદ્યાર્થીઓ કહેતા કે શ્રી શાહ સાહેબ કવિતા ભણાવતા હોય એમ ગણિત ભણાવતા, અને ભણાવતી વખતે ક્યારેય પુસ્તકમાં જોતા નહિ.

શ્રી.શાહ સાહેબનું સંસ્કૃતનું જ્ઞાન ખૂબ સરસ હતું. ઈન્ટર આર્ટ્સમાં સંસ્કૃતમાં સૌથી વધારે માર્ક લાવવા બદલ એમને 'જગન્નાથ શંકરસેઠ પ્રાઈઝ' પણ મળ્યું હતું. ઘણી વાર પોતાના વક્તવ્યમાં એ સંસ્કૃત શ્લોકો ટાંકતા અને ક્યારેક એમાં થોડોક ફેરફાર પોતાની રીતે કરી પ્રસંગોચિત બનાવતા. એક વાર વિદ્યાર્થિનીઓ વગરના વર્ગની વાત કરતાં એમણે 'વર્ગસ્તુ પ્રમદાવિહીનઃ કાન્તારાત અતિરિચ્યતે' - કહ્યાનું સ્મરણ છે.

પ્રિ.શાહ જેમ અધ્યાપકખંડમાં ક્યારેય આવતા નહીં તેમ કોલેજની બહાર પણ ઝાઝું દેખાતા નહીં. એક વાર ઓફિસમાં દાખલ થઈ ગયા પછી એ વર્ગ લેવા જાય ત્યારે, કે કામ પૂરું થાય અને ઘેર જાય ત્યારે જ જતાઆવતા દેખાતા. વર્ગો ચાલતા હોય ત્યારે



આચાર્યે લોબીમાં આંટા મારવાની પ્રથા તે જમાનામાં નહોતી, અને એવી જરૂર પણ ત્યારે નહોતી. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઘણા પુખ્ત હતા.

દર શુક્રવારે સાંજે એ મુંબઈ યુનિવર્સિટીના કામે જતા ત્યારે વળી વિક્ટોરિયા ઘોડા-ગાડીમાં સ્ટેશને જતા દેખાતા. એ સમયે ટીમલિયાવાડમાં રહેતા અને નરસિંહ મહેતાની વહેલ જેવી ત્રણેક વિક્ટોરિયા ગાડી રાખતા. નરીમાન નામના પારસીની ગાડીઓ એમ.ટી.બી. કૉલેજના અધ્યાપકોમાં ખૂબ પ્રિય હતી. વિષ્ણુપ્રસાદ, વિજયરાય, કે.એલ.દેસાઈ, એન.એમ.શાહ, વ્રજરાય દેસાઈ જરૂર પડયે ત્યારે આ જ ગાડીનો ઉપયોગ કરતા. શાહ સાહેબને નવરાશ હોય તો અધ્યાપકો સાથે ટેનિસ રમતા પણ જોઈ શકાતા.

શ્રી શાહ સાહેબની આ પ્રકૃતિને લીધે એવું પણ બનતું, કે ચાર વર્ષ કૉલેજમાં ભણી ગયેલા વિદ્યાર્થીએ કૉલેજના આચાર્ય શ્રી શાહ સાહેબને ક્યારેય જોયા પણ નહીં હોય. એમનું વલણ પણ એવું રહેતું કે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એમને મળવાનું ટાળતા. કે.એલ.દેસાઈ કે વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કે કે.એસ.ત્રિવેદી જેવા થોડા જ મહાનુભવો એમને વિના સંકોચે કે વિના ભયે મળી શકતા. એમની સાથે દલીલબાજી થઈ શકતી નહીં. પોતાનો જ કક્કો ખરો કરવાની એમને ટેવ હતી. જાણી જોઈને કેળવેલા અંતરને કારણે પણ એમની આભા એ કોલેજમાં હતા ત્યારે અને પાછળથી પણ ઘણાં વર્ષો સુધી રહી હતી.

અશિસ્તની ફરિયાદ કોઈ વિદ્યાર્થી સામે થાય તો વિદ્યાર્થી નિર્દોષ હોય તો પણ એને શિક્ષા થતી જ. 'તમારી સામે જ કેમ ફરિયાદ થઈ બીજા સામે કેમ નહિ.' એવી દલીલો એ કરતા. વિદ્યાર્થી જેટલો જ્યારે બચાવ કરવા જાય, એટલો દંડ વધતો. વિદ્યાર્થી સંગઠન હોવા છતાં શાહ સાહેબ સાથે કોઈ જંગ માંડતા નહીં. એ જમાનામાં વિદ્યાર્થી સંગઠન હજી 'પાવર' બન્યું નહોતું. રાજકીય ઘટનાઓને કારણે પડતી હડતાલો સિવાય કાંઈ હડતાલ પડતી નહીં. મોટે ભાગે તો અધ્યાપકો પોતાની મુશ્કેલી પોતાની મેળે જ પતાવી દેતા અથવા તો વાઈસ-પ્રિન્સિપલ શ્રી કે.એસ.ત્રિવેદી સાહેબ પાસે ફરિયાદ લઈને જતા. બહું ગંભીર વાત હોય તો જ શાહ સાહેબ પાસે જવાનું પસંદ કરતા.

આટલા કડક અને અતડા હોવા છતાં શાહ સાહેબ અંગેની એક સ્મરણીય ઘટનાના અમે સાક્ષી છીએ. ક્વીટ-ઈન્ડિયાની હાકલ પડી અને કદાચ દસમી કે પછી અગિયારમી ઓગસ્ટે (૧૯૪૨માં) કૉલેજના વિદ્યાર્થીઓએ કૉલેજના કેમ્પસમાં સભા ભરી. એ સમયે ખૂબ

'ઉત્સાહી' એવા પંડયા નામના ફોજદાર હતા. એ પોતાની ફોજ સાથે કૉલેજના મેદાનમાં ધસી આવ્યા, અને વિદ્યાર્થીઓ ઉપર બેરહમ લાઠીમાર શરૂ કરી દીધો. શાહ સાહેબ એમના બંગલામાં હતા. ધોતિયા અને પહેરણ સાથે એ ઝડપથી બંગલેથી આવી, ફોજદાર પંડયાને તાત્કાલિક કૉલેજ છોડી જવાનો હુકમ આપ્યો. એમણે પોતાના સત્તાવાહી અવાજે કહ્યું, 'ધીસ ઈઝ માય કૉલેજ, યૂ કેનોટ એન્ટર વીધાઉટ માય પરમીશન, પ્લીઝ લીવ ધીસ પ્રેમીસીસ ઈમેડીએટલી', સહુના આશ્ચર્ય વચ્ચે ફોજદાર પંડયાએ એની ફોજને 'રીટ્રીટ'નો હુકમ આપી દીધો. એકઠા થયેલા વિદ્યાર્થીઓએ પંડયાનો હુરિયો બોલાવ્યો. આ ઘટના ઘણાં વર્ષો સુધી લોકોમાં પ્રશસ્તિરૂપે ચાલુ રહી.

શાહ સાહેબના વહીવટમાં સમયબધ્ધતા જાળવવાની અને વર્ગમાં જુદી જુદી બાબતો અંગેની નોટિસ કયા મહિનાની કઈ તારીખે નીકળવી જોઈએ તે સમયપત્રકનો આગ્રહ રહેતો. એ જ પ્રમાણે વહીવટ થતો. કોલેજ કાર્યાલયના હેડક્લાર્ક શાહ સાહેબના માનીતા ગણાતા હતા. એ પંડિત મદનમોહન માલવિયા જેવો ફેંટો બાંધતા એટલે એમને બધાં માલવિયાજી કહેતા. કાર્યાલયના કર્મચારીઓ જિદ્દી, તોરી અને મિજાજી હતા. આમ પણ વિદ્યાર્થીઓને કોલેજના કાર્યાલયમાં ઝાઝું કામ પડતું નહીં, એટલે ઝાઝી અથડામણ થતી નહીં. અધ્યાપક નહીં આવવાના હોય તો બોર્ડ ઉપર 'વીલ નોટ એન્ગેજ હીસ ક્લાસીસ' નોટિસ મૂકાઈ ગઈ જ હોય, એટલે વિદ્યાર્થીઓને આજની જેમ વર્ગમાં જઈ ટોળે મળી રાહ જોવાની જરૂર જ નહોતી પડતી. દરેક બાબત અંગે નોટિસો મૂકાતી. દરેક વિદ્યાર્થી ફરજ કે ટેવ રૂપે નોટિસ વાંચે જ વાંચે. નોટિસો હંમેશા અંગ્રેજીમાં જ લખાતી. માત્ર સાહિત્યમંડળો અંગેની નોટિસો ગુજરાતીમાં દેખાતી.

શિસ્તની જાળવણી અને વહીવટીદક્ષતાને માટે પંકાયેલા પ્રિ.શાહની પ્રતિષ્ઠા મુંબઈ યુનિવર્સિટીમાં પણ ખૂબ મોટી હતી. એ જમાનામાં વડોદરા કૉલેજના ડૉ.નાયક અને શ્રી.એ.કે.ત્રિવેદી એમના મોટા પ્રતિસ્પર્ધીઓ હતા. મુંબઈ યુનિવર્સિટીમાં એ વખતે શ્રી ગોરધનભાઈ ઈશ્વરભાઈ પટેલ (જી.આઈ.પી.) નામના એક ગુજરાતી પણ ખૂબ આગળ પડતા હતા. શાહનો એમની સાથે સારો મેળ હતો. બન્ને મળી મુંબઈ યુનિવર્સિટીનું ચક્ર ચલાવાતા એમ કહેવાતું.

પ્રિ.શાહ ધારે તેને પરીક્ષકપદ અપાવતા. એમ.ટી.બી. કૉલેજના ઘણા અધ્યાપકોને મુંબઈ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં ઘણું



વહેલું પરીક્ષકપદ પ્રાપ્ત થતું. એ સમયમાં પરીક્ષક થવું એ એક પ્રતિષ્ઠાની ઘટના ગણાતી.

પ્રિ.શાહ સાહેબ અભિગ્રહો ને પૂર્વગ્રહોથી મુક્ત નહોતા અને આમ કાચા કાનના હતા એમ પણ કહેવાતું. એમના અંતરંગ વર્તુળના માણસો એમના પૂર્વગ્રહો વધારતા કે દ્રઢ કરતા. એમના અડફટે કોઈ ચઢે અને એમનાથી આગ્રહી રીતે જુદા પડે તો તેમને માટે ટકી રહેવાનું મુશ્કેલ બનતું. એમની હામાં હા પુરાવનારને નિસરણીને ઊંચે પગથિયે પહોંચવામાં સરળતા રહેતી.

પ્રિ.શાહ નિવૃત્ત થયા પછી પણ લોકો એમના નામની ગુણગાથા ગાતા રહેવા એમનાં વહીવટનાં, શિસ્તપાલનનાં છુટા મોંએ વખાણ કરતા, અને પાછળના વર્ષોના વહીવટને એમના વહીવટ સામે સરખાવતા રહેતા. આ તુલનાફેશન ઘણાં બધાં વર્ષો સુધી ચાલી.

પ્રિ. શાહે કૉલેજનો કારભાર કોઈ અંગ્રેજ સનદી અમલદારના તોરથી ચલવ્યો. એમાં ન્યાયઅન્યાયની ગણના નહોતી. એમનો મિજાજ ફયુડલ લોર્ડનો હતો. એને કારણે ઘણા નામાંકિત અધ્યાપકોને કૉલેજ છોડવી પણ પડી હતી. એ જમાનામાં અધ્યાપક સંઘ નહોતો. આજનાં જેવાં વિદ્યાર્થીમંડળો નહોતાં અને સરકારી કાયદાઓ પણ નહોતા, એટલે શાહ સાહેબને પોતાનું ધાર્યું કરવાની અનુકૂળતા હતી.

શાહ સાહેબના વહીવટ સાથે સરખામણી કરતી વખતે લોકો આ બધી વાતો ભુલી જતા. આ લેખકે શાહ સાહેબની રેજિમમાં વિદ્યાર્થી અને અધ્યાપક સહિતની હેસિયતમાં બાર વર્ષ ગાળ્યાં હતાં. અને છતાં ઈન્ટરવ્યુનો એક પ્રસંગ બાદ કરતાં શાહ સાહેબ સાથે એક શબ્દનો વિનિમય કરવાનો પ્રસંગ પ્રાપ્ત કર્યો નહોતો. 'હી વોઝ મોર ફીઅર્ડ ધેન લવ્ડ'.

એમના સ્વભાવની આ ખાસિયત એમની મોટી મર્યાદા બની હતી. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી શાહ સાહેબ માટે ઘણીવાર કહેતા કે 'શાહ સાહેબનો કૂતરો મૃત્યુ પામ્યો ત્યારે એ રીતસર રડયા હતા. કુટુંબમાં કોઈ માંદુ પડે તો એ શિયાવિયા થઈ જતા.' બનવા સંભવ છે કે આ મૃદુતા એમનાં પ્રાણી-કુટુંબ પૂરતી જ મર્યાદિત રહી હોય. બહારના વ્યવહાર માટે એમણે સ્વીકારેલું કઠોરતાનું કવચ પાછળથી એક આદતથી વજ્રલેપી બની ગયું હોય.

આટલા આગ્રહી સ્વભાવની વ્યકિતને સંચાલકો સાથે ઘર્ષણ ન જ થાય એવું તો બને જ નહી. વર્ષો સુધી શાહ સાહેબની

આંખે જ જોયા કરનાર અને એમની હામાં હા પુરાવનાર સોસાયટીના તે સમયના અધ્યક્ષ દીવાન બહાદૂર ચુનીલાલ ગાંધીને છેવટે મતભેદ તો થયો જ. એ મતફેર સંધાવાને બદલે વધતો ગયો. એમાં પણ વાંક કદાચ શાહ સાહેબના અતિઆગ્રહી સ્વભાવનો જ હશે. બાકી દીવાન બહાદૂર પાકા વાણિયા હતા, અને સારી વ્યક્તિને સાચવી જાણનારા હતા.

૧૯૫૦માં પ્રિ.શાહના સાથેનો સોસાયટીનો વીસ વર્ષનો નોકરી અંગેનો કરાર પૂરો થયો. શાહ સાહેબના મનમાં આ કરાર પૂરો થતા સોસાયટી નવો કરાર કરશે એવો ભાવ હશે. સોસાયટીના સંચાલકોના મનમાં એમ હશે કે પ્રિ. શાહ કરાર બચાવવા વિનંતી કરશે, પણ ગર્વિષ્ઠ શાહ સાહેબે એવી વિનંતી કરી નહીં, અને સોસાયટીએ પણ મૌન ધારણ કર્યું અને શાહ સાહેબની વિદાય નિશ્ચિત બની.

આખી પરિસ્થિતિની વિડંબના એ છે કે મહારાષ્ટ્રી સજ્જન ડૉ.ધનંજય ગાડગીલ માત્ર પાંચ જ વર્ષ (૧૯૨૫-૩૦) આચાર્ય પદે રહ્યા અને જ્યારે રાજીનામું આપી વિદાય થયા ત્યારે શહેરમાં એમની સેવા બિરદાવવા સમારંભો થયા. માનપત્રો અપાયા જ્યારે ગુજરાતી શાહ સાહેબ વીસ વીસ વર્ષ સુરતમાં રહ્યા, અને સુરતને તથા કૉલેજને ગૌરવ અપાવ્યું. એ સુરતથી વિદાય થયા ત્યારે શહેરમાં તો શું, કૉલેજમાં પણ કોઈ વિદાય સમારંભ થયો નહીં. શાહ સાહેબનું નિષ્ક્રમણ, અનમોર્નડ, અનસન્ગ, અનલેમેન્ટેડ થયું. શાહ સાહેબ સુરતથી વિદ્યાનગર ગયા. વિદ્યાનગરનો પ્રારંભ ત્યારે જ થયો હતો. વિદ્યાનગરમાં પણ એમને ઝાઝું ફાવ્યું નહીં. ચરોતર સુરત નહોતું.

શ્રી શાહ સાહેબના વ્યક્તિત્વનો આજે આટલે વર્ષે વિચાર કરીએ છીએ ત્યારે મન ગ્લાનિથી ભરાઈ જાય છે. પ્રખર વિદ્વાન, કાબેલ, દક્ષ વહીવટકર્તા અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર પ્રિ. એન.એમ.શાહ મુંબઈ યુનિવર્સિટીના તો નહિ પણ ગુજરાત યુનિવર્સિટીના કે સરદાર પટેલ યુનિવર્સિટીના પણ કુલપતિ થઈ શક્યા નહિ. દેશની કોઈ પણ યુનિવર્સિટીના એ પણ કુલપતિ થઈ શકે એવા તમામ ગુણો એમનામાં હતા. છતાં એ પોતાના પ્રદેશની નવી શરૂ થયેલી યુનિવર્સિટીના કુલપતિ પણ ન થઈ શક્યા. જો કે રાજ્ય સરકાર કોને અને કેવાને અને કેવી રીતે કુલપતિ નીમે છે, એ આપણે જાણીએ છીએ. વિક્રમ સારાભાઈ પણ ગુજરાતની યુનિવર્સિટીમાં કુલપતિ ન થઈ શકેલા. એની પણ આપણને ખબર છે. શાહ સાહેબનો વિચાર કરીએ ત્યારે ગ્લાનિ તો થાય જ છે. સુરતમાંથી એમનું પ્રસ્થાન અને જીવનનાં છેલ્લાં અજ્ઞાત વર્ષો



આવા મોટા માણસના જીવનની એક કરૂણતા છે. આ કરૂણતા છતાં જ્યારે જ્યારે એમ.ટી.બી. કૉલેજને લોકો યાદ કરશે ત્યારે ત્યારે એન.એમ.શાહને પણ યાદ કરશે જ. કોઈ પણ સંસ્થાના અને ખાસ કરીને શિક્ષણસંસ્થાના સંચાલનમાં અતિઆગ્રહી સ્વભાવ, ધારેલું જ કરવાનું વલણ અને અતડાપણું કોઈ પણ વ્યક્તિની મર્યાદા બની જાય છે. એ શાહ સાહેબનાં જીવનકાર્યમાંથી શીખવાનો બોધપાઠ છે.

આ વર્ષ શાહ સાહેબની જન્મશતાબ્દીનું વર્ષ છે અને કોલેજના માણેકમહોત્સવ ઊજવવાનો હોય તો કૉલેજમાં શાહ સાહેબને સ્મરી એમની કાયમી સ્મૃતિનો પ્રબંધ કરવાનું વિચારવું જોઈએ. એમની સ્મૃતિતર્પણ કરવાની કૉલેજની ફરજ છે, કારણ કોલેજના ઘડતરના કાળમાં કૉલેજની બુનિયાદ મજબૂત શાહ સાહેબના હાથે જ થઈ છે. આપણે (સુરતે) એમને અન્યાય કર્યો છે, એનું પ્રાયશ્ચિત્ત કરવાની આજે ઘડી છે. શાહ સાહેબ 'વોઝ એ મેન ઓફ મેની પાર્ટ્સ.'

૬/૭/૯૩

# તે હિ નો દિવસા ગતા :

અમે કૉલેજોનાં પ્રાંગણો માટે લખ્યું એના સમર્થનમાં ઘણા પત્રો મળ્યા છે. એમાંનો એક પત્ર અમારા સહાધ્યાયીનો છે. એ પત્રમાં એમણે ગઈકાલનું અને આજનું ચિત્ર દોરી, આપણી કૉલેજોના કેમ્પસોના આવેલા પરિવર્તનની છણાવટ કરી છે. એમાંની ઘણી વાતો મહત્ત્વની હોવાથી અહીં પ્રસ્તુત છે. 'આપણે ૧૯૩૮થી ૧૯૪૪-૪૫ સુધીના ગાળામાં એમ.ટી.બી. કૉલેજમાં ભણતા હતા, એ વાતને પચાસેક વર્ષનો ગાળો થવા આવ્યો. એમ.ટી.બી. કૉલેજમાં ત્યારે આજની સાયન્સ કૉલેજ પણ આવી જતી અને એ મકાનો સામે સરસ રળિયામણો બાગ હતો. આજે જે ઉજ્જડ, ઢેખાંઢળિયાવાળા પ્લોટો વેસ્ટ લેન્ડ થઈને પડયા છે તેમાં સરસ લોન ઉગાડાતી, એની જાળવણી થતી અને ફુવારાથી એને પાણી પવાતું. યાદ હોય તો સોસાયટીએ મહાજની નામના ગૃહસ્થને કેમ્પસની દેખભાળ માટે રાખેલા. એ સજ્જન આખો દિવસ કેમ્પસ પર ઘૂમતા રહેતા. હજી પણ એની આકૃતિ મને યાદ છે, તમને પણ હશે. ઠીંગણું શરીર, ધોતિયું, ટૂંકો કોટ અને કાળી ટોપી પહેરેલી એ વ્યક્તિ આખું કેમ્પસ ખૂંદી વળતી. પૂરા સમયનો માળી હતો અને આખું બાગ ખાતું હતું. કેમ્પસમાં પ્રવેશતાં જ નજર ઠરે અને મન પ્રફુલ્લિત થાય એવું મોહક વાતાવરણ હતું. પેટ્રોલથી ચાલતું 'લોન મોવર' પણ હતું એવું યાદ છે.

'પ્રાંગણમાં કેટકેટલાં વૃક્ષો હતાં. સોપારીનું ઝાડ, સોનચંપો અને ચંદનના બે વૃક્ષો તેમજ મેહેગોનીનું ઝાડ પણ હતું. લગભગ બધાં વૃક્ષો પર એનાં નામોની પ્લેટ ત્રિવેદી સાહેબે લગડાવેલી. આજે પણ પ્લેટ પર લખાયેલાં નામ- 'અશોક,' 'કદમ્બ', 'કર્ણિકાર'- યાદ છે. ત્રિવેદી સાહેબ નાજુક તબિયત છતાં સાંજે હાથમાં છત્રી લઈ કેમ્પસમાં ધીરેધીરે ફરતા અતે વૃક્ષોનું અવલોકન કરતા. કદાચ ગુજરાતની કોઈ કૉલેજમાં ન હોય એવું પ્રકૃતિ સૌંદર્યથી ભર્યુંભર્યું વાતાવરણ અહીં હતું. લોનવાળા પ્લોટની આજુબાજુ ગુલાબ, મોગરો, ગલગોટાનાં ફૂલો ઋતુ ઋતુ પ્રમાણે ખીલતાં. આજે તો સાયન્સ કૉલેજમાં આવડો મોટો વનસ્પતિ વિભાગ છે અને વનસ્પતિ શાસ્ત્રનું ડિગ્રી સુધીનું શિક્ષણ અપાય છે, છતાં આજે રહ્યાં છે જૂની જાહોજલાલીનાં ઉજ્જડ બનતાં જતાં ખંડિયેરો.

'રમતગમતના મેદાનોમાં ત્યારે તો ચાર ટૅનિસ કોર્ટ હતા. બે એમ.ટી.બી. કૉલેજના મકાન પાછળ, બે તે જમાનાની નવી હોસ્ટેલ પાછળ. વળી એક કોર્ટ પ્રોફેસરોનો અલગ હતો. ચારે ટૅનિસ કોર્ટ ભરચક રહેતા. ઈન્ટર કૉલેજિયેટ મેચો રમાતી ત્યારે વિદ્યાર્થીઓ જોવા ઊતરી પડતાં. એવું જ ટૅનિસ- બેડમિન્ટન ટુર્નામેન્ટોમાં પણ થતું. પ્રેક્ષકોના વાખાં કયારેય



લાગતા નહીં. યાદ હોય તો કૉલેજે ખ્યાતના ક્રિકેટર વિનુ માંકડને કોચ તરીકે રાખેલા.'

'અધ્યાપકોના ટૅનિસ કોર્ટ ઉપર પણ રમતની રમઝટ જામતી. પ્રિ.એન.એમ.શાહ, પ્રિ.કે.એલ.દેસાઈ, પ્રિ.જે.એ.કાઝી, પ્રો.પી.એ.પંડયા અચૂક રોજ સાંજે રમવા આવતા અને કૉલેજના ચેમ્પિયનો જોડે પ્રોફેસરોની ટુર્નામેન્ટ ગોઠવાતી. પ્રોફેસરો, વિદ્યાર્થીઓ વચ્ચે અંતર અને નિકટતા બંને સરસ પ્રમાણમાં જળવાતાં. આજે કેટલા અધ્યાપકો વિદ્યાર્થીઓ જોડે રમતના મેદાન ઉપર ભળે છે, એમની સાથે નિકટનો સંપર્ક રાખી ભળેહળે છે, એની ખબર નથી. છતાં પરોક્ષ રીતે મળતી જાણકારી તો એમ કહે છે કે અધ્યાપકો-વિદ્યાર્થીઓ વચ્ચે આજે સંપર્કની કડી જ નથી રહી.

૧૯૩૮માં એમ.ટી.બી. કૉલેજના પ્રાંગણમાં ગ્રંથાલયનું મકાન રચાયું. નીચે વિશાળ પુસ્તકાલયનો ખંડ, ઉપર સરસ સજાવટવાળો દરેક ટેબલ ઉપર લેમ્પ સહિતનો વિશાળ વાચન ખંડ. આજથી ૫૪ વર્ષ પહેલાં ગ્રંથાલયનું મકાન અલાયદું હોય, વિશાળ હોય, સુસજ્જ હોય અને એનો અલાયદો, 'વેલફર્નિશ્ડ', વિશાળ વાચન ખંડ હોય એ આદર્શ પહેલી વાર ચરિતાર્થ થયો. આપણા પૂર્વજો કેવા દ્રષ્ટિ સંપન્ન હતા તે આ ગ્રંથાલય કહે છે. વાચન ખંડ રાતના ૯-૧૦ સુધી ચાલુ રહેતો અને શહેરમાંથી જેમને સગવડ ન હોય એવા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં એનો લાભ લેતા. સવારે આઠથી શરૂ થતો અને રાત્રે નવ વાગ્યા સુધી ચાલતો વાચનખંડ વિદ્યાર્થીઓથી ભરચક રહેતો. એમાં રેફરન્સ પુસ્તકો મળતાં, બેકવોલ્યૂમ્સ મળતાં અને જરૂરી પુસ્તકો પણ મળતાં. આ વાચનાલય માટે પણ અલાયદા ગ્રંથપાલની નિમણૂક થતી. ગ્રંથાલયની વ્યવસ્થા નમૂનેદાર હતી. ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત ભાષા સાહિત્યના લગભગ બધાં જ જાણીતાં પુસ્તકો એમાં હતા. કૌમુદી, નવચેતન, વીસમીસદી જેવા ખ્યાતનામ સામાયિકોના અંકો પણ એમાં ઉપલબ્ધ થતા.

શ્રી દલાલ કોઈની સાડાબારી રાખતા નહીં. ગેરવલ્લે જતાં પુસ્તકોની સંખ્યા નહિવત જ હતી. એ જમાનાના બધા વિદ્યાર્થીઓ કંઈ ડાહ્યાડમરા થઈ વર્ગમાં નહોતા જતા. પણ જે વર્ગમાં નહીં હોય તે લાયબ્રેરીમાં હોય અથવા પેવેલીયનમાં હોય. આજે તમારી નિગાહ હેઠળ કૉલેજ ગ્રંથાલયની શી દશા થઈ છે ? જવલ્લે જ મળે એવું વાચનાલય કેવું અવાવરું પડયું છે? વરસમાં એકાદ દિવસે પણ ઊઘડતું નહીં હોય. એના ટેબલો, ખુરશીઓ અને પેલા ટેબલ લેમ્પો કદાચ ચોરાઈ પણ ગયા હોય. આજે પણ દુર્લભ ગણાતી વ્યવસ્થા ૫૪ વર્ષ પહેલાં સંસ્થાએ ઊભી કરી, તે વ્યવસ્થા ઉદાસીનતાથી રફેદફે થઈ ગઈ. એનો તેમને કોઈને અફસોસ નથી એનું મને આશ્ચર્ય છે. આવી દુર્લભ કે અલભ્ય ગણાતી સગવડ એળે જાય એનો ચચરાટ જેણે એ સગવડનો મહત્તમ ઉપયોગ કર્યો હોય એને જ થાય.

આજે વિદ્યાર્થીઓ અસભ્ય બનતા ગયા છે એ હકીકત છે. આજે કૉલેજ કેમ્પસોમાં ગાળોનો પ્રવાહ વહે છે. કોઈની મર્યાદા નથી. આજથી વીસ જ વર્ષ પહેલાં ગાળો કેમ્પસ ઉપર બોલાતી હશે પણ અધ્યાપકો, વિદ્યાર્થીઓની હાજરીની જબરદસ્ત મર્યાદા હતી. છોકરીઓ ગાળો બોલતાં વિદ્યાર્થીઓને શરમ લાગતી. કદાચ એનું એ વખતનું પ્રમાણ ન્યાતજાત અને સંસ્કારાધીન હતું. આજે તો એવી પણ કોઈ મર્યાદા રહી નથી. દરવાજા મોકળા થઈ ગયા છે. વિદ્યાર્થીઓનાં વાણીવર્તન જોઈ શરમથી માથું ઝૂકી જાય એવી દશામાં આવી પડયા છીએ. એમાં પણ માનો તો અધ્યાપક વિદ્યાર્થી વચ્ચે સંપર્કની ખૂટતી કડી કારણભૂત લાગે છે.

આનું બીજું મુખ્ય કારણ આપણે બૌધ્ધિક પ્રવૃત્તિઓથી વિમુખ બનેલા વિદ્યાર્થીઓને એ તરફ પાછા વાળી શકયા નથી એ છે. તમને એ પણ યાદ હશે, કે તે જમાનામાં અવરનવર અપાતા ગાંધીજીના કાર્યક્રમો, સમાજવાદ, સામ્યવાદ, બીજું વિશ્વયુદ્ધ અંગેના પ્રશ્નોનો કેટકેટલી ચર્ચા વિદ્યાર્થીઓ અધ્યાપકો સાથે કરતાં. ડૉ.આર.આઈ.પટેલ અને પ્રો.ગોદીવાલા સાથે કલાકો સુધી કૉલેજની લોબીમાં ઊભા રહી વિદ્યાર્થીઓ ચર્ચા કરતા. એને 'લોબી કલાસીસ' મજાકમાં કહેતા. આજે આવી ચર્ચા કરવાને અધ્યાપક પાસે સમય અને રસ છે ? વિદ્યાર્થીઓ પાસે એવી ગુંજાયેશ છે? આજે પણ કેટકેટલી અટપટી સમસ્યાઓ છે. એમની કેટલી સમસ્યાઓ અંગે આપણી કૉલેજમાં કોમનરૂમોમાં એકેડેમિક ચર્ચાઓ ચાલે છે? આપણી કૉલેજ પાસે ભૌતિક સંપત્તિ વધી. સાધનસામગ્રી, નવાં નવાં ઉપકરણો વધ્યાં એના વધવાના પ્રમાણથી બેવડા પ્રમાણમાં બૌદ્ધિક સંપત્તિ, તાકાત, રસ અને પ્રવૃત્તિ ઘટયાં''.

એ જમાનાનો છેવાડાનો વિદ્યાર્થી પણ આજના ઘણા પ્રથમ વર્ગોવાળા કરતાં જ્ઞાનની દ્રષ્ટિએ આગળ હતો એમ કોઈ પણ અતિશયોક્તિ વગર કહી શકાય. ખરેખર તો બધાને પ્રવેશ આપી ભણાવવાની ફિલસૂફી જ ખોટી છે જેટલા પાસ થાય એમાના ખોટાં નાણાં સહિત બધાંને કૉલેજોમાં પ્રવેશ આપવાની જરૂર જ નથી. આજની પળોજણ આમાંથી જ ઊભી થઈ છે. એક વાર સાધન સુવિધા પ્રમાણે સંખ્યા નિયત કરી ગુણવત્તાને ધોરણે પ્રવેશ આપી દરવાજા બંધ કરી દેવા. વધે તે કોઈ વ્યવસાય શોધે. કૉલેજમાં પ્રવેશ જોઈતો હોય તો મેરિટમાં ઊંચો ક્રમ લાવવાની જરૂર છે. એનો અહેસાસ આપણા વિદ્યાર્થીઓને કરાવવાની આજ ઘડી છે. બાકી જેટલાં પાસ થાય, અને વર્ષોવર્ષ ઘેટાંબકરાની માફક પાસ થનારની સંખ્યા વધતી જ જવાની છે, એ બધાંને પ્રવેશ આપવાની ઘડભાંજમાંથી જ કોલેજનાં પ્રાંગણો અરાજકતાભર્યા અને ઉપદ્રવી જ બનવાના છે. વખત એવો આવશે કે આ ઉપદ્રવોને જોગવવાનું ગજું કોઈ આચાર્યોનું કે અધ્યાપકનું હશે નહીં.

૧૪/૭/૯૨



# 'વીત્યા દિવસો ફરી ન ઊગતા'

એમ.ટી.બી.કૉલેજે એના અસ્તિત્વનાં પોણોસો વર્ષ આ વર્ષની ઓગણીસમી જૂને પૂરાં કર્યા. એ સંદર્ભમાં શરૂ કરેલી સ્મરણયાત્રાની લેખમાળા એ સમયના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી પ્રવૃત્તિ સાથે આજે હવે પૂરી કરીએ છીએ.

એમ.ટી.બી. કૉલેજના વિદ્યાર્થીઓએ દેશવિદેશમાં સારી નામના મેળવી છે. આઈ.સી.એસ. થઈને જુદાજુદા ઓધ્ધાઓ ઉપર કાર્યદક્ષ અને પ્રમાણિક અમલદાર તરીકે કામ કરનાર શ્રી એમ.જી.પિમ્પુટકર કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ થનાર શ્રી ધીરુભાઈ દેસાઈ કે ભારતીય લશ્કરના વડા બનનાર જનરલ શ્રી અરુણ વૈદ્ય કે ગુજરાતના જાણીતા નાટયવિદ્ શ્રી જશવંત ઠાકર, ગુજરાત રાજયના મુખ્ય પ્રધાન બનનાર શ્રી હિતેન્દ્ર દેસાઈ કે ગૃહપ્રધાન બનનાર શ્રી પોપટલાલ વ્યાસ કે ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ બનનાર ડૉ.જયંત પાઠકથી માંડી આજના સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી અજિત દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન શ્રી ગુલાબદાસ ખસી કે કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા શ્રી કદીર પીરજાદા સુધીની એક આખી 'ગેલેક્સી' છે. એ નામો એટલાં બધાં છે કે ગણ્યાં ગણાય નહી એટલા થાય.

અમારો ઈરાદો વિદ્યાર્થી પ્રવૃત્તિઓ વિશે વાત કરવાનો છે. કૉલેજની સ્ટુડન્ટસ કાઉન્સિલ ત્યારે જિમખાના કમિટિ કહેવાતી. એમાં ૧.જનરલ સેક્રેટરી, ૨.ક્રિકેટ સેક્રેટરી, ૩.ટેનિસ સેક્રેટરી, ૪.માઈનર ગેઈમ્સ સેક્રેટરી, ૫.રિડિન્ગ રૂમ સેક્રેટરી, ૬.મેગેઝિન સેક્રેટરી, ૭.કલ્ચરલ એકટીવીટીઝ સેક્રેટરીના ઓધ્ધાઓ હતા. આ બધાની ચૂંટણી આખો વિદ્યાર્થી સમુદાય કરતો. એમાં મેગેઝીન સેક્રેટરીની લાયકાતમાં એ જૂનિયર બી.એ.નો વિદ્યાર્થી હોવો જોઈએ એવી વાત નકકી થઈ હતી.

વર્ષમાં દરેક સત્રને અંતે બે વાર મેગેઝિન પ્રગટ થતાં. એના તંત્રી વર્ષો સુધી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી હતા. એમાં કદાચ પહેલી વાર આજના જાણીતા કવિ ડૉ.જયંત પાઠકનાં કાવ્યો પ્રગટ થયાં હતાં. અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રગટ થતાં લેખોનું ધોરણ ઘણું ઊંચું રહેતું. એના 'બેકવોલ્યૂમ્સ' આજે પણ જોવા જેવાં છે. લડાઈ શરૂ થઈ અને કાગળના વપરાશ પર કાપ આવતાં મેગેઝિન વર્ષને અંતે પ્રગટ કરવાની

પ્રથા શરૂ થઈ. પણ મેગેઝિન પ્રકાશનનો સમય બરાબર જાળવાતો. પહેલા સત્રમાં છ માસિક પરીક્ષા વખતે અને બીજા સત્રમાં યુનિવર્સિટી પરીક્ષા વખતે એના અંકો મળી જતા.

કૉલેજનો રિડિન્ગ રૂમ આજના પેવેલિયનમાં અલાયદો હતો. એમાં લગભગ બધાં જ નામી સામયિકો આવતાં અને જાણીતાં વર્તમાનપત્રો પણ આવતા. દરેક મહિનાનો અંક સમયસર મૂકાતો અને જો સમયસર નહિ મૂકાયો હોય તો વિદ્યાર્થીઓ એના સેક્રેટરીનો જવાબ માંગતા. સવારના નવ વાગ્યાથી શરૂ થતો તે સાંજના છ વાગ્યા સુધી એ ભરચક રહેતો. રિડિન્ગ રૂમ માટે એક અલાયદા નોકરની વ્યવસ્થા હતી. એ રિડિન્ગ રૂમ બોય તરીકે ઓળખાતો. ઓરડો ખોલવાની, બંધ કરવાની, સામાયિકો અને વર્તમાનપત્રો મૂકવાની જવાબદારી આ કર્મચારીની હતી. પાછલા અંકો બંધાવવા માટે લાયબ્રેરીમાં જતા.

૧૯૩૮માં બંધાયેલી લાયબ્રેરીના પહેલા માળ ઉપરનો ઓરડો પણ વાચનખંડ હતો. એમાં વિદ્યાર્થીઓને માટે અલગ ખુરશી ટેબલ પર બેસીને વાંચવાની સગવડ હતી. પરીક્ષાના બેત્રણ મહિના અગાઉ એ સવારે આઠથી રાતના નવ-દસ સુધી ખુલ્લો રહેતો. પહેલાં એમાં દરેક ટેબલ ઉપર જડેલા ટેબલ લેમ્પ પણ હતા. પાછળથી ટ્યૂબ લાઈટો મુકાઈ. પુસ્તકો ત્યાં બેસી વાંચવા માટે આપવાની સગવડ હતી અને એ માટે અલાયદા કર્મચારીઓ હતા. આ ખંડનો ઉપયોગ પણ સારી રીતે થતો અને પરીક્ષાના બે મહિના પહેલાં જો કોઈ વિદ્યાર્થી સમયસર નહીં પહોંચે તો એને બેસવાની જગ્યા પણ નહીં મળે એટલી એમાં ભીડ રહેતી.

રમતગમતની પ્રવૃત્તિઓ તો ધમધોકાર ચાલતી જ. ટુર્નામેન્ટો ગોઠવાતી. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે પણ જુદી જુદી રમતોની ટુર્નામેન્ટો ગોઠવાતી.

એવી એક ટુર્નમેન્ટમાં શ્રી દેસાઈ સાહેબે (કે.એલ.દેસાઈ) આંખે પાટો બાંધી માટલી ફોડવામાં સફળતા મેળવી પણ માટલીમાંથી રંગવાળું પાણી એમના નવા જ ગરમ સૂટ પર પડતાં આખો સૂટ રંગાઈ ગયો. સૂટ તો બગડયો પણ ઘરે જવાબ આપવો પડશે એની પણ એમને ચિંતા હતી, અને તે મોટી ચિંતા હતી. રમતનો રસ એટલો બધો હતો કે આંતરકોલેજ ટુર્નામેન્ટો વખતે કોલેજનો સમય સવારનો કરાતો જેથી વિદ્યાર્થીઓને એ જોવાની સગવડ મળે. ટુર્નામેન્ટોમાં પ્રેક્ષકોના વાખાં કયારે ય પડતાં નહીં.



સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વાદસભા પણ દર મહિને થતી. એની સ્પર્ધાઓ પણ થતી. નામાંકિત વ્યકિતઓનાં પ્રવચનો યોજાતાં અને ડિબેટિન્ગ સોસાયટીનો સેક્રટરી બીજે વર્ષે ચૂંટણીમાં ઊભો રહે તો પોતે શું શું કામ આગલે વર્ષે કર્યું હતું એની વાત કરીને મત માંગતો. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે પણ સંવિવાદ અને વાદવિવાદના કાર્યક્રમો યોજાતા. સામાજિક અને રાજકીય મહત્ત્વના વિષયોથી માંડી રમૂજી વિષયો સુધીના વિષયો પસંદ થતા.

આ પ્રવૃત્તિઓ સાથે હીસ્ટ્રી-ઈકોનોમિક્સના મંડળ અને ઝોરાસ્ટ્રીઅને એસોસીએશન પણ પોતપોતાના કાર્યક્રમો યોજતા અને દરેક કાર્યક્રમમાં શ્રોતાઓની હાજરી ભરચક રહેતી. સાહિત્યના કે રાજકરણના ભાગ્યે જ એવા કોઈ નેતા હશે જે કોલેજમાં વિદ્યાર્થીઓના આમંત્રણથી નહીં આવ્યા હોય.

એ જમાનામાં સોશિયલ ગેધરિન્ગ હમેશાં વિવાદાસ્પદ ઘટના રહેતી. આ ગેધરિન્ગ માટે ફરજિયાત ફી રાખવી કે જિમખાના ફીમાંથી જ એનો ખર્ચ કાઢવો એ મુદ્દા ઉપર વિદ્યાર્થીઓમાં બે પક્ષો પડી ગયા હતા. જિમખાના બજેટમાં દરેક પ્રવૃત્તિ માટે રકમ ફાળવી દીધા પછી ગેધરિન્ગ માટે નાણાં બાકી રહેતા નહીં એટલે ગેધરિન્ગ માટે ફી ઉઘરાવવા સિવાય આરો નહોતો. ઘણી વાર આ વિવાદને કારણે કૉલેજમાં ગેધરિન્ગ થતું નહીં. એની જગ્યા ગુજરાતી સાહિત્યમંડળના કાર્યક્રમો લેતી. પાછળથી જિમખાના ફી સાથે જ ગેધરિન્ગની ફી લેવાનું નકકી થયું. પહેલા સત્રમાં ગુજરાતી સાહિત્ય મંડળના રસદર્શનના કાર્યક્રમો થતા. બીજા સત્રમાં કોલેજનું સોશિયલ ગેધરિન્ગ યોજાતું.

આજે જે સાયન્સ કૉલેજના સેન્ટ્રલ હોલ તરીકે જાણીતો છે એ ખંડમાં પડદા, સાઈડવીંગ વગેરે સાથેની રંગભૂમિ રચના પ્રો. ગોદીવાલાની દોરવણી હેઠળ ૧૯૪૧માં થઈ હતી. સૂરત શહેરમાં એ જમાનામાં એ એકમાત્ર રંગભૂમિ હતી. એનું ઉદ્‌ઘાટન ઝવેરચંદ મેઘાણીએ ૧૯૪૧-૪૨ના વર્ષમાં કર્યું હતું. લગભગ અઢી ત્રણ કલાકના કાર્યક્રમમાં શ્રી.મેઘાણીએ મોકળે મને ગીતો ગાયાં હતાં. એમાં પ્રિ. શાહ પણ હાજર હતા. સાંજે ગુજરાતી સાહિત્ય મંડળ વિજયરાય વૈદ્યના તંત્રીપદે ચાલતા 'માનસી' સામાયિકના લાભાર્થે આર્થિક સહાય માટે નાટકનો કાર્યક્રમ યોજાયો હતો. એમાં મેઘાણી મુખ્ય મહેમાન તરીકે હતા. યાદ છે ત્યાં સુધી આ કાર્યક્રમમાંથી થયેલી આવકમાંથી ત્રણેક હજાર રૂપિયા વિજયરાયના તંત્રીપદે ચાલતા સામાયિક 'માનસી' માટે અર્પણ કરાયા હતા. ૧૯૪૧ના

ત્રણ હજાર રૂપિયા આજના અંદાજે કેટલાક થાય એની ગણતરી મૂકી જોવા જેવી છે. કાર્યક્રમ માટે ટિકીટનો દર રૂપિયો એક હતો.

આ ઉપરાંત શહેરમાં એક વિદ્યાર્થીઓનું મંડળ ચાલતું હતું. જે સૂરત વિદ્યાર્થી સંઘ તરીકે ઓળખાતું. એની જબરદસ્ત પાયે ચૂંટણી થતી. શહેરના શાળા-મહાશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનું એ પ્રતિનિધિત્વ કરતું. એમાં ઘણીવાર વ્યક્તિગત કૉલેજના પ્રશ્નો ચર્ચાતા પણ ઝાઝા ઉગ્ર બનતા નહીં. સૂરત વિદ્યાર્થી સંઘની શૈક્ષણિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આકર્ષક રહેતી. દર વર્ષે સંઘ પોતાનું સપ્તાહ ઊજવતું. એમાં નામી વ્યક્તિઓના પ્રવચનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વાદસભાઓ વગેરે પણ થતાં. સૂરત વિદ્યાર્થી સંઘ સૂરત શહેરના વિદ્યાર્થીઓ માટે એ એક ખૂબ ચેતનવંતી સંસ્થા હતી. આવી પ્રવૃત્તિઓ બેસન્ટ હોલ કે નગીનચંદ હોલમાં થતી, એનું નેતૃત્વ બુધ્ધિશાળી વિદ્યાર્થીઓ કરતા.

એમ.ટી.બી. કોલેજની સ્મરણયાત્રા 'નાનુની કેન્ટિન'ની વાત વગર પૂરી થયેલી ગણાય નહીં. આજે કૉલેજમાં લગભગ બધું જ બદલાઈ ગયું છે પણ એની કેન્ટિનના દીદાર બદલાયા નથી. પચાસ વર્ષ પહેલાં ત્રણસો ચારસો વિદ્યાર્થીઓ માટે જે જરૂિરયાતો માટે કેન્ટિન હતી તે કેન્ટિન આજે પણ તેના તે સ્વરૂપમાં અઢી ત્રણ હજાર વિદ્યાર્થીઓ માટે જ રહી છે. આજે નાનુભાઈને બદલે ધીરુભાઈ છે એટલો જ ફેર.

નિયોળ ગામના વતની નાનુભાઈ દેસાઈ એ કેન્ટિન ચલાવતા. ઊંચા કદના, ધીરા અવાજવાળા, ધોતિયું ખમીશ અને સફેદ ટોપી પહેરી સતત ગાલ્લા ઉપર બેસી રહેતા આ નાનુભાઈના નામ પરથી કેન્ટિન નાનુની કેન્ટિન કહેવાતી. વિદ્યાર્થીઓમાંથી કેટલાક એને બીજા પુરુષ એકવચનમાં જ સંબોધતા. એ કેન્ટિનના કર્મચારીઓનાં કપડાં અને દીદાર જુઓ તો આજે કદાચ ચા પીવાની પણ ગમે નહીં. છતાં નાનુની કેન્ટિન એમ.ટી.બી. કૉલેજની અંગભૂત બનેલી સંસ્થા જેવી ગણાતી થઈ ગઈ હતી. એના સ્વભાવને કારણે નાનુ વિદ્યાર્થીઓનું પ્રિય પાત્ર હતા. વિદ્યાર્થિનીઓ કેન્ટિનમાં જતી નહીં પણ વિદ્યાર્થીનેતાઓ ત્યાં પડયા પાથર્યા રહેતા.

એ કેન્ટિનનું મહત્ત્વ આજની પાર્લામેન્ટ હાઉસની કેન્ટિન જેવું હતું. એમાં બેસીને ચર્ચાઓ થતી, કૉલેજની ચૂંટણી અંગેના પ્રપંચો ગોઠવાતા, ગામગપાટા હંકાતા, અધ્યાપકો અંગેની વાતો થતી. નાનુની ભલમનસાઈ વિદ્યાર્થીઓને ઉધાર વેપાર કરતા રોકતી નહીં. કૉલેજના ઘણા વિદ્યાર્થીઓનું ખાસ કરીને નેતાઓનું ઉધાર ખાતું ચાલતું.



પરિણામે એને નફો થતો નહીં. એમ.ટી.બી કોલેજને યાદ કરનારા નાનુની કેન્ટિનને અવશ્ય યાદ કરે જ કરે. નાનુ પણ એમ.ટી.બી. કોલેજનું એક કેરેકટર હતો.

તે સમયમાં વિદ્યાર્થીઓનાં આંદોલનો જેવું ઝાઝું હતું નહીં. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની લડતના મહત્ત્વ અને પ્રભુત્ત્વ વિદ્યાથીઓના માનસપટ ઉપર અંકાયેલા રહેતા. દેશના કોઈ નેતાની ધરપકડ થાય તો હડતાલ પડતી. મોટે પાયે થયેલું પહેલું આંદોલન ૧૯૪૨ની ભારત છોડોની લડતનું હતું. કૉલેજ એકાદ મહિના સુધી બંધ રહી હતી. પાછી શરૂ થઈ ત્યારે મુખ્ય દરવાજા આગળ અધ્યાપકો બેસતા અને આઈડેન્ટીટી કાર્ડ જોઈને જ વિદ્યાર્થીને પ્રવેશવા દેતા. મુખ્ય દરવાજા આગળ ખાસ 'શેઈડ' બાંધવામાં આવ્યો હતો. એની નીચે પ્રયોગશાળામાં ધડાકો થયો હતો. પણ આચાર્ય શાહસાહેબે બાજી સંભાળી લીધી હતી.

૧૯૫૬ના અરસામાં થયેલા મહાગુજરાત માટેના આંદોલનના પડઘા પણ પ્રચંડ રહ્યા હતા. આ આંદોલનમાં અધ્યાપકોની સહાનુભૂતિ વિદ્યાર્થીઓ સાથે હતી. ૧૯૭૪માં થયેલા નવનિર્માણના આંદોલનોએ શિક્ષણ જગતની શિસ્તના પાયા, માનમર્યાદાના મૂલ્યોના પાયા હચમચાવી નાંખ્યા. ૧૯૭૪માં વર્ગ છોડીને માસ પ્રમોશન લઈને બ્હાર નીકળી ગયેલા વિદ્યાર્થીને હજી સુધી વર્ગમાં પાછો લાવી શકાયો નથી. અને વિદ્યાર્થી જગતે ત્યારથી કરવટ બદલી.

અમારી આ સ્મરણયાત્રાનો પંથ અહીં પૂરો થાય છે. શિક્ષણ જગત સાથે પચાસ વર્ષથી વધુ સમય સુધી એકધારા સંકળાયેલા રહેવાનો અજબ યોગ મળ્યો છે. અતીતથી જ સાંપ્રત અને અનાગત આ વિશ્વમાં મપાતા રહ્યા છે. આપણાં મૂલ્યો બદલાયાં, માપનાં ધોરણો બદલાયા, રહેણીકરણી બદલાઈ, એનાં પ્રતિબિંબ શિક્ષણ સંસ્થામાં પણ પડયાં. હવે અહીં પ્રશ્નપત્રો ફૂટે છે. પરીક્ષામાં ચોરી થાય છે. પરીક્ષા હળવી બનાવવા હડતાલો પડાય છે. એક જમાનામાં ભાઈ અને બહેન સાથે ભણતાં હોય તો પણ કોલેજમાં વાત કરતાં અચકાતાં હતાં અને જરૂર પડે તો પણ વાત કરવાનું ટાળતાં હતા ત્યાં આજે છોકરા છોકરીઓ બિંદાસ્ત હાથમાં હાથ નાંખીને ઘૂમે છે અને ઉજજડ ઉદ્યાનમાં પણ ખૂણો શોધી યુગલો કલાકો સુધી બેસી રહે છે. પસાર થનારા નજર પણ નાંખતા નથી. કોણ કહેશે કે વીતેલા પંચોતેર વર્ષમાં કૉલેજે પ્રગતિ નથી કરી ? ઘણું આવકાર્ય અને પ્રશસ્ય થયું છે પણ એનાથી ઘણું વધારે હાનીકર્તા પણ થયું છે. આજે સાધનોનો ઉપયોગ થતો નથી.

ગ્રંથાલયમાં પણ પુસ્તકોની સંખ્યા વધી અને વર્ષો વર્ષ વધતી જાય છે. છતાં પુસ્તકોને હાથ પણ લાગ્યો નહીં હોય એવું પણ બને છે. વિદ્યાર્થીઓએ વાંચવાનું છોડી દીધું છે. ટૂંકા રસ્તાઓ શોધાય છે. વર્ગના પડકારો જતા રહ્યા છે. એક કાળે કૉલેજના અધ્યાપકો શહેરની બૌધ્ધિક પ્રવૃત્તિઓનું નેતૃત્ત્વ કરતા. આજે શહેરની જે થોડીઘણી બૌધ્ધિક પ્રવૃત્તિઓ થાય છે તેમાં અધ્યાપક દેખાતો નથી. જે આંગણે સરસ્વતી સોળે કળાએ ખીલી હતી એજ આંગણામાં આજે 'નિરાલંબા સરસ્વતી' થઈ છે. કાળબળને કોણ ખાળી શક્યું છે ?

૩૧/૭/૯૩



# એમ.ટી.બી.કૉલેજ પંચોતેર વર્ષ પૂરાં કરે છે ત્યારે---

એમ.ટી.બી. કૉલેજે એના અસ્તિત્વનાં પંચોતેર વર્ષ આ માસની ઓગણીસમીએ પૂરાં કર્યાં. ૧૯૧૮ના જૂનની ઓગણીસમીએ સાર્વજનિક કૉલેજના નામથી શરૂ થયેલી એમ.ટી.બી. કૉલેજનો ઈતિહાસ ભવ્ય છે. ૧૯૨૦માં શ્રી મગનલાલ ઠાકોરદાસ બાલમુકુંદદાસ મોદીએ કૉલેજને રૂપિયા બે લાખનું દાન આપ્યું અને કૉલેજને દાતાના નામ સાથે જોડવામાં આવી. ત્યારથી કૉલેજ એમ.ટી.બી. કૉલેજ તરીકે ઓળખાતી થઈ. એ જ વર્ષમાં કૉલેજને પ્રથમ કક્ષાની કૉલેજ તરીકે મુંબઈ યુનિવર્સિટી તરફથી માન્યતા મળી. ૧૯૨૬માં કૉલેજને મુંબઈ યુનિવર્સિટીએ કાયમી જોડાણ આપ્યું. ૧૯૨૭માં ઈન્ટર સાયન્સના એ અને બી ગ્રુપના વર્ગો શરૂ કરવામાં આવ્યા. એ જમાનામાં ફર્સ્ટ ઈયરમાં વિદ્યાશાખા વાર કોઈ વિભાગીકરણ હતું નહીં. ઈન્ટરના વર્ગોથી જ આર્ટ્સ-સાયન્સ જેવા વિભાગો પડતા.

૧૯૩૫માં સાયન્સનો વિભાગ સમાવવા માટે નવું મકાન બંધાયું. જેમાં ૧૯૬૦થી પી.ટી. સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સનું કામકાજ ચાલે છે. ૧૯૩૮માં 'સર કીકાભાઈ પ્રેમચંદ લાયબ્રેરી'નું અલાયદું મકાન બંધાયું. આજથી ચોપન વર્ષ પહેલાં ગ્રંથાલયનું અલાયદું વિશાળ મકાન હોય, એમાં વળી માળ પર સોએક વિદ્યાર્થીઓને બેસીને વાંચવા માટેની પૂરા ફર્નિચરની દીવાબત્તી સાથેની સગવડ હોય, સંદર્ભગ્રંથો રાખવાની અને તે માટે અભ્યાસીઓ માટે અલાયદી જગ્યાની સગવડ હોય એ હકીકત જ સંચાલકો કેવા આર્ષદૃષ્ટા હતા એ સાબિત કરે છે. આજે પચાસ વર્ષ પછી પણ આવી વાંચનાલય સાથેના ગ્રંથાલયની સગવડ ગુજરાતમાં કોઈએ ઊભી કરી જાણી નથી. આજે પણ એ ગ્રંથાલય એની સમૃધ્ધિને માટે નમૂનેદાર ગણાય છે.

૧૯૬૦માં વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાને સમાવવા અને યુનિવર્સિટીએ કુલ સંખ્યા ઉપર મૂકેલા નિયંત્રણને કારણે એમ.ટી.બી. કોલેજનું વિનયન એને વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં વિભાગીકરણ થયું, અને ત્યારથી એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ ઓળખાવા લાગી. પણ આજે જયારે એમ.ટી.બી. કૉલેજ પંચોતેર વર્ષ પૂરાં કરે છે, ત્યારે ઘણા

બધા વિદ્યાર્થીઓના મનમાં હજી પેલી એમ.ટી.બી. કોલેજનાં સ્મરણો ભરેલાં છે.

૧૯૧૮માં જ્યારે એમ.ટી.બી. કોલેજની સ્થાપના થઈ ત્યારે મુંબઈ અને અમદાવાદ વચ્ચે કોઈ કૉલેજ હતી નહીં. વડોદરામાં કૉલેજ હતી તે ગાયકવાડ સરકારની કૉલેજ હતી, અને તેમાં વડોદરા રાજ્યના વિદ્યાર્થીઓને પ્રવેશ વગેરે બાબતમાં પસંદગી મળતી. સૂરતમાં એમ.ટી.બી. કૉલેજ થતાં મધ્યમ વર્ગનાં કુટુંબોના વિદ્યાર્થીઓ માટે એક ખૂબ ઉપયોગી સગવડ ઊભી થઈ. ઉત્તરમાં ઠેઠ ચરોતરથી અને પૂર્વમાં ઠેઠ ખાનદેશથી અને દક્ષિણમાં ઠેઠ દહાણું ઉમરગામથી વિદ્યાર્થીઓ અહીં ભણવા આવતા.

વળી કૉલેજમાં છાત્રાલયની પણ સારી સગવડ હોવાથી દૂરના વિદ્યાર્થીઓને રહેવાની પણ સારી અનુકૂળતા મળી રહેતી. તે જમાનામાં એક સાથે બસોથી સવા બસો વિદ્યાર્થીઓ જૂની અને નવી હોસ્ટેલ મળીને રહેતા. આજે જૂની હોસ્ટેલ નાબુદ થઈ છે અને જે તે જમાનામાં નવી હોસ્ટેલ ગણાતી તે સાયન્સ કૉલેજની હોસ્ટેલ બની છે. તેમાં આર્ટ્સના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

વીસમી સદીના ચોથા દાયકા સુધી હોસ્ટેલનો જમવાનો માસિક ખર્ચ, ફૂડબીલ-માત્ર પંદર સત્તર રૂપિયા આવતો. એમાં બીજો ખર્ચ ઉમેરાય તો પણ વીસ રૂપિયાથી માસિક બીલ વધતું નહીં. હોસ્ટેલમાં ઉત્તમ પ્રકારનું અને વૈવિધ્યવાળું ભોજન અપાતું. રસોડાનો વહીવટ વિદ્યાર્થીઓ કરતા. જૂની હોસ્ટેલમાં બે ક્લબો હતી અને નવી હાસ્ટેલમાં ત્રણથી ચાર ક્લબો હતી. નોન-વેજ માટે એક જુદી ક્લબ પણ હતી. દરેક ક્લબના સભ્યો આખા વર્ષ પૂરતા સેક્રેટરીની ચૂંટણી કરતા અને દર મહિના માટે બે મેનેજરો ચૂંટતા, જે ક્લબોનો દરરોજનો વહીવટ કરતા. સામગ્રી માટે વેપારીઓ જાતે ક્લબના મેનેજરને મળવા આવતા અને શાકભાજી વેચનારા પણ મેનેજરની રૂમ પર લાઈન લગાવતા. મેનેજર થાય એ વ્યક્તિ પોતાનો કપડાંનો સૂટ કારભારમાંથી કાઢી લેતો એમ પણ કહેવાતું. પણ ક્યારેય પુરવાર થતું નહીં. ક્લબના વહીવટમાં તકરાર ઝાઝી થતી નહીં. નાની મોટી ફરિયાદના ઝડપી નિકાલ થતા. આ સમય દરમ્યાન ક્લબનો વહીવટ માત્ર વિદ્યાર્થીઓ જ કરતાં. કોન્ટ્રાક્ટ પ્રથા હોવા છતા તેને પ્રોત્સાહન મળતું નહિ. મહિનાના પંદર રૂપિયામાં જમવાનું અને તે પણ ઉત્તમ અને વિવિધ પ્રકારનું, તે એ જમાનામાં બલિહારી હતી. રહેનારાઓનો મિજાજ પણ બાપ લાખ ચાલીસનો. એક અજબગજબનું



જીવન હતું. હોસ્ટેલમાં રહેનારાઓનું એક પ્રકારનું વિશિષ્ટ વ્યક્તિત્વ હતું અને કૉલેજના વ્યવહારમાં હોસ્ટેલાઈટોનું વજન પણ પડતું હતું.

કૉલેજનો આખો પરિસર બહુ રળિયામણો હતો. કૉલેજના પ્રાંગણમાં ઊંચાં વિવિધ પ્રકારનાં વૃક્ષો, એ વૃક્ષો પર એની ઓળખ આપતી નાની તકતીઓ, કૉલેજની સામેના ખંડોમાં હરિયાળી લોન અને એની ફૂલોના છોડથી વધતી શોભા. ગુલાબ, મોગરો, સૂર્યમુખી, તનમનિયાં, જાસ્મિન, ચંપા, કુસુમ જેવાં ફૂલોને કારણે રંગબેરંગી બનતું વાતાવરણ. સોપારીનાં, ચંદનનાં, કર્ણિકારનાં, મેહોગેનીનાં પસંદ કરી કરીને રોપાવેલાં વૃક્ષો. સવારથી સાંજ સુધી પક્ષીઓના કલરવનો ગુંજારવ. અદ્‌ભૂત રમણીય સૃષ્ટિ હતી. કોઈક જ શિક્ષણ સંસ્થામાં જોવા મળે એવું પ્રકૃતિ સૌંદર્ય અહીં ખીલ્યું હતું. શાશ્વતી છતાં વિવર્તશીલ પ્રકૃતિની ઋતુઋતુની શોભા અહીં પ્રગટતી. કવિવર ટાગોરનાં શાંતિનિકેતનની એક નાનકડી પ્રતિકૃતિ અહીં ખીલી હતી.

વિનયન અને વિજ્ઞાન બંને વિભાગો મળી ત્રણસોથી સાડી ત્રણસો વિદ્યાર્થીઓ કૉલેજનાં ચાર વર્ષો મળી થતાં. વિદ્યાર્થિનીઓ ઘણી જૂજ અને વર્ગોમાં એમને માટે પાટલીની એક હાર અલાયદી અને અનામત રખાતી. કૉલેજના પહેલે દિવસે જ નોટિસ મુકાતી. 'ફસ્ટ ટુ રોઝ આર રિઝવર્ડ ફોર લેડીઝ' એક વર્ગમાં દોઢસોથી એકસો સાઠ વિદ્યાર્થીઓ રહેતા. ઘણા ખંડોમાં આ વિદ્યાર્થીઓ માટે થિયેટરોમાં હોય તેવા પગથિયાંવાળા પ્લેટફોર્મ હતા. જેથી છેલ્લી પાટલી પરનો વિદ્યાર્થી પણ અધ્યાપકને જોઈ શકે.

કૉલેજમાં સત્રોની તારીખો નક્કી હતી. વીસમી જૂનથી દસમી ઓક્ટોબર અને અગિયારમી નવેમ્બરથી પંદરમી માર્ચ. કૉલેજ શરૂ થાય પછીના બીજે દિવસે સ્વાગત પ્રવચન- 'ઈનઓગરલ લેકચર' થતું. આજની સાયન્સ કૉલેજના સેન્ટ્રલ હોલમાં વિદ્યાર્થીઓ ભેગા થતા. એમાં આચાર્ય એન.એમ.શાહ અચૂક આવતા. દર વર્ષે જુદા જુદા અધ્યાપક મંગળ પ્રવચન આપતા. પ્રવચન ભાગ્યે જ કોઈ સાંભળતું. જાતજાતના અવાજો થતા. ઈટ વોઝ એન એક્સ્પિરિયન્સ. ઘણાં વર્ષો સુધી આ પ્રથા રહી. વિદ્યાર્થીઓ એમાં હાજર રહેતા. કૉલેજ જીવનનો એ પહેલો દિવસ હતો.

કૉલેજ આખા વર્ષ દરમ્યાન પ્રવૃત્તિઓથી ધમધમતી રહેતી. વિદ્યાર્થીમંડળની ચૂંટણી ઉત્તેજનાભરી હતી, પણ આજના જેવી ઘોંઘાટ ગુલાલવાળી નહોતી. વિજેતા જનરલ સેક્રેટરી ક્યારે ય પાર્ટી નહોતો

આપતો. કૉલેજમાં ચાર ટેનિસકોર્ટ હતા. અને એ ચારે કોર્ટ વિદ્યાર્થીઓથી ઊભરાતા રહેતા. ટેનિસ બોલ કૉલેજ તરફથી અપાતા. આ જ રીતે બીજી રમતો અને ખેલકૂદની પ્રવૃત્તિઓ સતત ચાલતી રહેતી. જે વિદ્યાર્થી વર્ગમાં હાજર નહીં હોય તો એ લાયબ્રેરીમાં હોય અથવા રમતના મેદાન ઉપર કે પેવેલિયનમાં હોય.

આવી જ રીતે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ ધમધોકાર ચાલતી. દર મહિને એક વાદસભા ગોઠવાતી. સાંભળનારાઓથી સેન્ટ્રલ હોલ ઉભરાઈ જતો. એક એકથી ચઢિયાતા વક્તાઓ હતા. જસ્ટીસ શ્રી ધીરુભાઈ દેસાઈ એ જમાનાના એક સરસ વક્તા ગણાતા. અંગ્રેજી અને ગુજરાતીમાં બોલનારાઓનું એક સરખું પ્રભુત્વ હતું. શહેરમાં કોઈ મહાજન આવે તો તેને કૉલેજમાં આમંત્રણ આપી આગ્રહપૂર્વક બોલાવી લાવી તેમનાં વ્યાખ્યાનો ગોઠવતાં. શ્રોતાઓનો દુકાળ ક્યારે ય નડતો નહીં. જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, સરોજિની નાયડુ, ઈન્દુલાલ યાજ્ઞિક, બલરાજ સહાની, ઉમાશંકર, સુંદરમ, બળવંતરાય ઠાકોર, ગુલાબદાસ બ્રોકર, વક્તાઓમાં કેટકેટલાં નામ ગણાવીએ! બૌધ્ધિક પ્રવૃત્તિઓ માટેનો એક ગજબનો માહોલ હતો.

વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો પૂરેપૂરો ઉપયોગ કરતા. નવાં કે ઉત્તમ પુસ્તકો-અંગ્રેજી ગુજરાતીનાં, બંનેની માંગ સતત રહેતી. નવાં પુસ્તકો વાંચવા માટે પડાપડી થતી. ગ્રંથપાલ શ્રી દલાલ હતા. આજના જેવા ઊંચી ડિગ્રીધારી નહીં પણ ગ્રંથાલયના વૈજ્ઞાનિક વિભાગીકરણ જાણનારા અને પુસ્તકોની જાળવણી માટે આગ્રહી. નિયત પુસ્તકોથી એક પણ પુસ્તક વધારે જો કોઈ લઈ જાય તો તે પાછું મેળવી લેવા માટે એમનો પત્ર આવેલો જ હોય. એમાં પ્રિન્સીપાલ એન.એમ.શાહનો પણ એ અપવાદ કરતા નહીં. પુસ્તક મોડું પરત થાય તો અચૂક રોજિયો દંડ થાય. ગ્રંથાલયનો વહીવટ એવો ચોક્કસ અને શિસ્તબધ્ધ કે માંગો એટલે તરત પુસ્તક મળે. આગલે દિવસે ડિમાન્ડ બુકમાં પુસ્તકની ડિમાન્ડ લખી આવવાની. બીજે દિવસે એ લઈ જવાનું. કોઈપણ યુનિવર્સિટીમાં હોય એવું વાતાવરણ, દર્શન અને વહીવટ આ ગ્રંથાલયનાં હતાં. ગ્રંથાલયની કોઈપણ ડિગ્રી વગરના ગ્રંથપાલ ગ્રંથાલયનો કેવો અચ્છો વહીવટી કરી શકે એના શ્રી દલાલ પુરાવારૂપ હતા.

ગુજરાતી-અંગ્રેજી સામયિકો સારા પ્રમાણમાં રહેતાં. કૉલેજમાં 'વીસમી સદી', 'વસંત' જેવાં જૂનાં અને પ્રસિધ્ધ સામયિકોનાં 'બેકવોલ્યૂમ' પણ મળી શકતાં.



કૉલેજમાં ગુજરાતી સાહિત્ય મંડળ, ઊર્દૂના વિદ્યાર્થીઓનું મંડળ, પારસીઓનું ઝોરાષ્ટ્રીયન એસોસીએશન જેવાં મંડળો દ્વારા સતત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલતી. ગુજરાતી સાહિત્ય મંડળના રસદર્શનનો કાર્યક્રમ સૂરતને માટે આકર્ષક કાર્યક્રમ હતો. એમાં ભજવાતાં નાટકો જોવા પડાપડી થતી. નાટકોના અવનવા પ્રયોગો થતા. ઈન્દુકુમાર 'વિશ્વગીતા'ના પ્રવેશો 'છીએ તે જ ઠીક', 'શાહજહાં', મુચ્છકટિક' જેવાં નાટકો આ રંગભૂમિ ઉપર ભજવાયાં છે.

વિદ્યાર્થીઓમાં ઉમંગનો તરવરાટ હતો. ગાંધીવાદ, સમાજવાદ, સામ્યવાદ, બીજું વિશ્વયુધ્ધ જેવા તત્કાલીન પ્રશ્નોની ચર્ચા વર્ગમાં અને વર્ગ બહાર પણ ચાલતી. પ્રો. ગોદીવાલા અને ડૉ. આર.આઈ.પટેલ કલાકો સુધી કૉલેજની લોબીમાં ઊભા રહી આ ચર્ચાનો તંતુ ચાલુ રાખતા. વર્ગમાં અધ્યાપકની કસોટી થતી. ગજાવગરના કે કાચાપોચા અધ્યાપકને વર્ગમાં ઊભા રહેવાનું મુશ્કેલ બનતું. પ્રિ.એન.એમ.શાહનું નેતૃત્વ ખમીરવંતુ હતું. એમનો ધાક અધ્યાપકોમાં પણ ઠીક ઠીક હતો. વિદ્યાર્થી સામેની ફરિયાદ એ સમરી ટ્રાયલથી ચલાવતા, અને જેટલી દલીલ વિદ્યાર્થી કરે એટલો દંડ વધતો.

અધ્યાપકોનું એક તેજસ્વી મંડળ હતું. નવા આવનાર અધ્યાપકની અગ્નિકસોટી શરૂઆતમાં થતી. પ્રિ. કે.એલ.દેસાઈ, પ્રો. કે.એસ.ત્રિવેદી જે મોટા ત્રિવેદી સાહેબના નામથી ઓળખાતા અને પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જે નાના ત્રિવેદી સાહેબને નામે ઓળખાતા. વિજયરાય વૈદ્ય, પ્રો. હીરાલાલ ગોદીવાલા, વ્રજરાય દેસાઈ, ડૉ. આર.આઈ.પટેલ, વિજ્ઞાન બાજુએ પ્રો. જયદેવ કાજી, પ્રો. પી.એ પંડયા, ડૉ.સી.એમ.દેસાઈ અને એવા ઘણા બધાં. ૧૯૫૦ થી ગુજરાતી માધ્યમ થતાં બિનગુજરાતી અધ્યાપકો આવતા બંધ થયા. બાકી કૉલેજનો કોમનરૂમ નાને પાયે આખા ભારતનું પ્રતિબિંબ પાડતો હતો.

આજે હવે પચાસેક વર્ષ પછી કૉલેજ તરફ નજર નાંખીએ છીએ ત્યારે મન ગ્લાનિથી ભરાઈ જાય છે. કૉલેજનું પ્રાકૃતિક સૌંદર્ય પહેલાં જેવું રહ્યું નથી. ઘણાં વૃક્ષો પડી ગયાં છે. નવાં વવાયાં નથી. કૉલેજનાં મકાનો સામેના ભૂખંડો જ્યાં લોન અને ફૂલછોડ હતાં, તે હવે ઉષર બની ગયાં છે. વર્ગખંડોમાં વિદ્યાર્થીઓનો રસ રહ્યો નથી. અધ્યાપકો ઉદાસીન અને સિનિકલ બની ગયા છે. કૉલેજમાં કોઈ સાંસ્કૃતિક કે સાહિત્યિક પ્રવૃત્તિઓ થતી નથી. બહારના મહાનુભવોના વ્યાખ્યાનો ગોઠવાતાં નથી. વિદ્યાર્થિનીઓની રસરુચિવૃત્તિ બદલાયાં છે, હવે યુવક-

યુવતીઓના છૂટાંછવાયાં યુગલો ગોષ્ઠિમાં મશગૂલ દેખાય છે. કૉલેજના મુખ્ય દરવાજેથી પ્રવેશી કૉલેજના મકાન સુધી પહોંચો ત્યાં સુધીમાં બિભત્સ ગાળોનો ધોધ વિદ્યાર્થીઓને મુખેથી સંભળાતો જ રહે છે. એમાં વિદ્યાર્થિનીઓની હાજરી પણ નિયંત્રણ બનતી નથી. કૉલેજનો બદલાયેલો માહોલ હવે વિદ્યાકેન્દ્રી રહ્યો નથી.

છેલ્લાં વીસ વર્ષમાં શરૂ થયેલી વિઘટન પ્રવૃત્તિએ ઘણો મોટો ભાગ લીધો છે. આજે સાધન વધ્યા, ગ્રાન્ટો વધી અને છતાં બુધ્ધિમતા વધી કહેવાય એમ નથી. આજે ગ્રંથાલયમાં જતાં અને પુસ્તકો વાંચતાં વિદ્યાર્થીઓની ટકાવારી જૂજ જ છે. થોકબંધ પ્રથમવર્ગ મેળવનારા આજના વિદ્યાર્થીઓની ભાષાસંપત્તિ રંક છે. અંગ્રેજી કે ગુજરાતી ભાષામાં એમને અભિવ્યક્તિની તકલીફ પડે છે. એવું જ કદાચ ઈતરપ્રવૃત્તિઓ માટે કહેવાય. વિદ્યાર્થીઓની માફિયાગીરી વધી ગઈ છે. મકાનો એનાં એ જ છે. થોડાંક નવાં બંધાયાં છે, પણ એમાંથી આત્મા જતો રહ્યો છે.

વખત સાથે બધું બદલાય છે, પણ એ પરિવર્તન કઈ દિશાનું છે તેના પરથી અતીત-સાંપ્રત અને અનાગતનું માપ નીકળી શકે. બનવા સંભવ છે કે જે સમગ્રમાં બન્યું છે તે અનિવાર્ય રીતે એના એકમમાં પણ બને જ બને.

૨૨/૬/૯૩



# એમ.ટી.બી. કૉલેજની સ્મરણયાત્રા

એમ.ટી.બી. કૉલેજે પંચોતેર વર્ષ પૂરાં કર્યાં તેની સ્મરણયાત્રાએ હમરાહીઓ પાસે ઘણાં બીજાં સ્મરણો પ્રાપ્ત કર્યા. એમ.ટી.બી. કૉલેજ જેવી સંસ્થાનાં સ્મરણો માટે તો આખી લેખમાળા લખવી પડે. આજે વળી થોડાંક વધુ સ્મરણો આલેખીએ છીએ.

એમ.ટી.બી. કૉલેજનું રમતનું મેદાન એનાં ઉદ્યાનો જેટલું જ સ્મરણીય છે. રમતગમત માટે આટલું વિશાળ મેદાન બહુ ઓછી કૉલેજો પાસે હોય છે. એ મેદાનની રચના અને જાળવણીનો યશ આચાર્ય શ્રી કે.એલ.દેસાઈને જાય છે. મેદાની જાળવણી માટે એ રોજ આખા મેદાન ઉપર ઘૂમી વળતા. ધોતિયું અને ઉપર ક્યારેક પહેરણ અને ક્યારેક કોટ અને માથે અચૂક હેટ પહેરી એમને મેદાન ઉપર ફરતા જોવાનો એક લહાવો હતો. ધોતિયા ઉપર હેટ પહેરીને એમને ફરવામાં કોઈ સંકોચ નહોતો. તડકા-તાપથી ટાલવાળું માથું બચાવવું જોઈએ એમ એ કહેતા. ભારત જેવાં ગરમ દેશમાં ઉઘડે માથે ફરતા લોકો એમને ગમતા નહીં. ક્રિકેટની પીચ, બીજી રમતો માટેના કોર્ટ, આજુબાજુની જગ્યા બરાબર જળવાય એ એમની એક લગની હતી. દેસાઈ સાહેબ પછી આટલી ધગશ અને લગનીથી રમતના મેદાન ઉપર ફરી વળનારા બીજા કોઈ આચાર્ય જોયા નથી. શ્રી દેસાઈ સાહેબ ટેનિસના એક અચ્છા ખેલાડી હતા. એમનો એ વારસો એમના દીકરા શ્રી દિનકર દેસાઈ અને પૌત્ર ડૉ.જનક સુધી ચાલુ રહ્યો. નિવૃત્ત થયા ત્યાં સુધી સાઠીમાં હોવા છતાં એ મેદાન ઉપર ફરતા. નિવૃત્તિ પછી ક્યારેક કૉલેજમાં આવતા તો મેદાન પર અચૂક જતા.

રમતના મેદાનની જાળવણીની વાત કરીએ છીએ ત્યારે સ્વ. જે.ડી.સોલને યાદ કર્યા વિના ચાલે નહીં. શ્રી સોલ યહૂદી હતા અને લશ્કરમાંથી નિવૃત્ત થઈ કૉલેજમાં રમતગમતના અધ્યાપક તરીકે જોડાયા હતા. શ્યામવર્ણ, મધ્યમ કદ પેન્ટશર્ટ અને લશ્કરી ઢબે ચાલતા અને લશ્કરી મિજાજવાળા શ્રી સોલનો જીવ જો મેદાન ઉપર કોય સાયકલ ઉપર દાખલ થાય તો કપાઈ જતો, અને એના પ્રચંડ ઘાંટાથી એ મેદાનના જે કોઈ પણ ખૂણે હોય ત્યાંથી દાંટતા. વિદ્યાર્થીઓમાં રમત પ્રેમ જાગે એ માટે એ સતત ઉત્સુક રહેતા, અને દિવસનો ઘણો સમય એ મેદાન ઉપર ગાળતા. સોલને જે વિદ્યાર્થીપ્રિયતા મળી હતી, એ બહુ ઓછાને મળે છે. એક માર્ગ અકસ્માતમાં એમનું અકાળ અવસાન થયું. એમના કુટુંબની બીજી મોટી કરૂણતા એમના દીકરાના પણ એવા જ અકસ્માતમાં થયેલાં અવસાનની હતી. એમનો દીકરો પણ સ્પોર્ટ્સ્મેન હતો. કોમર્સ કૉલેજમાં વોલીબોલની રમત જોતા તૂટી પડેલા ક્રોન્ક્રીટના એક સ્ટેન્ડમાં એ કચડાઈને મૃત્યુ પામ્યો હતો.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને કદાચ એ વખતે બહુ ઓછી આર્થિક જવાબદારી હશે એટલે, કે પછી સંચાલકોની લાંબી દ્રષ્ટિને કારણે એમ.ટી.બી.ની મિલકતની જાળવણી માટે એક પૂરા સમયના મહાજની નામના ઓવરસીઅર હતા. બેઠી દડીના આ મહારાષ્ટ્રીઅન ગૃહસ્થ કચ્છો મારીને પહેરેલા ધોતિયા ઉપર ખમીશ કોટ અને કાળી ટોપી પહેરી આખી કૉલેજની મિલકતની આજુબાજુ સતત ફરતા રહેતા અને આખી મિલકતની ટીપ-ટોપ જાળવણી કરતા. પૂરા સમયનો એક ફેંટાવાળો માળી હતો. એ માળી ફૂલ-બાગ-વૃક્ષોનું સતત ધ્યાન રાખતો. લોનનું ઘાસ નિયમિત કપાતું, સમયસર ખાતર અપાતું, રોજ સવારે કચરો સાફ થતો. બધું જ સરસ અને સ-રસ રહેતું. ત્યારે કૉલેજમાં આજના જેવો વનસ્પતિવિજ્ઞાનનો વિભાગ વિકસેલો નહોતો.

સોસાયટીના સ્થાપકોએ પહેલેથી જ કૉલેજ માટે આટલી વિશાળ જગ્યા ખરીદી લીધી એ એમની શૈક્ષણિક વિકાસ માટેની દીર્ઘદૃષ્ટિની પ્રતિતી કરાવે છે. એ જ જગ્યામાં પાછળથી કે.પી.કોમર્સ કૉલેજ પણ સ્થપાઈ. એક સાંભળેલી વાત યાદ આવે છે. એમ.ટી.બી. કૉલેજના પ્રવેશદ્વારમાં દાખલ થતા જમણા હાથ ઉપર પી.ડબલ્યુ.ડી.ની અત્યારે જે કચેરી છે એ જગ્યા પણ સરકાર પાસે લેવાના સફળ પ્રયત્નો થયેલાં અને તે વખતના કલેક્ટર શ્રી હરીલાલ ભટ્ટે બહુ જ વિધાયક ભાગ ભજવી જગ્યા સોસાયટીને મળે એવી ગોઠવણ કરેલી. આખો પ્રસ્તાવ પાસ થવાની અણી પર હતો. પરંતુ સોસાયટીના કારોબારીના અધ્યક્ષ શ્રી લલિતમોહન ગાંધી એ જ ઘડીએ સ્વતંત્ર પક્ષમાં જોડાયા એટલે તે સમયના મુંબઈ રાજ્યના રેવન્યૂ મિનિસ્ટર શ્રી મોરારજી દેસાઈએ આખી વાતને ઉડાવી દીધી. શિક્ષણસંસ્થાના રાજકીય વલણોની કારણે રાજ્ય સરકારો કેવાં વિઘાતક પગલાં લઈ શકે છે તેનું આ એક ઉદાહરણ છે.

વિદ્વત્તા અને સારા અધ્યાપક થવાની કલા અનિવાર્ય રીતે સાથે જનારા ગુણો નથી. વ્યક્તિ ગમે એટલી પ્રખર વિદ્વાન હોય છતાં સારા અધ્યાપક ન હોય તો કોલેજના વર્ગોમાં એને સફળતા માત્ર વિદ્વત્તાને કારણે નથી મળતી એ વાત શ્રી વિજયરાય વૈદ્યથી સિધ્ધ થાય છે. શ્રી વિજયરાય વૈદ્ય એ જમાનાના ઉત્તમ વિવેચક ગણાતા. સાહિત્યપ્રેમીઓમાં એમનું માન ઘણું મોટું હતું છતાં એક અધ્યાપક તરીકે એ સાવ નિષ્ફળ હતા. એ નાનપરાના દરજી મહોલ્લામાં આવેલા એમના ઘેરથી વિકટોરિયા ઘોડાગાડીમાં કૉલેજમાં આવતા. બેસે ત્યાંથી ચોપડી વાંચવાનું શરૂ કરે તે ઠેઠ કૉલેજ સુધી. કૉલેજમાં આવી પહોંચે એટલે કૉલેજ આવી ગઈ, એવું ધ્યાન ગાડીવાળો દોરે ત્યારે જ એમને ખબર પડે. એ ગાડી 'વિજુકાકાનો રથ' કહેવાતો. અનાકર્ષક વ્યક્તિત્વ કર્કશ અવાજ અને રેઢિયાળ ભણાવવાની પધ્ધતિને કારણે એમના વર્ગમાં સતત ઘોંઘાટ-તોફાન ચાલ્યાં કરતાં. વર્ગમાં ક્યારેય એ વ્યાખ્યાન અપાતા



નહીં, પણ નોટ્સ લખાવ્યા કરતા. જે પુસ્તકમાંથી એ નોટ્સ લખાવે, એ પુસ્તક પણ વિદ્યાર્થીઓ સામે ધરી રાખેલું હોય. વિદ્યાર્થીઓ નોટ્સ લખવાને બદલે જાતજાતના અવાજો કરે રાખતા. કવિ કાન્ત વિશે નોટ્સ લખાવતાં. કાન્તનાં પહેલાં પત્નીના સ્વર્ગવાસની વાત પણ કરે ત્યારે આખો દોઢસો વિદ્યાર્થીઓનો ક્લાસ પોક મૂકે. જે વિદ્યાર્થીને એ વર્ગ બહાર કાઢી મૂકે એ જ વિદ્યાર્થી પાછળની બારીમાંથી વર્ગમાં પાછો આવી બેસી જાય, અને વળી પાછા એ જ વિદ્યાર્થીને બહાર કાઢવાનો વારો આવે, તો પણ એમને એની ખબર નહીં પડે. આખરે એમણે રાજીનામું આપી અધ્યાપકની નોકરી છોડી દીધી. પ્રથમ વર્ષમાં રમણલાલ દેસાઈની નવલકથા 'કોકિલા' અને ચંદ્રવદન મહેતાની કવિતા 'રતન' ભણાવવાના હતા. એમણે સહજભાવે કહ્યું કે પહેલા સત્રમાં હું 'કોકિલા'લઈશ અને બીજા સત્રમાં 'રતન'. આખા વર્ગમાં હોહો થઈ, જાતજાતના અવાજો થયા અને વિવિધ પ્રશ્નો થયા છતાં એ એટલા ભોળા કે વિદ્યાર્થીઓ કોકિલા અને રતનને વિશે સ્ત્રીવાચક નામો ગણી અવાજ કરે છે એની એમને ખબર નહીં પડી તે નહીં જ પડી.

અંગ્રેજીના અધ્યાપક શ્રી વ્રજરાય દેસાઈ પણ એવા જ વિદ્વાન, છતાં અધ્યાપક તરીકે બિલકુલ અસરકારક નહીં. એમની સ્મૃતિ અદ્‌ભુત. દોઢસોના વર્ગમાં દરેક વિદ્યાર્થીને એ નામથી અને રોલ નંબરથી ઓળખે. એમના વર્ગમાં કોઈ વિદ્યાર્થી બીજાની હાજરી પુરાવી શકે નહીં. વર્ગમાં આવતા કોણ હાજર છે-કોણ નથી, એની ખબર એમને નજર ફેરવતાં જ પડી જતી અને છતાં અધ્યાપક તરીકે એ નિષ્ફળ હતા.

અંગ્રેજીના વિષયમાં ડૉ. આર.આઈ.પટેલ અને મોતી ગિડવાણી ૧૯૪૧ના અરસામાં નવા આવેલા. બન્ને અધ્યાપકોએ વિદ્યાર્થીઓમાં ખૂબ આકર્ષણ જમાવેલું. ગિડવાણી ઝાઝું ટક્યા નહીં. ડૉ.પટેલ કોઈપણ કૉલેજમાં આચાર્ય બની શક્યા હોત કે યુનિવર્સિટી અધ્યાપક થઈ શક્યા હોત, છતાં એવી કોઈ પણ મહત્વકાંક્ષા ન રાખી એમણે એમ.ટી.બી. કૉલેજમાં રહેવાનું નક્કી કર્યુ અને ડૉ.પટેલ એમ.ટી.બી. કૉલેજની એક અસ્કયામત બની ગયા. આવ્યા ત્યારે એ ખૂબ ઝડપથી કડકડાટ એકધાંરુ અંગ્રેજી બોલતા. કોટ પાટલૂન ટાઈ પહેરતા. એમના થોભિયા પણ એક આકર્ષણ હતું. એ જમાનામા એમના જેટલી ઝડપથી અંગ્રેજી બોલનારા અધ્યાપકો કોલેજમાં નહોતા એટલે એમની 'ફ્લ્યુઅન્સી'એ વિદ્યાર્થીઓમાં ભૂરકી નાખી હતી. વિદ્વત્તા અને સારા અધ્યાપકનાં લક્ષણો એમનામાં એકરૂપ થયાં હતાં. ડૉ.આર.આઈ.પટેલની વિશેષતા એમની વર્સેટીલીટી હતી. કોઈ પણ વિષય ઉપર એમને પૂછો તો એમની પાસે જવાબ તૈયાર જ હોય. વિશાળ વાચનને કારણે પણ ડૉ.પટેલનો પ્રભાવ ઘણો મોટો હતો. એમની બીજી વિશેષતા વિદ્યાર્થીઓ સાથે સરળતાથી ભળી જવાની, એમને સમજવાની અને એમના અંગત પ્રશ્નોમાં રસ લેવાની હતી. એ જમાનાના કોઈ અધ્યાપક કદાચ પ્રો.ગોદીવાલાના અપવાદ સિવાય

વિદ્યાર્થીઓ જોડે આટલી સાહજિકતાથી ભળતા નહીં. ડૉ.પટેલ પહેલા આવ્યા ત્યારે વિદ્યાર્થીઓએ એમને પણ નાણી જોયા પણ એ ગુસ્સે થતા નહી એટલે વિદ્યાર્થીઓની મુરાદ બર આવતી નહી. એમણે એક સરસ પ્રણાલિકા પાડી, અને તે વિદ્યાર્થીઓ સાથે કોઈ પણ વિષય ઉપર ચર્ચા કરવાની. કલાકો સુધી એ લોબીમાં ઊભા રહી ચર્ચા કર્યા જ કરતા. એમના દલીલ પ્રાવીણ્યને કારણે એમને ગૂંચવવાનું કામ અઘરું હતું. ઘણી વાર 'ધો વેન્કવીશ્ડ હી આરગ્યુડ સ્ટીલ' એવો ઘાટ પણ બનતો.

ડૉ. પટેલે એમ.ટી.બી. કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો દોર પોતાના હાથમાં લઈ લીધો. સૂરતનાં કલામંડળો અને કલાકારોને તૈયાર કરવામાં કે તાલીમ આપવામાં ડૉ.પટેલનો ફાળો મોટો છે એ ચોક્કસ. અંગ્રેજીની બાબતમાં વિદ્યાર્થીઓની શક્તિ જેટલી ઘટતી ગઈ, તેમ તેમ ડૉ.પટેલની પદ્ધતિ પણ બદલાતી ગઈ. આ લેખકે વિદ્યાર્થીની હેસિયતમાં ડૉ.પટેલનાં અંગ્રેજી વ્યાખ્યાનો જે શૈલીમાં સાંભળેલા તે શૈલી પાછલાં વર્ષોમાં રહી નહોતી. એ ધીરે ધીરે બોલતા થયા હતા અને શિક્ષકની ઢબે બોલતા થયા હતા. કદાચ પાછળનાં વર્ષોમાં વિદ્યાર્થીઓ માટે એ જ શૈલી અપનાવવાની એમને જરૂર લાગી હોય.

આજે હજી પણ એમની વાત કરવાની અને દલીલ કરવાની શક્તિ એટલી જ અથાક છે. એમને માટે પાછળથી વિદ્યાર્થીઓમાં એક ઉક્તિ પ્રચલિત થઈ હતી કે જો 'તમે એમને આજની તારીખ પૂછો તો એ કેલેન્ડરોની ઉત્પત્તિથી વાત શરૂ કરે અને આજની તારીખ કહેવાનો વારો આવે ત્યારે એ તારીખ બદલાઈ ચૂકી હોય.' એ ઉક્તિની એમને પણ ખબર હતી. એમનો મોટો ગુણ એ હતો કે પોતાને માટેની મજાક હળવાશથી લઈ શકતા અને હસી શકતા.

આઈ.સી.એસ. થવા ગયેલા પણ અધ્યાપક થઈ ગયેલા. ડૉ.આર.આઈ.પટેલ એક મેધાવી અધ્યાપક હતા અને અંગ્રેજી ઉપરાંત ગુજરાતી અને સંસ્કૃતના પણ સારા જ્ઞાતા હતા.

આગળ અમે જેમનો ઉલ્લેખ કર્યો છે તે પ્રો. ગોદીવાલા વિશે નોંધ લખ્યા વગર આ વાત અધૂરી રહે. પ્રો. હીરાલાલ ગોદીવાલા ઓક્ષફર્ડ યુનિવર્સિટીની ડિગ્રી ધરાવનારા અંગ્રેજીના ખૂબ મુલાયમ સ્વભાવના અધ્યાપક હતા. ઊંચા, સુઘડ પહેરવેશમાં સોહામણું વ્યક્તિત્વ. અને અત્યંત મૃદુ-રૂપાની ઘંટડી જેવો અવાજ ધરાવનાર પ્રો. ગોદીવાલા સફળ અધ્યાપક હતા. એમની પ્રકૃતિ રોમેન્ટિક હતી એટલે એમને માટે એ જમાનામાં પણ જાતજાતની વાતો સંભળાતી. મોટેભાગે એ શેક્સપીઅર ભણાવતા. 'હેમ્લેટ' ભણાવતી વખતે એ આખા વર્ગને શાંત કરી દેતા. નાટક સાથે તદ્રુપ બની જઈ નાટકનું પાત્ર ભજવતા હોય એમ એ ભણાવતા. એમનો પિરિયડ ક્યારે પૂરો થઈ ગયો તેની ખબર પણ પડતી નહીં. વિદ્યાર્થીઓની નાટક જેવી



સંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં એ ઉત્કટ રસ લેતા. 'ડિપ્રેશન' જેવી બિમારીમાંથી સાજા તો થયા, છતાં અકાળે એમનું નોકરી દરમ્યાન જ અવસાન થયું. પ્રો. ગોદીવાલા એક 'લિજેન્ડ' બની ગયા હતા.

ડૉ.ગોદીવાલાના અવસાન પછી અંગ્રેજીના વિષયમાં એક ગિરિન ઝવેરી નામના અધ્યાપક આવી ગયા. વામન કહી શકાય એટલી નીચી બાંધણીનું શરીર, મોં પણ એવું જ અનાકર્ષક, પહેરવેશમાં પણ ઝાઝું ઠેકાણું નહીં. પણ એમની વિદ્વત્તા અને એક અચ્છા અધ્યાપક તરીકેની એમની આવડતે વિદ્યાર્થીઓને પ્રભાવિત કરી દીધા હતા. એ ગુજરાત રાજ્યના ચેમ્પિયન 'સ્પ્રિન્ટર' હતા. એ જમાનામાં આર્ટ્સ-સાયન્સ ભેગાં હતાં એટલે અંગ્રેજીના અધ્યાપકને વિજ્ઞાનના વિદ્યાર્થીઓને ભણાવવા જવું પડતું.

એક દિવસે વિજ્ઞાનના મકાનના માળ પરના રૂમ નં.૪૫ (તે જમાનાના)માંથી એક વિદ્યાર્થી તોફાન કરી બારીએથી કૂદી ભાગી ગયો. પ્રો. ઝવેરી એમનું વ્યાખ્યાન અધૂરું છોડી એમની પાછળ દોડી ઠેઠ દરવાજા પાસેથી એને પકડી લાવ્યા અન પ્રિ.શાહ પાસે મોકલી આપ્યો. ક્યારેક પ્રો.કે.એલ.દેસાઈ સાહેબ પણ વિદ્યાર્થી પાછળ દોડયાની ઘટના બનતી. એમને કોઈ સિસોટી વગાડે તો તેની ખૂબ ચીઢ હતી. પ્રો. ઝવેરીનું અકાળે અવસાન થયું. એ ભાગ્યે જ બે વર્ષ રહ્યા હશે, છતાં કૉલેજના ઈતિહાસમાં એમને સ્મરવા જેવી એ વ્યક્તિ હતા. એમ કહેવાય છે કે એમણે એક પોસ્ટ-કાર્ડ ઉપર જ નોકરી માટે અરજી કરેલી. એની શૈલીથી આકર્ષાઈને પ્રિ. શાહ સાહેબને એમને નિમણૂક આપી દીધી હતી.

પ્રિ. કે.એલ.દેસાઈ અને ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વિશે તો એમને સ્મરણાંજલિ આપતાં લખી ગયા છીએ. આજે આ સ્મરણયાત્રામાં જેમને સ્મરવા જેવા હતા તેમને સ્મરીએ છીએ. અમારો નિકટનો અનુભવ વિનયનનો હતો એટલે એ વિભાગના અધ્યાપકોનો જે ઉલ્લેખ કર્યો છે. વિનયન વિભાગના અધ્યાપકોમાંના બધા અધ્યાપકો વિશે લખવાનો અમારો હેતુ નથી અને લખવાની જરૂર પણ નથી.

૨૯/૬/૯૩

# કોલેજની નાટય પ્રવૃત્તિ, કોઈ એક કાળે

...સૂરતની કૉલેજો એકાંકી નાટકો જ નહીં, પણ ત્રિઅંકી નાટકોના ઉછેરનું એક કાળે પારણું હતું. સૂરતની તે વખતની એમ.ટી.બી. કૉલેજના અને આજની પી.ટી.સાયન્સ કૉલેજના મધ્યભવનની રંગભૂમિ નાટકના ઉછેરની અને આજના પ્રયોગની અને વિકાસની જનની બની હતી. ૧૯૪૨માં રંગભૂમિ એના નવા લેબાસમાં તૈયાર થઈ હતી. પ્રો. હીરાલાલ ગોદીવાલાની દોરવણી હેઠળ 'સાઈડવીંગ', 'ફ્રન્ટ મૂવેબલ કર્ટન','મિડલ કર્ટન' અને 'બેકડ્રોપ' વગેરે પહેલવહેલાં સૂરતની આ રંગભૂમિ ઉપર જોવામાં આવ્યાં. રંગઉપવન હજી જન્મ્યું નહોતું તો ગાંધી-સ્મૃતિ ભવનની વાત જ કયાં ? નાટકો બેસન્ટ હોલમાં કે નગીનચંદ હોલમાં લઘરવઘર ભજવાતાં.

...એ જમાનામાં કૉલેજ ગેધરિન્ગમાં એકાંકી નાટકો ભજવાતાં અને કૉલેજના ગુજરાતી સાહિત્યમંડળના રસદર્શન કાર્યક્રમોમાં ત્રિઅંકી નાટકો ભજવાતાં. વળી કયારેક નૃત્યનાટિકાઓ બેલે પણ રજૂ થતી. કાર્યક્રમની સૂચિ એવી રીતે ગોઠવાતી કે એક એકાંકી નાટક અને બીજા એકાંકી નાટક વચ્ચે અથવા નાટક અને નૃત્યનાટિકા વચ્ચે એટલો સમય રખાતો કે રંગભૂમિની સજાવટ આસાનીથી થઈ શકે. ત્રિઅંકી નાટકના બે અંક વચ્ચે ગીતો મૂકાતા કે નાટકની શરૂઆત પહેલાં કે સમાપન પછી ગરબા રજૂ થતાં. અમરચંદ અરબસ્તાનીએ વર્ષો સુધી નાટકના સેટની સામગ્રી પૂરી પાડી હતી અને કયારેક સ્થાનિક કારીગરોની મદદથી સેટિન્ગની સામગ્રી તૈયાર કરાતી.

એ જમાનામાં વિદ્યાર્થીઓ ત્રિઅંકી નાટકો ભજવવાનો આગ્રહ રાખતા અને તેની અનુકૂળતા નહીં થાય તો એકાંકી નાટકો ભજવતા. પ્રબોધ જોષીના, પ્રાગજી ડોસાનાં તો ઘણાં નાટકો ભજવાઈ ચૂકયાં હતાં. ત્રિઅંકી નાટકોમાં પણ 'શાહજહાં', 'આગગાડી', 'લગ્નની બેડી', 'પાણિગ્રહણ' જેવાં નાટકો ભજવાતાં હતાં. વિદ્યાર્થીઓ આ નાટકો ભજવવામાં ખૂબ દિલચશ્પી રાખતા અને દિવસો સુધી રિહર્સલ કરવાને તત્પર રહેતા, એટલું જ નહીં પણ સમયસર હાજર પણ થતા.

પ્રયોગના આગલા દિવસે ગ્રાંડ રિહર્સલ થતું અને એમાં જણાતી ત્રુટિઓ બીજે દિવસે સવારથી માંડી સાંજ સુધીમાં સુધારી લેવાતી. આમ છતાં નાટકના પહેલા દિવસના પ્રયોગ કરતાં બીજા ત્રીજા દિવસના પ્રયોગો વધારે સફળ થતા. વિદ્યાર્થીઓ અને આમંત્રિતોને સમાવવા આ પ્રયોગો લાગલાગટ ત્રણ દિવસ સુધી ચાલતા. શહેરની જનતામાં આ પ્રયોગો જોવાનો અનેરો ઉત્સાહ હતો અને ગમે ત્યાંથી 'પાસ' મેળવી જબરદસ્ત પુરુષાર્થ કરનારા પણ હતા. ગમે તેમ પણ કૉલેજના નાટયપ્રયોગોએ શહેરીજનોમાં ખાસ આકર્ષણ જમાવ્યું હતું.



પ્રો.ગોદીવાળા પછી નાટકના પ્રયોગોના ડિરેકશનનું કામ ડૉ.આર.આઈ પટેલે સંભાળી લીધું હતું. પ્રો. પટેલ સાહેબની નાટક અંગેની સૂઝ ઊંડી હતી અને એમાં જરૂર પડે તો ભજવવા માટેની તદબીર કે ઉપાયો શોધવા માટેની પ્રત્યુત્પન્ન મતિ પણ મોટી હતી. એ કલાકારો પાસે કામ લેવામાં આકરા હતા અને પોતે પણ અથાક મહેનત કરતા. પ્રો. ગોદીવાળાની ઋજુતા એમનામાં નહોતી છતાં નાટકની પસંદગીથી માંડી એનો છેલ્લો પ્રયોગ પૂરો થાય ત્યાં સુધી એ હાજર રહેતા. સામાને થકવી નાખવાની એમની દલીલ શક્તિને કારણે એમને મિજાજ ગુમાવવાની જરૂર પડતી નહીં અને એ મિજાજ ગુમાવતા પણ નહીં. વિદ્યાર્થીઓને પ્રયોગો કરવામાં એ સતત ઉત્તેજન આપતા. સૂરતમાં નાટયકલાને વિકસાવવામાં ડૉ.પટેલનો મોટો ફાળો છે. વર્ષો સુધી સૂરતની રંગભૂમિ સાથે એ સંકળાયેલા રહ્યા હતા. કૉલેજની રંગભૂમિ ઉપર અવનવા પ્રયોગો થયા છે. કવિ નાનાલાલનાં નાટકો 'ઈન્દુકુમાર' અને 'વિશ્વગીતા'ના પ્રયોગો પણ થયા છે. 'વિશ્વગીતા'નો પ્રવેશ 'પંચવટીના પુણ્યતીર્થે' ભજવવાનું નકકી થયું. નાનાલાલના નાટકો ભજવવાનું કામ કઠિન હતું કારણ એની અટપટી રચના, અપદ્યાગદ્ય સંવાદો અને વધારે પડતું કવિત્વમય વાતાવરણ.

''પંચવટીના પુણ્યતીર્થે'માં રાવણ સીતાનું હરણ કરી જાય છે એવું દ્રશ્ય આવતું હતું. રાવણનું પાત્ર પ્રો. હકૂમત દેસાઈ ભજવવાના હતા અને સીતાનું પાત્ર પુષ્પાબેન મલીઆ. નાટકનાં રિહર્સલો થઈ ગયાં અને ભજવવાના બે ત્રણ દિવસ બાકી હતા ને પુષ્પાબેનના પિતાશ્રીએ એમને નાટકમાં ભાગ લેવાની ના પાડી. રાવણ સીતાને ઊંચકી લઈ જાય તે એમને મંજૂર નહોતું. મોટી આપત્તિ આવી પડી. બધાં સમજાવવાને દોડયાં. છેવટે એવો તોડ કઢાયો કે રાવણ સીતાને ઊંચકી જાય તેને બદલે ધીરેધીરે સીતા તરફ આગળ વધે અને સીતા પાછળ ખસતી જાય, ને પડદો પડે. પ્રો. હકૂમતના રાવણની પ્રચંડ ગર્જનાવાળા શબ્દો, 'સુંદરી, હું છું રાવણ લંકેશ'. દિવસો સુધી પ્રેક્ષકોના કાનમાં ગૂંજતા રહ્યા.

એવો બીજો પ્રયોગ યાદ આવે છે 'શાહજહાં'નો. મૂળ દ્વિજેન રોયના નાટક ઉપરથી ઝવેરચંદ મેઘાણી દ્વારા રૂપાંતરિત નાટક ભજવવાનું હતું. શાહજહાંને ઔરંગઝેબે કેદમાં પૂર્યા છે. એની દીકરી જહાંઆરા અને પૌત્રી જહરત સાથે એ કેદમાં છે. એ દિવસોમાં સ્ત્રીપાત્રો મેળવવાનું મુશ્કેલ હતું અને છોકરીઓ નાટકનાં પાત્રો ભજવવા જલદી તૈયાર થતી જ નહીં. આ મુશ્કેલી નિવારવા વચલો રસ્તો કઢાયો. એક પડદા ઉપર કાગળ પૂઠાં કાપીને બનાવેલી બારીઓ ચોંટાડવી અને બે પાતળા અવાજવાળા છોકરાઓ જહાંઆરા અને જહરતના સંવાદો પર્દા પાછળથી બોલે, એવી ગોઠવણ કરી. નાટક એ રીતે ભજવાયું અને સફળ પણ થયું. શ્રી નવીન વ્યાસે વૃધ્ધ, લાચાર, દુઃખી અને ભાંગી પડેલા શાહજહાનું ભજવેલું પાત્ર વર્ષો

પછી આજે પણ તાદ્દશ થાય છે અને એ જમાનાના પ્રેક્ષકો પણ વર્ષો સુધી એ યાદ કરતા રહ્યા. એવું બીજું નાટક 'મુકુંદરાય'નું હતું. રામનારાયણ પાઠકની ટૂંકી વાર્તા મુકુંદરાય ઉપરથી રૂપાંતરિત આ નાટકમાં મુકુંદરાયના પિતા રઘનાથ ભટ્ટ જ્યારે પોતાની વિધવા પુત્રી ગંગાને વિમળશા વાવની વાત કરતાં, 'માંગું એક નખ્ખોદ'નો આર્તનાદ કરે છે તે રણજિત નાયકે એવી તો ગજબનાક રીતે રંગભૂમિ ઉપર કરી બતાવ્યો કે તરવરતા વિદ્યાર્થીઓ પણ સ્તબ્ધ થઈ ગયા અને મોટેરાંઓની આંખ ભીની થઈ ગઈ.

સામાન્ય રીતે કોમેડી ભજવવાનો આગ્રહ રાખતા વિદ્યાર્થીઓ કરુણ નાટકો ભજવવા પણ તૈયાર થઈ જતા. પ્રયોગો માટે પણ એમનામાં અનેરો ઉત્સાહ રહેતો. ગુલાબદાસ બ્રોકરનું 'ધૂમ્રસેર', કરુણ નાટક છે, જે આ રંગભૂમિ ઉપર ભજવાયું હતું. નાટકો ભજવવાનો આખો ભાર, સ્ક્રીપ્ટની પસંદગીથી માંડી લેખકની રજા મંગાવવા સુધી, અને પછી પ્રયોગના અંત સુધી વિદ્યાર્થીઓ જ ઉપાડતા. અધ્યાપકો માર્ગદર્શક રહેતા. ક્યારેક કૉલેજના ભૂતપુર્વ વિદ્યાર્થીઓના પ્રો. જ્યોતિ વૈદ્ય જેવાને કે શ્રી અરવિંદ કિનારીવાળાને દિગ્દર્શન માટે બોલાવતા. જેમજેમ કૉલેજોમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ઓટ આવતી ગઈ તેમ તેમ નાટકો કૉલેજની રંગભૂમિ ઉપરથી અદૃશ્ય થતાં ગયાં. એક જમાનામાં કોલેજો જ નાટકો માટેની તાલીમ શાળા હતી અને એકએકથી ચઢિયાતા કલાકારો તૈયાર કરતી હતી, તે કોલેજો નાટ્ય કલાની બાબતમાં સૂનકારમાં સરી પડી. આજે એમ.ટી.બી. કૉલેજમાં ન તો કૉલેજની સાંસ્કૃતિક સમિતિ, ન તો ગુજરાતી સાહિત્યમંડળ નાટ્યક્ષેત્રે કશું પ્રદાન કરે છે. અધ્યાપકોનો રસ પણ ઓછો થતો ગયો. એમની વિદ્વત્તાના ભારણ હેઠળ કૉલેજોમાં નાટ્ય પ્રવૃત્તિઓનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો.

બીજી બાજુ કૉલેજોમાંથી નાટકની તાલીમ પામી બહાર પડેલા કલાકારોએ જુદાં જુદાં નાટ્યમંડળો રચ્યાં. કલાક્ષેત્ર, કલાનિકેતન અને રાષ્ટ્રીય કલાકેન્દ્ર સૌથી જૂનાં મંડળો છે, એમાંથી કલાક્ષેત્ર અને કલાનિકેતન લગભગ વિલીન થઈ ગયાં છે. તેમ છતાં આ મંડળોએ ભજવેલાં કેટલાંક નાટકો આજે પણ સ્મૃતિ ચિહ્ન જેવાં છે. 'સિતુ'નામના નાટકમાં સિંધુ કર્વે નામની એક મહારાષ્ટ્રીઅન કલાકારે સૂરતની ગુજરાતી રંગભૂમિ પર વાહવાહ પોકારાવી હતી. જો કે પોતપોતાની રીતે પાંગરવાને બદલે હજી પણ આપણે ત્યાં હુંસાતુસી, ચડસાચડસી અને સ્પર્ધાનાં પરિણામો અંગેના ઝગડાઓ ક્યારેક પ્રગટ તો ક્યારેક ઢબુરાયેલા રહ્યા છે. આમ છતાં સૂરતની નાટ્ય પ્રવૃત્તિ તો પ્રશંસનીય જ રહી છે. અફસોસ એટલો કે કૉલેજોમાંથી સદંતર અસ્ત પામી છે. બાકી શ્રી જ્યોતિ વૈદ્ય, સિંધુ કર્વે, નલિન કીકાણી, વિહંગ મહેતા, વિલોપન દેસાઈ, કપિલ શુક્લ, વિનિત શુક્લ, મીનળ દીક્ષિત, શ્રી.માંગીલાલ,શ્રી અમલા, જેવાં ગઈકાલના અને આજના પીઢ કલાકારોની તાલીમશાળા કૉલેજોની રંગભૂમિ જ હતી.

૨/૧૧/૯૩



# કાળની પગથાર ઉપરનાં વણભૂંસાયલાં પગલાં

દરેક શિક્ષણસંસ્થાને એવા શિક્ષકો મળે છે, જે પોતાની પાછળ વિવિધ પ્રકારનાં સ્મરણો મૂકી જાય છે. 'ફૂટપ્રિન્ટસ ઓન સેન્ડસ ઓફ ટાઈમ' આ બાબતમાં ઘણી સાચી ઉક્તિ ઠરે છે. એ સંસ્થામાં ભણી ગયેલા વિદ્યાર્થીઓ એમની વૃદ્ધાવસ્થામાં પણ પોતાના બાળપણનાં કે કિશોરઅવસ્થાનાં સ્મરણો સાનંદ વાગોળતાં વાગોળતાં એવા શિક્ષકોને ભાવપૂર્વક યાદ કરી લે છે.

જે જમાનામાં વિદ્યાર્થીઓની સંખ્યા સંસ્થામાં ઓછી હતી અને શિક્ષકોનો પ્રભાવ ઘણો હતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ 'લવ-હેઈટ'નો હતો, વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકોથી વધારે પ્રભાવિત થતા હતા, વર્ગોમાંથી નાસી જવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં નહોતી, તે જમાનાના શિક્ષકો વિદ્યાર્થીઓ ઉપર પોતાના પ્રભાવની ચિરંજીવ મહોર મૂકી જતા હતા.

આ મહાનુભવો બે રીતે પોતાની મુદ્રા અંકિત કરતા. એક પોતાની બોલવાચાલવાની કે વર્ગમાં વિદ્યાર્થીઓ સાથેના વર્તનની વિલક્ષણતાથી અને પોતે જે વિષયો ભણાવે તે ભણાવવાની કોઈ આગવી પદ્ધતિથી. વિદ્યાર્થીઓ આ બન્નેમાંથી કોઈ એકથી પોતાના શિક્ષક સ્મરતા- વળી એ જમાનામાં પ્રમાણમાં મોટી વયે વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થતા અને ભણતા હોવાથી શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના સંબંધમાં થોડીક પાકટતા પણ દેખાતી.

ત્રીસી-ચાલીસીના જમાનામાં જિલ્લાના કસબાઓમાં પણ પારસી શિક્ષણસંસ્થાઓની બોલબાલા હતી. માધ્યમિક કેળવણીને ક્ષેત્રે સુરત જિલ્લામાં- આજના વલસાડ જિલ્લા સહિતના- પારસીઓએ માધ્યમિક શાળાઓ ઠેઠ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ કરી અને એને સાર્વજનિક બનાવી જાહેર જનતાને માટે ખુલ્લી મૂકી દીધી. પારસીઓની જાહોજલાલીના એ દિવસો હતા. આ શાળાઓમાં પારસી શિક્ષકો પોતપોતાની આગવી શૈલીથી ભણાવતા- પારસી વિદ્યાર્થીઓ અને હિંદુ વિદ્યાર્થીઓ સાથે બેસતા, ભણતા, ધીંગામસ્તી કરતા, મૈત્રી બાંધતા- અજબગજબની ભાવાત્મક એકતાનો એ યુગ હતો.

પારસી- હિંદુ શિક્ષકો સાથે એક જ શાળામાં કામ કરતા હોવા છતાં બન્ને વચ્ચે કોઈ કોમી ભેદ વર્તાતો નહીં. કોમવાદનું નામ નિશાન નહોતું. ભણતરનો બોજો નહીં, પુસ્તકો- નોટનાં વજનો નહીં, ટ્યૂશનની ખટપટ નહીં, આજનાં ઉપકરણોના ઠઠારા નહીં. ઉમંગ ઉલ્લાસથી વર્ગમાં જવાનું, નબળા શિક્ષકો આવી ચઢે તો તેની ઠેકડી ઉરાડવાની, અને ભૂલ પડે

કે આવડે નહીં તો માર ખાવાનો. વિદ્યાર્થીઓ શિક્ષકની સોટી ખાઈને પણ ઘડાઈને ખડતલ થતા.

આ ભૂમિકાને પડછે અમારે નવસારીની પારસી શાળાઓની વાત કરી, એમાંથી અમારી નજર આગળ તરે છે તે અમારા આચાર્યની મૂર્તિ- તેની વાત કરવી છે. અતીત પરસ્તીનું આળ વહોરીને પણ એ જમાનાના ભણતરની અને શિક્ષકોની વાત કરવી છે. અમારા ગણિતના શિક્ષક જે શાળાના આચાર્ય પણ હતા તે વિદ્યાર્થીને શિક્ષા કરવા માટે પણ ગણિતની જ પરિભાષા વાપરતા. 'સ્ટેન્ડ અપ ઓન ધ બેન્ચ' કહેવાને બદલે એ કહેતા, 'ગો લાસ્ટ, સ્ટેન્ડ પરપેન્ડીક્યુલર ટુ ધ બેન્ચ એન્ડ પેરેલલ ટુ ધ વોલ'. એ જમાનામાં ગુજરાતી માધ્યમ ચાલુ થયું હોવા છતાં ગણિત-વિજ્ઞાનના વિષયો અંગ્રેજીમાં ભણવાના હતા. અમારા એક શિક્ષક, બહેરામજી મંચેરજી દેસાઈ દરેક શબ્દ- શબ્દખંડોને અંતે 'દતે' બોલતા. 'દતે તે તમે કાલે કેમ નહીં આવેલા દતે ?' 'દતે તમને કેટલી વાર કહેવાનું દતે ?' એ શિક્ષક 'દતે'ના નામથી જ ઓળખાતા, વિદ્યાર્થીઓમાં અને સમાજમાં પણ. પણ અમારા એક શિક્ષકની અટક ગાય હતી, અને એ આખી ફોર્મ્યુલા ગોખાવીને ભણાવતા- 'પ્લસે પ્લસ પ્લસઃ પ્લસે માયનસ માયનસઃ માયનસે માયનસ પ્લસ' એમ એ બોલે અને સાથે વિદ્યાર્થીઓએ આંકના પવાડાની માફક બોલવાનું. એમનું આખું નામ હતું સોરાબજી મંચેરજી ગાય. એ ટૂંકી નેતરની સોટી રાખતા અને ગણિતના દાખલા કરવા વિદ્યાર્થીને બોર્ડ આગળ બોલાવતા. એમાં જો વિદ્યાર્થીને દાખલો ન આવડયો તો ત્યાં સ્ટેઈજ પર જ ફટકાવતા, ફટકાવવાની કોઈ મર્યાદા નહીં. વિદ્યાર્થીઓ એ દિવસોમાં ટોપી પહેરતા. પારસી સ્કૂલમાં ટોપી પહેર્યા વગર જવાતું નહીં. પારસીઓ મખમલની કાળી ટોપી પહેરીને આવતા. બોર્ડ આગળ જનાર વિદ્યાર્થીએ જો ધોળી ટોપી પહેરી તો ગાય માસ્તર વધારે ખીલતા. 'કેમ, સવરાજ લેવા નીકલીઓ છ ?' એવો સવાલ પૂછી, 'લે સવરાજ તુંને અપાઉ છ' કહી બે સોટી વધારે લગાવતા. એક વિદ્યાથીએ બહારગામથી રજાની ચિઠ્ઠી મોકલી તેના ઉપર સરનામામાં ગાયનું અંગ્રેજી 'કાઉ' કર્યું. ટપાલીએ વર્ગમાં આવી 'એસ.એમ.કાઉ' કહીને પત્ર આપ્યો. એ વિદ્યાર્થીએ જે માર ખાધો છે તે એ જમાનાની તાસીર કહી જાય છે.

અમારા આ શિક્ષકોના વૃંદમાં જે એક છબી નજરે ચઢે છે તે જમશેદજી એદલજી કુતારની. આજે એમનું પુણ્યસ્મરણ કરવાની ઘડી પણ છે. ઓગણીસો બાણુંનું વર્ષ એમની જન્મશતાબ્દીનું વર્ષ છે. નવસારી શહેરમાં દક્ષિણ દિશામાંથી પ્રવેશતાં પ્રવેશમુખ આગળ 'ધ ડી.કે.તાતા હાઈસ્કૂલ'નું તોતીંગ મકાન આવેલું છે. આજે એ હાઈસ્કૂલ છે, પરંતુ ૧૮૭૮માં સ્થપાયેલી આ સ્કૂલ ૧૯૫૨ સુધી માત્ર જૂના થર્ડ સ્ટાન્ડર્ડ (આજના સાતમા ધોરણ સુધીની) એંગ્લો વર્નાક્યુલર શાળા હતી. આ શાળા



૧૮૭૮માં ૭૨ વિદ્યાર્થીઓથી નવસારીના દસ્તુરવાડમાં શરૂ થઈ હતી. એ વખતે એનું નામ 'નવસારી એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ' હતું. ૧૮૮૧માં દાદાભાઈ કાવસજી તાતા તરફથી એને રૂપિયા સાત હજારનું દાન મળ્યું અને સ્કૂલ ડી.કે.તાતા સ્કૂલના નામથી ઓળખાતી થઈ. પાછળથી તાતા કુટુંબ તરફથી શાળાને દાનો મળતાં રહ્યાં. સ્કૂલનું મકાન બંધાયું અને એનું વિસ્તરણ થયું. જ્યારે ખાનગી માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક ધોરણો કાઢવાની પ્રથા નહોતી તે જમાનામાં આ શાળામાં પહેલા ધોરણથી શરૂઆત થતી હતી. લગભગ પોણોસો વર્ષ સુધી એ શાળા પહેલા ધોરણથી સાતમા- અંગ્રેજી થર્ડ સુધીની રહી.

નવસારીમાં એ જમાનામાં ત્રણેક પારસી શાળાઓની જ બોલબાલા હતી. ૧૯૩૩-૩૪માં નવસારીમાં બીજી હાઈસ્કૂલ- ધ નવસારી હાઈસ્કૂલ સ્થાપવાનાં ચક્રો ગતિમાન થયાં. ત્યાર પછી પારસી સંચાલિત શાળાઓ સિવાયની બીજી શાળા નવસારીમાં શરૂ થઈ. તાતા સ્કૂલના આચાર્ય શ્રી જમશેદજી કુતાર એક વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર આચાર્ય હતા. છ ફીટથી વધારે ઊંચું ટટ્ટાર શરીર, હંમેશાં લાંબો કાળો કોટ અને દૂધ ઊજળી સફેદ પાટલૂન, કાળા ચકચકતા જોડા. શાળામાં આવે ત્યારે પારસી મોબેદો પહેરે છે એવી સફેદ પાઘડી, ઓફિસમાં પહોંચી એ પાઘડી કાઢી નાખતા અને કાળી પારસી ટોપી પહેરી લેતા. હાથમાં સતત હાજર છત્રી રહેતી. બીજી કોઈ પણ શાળામાં નહીં જોયેલી એવી એક પ્રથા આ શાળામાં અનુભવેલી. કુતાર સાહેબ શાળામાં દાખલ થતા જોવામાં આવે એટલે વિદ્યાર્થીઓ પ્રવેશ દરવાજાથી બંને હારમાં ઊભા રહી જાય અને સેલ્યૂટ કરે. બંને બાજુની આ હાર ઠેઠ એમના કાર્યાલય સુધીની હોય. કુતાર સાહેબ પ્રવેશ દરવાજાથી છત્રી સહિતનો જમણો હાથ સલામ સ્વીકારવાની મુદ્રામાં નાકની દાંડી સુધી ઊંચો કરી પોતાના કાર્યાલયમાં પહોંચે. જે વિદ્યાર્થી રોજિંદી એવી આ પ્રક્રિયામાંથી રહી જાય તેને અફસોસ થાય. કુતાર સાહેબના આગમનને અભિનંદવા વિદ્યાર્થીઓ શાળામાં વહેલાં આવી જાય. આમાં પારસી-હિંદુ બધા જ વિદ્યાર્થીઓ સામેલ હોય, અને કુતાર સાહેબ શાળા શરૂ થવાના પા કલાક પહેલાં અચૂક આવેલાં જ હોય.

શાળામાં પહેલી રિસેસ પડવાની હોય એની દસ મિનિટ પહેલાં શાળાના મકાનના છેવાડે આવેલી યુરિનલમાં જવા એ પોતાની ઓફિસમાંથી નીકળે અને એમને જતાં જુએ એટલે વિદ્યાર્થીઓને રિસેસ પડવામાં દસ મિનિટ બાકી છે એવો અહેસાસ થાય. તે વખતમાં પૈસાદાર વિદ્યાર્થી પણ આ તબક્કે હાથ પર ઘડિયાળ બાંધતો નહીં. કુતાર સાહેબ જતાં જતાં તીક્ષ્ણ નજરે શાળાના વર્ગોમાં શું ચાલે છે તેનું નિરીક્ષણ કરતા જાય. એમનો નીકળવાનો આ સમય ચોક્કસ જ હોવાથી રગસિયું ગાડું હંકારતા શિક્ષકો પણ સચેત થઈ જાય. એક ચિત્ર શિક્ષકનો પિરિયડ હંમેશા રિસેસ પહેલાંનો એમને

ચિત્ર દોરવાનું સોંપીને પડીકામાંથી કશું ખાવાની ટેવ. વિદ્યાર્થીઓ એ ભજિયાં ખાય છે એમ કહેતા. કુત્તાર સાહેબનો ધાક ભારે એટલે એમનો બહાર નીકળવાનો વખત થાય એ પહેલાં આ સાહેબ પડીકાના કાગળ વગે કરી દેતા. અમારી વિદ્યાર્થીની- શિક્ષકની અને અધ્યાપકની કારકિર્દી દરમ્યાન બહુ ઓછા ઑ-ઈન્સ્પાયરિંગ શિક્ષકો જોયા છે, જે વગર ધમકાવે કે વગર બોલે, કેવળ પોતાની ઉપસ્થિતિ અને વ્યક્તિત્વથી જબરજસ્ત પ્રભાવ પાડી શકે. કુત્તાર સાહેબ એમાંના એક હતા. એ થર્ડમાં અંગ્રેજી શીખવતા અને તે વખતે અંગ્રેજી શીખવવાની એક જ પદ્ધતિ હતી અને તે વ્યાકરણ પાકું કરાવવાની. 'માય ફર્સ્ટ સ્ટેપ'ના વિવિધ ભાગોમાંથી વ્યાકરણ શીખવાતું. એમાં વાક્યનો પદચ્છેદ, પદોનો વિન્યાસ, જોડણી વગેરે ઉપર ખૂબ ધ્યાન અપાતું. એક વાર એ યાદ રહી જાય પછી એવું યાદ રહે કે જિંદગીમાં ભુલાય જ નહીં. એમની વ્યાકરણ શીખવવાની આગવી ને સચોટ પદ્ધતિ હતી. નામ, વચન, વિશેષણ, ક્રિયાપદ, અવ્યયો, ક્રિયાવિશેષણો વગેરેના એકબીજા સાથેના સંબંધ ગોખાવીને મોઢે કરાવી લેતા. 'બીટવીન' પછી 'એન્ડ' જ આવે 'ટુ' ન આવે એવું પાકે પાયે યાદ કરાવી લેતા.

શ્રુતલેખન, વાચન અને કવિતા બોલવા ઉપર ખાસ ધ્યાન અપાતું. શ્રુતલેખનમાં જેટલી ભૂલો પડે એટલી સોટી ખાવી પડતી. ખરજ સૂરના અવાજમાં એ મોનિટરને કહેતા 'બ્રીંગ ધ કેઈન ફ્રોમ માય રૂમ'. મોનિટર વહેલો વહેલો જઈને ત્રણેક ફૂટ લાંબી પાતળી નેતરની લાલ સોટી લાવતો અને વિદ્યાર્થીએ દૂર ઊભા રહી વારાફરતી હાથ ધરી સોટી ખાવાની. પછી દરેક ભૂલ પંદરથી વીસ વાર લખવાની. એ ભૂલવાળો શબ્દ પાછો પૂછે તો બરાબાર આવડવો જોઈએ. અલમસ્ત તબિયતવાળા છોકરાઓ, ગામડાંમાંથી આવતા તગડા વિદ્યાર્થીઓ, મશ્કરા પારસી છોકરાઓ- અને તો પણ ઘણી મોટી સંખ્યામાં- કશા ભેદભાવ વગર ભણવાનું. એવો એ જમાનો હતો. ઓછાં સાધનો, ઓછી જરૂરિયાતો, કરકસરી જીવન, વિદ્યાર્થીઓના ચિત્તને આડે પાટે દોરે એવાં પરિબળોનો અભાવ શિસ્તબદ્ધ જીવનનાં પોષક બળો હતા.

શ્રી જમશેદજી કુત્તાર ૧૯૧૭માં આચાર્ય તરીકે શાળામાં જોડાયા અને ૪૦ વર્ષની સેવા પછી ૬૫ વર્ષે ૧૯૫૭માં નિવૃત્ત થયા. એ વખતે નિવૃતિ વય માટેના કોઈ સખત કાયદા નહોતા. આ ૪૦ વર્ષ દરમ્યાન શાળાએ ઘણી પ્રગતિ કરી. કુત્તાર સાહેબને આપણી આખી શિક્ષણ વ્યવસ્થામાં આવતા પરિવર્તનોને પચાવવાં પડયાં. અકબંધ રહેલું માળખું વિખરાતું જોવું પડયું. નવાં પરિબળોને જોગવવાં પડયાં. છતાં એમનો આચાર્ય તરીકેનો, શિક્ષક તરીકેનો પ્રભાવ એવો જ પ્રખર રહ્યો. બી.એડ. કે એવા બીજા કશા લટકણિયા વગર એક અસરકારક શિક્ષક તરીકે અને એક દક્ષ વહીવટકાર તરીકે એમણે પોતાના વિદ્યાર્થીઓનો અને સાથી શિક્ષકોનો પ્રેમાદર મેળવ્યો.



ચારચાર દાયકાઓ સુધી વિદ્યાર્થીઓનું ઘડતર કરી, શિસ્ત પ્રેરી એમનાં મનચિત્તમાં એ ચિરસ્મરણીય બન્યા. એમના જન્મશતાબ્દીના વર્ષમાં એમને પ્રેમપૂર્વક સ્મરી ભાવાંજલિ અર્પીએ. કાળની પગથાર ઉપર એમનાં પગલાં વણભૂંસાયાં રહેવાને જ સર્જાયાં છે.

૧૪/૪/૯૨

# આઝાદીની છેલ્લી લડત

૧૯મી ઓગસ્ટે સૂરતના જાણીતા સંગીતમંડળ 'સપ્તકે' પી.ટી.સાયન્સ કૉલેજના મધ્યભવનમાં સ્વ. ઝવેરચંદ મેઘાણીનાં ગીતોનો કાર્યક્રમ રજૂ કર્યો. ૧૭મી ઓગસ્ટે સ્વ. મેઘાણીની નેવુમી જન્મજયંતી ગઈ. ગાયકોએ 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ', 'રક્ત ટપકતી સો સો ઝોળી', 'લાગ્યો કસુંબીનો રંગ'- જેવાં ગીતો સમુહમાં મધૂર સ્વરે ગાઈને શ્રોતાઓને ભાવમુગ્ધ કરી દીધા. આ ગીતો ગવાતાં હતાં ત્યારે સ્મૃતિપટ ઉપર ૧૯૪૨નો જાન્યુઆરી માસ યાદ આવી ગયો. તે વખતે આ ભવન એમ.ટી.બી. કૉલેજનું હતું અને કૉલેજના મધ્યભવનનો 'રંગમંચ' નવો જ તૈયાર થયેલો હતો. પ્રો. હીરાલાલ ગોદીવાલાના માર્ગદર્શન હેઠળ એ રંગમંચને સજાવવામાં આવ્યો હતો અને એનું ઉદ્દ્ઘાટન શ્રી ઝવેરચંદ મેઘાણીને હાથે થાય એવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એ જ રાત્રે એમ.ટી.બી. કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળે ગુજરાતીના અધ્યાપક સ્વ. વિજયરાય વૈદ્યના 'માનસી'ના લાભાર્થે રસદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો અને એમાં ઝવેરચંદ મેઘાણી પ્રમુખસ્થાને હતા. એ જમાનામાં અતિથિવિશેષ- એક કે બે કે ત્રણ- લાવવાની પ્રથા હજી દાખલ થઈ નહોતી.

બપોરે ત્રણ વાગ્યે રંગમંચના ઉદ્દ્ઘાટનનો કાર્યક્રમ હતો. આખું ભવન ચિકકાર ભરાયેલું હતું. મેઘાણીએ એમના બુલંદ અવાજમાં એક પછી એક ગીત ગાવાની શરૂઆત કરી. મેઘાણી એ ગાતા જાય અને સાથે રંગભૂમિ ઉપર 'નાચતા' જાય. એમણે જ્યારે 'હજારો વર્ષની 'અમારી વેદનાઓ' અને 'રક્ત ટપકતી સો સો ઝોળી'નું ગીત ગાયું ત્યારે ભવનમાં બેઠેલાં બધાંની આંખો ભીની થઈ ગીઈ. આજે પણ એ જ ગીતો ગવાયાં. શ્રોતાઓએ માણ્યાં પણ ખરાં, પણ કોઈની આંખો ભીની નહોતી થઈ. એમાં ગાનારાઓની ક્ષતિ નહોતી. ૧૯૪૨ના જમાનાના શ્રોતાઓએ રક્ત ટપકાવતી ઝોળીઓ નજરે જોઈ હતી. સામી છાતીએ ઘા ઝીલનારા કોઈના લાડકવાયાઓને નજરે ભાળ્યા હતા. 'ખબર છે એટલી જ કે માતની હાકલ પડી છે-' નો સાક્ષાત્કાર કર્યો હતો. આજે તો ગીતોના માધુર્યને અને ગાનારની કલાને માણવાની હતી. ત્યારે વેદનાની અનુભૂતિ કરવાની હતી. પિસ્તાલીસ વર્ષના ગાળામાં હજારો વર્ષની વેદનાઓ કેટલી ઝડપથી વિરાઈ ગઈ. રક્ત ટપકતી ઝોળીઓની યાદ આજે કોઈની આંખો ભીની કરતી નથી. આજે પણ માણસો મરે છે; પણ એ સામી છાતીએ ગોળી ઝીલી રાષ્ટ્રના સ્વમાન માટે મરતા નથી. આજનો દાવાનળ જુદા જ પ્રકારનો છે. મરતાં શરમ લાગે એવો છે.



૧૯૪૨ની જ વાત નીકળી છે અને નવમી ઓગસ્ટે ગોવાલીઆ ટૅકના મેદાનમાં જ્યારે 'ભારત છોડો'ના સૂત્રના સંગ્રામની ઊજવણી થઈ છે ત્યારે એક બીજૂં સ્મરણ જાગે છે. ૧૯૪૨ના ઓગસ્ટની નવમીએ રવિવાર હતો. એ જમાનામાં એમ.એ.ના વર્ગો શનિ-રવિના દિવસોએ લેવાતા હતા. રવિવાર નવમી ઓગસ્ટે સવારે નવ વાગ્યે પ્રો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો વર્ગ હતો. એ આવ્યા અને ગંભીર ચહેરે એમણે ગાંધીજી-નહેરુ વગેરે પકડાયાની વાત કરી. એ જમાનામાં રેડિયો આજના જેટલો સુલભ નહોતો. એટલે વર્ગમાં આવેલા તમામ વિદ્યાર્થીઓએ એમને મુખે જ આ સમાચાર પ્રથમ વાર સાંભળ્યા. એ દિવસે કશો પણ અભ્યાસ કર્યા વિના વર્ગ બંધ કરી દેવામાં આવ્યો.

બીજે દિવસે દસમી ઓગસ્ટે સોમવારે કૉલેજના કેમ્પસમાં ધ્વજવંદન કરી સભા ભરવામાં આવી. સૂરતમાં એ વખતે ખૂબ નામચીન ફોજદાર પંડયા હતા. એમણે એમની ફોજ સાથે કૉલેજ કેમ્પસમાં આવીને આડેધડ લાઠીઓ વીંઝવા માંડી. પ્રિ. એન.એમ.શાહ એમના બંગલામાં હતા. તરત જ ધોતિયું પહેરણ પહેરીને જ એ બેઠા હશે એ વેશમાં જ આવ્યા, કોલેજમાં એ કોટ-પાટલૂન-ટાઈ પહેરીને જ આવતા, આવીને એમણે પંડયાનો પોતાની પરવાનગી વગર કૉલેજ કેમ્પસમાં દાખલ થવા માટે ઉધડો લીધો. ક્રૂર અને ઘાતકી ગણાતા પંડયા પાસે ઉત્તર નહોતો. શાહ સાહેબે એમને એમના પોલીસોને તાત્કાલિક હટાવી લેવા કહ્યું. અને પોલીસો લેફ્ટ-રાઈટ કરતાં કૉલેજ કેમ્પસ ખાલી કરી ગયા. આજે તો કદાચ કૉલેજ કેમ્પસમાં પોલીસ વગર બોલાવ્યે આવતી નથી. પણ આચાર્યો બોલાવે છે, પોતાના રક્ષાણ માટે, પણ એ જમાનામાં તો ઘસી આવેલી પોલીસને બહાર કાઢી મૂકવાનો રુઆબ પ્રિ.એન.એમ.શાહ ધરાવતા હતા. આખી લડત દરમ્યાન કૉલેજ કેમ્પસમાં ત્યાર પછી પોલીસ દાખલ થઈ હોવાનું સ્મરણ નથી.

લડત ચાલતી હતી એ દરમ્યાન સાયન્સની પ્રયોગશાળા અને કૉલેજમાં પ્રવેશ માટે 'આઈડન્ટીટી કાર્ડ'ની પ્રથા દાખલ કરવામાં આવી. મુખ્ય દરવાજા પાસે પતરાંનો શેડ ઊભો કરવામાં આવ્યો. એ શેડમાં ક્યારેક પ્રિ.એન.એમ.શાહ અને નિયમિત પ્રો.કે.એલ.દેસાઈ, પ્રો.ગોદીવાલા, ક્યારેક પ્રો.વિષ્ણુપ્રસાદ બેસતા અને આઈડેન્ટીટી કાર્ડ તપાસીને જ વિદ્યાર્થીઓને કેમ્પસમાં દાખલ થવા દેતા. યાદ છે ત્યાં સુધી ડૉ.આર.આઈ.પટેલ આ ગાળામાં કૉલેજમાં નહોતા. એકાદ ટર્મ આવીને ચાલ્યા ગયેલા અને પછી પાછળથી આવેલા. મોટા ભાગના વિદ્યાર્થીઓ

સાયકલ ઉપર કે બસમાં કે પગે ચાલીને આવતા. આજનાં સ્કુટર, લ્યૂના, મોપેડ ત્યારે નહોતાં અને આજના જેટલી સંખ્યા પણ વિદ્યાર્થીઓની નહોતી. સાયન્સ કૉલેજ ત્યારે જુદી પડી નહોતી. એમ.ટી.બી.કૉલેજ એટલે આર્ટ્સ અને સાયન્સ, બન્ને વિદ્યાશાખાઓ મળી માંડ સાડી ત્રણસો વિદ્યાર્થીઓ હશે. વિદ્યાર્થિનીઓની સંખ્યા તેમાં ઘણી ઓછી, દેશપ્રેમની ધગશથી જીવન ધબકતું લાગતું. પ્રત્યેક ઘટના કોઈને કોઈ સંવેદન અને ધડકન જગાવી જતી. ઝિંદાદિલી હતી અને જીવતું, ચેતનવંતુ, તાલેતાલે ધડકતું જીવન જીવાતું, આજે પણ જીવન છે પણ મરેલા જેવું જડ.

૧૯૪૭ના ઓગસ્ટની પંદરમી તારીખે સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. કૉલેજના વિદ્યાર્થીઓએ, ભેગાં મળી યાદ રહી જાય એવી રીતે ઊજવણી કરી. ૧૯૪૬માં કે.પી.કોમર્સ કૉલેજ શરૂ થઈ ગઈ હતી. એમ.ટી.બી.કૉલેજના અને કે.પી.કૉલેજના વિદ્યાર્થીઓએ ભેગાં મળી ઊજવણી કરી હતી. અજબ ઉત્સાહના એ દિવસો હતા. ૧૯૪૮માં જાન્યુઆરીની ૩૦મીએ ગાંધીજીનું અવસાન થયું. એ ઘટના સાથે સંકળાયેલો એક જોગાનુજોગ યાદ આવે છે. ૩૦મી જાન્યુઆરીને દિવસે સાડાત્રણ વાગ્યે એમ.ટી.બી.કૉલેજના રૂમનં ૧૧માં પંડિત ઓમકારનાથનું પ્રવચન હતું. પ્રમુખ સ્થાને પ્રો.કે.એસ.ત્રિવેદી હતા. એ વખતે ગાંધીજીની પાકિસ્તાન તરફની નીતિથી પંડિતજી દુભાયેલા હતા અને આવેશમાં આવી- આવેશ એમના સ્વભાવનું એક લક્ષણ હતું. ''આ ડોસાએ હવે હિમાલય ઉપર જવું જોઈએ''- એમ કહી દીધું. વ્યાખ્યાન પૂરું થયું અને બહાર નીકળ્યા ત્યાં જ ગાંધીજીના ખૂન થયાના સમાચાર આવ્યા. સોંપો પડી ગયો. હોસ્ટેલના તમામ વિદ્યાર્થીઓએ બીજે દિવસે ઉપવાસ કર્યો. કૉલેજ હોસ્ટલના વિદ્યાર્થીઓએ એક પણ આપવાદ સિવાય સામૂહિક સાચા ઉપવાસ કર્યા હોવાનો કદાચ એ છેલ્લો બનાવ હશે. પછી તો ચોવીસ- કલાકના પ્રતીકાત્મક જુઠ્ઠા ઉપવાસની પ્રથા દાખલ થઈ. બારમે દિવસે, ગાંધીજીના અસ્થિવિસર્જનને દિવસે, અશ્વિનીકુમારને ઓવારે આખું સૂરત શહેર ઉમટ્યું હતું. અને એમાં પણ કૉલેજના વિદ્યાર્થીઓ ઘણી મોટી સંખ્યામાં હતા. શહેરમાં માત્ર બે જ કૉલેજો હતી. એમ.ટી.બી. અને કે.પી.કોમર્સ કૉલેજ. બન્ને કૉલેજોમાં અંગુજરાતી વિદ્યાર્થીઓની સંખ્યા ઠીકઠીક હતી. ભાગલાને કારણે ઘણા સિંધી-પંજાબી વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવી ચૂક્યા હતા. વાતાવરણ 'કોસ્મોપીલીટન' હતું. માધ્યમ અંગ્રેજી હતું.

આ સ્મરણયાત્રામાં અમે કૉલેજોને જ કેન્દ્રસ્થાને રખી છે. એની પાછળનું કારણ એ છે, કે કૉલેજો બૌધ્ધિક તાકાતના ઘડતરનું



મુખ્ય કેન્દ્ર હતી. બહારની ઘટનાઓના પડઘાં ખૂબ તીવ્ર સંવેદનશીલતાથી કૉલેજોમાં પડતા. રાજકીય વિચારસરણીઓની જોરશોરથી ચર્ચાઓ ચાલતી. કૉલેજની ડિબેટિન્ગ સોસાયટી લગભગ દર પખવાડિયે એક ચર્ચા સભા યોજાતી. એમાં તે જમાનાના વિવિધ વાદોની ચર્ચા ચાલતી. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉલટથી ભોગ લેતા. ડૉ.પટેલ જેવા કેટલીકવાર વર્ગમાં પણ ચર્ચા કરતા. કૉલેજની લોબીમાં ડૉ.આર.આઈ.પટેલ, પ્રો.ગોદીવાલા જેવા અધ્યાપકોની આજુબાજુ વિદ્યાર્થીઓ વીંટળાઈ વળ્યા હોય અને કૉંગ્રસની નીતિની, ગાંધીજીના વલણની ચર્ચા સતત ચાલ્યા જ કરતી હોય. અધૂરો દોર બીજે દિવસે પણ ચાલે. પંડિત નહેરુ, સુભાષચંદ્ર બોઝ, શ્રીમતી સરોજની નાયડુ, ક્રિપ્લાણી, વિનોબા ભાવે- જેવા નેતાઓ કૉલેજમાં આવતા, એમને સાંભળવા મધ્યભવનમાં વિદ્યાર્થીઓ ટોળે મળતા. ગુજરાતી સાહિત્યના એ જમાનાના બધા જ મોટા મોટા સાહિત્યકારો કૉલેજની મુલાકાતે આવ્યા હતા. અને એમને સાંભળવા સાહિત્યના વિષય સિવાયના બીજા વિષયો લેનારા વિદ્યાર્થીઓ પણ આવતા. જબરદસ્ત બુધ્ધિમત્તાનો, જ્ઞાનપિપાસાનો, કુતૂહલનો અને સંવેદનશીલતાનો એ યુગ હતો.

એ જમાનામાં કૉલેજમાં ઘડતર પામેલા વિદ્યાર્થીઓએ ગુજરાતના જીવનનાં તમામ પાસાંઓમાં નામના મેળવી. કેટલાક પ્રધાનો થયા, કેટલાક ધારાસભ્યો થયા, ન્યાયાધીશો થયા, સમાજસેવકો થયા, એવું એક પણ ક્ષેત્ર બાકી નહીં હોય જેમાં આ કૉલેજના વિદ્યાર્થીઓએ કોઈને કોઈ સિધ્ધિ મેળવી નહીં હોય. ૧૯૫૬ સુધી આ યુગ વિસ્તારનો રહ્યો. મહાગુજરાતની લડત ૧૯૫૬માં પ્રારંભાઈ અને એના પડઘા એટલી જ તીવ્ર સંવેદનશીલતાથી ઝિલાયા. ૧૯૪૨થી ૧૯૪૭ના ગાળામાં આવેલી પરાકાષ્ઠા વળાંક પામીને ૧૯૫૬માં તણખારૂપે ઝબકીને વિરમી ગઈ.

પછી 'ડીકેડન્સ'નો પડતીનો- યુગ શરૂ થયો. ખુમારી જતી રહી, ખુશામત આવી, ધ્યેય ગયું, ખુરશી પરસ્તી-પેઠી. વિદ્યાર્થીઓનો બૌધ્ધિક પ્રવૃતિઓમાંથી રસ ઓછો થયો. કોઈ સારા વક્તા આવે તો શ્રોતાઓને શોધવા જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થતી ગઈ. ડિબેટિન્ગ સોસાયટીઓ થાકી હારીને બંધ પડી ગઈ. વિદ્યાર્થીઓનો રસ જાણવા કરતાં કંઈક બીજે ફંટાયો, દેશની રાજકીય પરિસ્થિતિ વિશે જાણવાની એમની ઈચ્છા ધીરે ધીરે ઓસરતી ગઈ. પાછળથી એમની બૌધ્ધિક ગુંજાયેશ ઓછી થઈ અને છેવટે શૂન્યમાં પરિણમી. વિદ્યાર્થીઓની ઉદાસીનતા અધ્યાપકોને સ્પર્શી ગઈ. અધ્યાપકો-વિદ્યાર્થીઓ વચ્ચેનો સંપર્ક કેવળ વર્ગ પૂરતો જ રહ્યો. લોબી- ચર્ચાઓ બંધ થઈ. બહારની

ઘટનાઓનાં કે રાજકારણનાં સંવેદોનો ઝીલવાની સંવેદનશીલતા જતી રહી. અજ્ઞાન સીમાડા વગરનું બનતું ગયું. અંધકારયુગનો આરંભ ૧૯૬૦થી શરૂ થઈ ચૂકયો.

એવા વાતાવરણમાં પણ ૧૯૭૪માં વ્યાપક વમળો જગાવ્યાં. એમાં બુધ્ધિમત્તા, સિધ્ધાંત કરતાં ઉધમાત વધારે હતો. આપણે આપણા માણસો સામે લડવાનું હતું. એ લડતે શિક્ષણ વ્યવસ્થામાં રહેલાં મૂલ્યોનો સંપૂર્ણ નાશ કર્યો. માસપ્રમોશન જેવું અનિષ્ટ પેધુ પડયું. શિક્ષણ સંસ્થાઓમાં અશિસ્ત નિયમરૂપે પેધી પડી. વિદ્યાર્થીઓનું બળ વિદ્યાયક બુધ્ધિપ્રધાન બનવાને બદલે ઉચ્છેદક, અશિસ્તભર્યું, ઉધમાતભર્યુ અને સંકુચિત બન્યું. એ હાથા બનીને વર્તવા લાગ્યા. એ વાતને પણ આજે ચૌદ વર્ષ પૂરાં થયાં અને છતાં આપણા શિક્ષણ જગતને લાગુ પડેલો ચેપ હજી આજે પણ પીડી રહ્યો છે. ઉધમાતો સામે ઝૂકી પડવાની સરકારની નીતિ, શિક્ષકોનો વિદ્યાર્થીઓ સાથેનો ઘટેલો સંપર્ક, સમાજની ઉદાસીનતા, બૌધ્ધિક ઘડતરનો અભાવ, વૈચારિક પ્રક્રિયાનો ઉચ્છેદ વગેરેએ ગુજરાતના શિક્ષણ જગતને છિન્નભિન્ન કર્યુ.

ચાલીસ વર્ષની આ સ્મરણયાત્રાનો ઉત્તર ભાગ કલેશકર છે. આપણું માનસતંત્ર રીઢું બની ગયું છે. મેઘાણીએ ઈચ્છા વ્યકત કરેલી : કદી સ્વાધીનતા આવે- વિનંતી ભાઈ, છાની/અમોને યે સ્મરી લેજો- જરી, પલ એક નાની.''' આજે આ બિરાદરોને યાદ કરવાની આપણી રીત પણ કેટલી કૃત્રિમ છે. આપણે એક ગજબનું કૃત્રિમતાનું આવરણ ઓઢીને જીવતા થઈ ગયા છીએ. આચાર-ઉપચાર અને રીઢાપણું આપણો સ્થાયીભાવ બની ગયો છે.

૧૯૪૨-૧૯૪૭ના યુગને અંજલિ આપવી હોય. એ યુગના વ્યકિતખમીરને યાદ કરવું હોય તો નીચેની પંકિતઓમાં કરી શકાય :

Thou of an independent mind,
With Soul resole'd, with soul resign'd;
Prepar'd Power's (Proudest frown to brave,
who will not be, nor have a slave;
Virtue alone who dost revere,
Thy own reproach alone dost fear,
Approach this shrine, and worship here.



આઝાદીના જંગના કોઈપણ શહીદને માટે અને એના સ્મારકને માટે આ કહી શકાય. આજે આપણે આ શહીદોને યાદ પણ કરતા નથી, ભુલતા પણ નથી. કેવળ એમને બાજુએ મૂકી દઈને જ ચાલીએ છીએ.

૧/૯/૮૭

# આજની દાંડી કૂચ: સાત પગલાં પાતાળમાં !

''૨૯-૩-૧૯૩૦ ઉમરાછી: એરથાણ: ભટગામ: માથે પેટ્રોમેક્સ બત્તીઓ સાથે મજૂરો આગળ ચાલતા હતા એનાથી દુઃખ થયું. એ પ્રવચનમાં ઠાલવ્યું. વધુમાં કહ્યું, ''સ્વરાજ વિના હું આશ્રમનું દર્શન કરવાનો નથી. કાગડા કૂતરાને મોતે મરીશ, સ્વરાજની ઝંખના કરતાં કરતાં રઝડી- રવડીને મરીશ, પણ પાછો ફરવાનો નથી.''(ગાંધીજીની દિનવારી) અંગ્રેજી સલ્તનતને પડકાર ફેંકતા આ યુગપ્રવર્તક શબ્દો સૂરત જિલ્લામાં બોલાયા હતા, અને આ શબ્દો ઉચ્ચારાયાને આજે ૫૮ વર્ષ પૂરાં થયાં. ૨૯મી માર્ચ, ૧૯૩૦ને દિવસે ગાંધીજીના સેનાપતિપદ સાથે દાંડી કૂચ સૂરત જિલ્લામાં પ્રવેશી ઉમરાછી ગામે પહોંચી હતી. આજે કૂચનું પુનરાવર્તન થઈ રહ્યું છે, પણ એ ઈતિહાસનું પુનરાવર્તન નથી. આજની કૂચ વાસ્તવમાં તો ૫૮ વર્ષ પહેલાંની કૂચનું પુનરાવર્તન પણ નથી. આજની કૂચ અસલી કૂચની નકલ છે. ગાંધીની કૂચનાં 'સાત પગલાં આકાશમાં' હતા, આજની નકલી કૂચ 'સાત પગલાં પાતાળમાં' છે.

કવિ નાનાલાલે ક્યાંક કહ્યું છે, 'વીત્યા દિવસો ફરી ન ઊગતા ને કોક ઊગે તો આથમ્યા સમા'. દાંડી કૂચને આ આબેહૂબ લાગુ પડે છે. કોઈક યુગપુરુષે સહેતુક આદરેલી ભવ્ય જાનફેસાની પ્રવૃત્તિનું કેવળ હેતુ વિના અને કેવળ પ્રદર્શન માટે અનુકરણ થાય ત્યારે તે કાં રમૂજી બને કાં નિસ્તેજ થાય. આજની દાંડી કૂચ બન્ને છે. જીવનમાં શું કે કલામાં શું, અનુકરણ એટલે મરણ.

૧૯૩૦માં જ્યારે ગાંધીજીની હાક સાંભળી જે ૭૮ મરજીવાઓ કૂચમાં જોડાયેલા એમને તો ''ખબર નહોતી સામે શી શી આફત ખડી છે, ખબર હતી એટલી કે માતની હાકલ પડી છ''. એ મરજીવા હતા કારણ એમને હેમખેમ પાછા ફરવાની ખાતરી નહોતી. પોલીસની બંદૂકની ગોળી અને લાઠીનો માર એમનું સામૈયું હતું. આજે જે દાંડી કૂચને નામે નીકળ્યા છે એમને હારતોરા મળવાની ગેરંટી મળી ચૂકેલી છે. એમનામાં નથી ગાંધીજીના દૈવતનું તેજ, નથી એ સ્વયંસેવકોની તેજ રફતાર. એક યુગપુરુષે આદરેલા કાર્યનું વામણા અનુસરણ કરે ત્યારે એ અનિવાર્યપણે વિડંબન- પેરેડી જ બને. ગાંધીની વાણી સાંભળી સરકારી નોકરીનાં રાજીનામાં આપનારા વ્રતો કે ટેક લેનારા આજે ક્યાં છે ?



પણ એ જે છે તેની બાબતમાં બે વાતો ખાસ નોંધવા જેવી છે. દાંડી કૂચના સ્વયંસેવકો સૂરતમાં પહેલી એપ્રિલે પ્રવેશશે. જોગાનુજોગે એ 'ઓલ ફૂલ્સ ડે' છે. એ કૂચના સ્વયંસેવકોને સત્કારવા એક બાજુ સરકારી રાહે તૈયારીઓ થઈ રહી છે. ગાંધીજીની દાંડી કૂચ પ્રત્યે તો સરકારની લાલ આંખ અને ખફા દ્રષ્ટિ હતી. એ કૂચને સત્કારનારા સામે બંદૂક તાકીને સિપાઈઓ ઊભા રહેતા અને લાઠી પણ મારતા. આજની કૂચનું સામૈયું સરકાર સામે ચાલીને કરે છે. વાસ્તવમાં એ સરકાર પ્રેરિત છે. પણ સરકારી કક્ષાએ સૂરતમાં આ કૂચને સત્કારવા જે સભા બોલાવાઈ તેમાં અમને મળેલી માહિતી પ્રમાણે નગરપતિને આમંત્રણ નહોતું, અને ગોરધનદાસ ચોખાવાળા, જે સાચી દાંડી કૂચ વખતે ભર યુવાન હતા અને સાક્ષી હતા એ પણ ત્યાં હાજર નહોતા. હતા કોણ ? થોડાક સરકારી અમલદારો અને એમના વળના માણસો. પ્રજાના 'ક્રોસ સેકશન'ના એટલે બહુજનસમાજના કોઈ પ્રતિનિધિઓ નહોતા. આ વાત એમાં હાજર રહી આવેલા એક મહાનુભાવના શ્રીમુખે સાંભળેલી છે.

બીજી વાત સ્થાનિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખે બોલાવેલી સભાની છે. અહેવાલ પ્રમાણે એમણે પણ આ કૂચના સ્વાગતને પોતાનો જ લાગો ગણી લીધો છે. આવે સમયે જુદી જુદી સમિતિઓને બદલે આખા નગરની એક જ સમિતિ હોય અને એના પ્રમુખ સ્થાને શહેરના નગરપતિ હોય, અને શહેર તરફથી સ્વાગત થતું હોય તો કેવું રૂડું લાગે ? પણ નકલ ક્યારેય અસલ હોતી નથી.

આ સરકારી સ્વાગતના મુખ્ય મહેમાન બનવાના હતા ગ્વાલિયરના મહારાજા(એક્ષ) શ્રી માધવરાવ સિંધીઆ. આ પણ કેવો જબરો વિપર્યાસ વિચારાયો હતો ! એ નથી આવવાના એ જુદી વાત છે. ગાંધીજીના ઉપર અનેક પત્રો દેશ-વિદેશમાંથી આવતા. લખનારા કેટલાકને ગાંધીજીનું સરનામું પણ ખબર નહોતું એટલે 'એમ.કે.ગાંધી કીંગ ઓફ ઈન્ડિયા' જેવું સરનામું પણ કરતા, અને તે જમાનાનું ટપાલખાતું એ પત્ર ગાંધીજીને પહોચાડતું પણ ખરું. તે જમાનાનું અમે એટલા માટે કહીએ છીએ કે આ જમાનાનું ટપાલખાતું સાચા મુકામે પણ કાગળ પહોચાડતું નથી એમ બને.

પણ ગાંધીજીને ચર્ચિલે અર્ધનગ્ન ફકીર કહેલા. એ બિરુદ ગાંધીજીને વધારે બંધબેસતું હતું. દાંડી કૂચની આગળ, અંધારું થાય ત્યારે પેટ્રોમેક્સ માથે ઊંચકીને ચાલતા મજૂરોને જોઈને પણ ગાંધીજીને દુઃખ રહ્યા કરતું. એ જમાનામાં કૂચના સ્વાગત માટે કોઈ મુખ્ય મહેમાન

દિલ્હીથી ઊડીને આવતા નહી. આખું ગામ કે આખું શહેર સામૂહિક સ્વાગત કરતું. આજે આ અર્ધનગ્ન ફકીરે કરેલી કૂચની નકલ કરતી કૂચનું સ્વાગત એક વખતના મહારાજા અને સમાજવાદી સમાજરચનાના સોગંદ ખાનારા દેશમાં પોતાની પુત્રીના લગ્નમાં લાખ્ખો રૂપિયા ખર્ચી નાખનારાને હાથે થવાનું હતું. ગાંધીનો જમાનો ફકીરીનો અને ફનાગીરીનો હતો. સાચા રાજાઓ ત્યારે હતા અને તે સમયે એમના ભભકાને એક રાજાએ 'ખૂની' ભભકા કહ્યા હતા. આજે તો રાજકર્તાઓને રાજાઓ થવાનું જ ગમે છે અને રાજાઓ જેવું જીવ્યા વિના ચેન પડતું નથી. એ જમાનાના લડતના સૈનિકો ભુલાયા છે. આમ જનતા ભુલાઈ છે. નથી ભુલાયા મામકાઓ.

દમયંતીના સ્વયંવરમાં એને વરવા નળનું રૂપ લઈ આવેલા પાંચ દેવતાઓ વરમાળા લઈ આવતી દમયંતીને જોઈ ડોકાં આગળ કરતા તેમ આજે પ્રસિધ્ધિ, સત્તા, પ્રદર્શન માટે પદેચ્છુઓ ડોકાં આગળ કરે છે. દમયંતીએ તો સાચો નળ શોધી કાઢયો, આજે તો સાચો નળરાજ શોધ્યો જડતો નથી.

ગાંધીજીનો અભિગમ કેવો હતો તે દર્શાવતાં એમનાં પ્રવચનનાં અવતરણો જોવાં જેવાં છે. ૨૮મી માર્ચની સાંજે કૂચ કીમને કાંઠે આવેલા ઉમરાછી ગામે પ્રવેશી. કીમ નદી તે સમયે સૂરત અને ભરૂચ જિલ્લાની સરહદ ગણાતી. દયાળજીભાઈ ગેરહાજર હતા, બિમારીને કારણે. એટલે સ્વાગત મીઠુબહેન પીટીટે ગાંધીજીને ચાંલ્લો કરીને કર્યું. ડૉ.સુમન મહેતા પણ હતા. કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ, જુગતરામ પણ હાજર હતા. સૂરત જિલ્લાના પહેલા ભાષણમાં ગાંધીજીએ કહ્યું, 'તેથી આજે પહેલી રાત્રે પોકારીને હિસાબની ચોખવટ કરી લેવા ઈચ્છું છું. અમને દગો ન દેશો. મને દગો દેશે તે સરદારને દગો દેશે. સરદારનાં અને મારાં હાડકાં રાખમાં મળે ને સ્વરાજ ન યે મળે પણ અમે તો બહારવટે નીકળ્યા છીએ.'

૨૯મીની સવારે ગાંધીજી ત્રણ વાગે ઊઠયા. રાનીપરજની બહેનોને જુવારના રોટલા કરતાં જોઈ. ઓલપાડ તાલુકો સૂકો એટલે દૂધ મળ્યું નહીં. દૂધ ન આવ્યું, રાબ બની નહીં, છતાં છ વાગે કૂચ ઊપડી. ખર્ચાળ સ્વાગત સામે ગાંધીજીએ અણગમો બતાવ્યો. ગાંધીજીનો પ્યાલો ફૂટયો એટલે કલ્યાણજીભાઈ એકને બદલે બે પ્યાલા લઈ આવ્યા. કારણ બીજો પ્યાલો ફૂટે તો રસ્તે નવો પ્યાલો મળે એમ નહોતું. પ્યાલાની કિંમત છ પૈસા જ હતી. કલ્યાણજીભાઈ બાપુ માટે સંતરાં અને



દ્રાક્ષ લાવ્યા, સૈનિકો માટે દૂધી- ટામેટાં લાવ્યા. આવા ઉપરાઉપરી બનાવથી ગાંધીજી સમસમી ગયા, અને તેમણે યાત્રામાં લીંબુ સિવાય તમામ જાતનાં ફળોનો ત્યાગ કર્યો.

એરથાણથી ભટગામ જવા કૂચ ઊપડી. રસ્તો ખરાબ હતો એટલે અંધારા પહેલાં પહોંચી જવા ગાંધીજી ઉતાવળા થયા. રસ્તામાં અજવાળા સારુ બે કિટસન લાઈટ રાખી હતી તે બે કાઠિયાવાડી મજૂરો માથે લઈ ચાલતા, અને તેમાં દેવજીભાઈ નામના કાર્યકર્તા મજૂરોને ઝડપથી ચાલવા ઘોંચપરોણો કરતા. ગાંધીજીનો રોષ ભભૂકી ઊઠયો. એમણે ભાષણમાં કહ્યું : ''હું કોણ વાઈસરોયને પત્ર લખનાર ? હું ગરીબ થઈને રહેતો હોઉં ત્યારે વાઈસરોયને ખર્ચ માટે લખી શકું ને ? આપણે ગરીબને નામે નીકળીએ અને કૂચમાં દરેક માણસ દીઠ ગરીબની કમાણીથી પચાસ ગણું લેતા હોઈએ તો એ મને કહેવાનો અધિકાર છે શું ? દેશમાં જ્યાં સારામાં સારી દ્રાક્ષ મળે ત્યાંથી લઈ આવો, નારંગી લઈ આવો, ૧૨ જોઈએ ત્યાં ૧૨૦ લાવીને ઢગલો કરો અને બત્તી દૂબળા મજૂરોને માથે ઊંચકાવો એને બદલે તમારા પ્રમુખ સાહેબ કે મીઠુબહેન કે કલ્યાણજીભાઈ કે કુંવરજીભાઈ માથે ઊપાડીને ચાલે તે શોભે. દૂબળા માણસ પાસે આવી વેઠ કેમ લેવાય? હું આ વેણ બોલું છું તેથી ભાગવાનો છું એમ ન માનશો. કાગડા- કૂતરાને મોતે મરીશ પણ પાછો ફરવાનો નથી જ. બત્તીનું ઉદાહરણ એટલે આપ્યું કે તમે શાણા હશો તો ન્યાયથી કેમ વર્તવું જોઈએ તે સમજી ગયા હશો.'

ત્યારે અમાસની રાત વીતી ગઈ હતી અને ચૈત્રી પડવાનું નવપ્રભાત ઊગ્યું ને સંઘે ડેરા ઉપાડયા. આજે સૂરતમાંથી સંઘના ડેરા ઊપડશે ત્યારે ચૈત્રની પૂર્ણિમાની સાથે ચાંદની પૂરી થઈ ગઈ હશે, અને અંધારાના ઓળા ઊતરવાની શરૂઆત થઈ હશે.

૨૯/૩/૯૮

# ઘા રૂઝાય છે, ડાઘ રહી જાય છે.

સૂરત શહેરની સાથેના પચાસ ઉપરાંત વર્ષોના નિકટવર્તી તાણાવાણા જેવા વણાટ દરમ્યાન અમે આ ડિસેમ્બરની સાતમી-આઠમી અને નવમીના દિવસો દરમ્યાન જે પિશાચી બર્બરતા જોઈ તે ક્યારેય જાણી- જોઈ નથી. ૧૯૪૨ના સત્યાગ્રહનાં આંદોલનો, ૧૯૪૬-૪૭નાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વેનો અજંપો, ૧૯૫૬ની મહાગુજરાતની લડત, ૧૯૭૪નાં નવનિર્માણનાં આંદોલનો જેવાં અનેક વ્યાપક આંદોલનોનાં અમે સાક્ષી છીએ. એ આંદોલનો દરમ્યાન જાહેર માલમિલકતને નુકશાન થયું હશે પણ એમાં કોઈ ધર્મનો કે કોમનો ભેદભાવ નહોતો. એમાં માણસ માણસને મારી નાખે, જીવતા સળગાવી દે, સ્ત્રી-બાળકો પર અત્યાચારો ગુજારે, એ તો આ શહેર માટે અસંભવ- અકલ્પ્ય ગણાયેલી વાત હતી. પરંતુ બરાબર સોળ-સત્તર વર્ષ પહેલાં કે.પી.કોમર્સ કોલેજમાં કંઈ છમકલું થયેલું અને તે વખતના પોલીસ વડા શ્રી ઝહરુદાન સૈયદ હતા. એ કોલેજમાં આવેલા. એમણે આગાહી કરતાં કહેલું, 'મહેતાસાહેબ, પંદર વર્ષમાં સૂરત ગુનાખોરીથી ખદબદતું કાનપુર જેવું શહેર થઈ જશે.' એમના એ શબ્દો આજે યાદ આવી ગયા. એમની આગાહી સાચી પડી.

૧૯૫૦-૫૫ના અરસામાં શ્રી ખુશવંતસિંહે 'અ ટ્રેઈન ટુ પાકિસ્તાન' નામની વાર્તા લખેલી. આમ તો એનું સ્વરૂપ વાર્તાનું હતું પણ એનો આધાર હકીકતો બનેલી ઘટનઓ ઉપર હતો. સૂરતમાં આચરવામાં આવેલી પિશાચી બર્બરતા 'અ ટ્રેઈન ટુ પાકિસ્તાન'ની યાદ અપાવી જાય એટલી ભયંકર હતી. આવું શહેરમાં એકાદ ઠેકાણે બન્યું હોત તો પણ માફ કરી શકાત. પણ શહેરનાં અનેક સ્થળોએ અનેકાનેક લોકો ઉપર ગુજારાયેલા અત્યાચારો આ શહેરની ગરિમાને ધૂળ ભેગી કરી એના નામ પર કાલિમા લગાવી દીધી છે.

ડાહ્યા લોકો કહે છે કે આ કામ તળ સૂરતના લોકોનું નથી પણ બહારના લોકોનું છે, કેટલાક વળી આ જાતના અત્યાચારોને પૂર્વયોજિત વ્યવસ્થિત કાવતરું ગણે છે. આ બધાં બચાવનાં ખોટાં બહાનાં છે. જે થયું છે તે સૂરતમાં થયું છે. સૂરતના જ લોકોના હાથે થયું છે એમાં તળ સૂરતના લોકોને બહારના લોકોના ભેદ પાડવાની વાત પણ બરાબર નથી. અને જો એ વ્યવસ્થિત કાવતરું હોય તો ઝનૂન



શાસન કરતાં વધારે વ્યવસ્થિત બની શકે છે, અને શાસન સામે યુદ્ધે ચઢે છે, ત્યારે શાસનને છકકડ ખવડાવી દે છે, એમ પણ માનવું જોઈએ. કાવતરાં શાસકીય ધારાધોરણ અને હકૂમતને ઘોળીને પી જાય છે એમ પણ સાબિત થાય.

લોક ઝનૂન અને બર્બરતા જેટલી ડંખે છે એટલી જ શાસનની પંગુતા, નપુંસકતા પણ આઘાત પમાડે છે. ત્રણ ત્રણ દિવસ સુધી પિશાચી છુટ્ટો દોર આ શહેરમાં આંતકની માફક ફેલાયો હતો. નજર સામે આગ લગાડાય, નજર સામે માણસો વધેરાય, નજર સામે માલમિલક્ત લૂંટાય. તમે કશું જ કરી ન શકો કારણ તમારી મદદે ન તો હકૂમત આવે, ન તો સમાજના ધૂરિણો આવે. આટલી ભયંકર શાસનની પંગુતા આ શહેરે ક્યારેય જોઈ નથી. ૭મી અને ૮મી ડિસેમ્બરના દિવસોમાં તો જાણે આ શહેરમાં કોઈ તંત્ર જ નથી, કોઈ શાસકો જ નથી, એવી ભયંકર પરિસ્થિતિ પ્રવર્તતી હતી.

અને આ બધું ધર્મને નામે થયું. જે લોકોને ધર્મની કિંમત ભાજીમૂળા જેટલી પણ નથી, જે લોકો દિવસના ચોવીસ કલાકમાંથી મોટા ભાગનો સમય ધર્મને અને ધર્મના મૂલ્યોને ઊંચા મૂકીને વ્યવહાર કરે છે એ બધા ધર્મનો ઝંડો લઈ ધર્મનો ઉદ્ધાર કરવા બહાર પડયા છે. વળી ધર્મના ઉદ્ધારનો એમનો એક જ માર્ગ દેખાયો છે. અને તે વિધર્મીઓની કતલ, એમની માલમિલક્તની લૂંટ, એમનાં બાળબચ્ચાંઓ ઉપર અત્યાચાર, એમનાં ધર્મસ્થળોમાં ભાંગફોડ, મધ્યયુગીય માનસ દ્વારા આપણે ટેક્નોલોજીના આ જમાનામાં ધર્મનો ઉદ્ધાર ઝંખીએ છીએ.

અને આ અંધાધૂંધીનો લાભ લેવામાંથી કોણ બાકાત રહે છે ? કોઈ નહીં. લૂંટાતી દુકાનોમાંથી માલ ઉઠાવી જનારાઓ જો પકડાય તો એમાં જેને તમે અસામાજિક તત્ત્વો કહો છો એ જ નહિ હોય, પણ એમાં કહેવાતાં સારાં ઘરનાં સ્ત્રી-પુરુષો પણ મળી આવશે. એમને ખાતરી હતી કે બીજા પકડાશે પણ એ નહીં પકડાય કારણ એમની 'ખાનદાની' એમનું કવચ છે. ઘણા સવાલો પૂછે છે કે સૂરતમાં આવું કેમ બન્યું ? એનાં કારણો શોધવા જવું પડે એમ નથી. સમૃદ્ધિથી ફાટફાટ થતા આ શહેરમાં ગુનાખોરી રાજરોગની માફક ધીરેથી ફેલાતી જતી હતી. સૂરત તો ગરીબડું શહેર છે. અને સૂરતની પ્રજા ખાણીપીણીની શોખીન છે. બહુ બહુ તો ગાળો બોલી વાક્યુદ્ધ કરી શકે એટલી જ એની તાકાત છે. એવી ખોટી ગણતરી કરી પેલા ઝેરની સતત અવગણના થતી રહી હતી.

સૂરતમાં આવતાં અમલદારો પણ આ જ ભ્રમમાં હતા. અજાણ અને ગાફેલ અમલદારો, સૂરત વિશે ભ્રમમાં સતત રાચનારા શાસકો અને ઉદાસીન પ્રજા. નાનાં નાનાં વર્તુળોમાં રાચનારા નાગરિકો અને પ્રભાવશાળી મોભીનો અભાવ આ શહેરને ભરખી ગયા. કટોકટી આવી ત્યારે ગાફેલ અમલદારો રઘવાયા બન્યા, શાસકો ભૂલા પડયા અને પ્રજા ડઘાઈ જઈને પોતાની નજર સામે પોતાનો વિનાશ જોઈ રહી.

સૂરતનુ રાજકારણ પણ એટલું જ પાંગળું રહ્યું છે. અહીંના રાજકીય મહાનુભવોની રાજ્ય કક્ષાએ કે રાષ્ટ્રની કક્ષાએ ઝાઝી વિસાત નથી. એમને થોડાક ટુકડા નાંખી પટાવી લેવામાં આવે છે. સ્થાનિક કક્ષાએ એ ચમચાઓથી સતત વીંટળાયેલા રહી પોતપોતાના પેંતરામાં એટલા રચ્યા પચ્યા રહે છે, કે શહેરનું કે શહેરની પ્રજાનું સર્વતોમુખી કલ્યાણ એ વિચારી શકતા જ નથી. કદાચ એ રીતે વિચારવાનું એમનું ગજું નથી. જે કંઈ વિચાર થાય છે એ પરિમિત રીતે પક્ષીય દ્રષ્ટિએ જ વિચાર થાય છે. પરિણામે આ શહેરની નેતાગીરીનું વામણાપણું કટોકટીને વખતે ભીંત ઉપરના લખાણ જેટલું સ્પષ્ટ થાય છે. રાજકીય પક્ષોની ઉપરવટ જઈને શહેરની ધૂરા સંભાળે એવું ત્રીજું પરિમાણ આ શહેરમાં હજી ઊપસી શકયું નથી. આથી આ શહેરની પ્રજાને આ કે તે પક્ષ ઉપર જ આધાર રાખવો પડે છે.

માણસને સંસ્કારી બનાવનારાં બે બળો. એક ધર્મ અને બીજું શિક્ષણ. એમાં ધર્મ તો નિષ્ફળ નીવડયો જ, પણ અમને સૌથી મોટો અફસોસ તો એ છે કે આપણી આખી શિક્ષણ વ્યવસ્થા નિષ્ફળ નીવડી છે. છેલ્લાં પિસ્તાલીસ વર્ષોથી આપણે બિનસાંપ્રદાયિકતાનો ઘંટ વગાડીએ છીએ. આપણાં પાઠયપુસ્તકોમાંથી ધર્મની વાતો ઉરાડી દીધી, અભ્યાસક્રમમાં 'જગતના ધર્મોનો ઈતિહાસ' વર્ષો સુધી શીખવ્યો. અને છતાં આપણે બિનસાંપ્રદાયિક્તા વિકસાવી શકયા નહીં. કારણ આપણે કેવળ ધર્મને નામે લઘુમતી-બહુમતી જેવા ભેદો ટકાવી રાખી વિશેષાધિકારો ઊભા કર્યા. આપણે એક જ સિવિલ-કોડ પણ અમલી બનાવી શકયા નહીં. શિક્ષણ-સંસ્થાઓમાં ધર્મને નામે લઘુમતી શાળાઓનો એક વર્ગ ચાલવા દીધો. બિનસાંપ્રદાયિક્તાની ભાવતા કેળવાય એવા માહોલ કે એવો આપણો સન્નિષ્ઠ પ્રયત્ન રહ્યો જ તથી. આમ ધર્માવલંબિત વિશેષાધિકારોની સાથે રાગદ્વેષ પણ ભેગા થતા રહ્યા.

વિધિની વક્રતા તો એ છે કે જ્યારે અંગત જીવનમાં કે વ્યવહારમાં ધર્મનું કોઈ મહત્ત્વ જ રહ્યું નથી, ધર્મ કેવળ એક



સગવડ બની ગયો છે, ત્યારે જ ધર્મને નામે આવા અત્યાચારો થાય છે. આ કે તે, ધર્મ આમ તો આવા અત્યાચારોનો સતત વિરોધ કરે છે પણ તેને નામે આ પિશાચી બર્બરતા આચરવામાં આવે છે. અધર્મનાં આચરણોથી ધર્મને તારવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

આવી ગંભીર પરિસ્થિતિમાં પણ એકાદ આશાનું કિરણ ચમકયું છે. જ્યારે ચોગરદમ હિંસા એના પૂરેપૂરા ઝનૂનથી આચરાતી હતી ત્યારે જ આ શહેરના કેટલાક જુવાન ડાકટરોએ એ પડકાર ઝીલીને તબીબી ઉપરાંત બીજી રાહત પહોંચાડવાનું બીડું ઝડપ્યું. આ ડોક્ટરો અને એમની ટીમે આવા કપરા કાળમાં તન-મન-ધનથી જે સેવાકાર્ય ઉપાડયું તેને બિરદાવવાને શબ્દો પૂરતા નથી. રાત-દિવસ જોયા વગર, અંગત લાભાલાભનો પણ વિચાર કર્યા વગર એમણે જે વ્યવસ્થા ઊભી કરી તેનું અમારે મન મોટું મૂલ્ય છે. એમાં એમને અનેક લોકોનો સાથ-સહકાર રહ્યો છે. રાહત કાર્યની પહેલ પણ એમણે જ કરી, હિંમત પણ એમણે જ દર્શાવી. આ શહેર અને પીડિત જનતા એમના ઋણી છે.

કાર્લાઈલ એક ઠેકાણે લખે છે, 'વ્હેર ઘેર ઈઝ નો વિઝન પીપલ પેરીશ' જ્યાં દુરંદેશી નથી ત્યાં લોકોનો વિનાશ થાય છે. આપણી રાષ્ટ્રીય સરકારના સંદર્ભમાં આ વાકય આજે સાચું ઠરે છે. બાબરી-મસ્જિદને ધર્મનિરપેક્ષ બનાવી એક 'રાષ્ટ્રીય સ્મારક' બનાવી દીધી હોત તો! ભેગો થતો દારૂગોળો ન ભેગો થવા દીધો હોત તો! આ દેશ મહાવિનાશમાંથી બચી શકયો હોત. આઝાદીનાં પિસ્તાલીસ વર્ષ પછી પણ ચાલુ રહેતા ધર્મના ઝઘડા એટલા વરવા લાગે છે! આઝાદી પ્રાપ્તિ વખતે ચર્ચીલે ઉચ્ચારેલી અવળવાણી આજે તો આગાહીરૂપ લાગે છે.

માણસ માણસ વચ્ચેનો વિશ્વાસ તૂટી ગયો છે. દરેક માણસ ભય અને શંકાની નજરે જોતો થયો છે. આ નુકસાન એટલું ભયંકર છે, કે ઘા રૂઝાશે પણ ડાઘ રહી જશે.

૨૨/૧૨/૯૨

બૌધ્ધિકોની વાત લઈએ તો બૌધ્ધિકો લોક સમુદાયથી તદ્દન અળગા થઈ ગયા છે. એમનું લોકસમૂહ, અને તેમાં પણ ઠેઠ નીચલા થરના લોકસમૂહ સાથેનું કોઈ અનુસંધાન જ નથી. પોતાનાં વાચન-લેખન-અર્થોપાર્જન અને 'સેવાકાર્યમાં' એ એટલા રચ્યાપચ્યા રહે છે, કે એમને નીચલા થરના લોકો સુધી પહોંચવાનો સમય મળતો નથી. હા, એ બધા આ લોકોના પ્રશ્નોની ચર્ચા કરશે, પરિસંવાદો યોજશે, કદાચ એના પર પેપર પ્રગટ કરશે. ત્યાં વાત પૂરી થઈ જશે. જ્યારે કોઈ કટોકટી ઊભી થશે અને એ પૂરી થવાનો વારો આવશે ત્યારે કોઈ ને કોઈ સમિતિ રૂપે ભેગા થશે, ભાષણો આપશે, કાર્યક્રમોની ગોઠવણ કરશે અને છાપામાં નામ-ફોટા આવે તેની વ્યવસ્થા કરશે. આમ પણ બૌધ્ધિકો જનપ્રવાહથી એવા અતડા થતા ગયા છે, કે એમની કોઈ ઓળખ ક્યાંય રહી નથી.

•

(૨૯ ડિસે.૧૯૯૨,'શિક્ષણ અને સંસ્કાર ની સમસ્યાઓ',ગુજરાતમિત્ર)